ॐ

# श्रीमद् राजचन्द्र

मांथी संकलित

# तत्त्वविज्ञान

: प्रकाशक :

**मोहनलाल चीमनलाल शाह**

**श्रीमद् राजचन्द्र ज्ञान प्रचारक ट्रस्ट**

राजभुवन, दिल्ही दरवाजा बहार,

**अमदावाद.**

ॐ

श्रीमद् राजचन्द्र

मांथी संकलित

# तत्त्वविज्ञान

: प्रकाशक :

**मोहनलाल चीमनलाल शाह,**

श्रीमद् राजचंद्र ज्ञान प्रचारक ट्रस्ट,

राजभुवन, दिल्ही दरवाजा बहार,

**अमदावाद**

प्रथमावृत्ति : प्रत २,०००

**मूल्य : रूपिया ३.००**

| वीर नि. संवत | वि० संवत | सन |
|---|---|---|
| २४८९ | २०१९ | १९६३ |

मुद्रक :

जीवणजी डाह्याभाई देसाई,

नवजीवन मुद्रणालय,

अमदावाद–१४

अहो! सर्वोत्कृष्ट शांतरसमय सन्मार्ग—
ते सर्वोत्कृष्ट शांतरसप्रधान मार्गना मूळ सर्वज्ञ देव :—
अहो! ते सर्वोत्कृष्ट शांतरस सुप्रतीत कराव्यो
एवा परमकृपाळु सद्‌गुरुदेव—
आ विश्वमां सर्वकाळ तमे जयवंत वर्तो, जयवंत वर्तो.
—श्रीमद् राजचन्द्र

ॐ

दृश्यने अदृश्य कर्युं अने अदृश्यने दृश्य कर्युं एवुं ज्ञानी-
ुं आश्चर्यकारक अनंत ऐश्वर्यवीर्य वाणीथी कही शकावुं
नथी.

—श्रीमद् राजचन्द्र

स्वरूपदर्शनं श्लाध्यं पररूपेक्षणं वृथा ।
एतावदेव विज्ञानं परं ज्योतिःप्रकाशकम् ।।
—श्री अध्यात्मसार

निज शुद्ध सहजात्मस्वरूपनुं दर्शन एज एक प्रशंसवा
कार्य छे; ते सिवाय सर्व अन्य रूप जोवुं ते वृथा छे.
ज्योति, केवळ ज्ञानस्वरूप निज सहजात्मपदने प्रगट करवा
टुं ज विज्ञान समर्थ छे.

हे मुमुक्षु! एक आत्माने जाणतां समस्त लोकालोकने
श, अने सर्व जाणवानुं फळ पण एक आत्मप्राप्ति छे;
आत्माथी जुदा एवा बीजा भावो जाणवानी वारंवारनी
थी तुं निवर्त अने एक निज स्वरूपने विषे ज दृष्टि दे,
दृष्टिथी समस्त सृष्टि ज्ञेयपणे तारे विषे देखाशे.

तत्त्वस्वरूप एवां सत्शास्त्रमां कहेला मार्गनुं पण आ तत्त्व छे; एम तत्त्वज्ञानीओए कह्युं छे.....

—श्रीमद् राजचन्द्र

प्रबोधाय विवेकाय हिताय प्रशमाय च ।
सम्यक् तत्त्वोपदेशाय सतां सूक्तिः प्रवर्तते ॥

—श्री ज्ञानार्णव

सत्पुरुषोनी उत्तम वाणी जीवोने प्रकृष्ट ज्ञान, विवेक, हित, प्रशमता अने सम्यक् प्रकारे तत्त्वोनो उपदेश थवा माटे प्रवर्ते छे.

तच्छ्रुतं तच्च विज्ञानं तद्ध्यानं तत्परं तपः ।
अयमात्मा यदासाद्य स्वस्वरूपे लयं व्रजेत् ॥

—श्री ज्ञानार्णव

एज सत्श्रुत छे, एज विज्ञान छे, एज ध्यान छे, अने एज उत्तम तप छे, के जेने पामीने आ जीव निज शुद्ध सहजात्मस्वरूपमां लय पामे, स्वरूपनिष्ठ थाय.

मुक्तिस्त्रीवक्त्रशीतांशुं द्रष्टुमुत्कण्ठिताशयैः ।
मुनिभिर्मथ्यते साक्षाद्विज्ञानमकरालयः ॥

मुक्तिरूपी स्त्रीना मुखचंद्रने देखवा उत्सुक एवा मुनि— मुमुक्षु जनो — साक्षात् विज्ञानरूपी समुद्रनुं मथन करे छे.

दुःखज्वलनतप्तानां संसारोग्रमरुस्थले ।
विज्ञानमेव जन्तूनां सुधाम्बुप्रीणनक्षमः ॥

—श्री ज्ञानार्णव

आ संसाररूप उग्र रणभूमिकामां दुःखरूप अग्निथी तपायमान जीवोने एक विज्ञान, सत्यार्थ ज्ञान ज अमृतरूप जळथी तृप्त करवा समर्थ छे.

निशांतं विद्धि निस्त्रिंशं भवारातिनिपातने ।
तृतीयमथवा नेत्रं विश्वतत्त्वप्रकाशने ।।

—श्री ज्ञानार्णव

विज्ञान ज एक संसारूप शत्रुनो नाश करवा माटे तीक्ष्ण खड्ग छे अथवा ज्ञान ज विश्व तत्त्वोनो प्रकाश करवा माटे तृतीय नेत्र छे.

यज्जन्मकोटिभिः पापं जयत्यज्ञस्तपो बलात् ।
तद्विज्ञानी क्षणार्ध्धेन दहत्यतुलविक्रमः ।।

—श्री ज्ञानार्णव

करोडो जन्मोमां तपना बळथी अज्ञानी जे पापो क्षय करे छे ते अतुल पराक्रमवाळा भेदविज्ञानी अर्ध क्षणमां भस्म करी दे छे.

यथा यथा हृषीकाणि स्ववशं यान्ति देहिनाम् ।
तथा तथा स्फुरत्युच्चैर्हृदि विज्ञानभास्करः ।।

जीवोने जेम जेम इन्द्रियो वश थाय छे तेम तेम हृदयमां विज्ञानरूपी सूर्य उज्ज्वळताथी प्रकाशे छे.

विषयेषु यथा चित्तं जन्तोर्मग्नमनाकुलम् ।
तथा यद्यात्मनस्तत्त्वे सद्यः को न शिवीभवेत् ।।

जे प्रकारे जीवोनां चित्त विषयसेवनमां आकुळता रहित तल्लीन थाय छे ते ज प्रकारे जो ते सहज आत्मतत्त्वमां लीन

थई जाय तो तेने मोक्षसुख शीघ्र केम प्राप्त न थाय? अर्थात् ते शीघ्र मुक्तिसुखे विराजित थई परमात्मपदने पामे ज पामे.

दृश्यन्ते भुवि किं न ते कृतधियः संख्याव्यतीताश्चिरम्
ये लीला परमेष्ठिनः प्रतिदिनं तन्वन्ति वाग्भिः परम् ।
तं साक्षादनुभूय नित्यपरमानन्दाम्बुराशिं पुन-
र्ये जन्मभ्रममुत्सृजन्ति पुरुषा धन्यास्तु ते दुर्लभाः ॥

— श्री ज्ञानार्णव

आ जगतमां नित्यप्रति केवळ वचनोथी बहुकाळ पर्यंत परमेष्ठिलीला—स्तवनने विस्तारनारा कृतबुद्धि जनो शुं अगणित जोवामां आवता नथी? अर्थात् असंख्य जोवामां आवे छे. परंतु नित्य परमानंदरूप अमृतना सागर एवा ए सहजात्म-स्वरूपरूप परमेष्ठीने साक्षात् अनुभवगोचर करीने जे संसारना भ्रमने दूर करी दे छे एवा पुरुषो तो दुर्लभ ज छे. अने एवा पुरुषो ज धन्य छे, कृतार्थ छे, जयवंत वर्ते छे. तेवा सत्पुरुषोनुं योगबळ जगतनुं कल्याण करवा समर्थ छे. तेमणे निष्कारण करुणाथी प्रकाशेलो वाणीयोग सत्साधकवृंदने सिद्धि साधना माटे परमोत्कृष्ट अमूल्य अवलंबनरूप जाणी, मुमुक्षुओ ए एमणे प्रकाशेला अमूल्य तत्त्वविज्ञानने परम आदरथी उपासी कृतार्थ थाय छे. तथाऽस्तु.

# प्रकाशकनुं निवेदन

'श्रीमद् राजचंद्र' वचनामृत ग्रंथमांथी, मुमुक्षु बंधुओने मोक्षरूप सत्साधनामां अनेक प्रकारे उपयोगी थाय तेवी रीते संकलना करी तैयार करेल आ ग्रंथ आजे मुमुक्षुओना कर-कमळमां मूकतां मने अति आनंद थाय छे.

परमकृपाळु श्रीमद् राजचंद्रने ओळखावनार, तेमनी साची प्रतीति करावनार अने सन्मार्गनो निर्देश करावनार स्व. श्री पोपटलालभाई महोकमचंद (पूज्य भाईश्री) नो हुं खूब खूब ऋणी छुं. तेओश्रीना संस्कार सिंचनथी मारुं मस्तक पूज्यभावे तेमना पादपंकजमां झूके छे. तेओश्री श्रीमद् राजचंद्रना एक-निष्ठ अनन्य अनुगामी हता. तेमना थकी स्थपायेला तीर्थक्षेत्र वडवा (मु. खंभात) मां आजे केटलाय वर्षोथी सत्संग-भक्तिनो लाभ मळी रह्यो छे ते सत्संगना शुभ योगे आवुं एकाद मोटुं पुस्तक बहार पाडवानी इच्छा उद्भवेली.

ते इच्छाने मूर्त स्वरूप मळवानुं होय तेम पू. सहजानंद-घनजी (श्री. भद्रमुनि) नो अमदावाद मुकामे सहयोग थयो अने तेओश्री पासेथी जाणवा मळ्युं के आवा एक पुस्तकनी संकलना तैयार करेली छे. 'श्रीमद् राजचंद्र' ग्रंथमांथी छूटक छूटक वचनामृतो, पदो, काव्यो वगेरे संकलित करी घणां पुस्तको गुजरातीमां बहार पडेलां छे. जेनो लाभ फक्त गुजराती जाणकार भाईओ लई शक्या छे. परंतु गुजराती भाषा नहीं

जाणनार मुमुक्षुभाईओ माटे आवुं एकाद पुस्तक हिंदीमां छापवानी स्फ़ूरणा जागी. पू. श्री. भद्रमुनिए ते माटे आबु, बिकानेर वगेरे स्थळोए फरी घणो परिश्रम लई शुद्ध हिन्दीनी हिमायत करी, परंतु शुद्ध हिन्दी तरजूमो करावतां कृपाळु देवना असल वचनामृतोनो भाव नहीं सचवातां आ पुस्तकने देवनागरी लिपिमां छापवानी फरज पडी. छतां पण आत्मसंतोष जरूर वेदाय छे के राजस्थान तथा दक्षिण भारतना अन्य मुमुक्षुबंधुओ आ पुस्तकनो लाभ जरूर लई शकशे.

श्रीमद् राजचंद्र आश्रम, हंपीस्थित श्री. सहजानंदघन (श्री. भद्रमुनि) तथा श्रीमद् राजचंद्र आश्रम, अगासस्थ सत्संगनिष्ठ मुमुक्षुबंधु श्री. रावजीभाई देसाईनी उत्तम भावना अने संयुक्त प्रयासथी आवा प्रकारनी अति उपयोगी संकलना तेमणे तैयार करी सारो परिश्रम लई आ ग्रन्थ आपणने आप्यो छे ते माटे तेओश्रीने हार्दिक अभिनंदन घटे छे.

आ ग्रंथनी प्रसिद्धि माटेनी मारी मागणी स्वीकारी ते माटे हुं तेमनो अत्यंत आभार मानुं छुं. अने आ पुस्तकनो सदुपयोग सर्वने श्रेयस्कर थाओ एम इच्छुं छुं.

राजभुवन,
दिल्ही दरवाजा बहार, — मोहनलाल चीमनलाल शाह
अमदावाद.
ता. १२-६-१९६३



श्रीमद् राजचंद्र.

जन्मः—ववाणीआ.
संवत १९२४ कारतक सुद १५.

देहोत्सर्गः—राजकोट.
सं. १९५७ चैत्र वद ५.

# प्रस्तावना

श्रीमद् राजचन्द्र एटले मात्र भारतनी ज नहि पण विश्वनी एक विरल विभूति. शास्त्रना ज्ञाता अने उपदेशक तो आपणने अनेक मळे पण जेमनुं जीवन ज सत्शास्त्रनुं प्रतीक बनी रहे एवी विभूति आपणने मळवी विरल छे. श्रीमद् राजचन्द्रनी पासे तो जळहळता आत्मज्ञानमय जीवननो अंतरंग प्रकाश हतो, एटले ज अद्भुत अमृतवाणीनी सहज स्फुरणा हती.

भारतनी विश्वविख्यात विभूति महात्मा गांधीजी लखे छे :

"मारा जीवनमां श्रीमद् राजचन्द्रनो छाप मुख्यपणे छे. महात्मा टॉल्स्टॉय तथा रस्किन करतां पण श्रीमदे मारा उपर ऊंडी असर करी छे. घणी वार कहीने लखी गयो छुं के में घणाना जीवनमांथी घणुं लीधुं छे. पण सौथी वधारे कोईना जीवनमांथी में ग्रहण कर्युं होय तो ते कविश्री (श्रीमद् राजचन्द्र)ना जीवनमांथी छे. . . . रागोने काढवानो प्रयत्न करनार जाणे छे के रागरहित थवुं केवुं कठिन छे. ए रागरहित (वीतराग) दशा कवि (श्रीमद् राजचंद्र) ने स्वाभाविक हती. एम मारी उपर छाप पडी हती . . . . तेमना लखाणोनी एक असाधारणता ए छे के पोते जे अनुभव्युं ते ज लख्युं छे. तेमां क्यांये कृत्रिमता नथी. बीजानी उपर

छाप पाडवा सारु एक लोटी सरखी पण लखी होय एम में जोयुं नथी. तेमनां लखाणोमां 'सत् नीतरी रह्युं छे, एवो मने हंमेशां भास आव्यो छे. जेने आत्मक्लेश टाळवो छे, जे पोतानुं कर्त्तव्य जाणवा उत्सुक छे, तेने श्रीमद्ना लखाणोमांथी बहु मळी रहेशे एवो मने विश्वास छे, पछी भले ते हिन्दु हो के अन्यधर्मी. खातां, बेसतां, सूतां, प्रत्येक क्रिया करतां तेमनामां वैराग्य तो होय ज. कोई वखत आ जगतना कोई पण वैभवने विषे तेमने मोह थयो होय एम में नथी जोयुं.

आ वर्णन संयमीने विषे संभवे. बाह्याडंबरथी मनुष्य वीतराग नथी थई शकतो. वीतरागता ए आत्मानो प्रसादी छे. अनेक जन्मना प्रयासे मळी शके छे . . . . ए रागरहित दशा श्रीमद् राजचन्द्रने स्वाभाविक हती एम मारा उपर छाप पडी हती."

अपार दुःखनो दरियो एवो आ असार संसार, तेमां चारेय गतिमां चोरासी लाख योनिमां प्राये सर्व जीवो जन्म, जरा, मरण, आधि, व्याधि, उपाधि आदि त्रिविध तापमय दुःखदावानलथी सदाय भडभड बळी रह्या छे. तेमांथी बचेला परम शांतिना धामरूप मात्र एक आर्षद्रष्टा तत्त्वज्ञानी स्वरूपस्थ महापुरुषो ज महाभाग्यवंत छे. तेमनुं ज शरण, तेमनी वाणीनुं अवलंबन ए ज त्रण लोकने ते त्रिविध ताप-अग्निथी बचाववा समर्थ उपकारक छे.

"मायामय अग्निथी चौदे राजलोक प्रज्वलित छे. ते मायामां जीवनी बुद्धि राची रही छे. अने तेथी जीव पण ते

त्रिविध ताप अग्निथी बळ्या करे छे. तेनें परम कारुण्यमूर्तिनो बोध ए ज परम शीतळ जळ छे. तथापि चारे बाजुथी अपूर्ण पुण्यने लीधे तेनो प्राप्ति होवी दुर्लभ थई पडी छे."

—श्रीमद् राजचन्द्र

"तत्त्वज्ञाननी ऊंडी गुफानुं दर्शन करवा जईए तो, त्यां नेपथ्यमांथी एवो ध्वनि ज नीकळशे के, तमे कोण छो? क्यांथी आव्या छो? केम आव्या छो? तमारी समीप आ सघळुं शुं छे? तमारी तमने प्रतीति छे? तमे विनाशी, अविनाशी वा कोई त्रिराशी छो? एवा अनेक प्रश्नो हृदयमां ते ध्वनिथी प्रवेश करशे अने ए प्रश्नोथी ज्यां आत्मा घेरायो त्यां पछी बीजा विचारोने बहु ज थोडो अवकाश रहेशे. यदि ए विचारोथी ज छेवटे सिद्धि छे.... एज विचारोना मननथी अनंत काळनुं मुंझन टळवानुं छे... घणा आर्य सत्पुरुषो ते माटे विचार करी गया छे; तेओए ते पर अधिकाधिक मनन कर्युं छे. आत्माने शोधी तेना अपार मार्गमांथी थयेली प्राप्तिना घणाने भाग्यशाळी थवाने माटे अनेक क्रम बांध्या छे. ते महात्मा जयवान हो! अने तेने त्रिकाळ नमस्कार हो!"

—श्रीमद् राजचन्द्र

आम आवा समर्थ तत्त्वविज्ञानी महापुरुषनी वाणीनुं अवलंबन कोई महाभाग्य योगे ज प्राप्त थवा योग्य छे.

श्रीमद् राजचन्द्र तत्त्व जिज्ञासुओनी ज्ञानपिपासाने परितृप्त करे अने आत्मार्थीओना हृदयमां आत्मज्योति प्रगटावे एवा एक समर्थ तत्त्ववेत्ता आ काळमां आपणां अहोभाग्ये थई गया छे. तेमनी अमृततुल्य अमूल्य वाणी आपणा हाथमां आवे छे एज

आपणां महाभाग्य छे. तेमनुं जे कांई साहित्य लब्ध छे ते सर्व 'श्रीमद् राजचन्द्र' ग्रन्थमां 'प्रसिद्धि पाम्युं छे. आ साहित्य तत्त्वज्ञान वा आध्यात्मिक क्षेत्रमां अत्युत्तम कक्षानुं अमूल्य साहित्य छे. तत्त्वरसिक जनोने तत्त्वपिपासा संतोषवा माटे गूर्जरभाषामां आ एक अपूर्व साहित्य छे. मोक्षार्थीओने निज शुद्ध सहज आत्मतत्त्वनी उपासनाथी परमानंदमय मोक्ष महेलमां सुगमताथी चढी जवा माटे आ एक दुषमकाळमां अनोखुं ज अवलंबनरूप सोपान समान उपकारक थाय तेम छे. एमां विविध पारमार्थिक विषयोने स्पर्शतुं, मुख्यपणे मोक्ष-मार्गने स्पष्टपणे दर्शावतुं, अमूल्य छूटां वेरायेलां वचनरत्नोना प्रकाशथी सर्वत्र चमकतुं, रत्नाकर समान अगाध, उच्चतम आध्यात्मिक साहित्य भर्युं पड्युं छे. ते खोजकने अमूल्य रत्नत्रयनी प्राप्तिथी परम श्रेयने प्राप्त करावे तेवा निधान समान छे.

एमांथी अमुक एक विषयने लगतुं मोटा भागनुं लखाण एक साथे एकत्र करेलुं होय तो, ते सत्साधकने साधनाना क्रममां अति उपयोगी नीवडे एवा आशयथी, ए श्रीमद् राजचंद्र ग्रन्थमांथी नवनीतरूपे तारवीने एक दोहनरूप ग्रन्थ प्रसिद्धिमां आणवा, पांचेक वर्ष पहेलां आत्मार्थी आर्य श्री. सहजानंदघन (श्री. भद्रमुनि) ने सहज स्फुरणा थई आवी. तदनुसार श्रीमद् राजचन्द्र ग्रंथमांथी एक संकलना तैयार करवा तेमणे सारो प्रयास कर्यो. अने तेमां मारा सहयोगने आवश्यक गणी ते माटे ते एकाद मास अहीं अगास आश्रममां आवी रह्या अने अमारा संयुक्त प्रयासथी एक संकलना तैयार थई. ते

आजे आ 'तत्त्वविज्ञानरूपे' प्रकाश पामे छे; ते तत्त्वसाधकोने परमानंदनी साधनामां सहायरूप बनी परम श्रेयनुं कारण थाओ! अथवा विदग्धमुखमंडनं भवतु।

आ तत्त्वविज्ञान ग्रंथने ९ विभागमां वहेंची नाखवामां आव्यो छे.

(१) पहेला विभागमां 'परमार्थ प्रेरणा' ए शीर्षक नीचे, परमार्थ जिज्ञासुओने परमार्थ साधवा प्रेरणा मळे, आतुरता जागे, जागृति वधे तेवां केटलांक लखाणो श्रीमद् राजचन्द्र वचनामृतमांथी एकत्र करी लेवामां आव्यां छे.

(२) बीजामां 'भक्तिकर्तव्य' ए शीर्षक नीचे परमार्थनी जिज्ञासा जागी छे एवा मुमुक्षुने भक्ति कर्तव्य माटेनो क्रम वचनामृतमांथी संक्षेपमां मूकयो छे.

(३) त्रीजामां 'परमार्थ पद्यावलि' ए शीर्षक नीचे परमार्थ साधनामां अति उपयोगी एवां वचनामृतमांनां केटलांक पद्योनो संग्रह मूकवामां आव्यो छे.

(४) चोथामां 'आत्मचिंतन' ए शीर्षक नीचे सत् साधकने आत्मचिंतनना अभ्यासमां अति उपयोगी एवा वचनामृतमांना केटलाक पत्रोनो संग्रह मूकवामां आव्यो छे.

(५) पांचमामां 'समाधि भावना' ए शीर्षक नीचे समाधि मरण माटे समाधिभावनामां अति उपयोगी एवा वचनामृतमांना केटलाक पत्रो मूकवामां आव्या छे.

(६) छठ्ठामां 'आत्मसिद्धि' शीर्षक नीचे, आत्मा छे, ते नित्य छे, ते कर्ता छे, भोक्ता छे, मोक्ष छे, मोक्षना उपाय रूप सद्धर्म छे, ए छ पदथी आत्मानी सिद्धि अने मोक्ष मार्गने

स्पष्ट अने सुगमताथी प्रकाशतुं आत्मसिद्धि शास्त्र तेना संक्षिप्त अर्थ सहित मूकवामां आव्युं छे.

(७) सातमामां 'पारमार्थिक पत्रावलि' ए शीर्षक नीचे मुमुक्षुने सत् साधनामां निरंतर उपयोगी, मुखपाठे करी चिंतन करवा योग्य वचनामृतमांना केटलाक अत्युत्तम पत्रो मूकवामां आव्या छे.

(८) आठमामां 'विचार रत्नावली' ए शीर्षक नीचे वचनामृतमांथी केटलांक छूटां छूटां वचनरत्नोने वीणी लई मूकवामां आव्यां छे.

(९) नवमा छेल्ला विभागमां 'आत्मचर्या' ए शीर्षक नीचे श्रीमद्नी अंतरंग जीवन चर्यानो स्पष्ट ख्याल आवे एवां तेमनां अंतरंग चर्या अने दशाने दर्शावतां वचनामृतमांथी केटलांक लखाणोनो संग्रह मूकवामां आव्यो छे.

अज्ञानवशात् बाह्य दृष्टिथी के तेवा कोई आग्रहथी श्रीमद्ने मात्र झवेरी, गृहस्थ के कविरूपे ओळखी बेसवामां जो कवचित् भूल थती होय तो जरा गुणानुराग के प्रमोद-भावनाथी सत्यने शोधवानी अने स्वीकारवानी दृष्टि राखी निराग्रहपणे आ 'आत्मचर्या' आदि विभागनुं अवलोकन करवामां आवशे तो गुणज्ञ जनोने अवश्य एटलुं दृष्टिगोचर थवा योग्य ज छे के श्रीमद् ए कोई सामान्य कोटिना मनुष्य नहि पण ईश्वर कोटिना मनुष्य अथवा मनुष्य देहे परमात्मा, परम ज्ञानावतार, प्रगट धर्ममूर्तिरूपे ज भारतने विभूषित करी गया छे.

"अमे देहधारी छीए के केम? ते संभारीए त्यारे मांड जाणीए छीए........" — "....अमे के जेनुं मन प्राये

क्रोधथी, मानथी, मायाथी, लोभथी, हास्यथी, रतिथी, अरतिथी, भयथी, शोकथी, जुगुप्साथी के शब्दादिक विषयोथी अप्रतिबद्ध जेवुं छे; कुटुम्बथी, धनथी, पुत्रथी, वैभवथी, स्त्रीथी के देहथी मुक्त जेवुं छे; ते मनने पण सत्संगने विषे बंधन राखवुं बहु बहु रह्या करे छे."

—श्रीमद् राजचन्द्र

आवां अनेक वचनोथी तेमनी अंतरंग, असंग, अप्रतिबद्ध, जीवन्मुक्त, वैराग्यपूर्ण, विदेही, वीतराग, बोधिसमाधिप्रपूर्ण, अद्‌भुत, अलौकिक, अचिंत्य, आत्ममग्न, परम शांत, शुद्ध, सच्चिदानंदमय सहजात्मदशानी झांखी थया विना रहे तेम नथी ज. सद्‌गुणानुरागीने तो पोतानुं मान गळी जई आवी उच्चतम दशा प्रत्ये सहेजे शीर्ष झूक्या विना रहे तेम नथी. अने ते अलौकिक असंगदशा प्रत्ये प्रेम, प्रतीति, भक्ति प्रगटी तेमना शुद्ध चैतन्यस्वरूप, परमार्थस्वरूप, साचा स्वरूपनी ओळखाण थई तेमनामां प्रगटेला शुद्ध आत्मदर्शन, आत्मज्ञान, आत्मरमणतारूप रत्नत्रयादिक आत्मगुणो — प्रगट मोक्षमार्ग प्रत्ये अत्यंत प्रमोद, प्रेम, उल्लास आववा योग्य छे. प्रान्ते पोतामां पण तेवो ज परमात्म स्वभाव जे अनादिथी अप्रगट छे ते प्रगट करवानो लक्ष अने पुरुषार्थ जागतां आत्मा परमात्मा थई परम श्रेयने प्राप्त करी शाश्वतपदे विराजमान थवा भाग्यशाळी बने त्यां सुधीनो सन्मार्ग अने सत्साधना संप्राप्त थवा योग्य छे. श्रीमद् लघुराज स्वामी, श्री. सोभागभाई, श्री. जूठाभाई, श्री. अंबालालभाई आदि उज्ज्वल आत्माओ आ सद्‌गुणानुरागथी मुमुक्षुनां नेत्रो के अलौकिक दृष्टि पामी श्रीमद्‌नी साची ओळखाण

करवा भाग्यशाळी बन्या अने तेथी आत्मज्ञानादि गुणोथी विभूषित थई स्वपरश्रेयस्कर बनी गया, ए प्रत्यक्ष दृष्टांतरूप छे.

आ ग्रन्थमां जे अनुक्रमांक मूकवामां आव्या छे तेनी डाबी बाजुए [ ] आवा कौंसमां जे आंक मूकवामां आव्या छे ते आंक श्रीमद् राजचन्द्र आश्रम, अगासद्वारा प्रकाशित 'श्रीमद् राजचन्द्र' ग्रन्थ (सं. २००७)नी छेल्ली आवृत्ति अनुसार छे. अने ते तेमांनां पृष्ठ तथा पत्रांक सूचवे छे जेथी तेमांथी शोधी लेवामां सुगमता थवा योग्य छे.

मुमुक्षु बंधु श्री. मोहनलाल चीमनलाल शाहनी एवी उल्लासभरी भावना हती के आ ग्रन्थनी प्रसिद्धनुं श्रेय तेमने प्राप्त थाय. ते तेमनी प्रशंसनीय भावना फळी छे अने तेमना द्वारा आ ग्रन्थ प्रकाशित थयो छे ते माटे तेमने अभिनंदन घटे छे.

सत्पदाभिलाषी सज्जनोने सत्पदनी साधनामां आ ग्रन्थनो विनय अने विवेकपूर्वक सदुपयोग आत्मश्रेय साधवा प्रबळ उपकारी बनो ए ज अभ्यर्थना.

श्रीमद् राजचन्द्र आश्रम,
पो. बोरीआ, स्टेशन अगास,
वाया आणंद. (W. Rly.)
जेठ वद ५ ता. १२-६-१९६३

संत सेवक,
रावजीभाई छगनभाई देसाई

# पीठिका

## जुदा जुदा धर्ममतनुं कारण

[ ५७६/७५५ ]

शारीरिक, मानसिक अनन्त प्रकारनां दुःखोए आकुल-व्याकुल जीवोने ते दुःखोथी छूटवानी बहु प्रकारे इच्छा छतां तेमांथी तेओ मुक्त थई शकता नथी तेनुं शुं कारण? एवुं प्रश्न अनेक जीवोने उत्पन्न थया करे छे; पण तेनुं यथार्थ समाधान कोई विरल जीवने ज प्राप्त थाय छे. ज्यांसुधी दुःखनुं मूळकारण यथार्थपणे जाणवामां न आव्युं होय, त्यांसुधी ते टाळवा माटे गमे तेवुं प्रयत्न करवामां आवे तोपण दुःखनो क्षय थई शके नहि, अने गमे तेटली अरुचि, अप्रियता, अभाव ते दुःख प्रत्ये होय छतां, तेने अनुभव्या ज करवुं पडे। अवास्तविक उपायथी ते दुःख मटाडवानुं प्रयत्न करवामां आवे, अने ते प्रयत्न पण सहन न थई शके तेटला परिश्रम पूर्वक कर्युं होय, छतां ते दुःख न मटवाथी, दुःख मटाडवा इच्छता मुमुक्षुने अत्यंत व्यामोह थई आवे छे, अथवा थया करे छे, के आनुं शुं कारण? आ दुःख टळतुं केम नथी? कोई पण प्रकारे मारे ते दुःखनी प्राप्ति इच्छित नहीं छतां, स्वप्नेय पण तेना प्रत्ये कंई पण वृत्ति नहीं छतां, तेनी प्राप्ति थया करे छे, अने हुं जे जे प्रयत्नो करुं छुं ते ते बधा निष्फळ जई दुःख अनुभव्या ज करुं छुं एनुं शुं कारण? शुं ए दुःख कोईने मटतुं ज नहीं होय? दुःखी थवुं ए ज जीवनो स्वभाव

हशे ? शुं कोई एक जगतकर्त्ता ईश्वर हशे तेणे आम ज करवुं योग्य गण्युं हशे ? शुं भवितव्यताने आधीन ए वात हशे ? अथवा कोईक मारा करेला आगला अपराधोनुं फल हशे ?— ए वगेरे अनेक प्रकारना विकल्पो जे जीवो मन सहित देहधारी छे ते कर्या करे छे, अने जे जीवो मनरहित छे ते अव्यक्तपणे दुःखनो अनुभव करे छे, अने अव्यक्तपणे ते दुःख मटे एवी इच्छा राख्या करे छे.

आ जगतने विषे प्राणीमात्रनी व्यक्त अथवा अव्यक्त इच्छा पण एज छे के, कोई पण प्रकारे मने दुःख न हो, अने सर्वथा सुख हो. प्रयत्न पण एज अर्थे छतां ते दुःख शा माटे मटतुं नथी ? एवो प्रश्न घणा घणा विचारवानोने भूतकाळे पण उत्पन्न थयो हतो, वर्तमानकाळे पण थाय छे, अने भविष्यकाळे पण थशे. ते अनन्त अनन्त विचारवानोमांथी अनन्त विचारवानो तेना यथार्थ समाधानने पाम्या अने दुःखथी मुक्त थया. वर्तमानकाळे पण जे जे विचारवानो यथार्थ समाधान पामे छे, ते पण तथारूप फळने पामे छे अने भविष्यकाळे पण जे जे विचारवानो यथार्थ समाधान पामशे, ते ते तथारूप फळने पामशे एमां संशय नथी.

शरीरनुं दुःख मात्र औषध करवाथी मटी जतुं होत, मननुं दुःख धनादि मळवाथी मटी जतुं होत, अने बाह्य संसर्ग सम्बन्धनुं दुःख मनने कंई असर उपजावी शकतुं न होत, तो दुःख मटाडवा माटे जे जे प्रयत्न करवामां आवे छे ते ते सर्व प्रयत्न, जीवोने सफळ थात; परन्तु ज्यारे तेम बनतुं जोवामां न आव्युं त्यारे ज विचारवानोने ए प्रश्न उत्पन्न

थयुं के दुःख मटाडवा माटे बीजो ज उपाय होवो जोईए; आ जे करवामां आवे छे ते उपाय अयथार्थ छे अने बधो श्रम वृथा छे, माटे ते दुःखनुं मूळ कारण जो यथार्थ जाणवामां आवे अने ते ज प्रमाणे उपाय करवामां आवे तो दुःख मटे; नहीं तो नहीं ज मटे.

जे विचारवानो दुःखनुं यथार्थ मूळ कारण विचारवा ऊठया, तेमांथी पण कोईक ज तेनुं यथार्थ समाधान पाम्या, अने घणा तो यथार्थ समाधान नहीं पामवा छतां मतिव्यामोहादि कारणथी 'यथार्थ समाधान पाम्या छीए' एम मानवा लाग्या, तथा ते प्रमाणे उपदेश करवा लाग्या, तेम ज घणा लोको तेने अनुसरवा पण लाग्या । **जगतमां जुदा जुदा धर्ममत जोवामां आवे छे, तेनी उत्पत्तिनुं मुख्य कारण ए ज छे ।**

'धर्मथी दुःख मटे' एम घणाखरा विचारवानोनी मान्यता थई, परन्तु धर्मनुं स्वरूप समजवामां एक बीजामां घणो तफावत पड्यो । घणा तो पोतानो मूळ विषय चूकी गया; तेम घणा तो ते विषयमां मति थाकवाथी अनेक प्रकारे नास्तिकादि परिणामोने पाम्या ।

## षट्-दर्शन अने तेमना अभिप्राय

[५२०/७११]

**बौद्ध, नैयायिक, सांख्य, जैन** अने **मीमांसा** ए पांच आस्तिक दर्शनो एटले बन्ध-मोक्षादि भावने स्वीकारनारां दर्शनो छे. नैयायिकना अभिप्राय जेवो ज वैशेषिकनो अभिप्राय छे, सांख्य

जेवो ज योगनो अभिप्राय छे, सहज भेद छे तेथी ते दर्शन जुदां गवेष्यां नथी । पूर्व अने उत्तर एम मीमांसादर्शनना बे भेद छे; पूर्वमीमांसा अने उत्तरमीमांसामां विचारनो भेद विशेष छे; तथापि मीमांसा शब्दथी बेयनुं ओळखाण थाय छे; तेथी अत्रे ते शब्दथी बेय समजवां. पूर्वमीमांसानुं 'जैमीनी' अने उत्तरमीमांसानुं 'वेदांत' एम नाम पण प्रसिद्ध छे.

बौध अने जैन सिवायनां बाकीनां दर्शनो वेदने मुख्य राखी प्रवर्ते छे; माटे वेदाश्रित दर्शन छे; अने वेदार्थ प्रकाशी पोतानुं दर्शन स्थापवानो प्रयत्न करे छे। बौध अने जैन वेदाश्रित नथी, स्वतंत्र दर्शन छे ।

आत्मादि पदार्थने नहीं स्वीकारतुं एवुं चार्वाक नामे छठ्ठुं दर्शन छे ।

बौधदर्शनना मुख्य चार भेद छे.— १ सौतांत्रिक, २ माध्यमिक, ३ शून्यवादी अने ४ विज्ञानवादी. ते जुदे जुदे प्रकारे भावोनी व्यवस्था माने छे.

जैनदर्शनना सहज प्रकारान्तरथी बे भेद छे; दिगम्बर अने श्वेताम्बर.

पांचे आस्तिक दर्शनने जगत् अनादि अभिमत छे ।

बौध, सांख्य, जैन अने पूर्वमीमांसाने अभिप्राये सृष्टिकर्ता एवो कोई ईश्वर नथी.

नैयायिकने अभिप्राये तटस्थपणे ईश्वर कर्ता छे. वेदांतने अभिप्राये आत्माने विषे जगत विवर्तरूप एटले कल्पितपणे भासे छे अने ते रीते ईश्वरने कल्पितपणे कर्ता स्वीकार्यो छे.

योगने अभिप्राये नियंतापणे ईश्वर पुरुषविशेष छे.

बौद्धने अभिप्राये त्रिकाळ (टकवावाळो) अने वस्तुस्वरूप आत्मा नथी, क्षणिक छे। शून्यवादी बौद्धने अभिप्राये विज्ञानमात्र छे; अने विज्ञानवादी बौद्धने अभिप्राये दुःखादि तत्त्व छे, तेमां विज्ञानस्कंध क्षणिकपणे आत्मा छे.

नैयायिकने अभिप्राये सर्वव्यापक एवा असंख्य जीव छे; अने ईश्वर पण सर्वव्यापक छे. आत्माने मनना सान्निध्यथी ज्ञान ऊपजे छे.

सांख्यने अभिप्राये सर्वव्यापक एवा असंख्य आत्मा छे. ते नित्य, अपरिणामी अने चिन्मात्र स्वरूप छे.

जैनने अभिप्राये अनन्त द्रव्य आत्मा छे, प्रत्येक जुदा छे. ज्ञानदर्शनादि चेतना स्वरूप, नित्य अने परिणामी छे. प्रत्येक आत्माने असंख्यात प्रदेशी स्वशरीरावगाह वर्ती मान्यो छे.

पूर्वमीमांसाने अभिप्राये जीव असंख्य छे, चेतन छे.

उत्तरमीमांसाने अभिप्राये एक ज आत्मा सर्वव्यापक अने सच्चिदानंदमय त्रिकाळाबाध्य छे.

## दार्शनिक तुलना अने सत्यासत्य विवेक

[४७४/६१३]

एकबीजां दर्शननो मोटो भेद जोवामां आवे छे, ते सर्वनी तुलना करी अमुक दर्शन साचुं छे एवो निर्धार बधा मुमुक्षुथी थवो दुष्कर छे, केम के ते तुलना करवानी क्षयोपशम शक्ति कोईक जीवने होय छे. वळी एक दर्शन सर्वांशे सत्य अने बीजां दर्शन सर्वांशे असत्य एम विचारमां सिद्ध थाय, तो बीजां दर्शननी प्रवृत्ति करनारनी दशा आदि विचारवा

योग्य छे, केमके वैराग्य-उपशम जेनां बळवान छे तेणे, केवळ असत्यनुं निरूपण केम कर्युं होय?—ए आदि विचारवा योग्य छे; पण सर्व जीवथी आ विचार थवो दुर्लभ छे. अने ते विचार कार्यकारी पण छे—करवा योग्य छे, पण ते कोई माहात्म्यवानने थवा योग्य छे; त्यारे बाकी जे मोक्षना इच्छुक जीवो छे, तेओए ते सम्बंधी शुं करवुं घटे? तें पण विचारवा योग्य छे.

सर्व प्रकारनां सर्वांग समाधान विना सर्व कर्मथी मुक्त थवुं अशक्य छे—एवो विचार अमारा चित्तमां रहे छे, अने सर्व प्रकारनुं समाधान थवा माटे अनन्तकाळ सुधी पुरुषार्थ करवो पडतो होय तो घणुं करी कोई जीव मुक्त थई शके नहीं; तेथी एम जणाय छे के अल्पकाळमां ते सर्व प्रकारनां समाधानना उपाय होवा योग्य छे; जेथी मुमुक्षु जीवने निराशानुं कारण पण नथी.

## दार्शनिक मथन

[८०९/६२]

प्रत्यक्ष अनेक प्रकारनां दुःखने तथा दुःखी प्राणीओने जोईने, तेम ज जगतनी विचित्र रचना जाणीने, तेम थवानो हेतु शो छे? तथा ते दुःखनुं मूळ स्वरूप शुं छे? अने तेनी निवृत्ति क्या प्रकारे थई शकवा योग्य छे? तेम ज जगतनी विचित्र रचनानुं अंतर्स्वरूप शुं छे?—ए आदि प्रकारने विषे विचारदशा उत्पन्न थई छे जेने एवा मुमुक्षुपुरुष तेमणे, पूर्वपुरुषोए उपर कह्या ते विचारो विषे जे कंई समाधान आण्युं

हतुं अथवा मान्युं हतुं — ते विचारना समाधान प्रत्ये पण यथाशक्ति (अमे) आलोचना करी. ते आलोचना करतां विविध प्रकारना मतमतान्तर तथा आभिप्राय सम्बन्धी यथाशक्ति विशेष विचार कर्यो. तेम ज नाना प्रकारना रामानुजादि संप्रदायोनो विचार कर्यो, तथा वेदान्तादि दर्शनोनो विचार कर्यो ते आलोचना विषे अनेक प्रकारे ते ते दर्शनना स्वरूपनुं मथन कर्युं, अने प्रसंगे प्रसंगे मथननी योग्यताने प्राप्त थयेलुं एवुं जैनदर्शन ते सम्बन्धी घणा प्रकारे मथन थयुं . . . . .

## जिनागमनी प्रामाणिकता

[४६३/५९५]

वेदांतादिमां आत्मस्वरूपनी जे विचारणा कही छे, ते विचारणा करतां श्री जिनागममां जे आत्मस्वरूपनी विचारणा कही छे, तेमां भेद पडे छे. सर्व विचारणानुं फळ आत्मानुं सहजस्वभावे परिणाम थवुं एज छे. सम्पूर्ण रागद्वेषना क्षय विना सम्पूर्ण आत्मज्ञान प्रगटे नहीं — एवो निश्चय श्री जिने कह्यो छे ते, वेदान्तादि करतां बळवान प्रमाणभूत छे.

[४६३/५९६]

सर्व करतां वीतरागनां वचनने सम्पूर्ण प्रतीतिनुं स्थान कहेवुं घटे छे, केमके ज्यां रागादि दोषनो सम्पूर्ण क्षय होय त्यां सम्पूर्ण ज्ञानस्वभाव प्रगटवा योग्य नियम घटे छे.

श्री जिनने सर्व करतां उत्कृष्ट वीतरागता संभवे छे; प्रत्यक्ष तेमनां वचननुं प्रमाण छे माटे. जे कोई पुरुषने जेटले अंशे वीतरागता संभवे छे, तेटले अंशे ते पुरुषनुं वाक्य मान्यता

योग्य छे. सांख्यादि दर्शने बन्ध-मोक्षनी जे जे व्याख्या उपदेशी छे, तेथी बळवान प्रमाणसिद्ध व्याख्या श्री जिनवीतरागे कही छे--एम जाणुं छुं.

## अनुभवप्रमाणथी जिनागम-अविरोधता

[४६३/५९७]

अमारा चित्तने विषे वारंवार एम आवे छे अने एम परिणाम स्थिर रह्या करे छे के जेवो आत्मकल्याणनो निर्धार श्री वर्द्धमानस्वामीए के श्री ऋषभादिए कर्यो छे, तेवो निर्धार बीजा संप्रदायने विषे नथी.

वेदान्तादि दर्शननो लक्ष आत्मज्ञान भणी अने संपूर्ण मोक्ष प्रत्ये जतो जोवामां आवे छे, पण तेनो यथायोग्य निर्धार संपूर्णपणे तेमां जणातो नथी, अंशे जणाय छे अने कंई कंई ते पण पर्याय फेर देखाय छे. जो के वेदान्तने विषे ठाम ठाम आत्मचर्या ज विवेची छे, तथापि ते चर्या स्पष्टपणे अविरुद्ध छे—एम हजुसुधी लागी शकतुं नथी. एम पण बने के वखते विचारना कोई उदयभेदथी वेदान्तनो आशय बीजे स्वरूपे समजवामां आवतो होय अने तेथी विरोध भासतो होय—एवी आशंका पण फरी फरी चित्तमां करवामां आवी छे, विशेष विशेष आत्मवीर्य परिणमावीने तेने अविरोध जोवा माटे विचार कर्या करेल छे, तथापि एम जणाय छे के वेदान्त जे प्रकारे आत्मस्वरूप कहे छे, ते प्रकारे सर्वथा वेदान्त अविरोधपणुं पामी शकतुं नथी, केमके ते कहे छे ते ज प्रमाणे आत्मस्वरूप नथी; कोई तेमां मोटो भेद जोवामां आवे छे, अने ते ते प्रकारे सांख्यादि दर्शनोने विषे पण भेद जोवामां

आवे छे. एकनाम थी जिने कह्युं छे ते आत्मस्वरूप विशेष विशेष अविरोधी जोवामां आवे छे अने ते प्रकारे वेदवामां आवे छे; संपूर्णपणे अविरोधी जिननुं कहेलुं आत्मस्वरूप होवा योग्य छे—एम भासे छे. संपूर्णपणे अविरोधी ज छे; एम कहेवामां नथी आवतुं तेनो हेतु मात्र एटलो ज छे के, संपूर्णपणे आत्मावस्था प्रगटी नथी, जेथी जे अवस्था अप्रगट छे, ते अवस्थानुं अनुमान वर्तमानमां करीए छीए जेथी ते अनुमान पर अत्यन्त भार न देवा योग्य गणी विशेष विशेष अविरोधी छे, एम जणाव्युं छे; संपूर्ण अविरोधी होवा योग्य छे—एम लागे छे.

संपूर्ण आत्मस्वरूप कोई पण पुरुषने विषे प्रगटवुं जोईए—एवो आत्माने विषे निश्चय प्रतीतिभाव आवे छे; अने ते केवा पुरुषने विषे प्रगटवुं जोईए? एम विचार करतां जिन जेवा पुरुषने प्रगटवुं जोईए एम स्पष्ट लागे छे. कोईने पण आ सृष्टिमंडळने विषे आत्मस्वरूप संपूर्ण प्रगटवा योग्य होय तो श्री वर्धमानस्वामीने विषे प्रथम प्रगटवा योग्य लागे छे. अथवा ते दशाना पुरुषोने विषे सौथी प्रथम संपूर्ण आत्मस्वरूप प्रगटवा योग्य लागे छे....

## प्रकाश भुवन (मां आकाशवाणी)

[७९७/१७]

खचीत ए सत्य छे. एम ज स्थिति छे. तमे आ भणी वळो—

तेओए रूपकथी कह्युं छे. भिन्न-भिन्न प्रकारे तेथी बोध थयो छे, अने थाय छे; परन्तु ते विभंगरूप छे.

आ बोध सम्यक् छे. तथापि घणो ज सूक्ष्म छे अने मोह टळ्ये ग्राह्य थाय तेवो छे.

सम्यक्बोध छे, पण पूर्ण स्थितिमां रह्यो नथी ।

तोपण जे छे, ते योग्य छे—ए समजीने हवे घटतो मार्ग ल्यो.

कारण शोधो मा, ना कहो मा, कल्पना करो मा, एम ज छे.

ए पुरुष यथार्थवक्ता हतो, अयथार्थ कहेवानुं तेमने कोई निमित्त नहोतुं.

[७९५/१०]

एज स्थिति, एज भाव अने एज स्वरूप ।

गमे तो कल्पना करी बीजी वाट ल्यो; यथार्थ जोईतो होय तो आ........लो.

विभंगज्ञान दर्शन अन्य दर्शनमां मानवामां आव्युं छे, एमां मुख्य प्रवर्तकोए जे धर्ममार्ग बोध्यो छे ते सम्यक् थवा 'स्यात्' मुद्रा जोईए.

स्यात्-मुद्रा ते स्वरूपस्थित आत्मा छे. श्रुतज्ञाननी अपेक्षाए स्वरूपस्थित आत्माए कहेली शिक्षा छे.

नाना प्रकारना नय, नाना प्रकारनां प्रमाण, नाना प्रकारनी भंगजाल, नाना प्रकारना अनुयोग—ए सघळां लक्षणारूप छे; लक्ष एक सच्चिदानन्द छे.

दृष्टिविष गया पछी गमे ते शास्त्र, गमे ते अक्षर, गमे ते कथन, गमे ते वचन, गमे ते स्थल प्राये अहितनुं कारण थतुं नथी ।...........

[७९६/११]

## जिनमार्ग प्रत्ये दृढ़ निश्चय

**एटलुं ज शोधाय तो बधुं पामशो; खचित एमां ज छे. मने चोक्कस अनुभव छे. सत्य कहुं छुं. यथार्थ कहुं छुं. निःशंक मानो.**

ए स्वरूप माटे सहज सहज कोई स्थळे लखी वाळ्युं छे.

## श्री. तीर्थंकरदेवना खरेखरा अनुयायी

[३१४/३२२]

अमने जे निर्विकल्प नामनी समाधि छे, ते तो आत्मानी स्वरूपपरिणति वर्तती होवाने लीधे छे। आत्माना स्वरूप संबंधी तो प्राये निर्विकल्पपणुं ज रहेवानुं अमने संभवित छे, कारण के अन्यभावने विषे मुख्यपणे अमारी प्रवृत्ति ज नथी.

बन्ध-मोक्षनी यथार्थ व्यवस्था जे दर्शनने विषे यथार्थ-पणे कहेवामां आवी छे, ते दर्शन निकट मुक्तपणानुं कारण छे; अने ए यथार्थ व्यवस्था कहेवाने जोग्य जो कोई अमे विशेषपणे मानता होईए तो ते श्री तीर्थंकरदेव छे।

अने ए जे श्री तीर्थंकरदेवनो अंतर आशय, ते प्राये मुख्यपणे अत्यारे कोईने विषे आ क्षेत्रे होय, तो ते अमे होईशुं—एम अमने दृढ़ करीने भासे छे. कारण के जे अमारुं अनुभवज्ञान छे तेनुं फळ वीतरागपणुं छे, अने वीतरागनुं कहेलुं जे श्रुतज्ञान छे ते पण तेज परिणामनुं कारण लागे छे, **माटे अमे तेना अनुयायी खरेखरा छीए, साचा छीए.**

# जिनमार्गनी वर्तमान परिस्थिति

[८२२/१४]

स्वपर परमोपकारक परमार्थमय सत्यधर्म जयवन्त वर्तो.

आश्चर्यकारक भेद पडी गया छे.

खण्डित छे.

सम्पूर्ण करवानुं साधन दुर्गम्य देखाय छे.

ते प्रभावने विषे महत् अंतराय छे.

देश-काळादि घणा प्रतिकूळ छे.

वीतरागोनो मत लोकप्रतिकूळ थई पड्यो छे.

रूढिथी जे लोको तेने माने छे तेना लक्षमां पण ते सुप्रतीत जणातो नथी, अथवा अन्यमत ते वीतरागोनो मत समजी प्रवर्त्ये जाय छे.

यथार्थ वीतरागोनो मत समजवानो तेमनामां योग्यतानी घणी खामी छे,

दृष्टिरागनुं प्रबळ राज्य वर्ते छे.

वेषादि व्यवहारमां मोटी विटंबना करी मोक्षमार्गनो अंतराय करी बेठा छे.

तुच्छ पामर पुरुषो विराधकवृत्तिना धणी अग्रभागे वर्ते छे.

किञ्चित् सत्य बहार आवतां पण तेमने प्राणघाततुल्य दुःख लागतुं होय एम देखाय छे.

## जिनमार्गोद्धार-भावना

[१५]

त्यारे तमे शा माटे ते धर्मनो उद्धार इच्छो छो?

परम कारुण्य स्वभावथी.

ते सद्धर्म प्रत्येनी परम भक्तिथी.

[८१३/७२]

जेनाथी मार्ग प्रवर्त्यो छे, एवा मोटा पुरुषना विचार, बळ, निर्भयतादि गुणो पण मोटा हता.

एक राज्य प्राप्त करवामां जे पराक्रम घटे छे, ते करतां अपूर्व अभिप्राय सहित धर्मसंतति प्रवर्तवामां विशेष पराक्रम घटे छे. . . . . . .

दर्शननी रीते आ काळमां धर्म प्रवर्ते एथी जीवोनुं कल्याण छे के संप्रदायनी रीतो प्रवर्ते तो जीवोनुं कल्याण छे?—ते वात विचारवा योग्य छे.

संप्रदायनी रीते घणा जीवोने ते मार्ग ग्रहण थवा योग्य थाय; दर्शननी रीते विरल जीवोने ग्रहण थाय.

**जो जिनने अभिमते मार्ग निरूपण करवा योग्य गणवामां आवे, तो ते संप्रदायना प्रकारे निरूपण थवो विशेष असंभवित छे, केमके तेनी रचनानुं सांप्रदायिक-स्वरूप थवुं कठण छे.**

दर्शननी अपेक्षाए कोईक जीवने उपकारी थाय एटलो विरोध आवे छे।

[५१७/७०८]

**जैनदर्शननी रीतिए जोतां सम्यग्दर्शन अने वेदान्तनी रीतिए जोतां केवळज्ञान अमने संभवे छे.** . . . . . .

जैन प्रसंगमां अमारो वधारे निवास थयो छे, तो कोई पण प्रकारे ते मार्गनो उद्धार अम जेवाने द्वारे विशेष करीने थई शके, केमके तेनुं स्वरूप विशेष करीने समजायुं होय ए आदि (योग्यता अत्र छे.)

वर्तमानमां जैनदर्शन एटलुं बधुं अव्यवस्थित अथवा विपरीत स्थितिमां जोवामां आवे छे के, तेमांथी जाणे जिननो अंतर्मार्ग भूंसाई गयो छे; अने लोको मार्ग प्ररूपे छे तेमां बाह्य कुटारो बहु वधारी दोधो छे जेमां अन्तर्मार्गनुं ज्ञान घणुं करी विच्छेद जेवुं थयुं छे.

वेदोक्त मार्गमां बसें-चारसें वर्षे कोई-कोई मोटा आचार्य थया देखाय छे के जेथी लाखो माणसने वेदोक्त रीति सचेत थई प्राप्त थई होय। वळी साधारण रीते कोई कोई आचार्य अथवा ते मार्गना जाण सारा पुरुषो एम ने एम थया करे छे; अने जैनमार्गमां घणा वर्ष थयां तेवुं बन्युं देखातुं नथी. जैनमार्गमां प्रजा पण घणी थोडी रही छे, अने तेमां सेंकडो भेद वर्ते छे एटलुं ज नहीं, पण 'मूळमार्ग'नी सन्मुखनी वात पण तेमने काने नथी पडती, केमके उपदेशकोना लक्षमां नथी —एवी स्थिति वर्ते छे. तेथी चित्तमां एम आव्या करे छे के ते मार्ग वधारे प्रचार पामे तो तेम करवुं, नहि तो तेमां वर्तती प्रजाने मूळलक्षपणे दोरवी. आ काम घणुं विकट छे. वळी जैनमार्ग पोते ज समजवो तथा समजाववो कठण छे; समजावतां आडां कारणो आवीने घणां ऊभां रहे—एवी स्थिति छे. एटले तेवी प्रवृत्ति करतां डर लागे छे. तेनी साथे एम पण रहे छे के जो आ कार्य आ काळमां अमाराथी कंई पण बने तो बनी शके; नहीं तो हाल ते मूळमार्ग सन्मुख थवा माटे बीजानुं प्रयत्न काम आवे तेवुं देखातुं नथी । घणुं करीने मूळमार्ग बीजाना लक्षमां नथी, तेम ते हेतु दृष्टांते उपदेशवामां परमश्रुत आदि गुणो जोईए छे, तेम ज अंतरंग केटलाक गुणो जोईए छे ते अत्र छे—एवुं दृढ भासे छे.

ए रीते जो मूळ मार्ग प्रगटतामां आणवो होय तो प्रगट करनारे सर्वसंगपरित्याग करवो योग्य छे; केमके तेथी खरेखरो समर्थ उपकार थवानो वखत आवे । वर्तमान दशा जोतां — सत्तानां कर्मो पर दृष्टि देतां केटलाक वखत पछी ते उदयमां आववो संभवे छे. अमने सहजस्वरूप ज्ञान छे, जेथी योगसाधननी एटली अपेक्षा नहीं होवाथी तेमां प्रवृत्ति करी नथी, तेम ते सर्वसंगपरित्यागमां अथवा विशुद्ध देशपरित्यागमां साधवा योग्य छे । एथी लोकोने घणो उपकार थाय छे; जोके वास्तविक उपकारनुं कारण तो आत्मज्ञान विना बीजुं कोई नथी ।

हाल बे वर्ष सुधी तो ते योगसाधन विशेष करी उदयमां आवे तेम देखातुं नथी । तेथी त्यार पछीनी कल्पना कराय छे, अने ३थी ४ वर्ष ते मार्गमां गाळवामां आव्यां होय तो ३६ मे वर्षे सर्वसंगपरित्यागी उपदेशकनो वखत आवे अने लोकोनुं श्रेय थवुं होय तो थाय ।

नानी वये मार्गनो उद्धार करवा सम्बन्धी जिज्ञासा वर्तती हती, त्यार पछी ज्ञानदशा आव्ये क्रमे करीने ते उपशम जेवी थई; पण कोई कोई लोको परिचयमां आवेला, तेमने केटलीक विशेषता भासवाथी कंईक मूळमार्ग पर लक्ष आणेलो, अने आ बाजु तो सेंकडो अथवा हजारो माणसो प्रसंगमां आवेला, जेमांथी कंईक समजणवाळा तथा उपदेशक प्रत्ये आस्थावाळा एवा सो-एक माणस नीकळे. ए उपरथी एम जोवामां आव्युं के लोको तरवाना कामी विशेष छे, पण तेमने तेवो योग बाझतो नथी. जो खरेखरा उपदेशक

पुरुषनो जोग बने तो घणा जीव मूळमार्ग पामे तेवुं छे, अने दया आदिनो विशेष उद्योत थाय एवुं छे. एम देखावाथी कंईक चित्तमां आवे छे के आ कार्य कोई करे तो सारुं, पण दृष्टि करतां तेवो पुरुष ध्यानमां आवतो नथी, एटले कंईक लखनार प्रत्ये ज दृष्टि आवे छे, पण लखनारनो जन्मथी लक्ष एवो छे के 'ए जेवुं एक्के जोखमवाळुं पद नथी, अने पोतानी ते कार्यनी यथायोग्यता ज्यांसुधी न वर्ते त्यांसुधी तेनी इच्छामात्र न करवी' अने घणुं करीने हजु सुधी तेम वर्तवामां आव्युं छे । मार्गनुं कंई पण स्वरूप कंईकने समजाव्युं छे, तथापि कोईने एक व्रत-पच्चखाण आप्युं नथी, अथवा तमे मारा शिष्य छो, अने अमे गुरु छीए — एवो प्रकार घणुं करीने दर्शित थयो नथी. कहेवानो हेतु एवो छे के सर्वसंगपरित्याग थये ते कार्यनी प्रवृत्ति सहजस्वभावे उदयमां आवे तो करवी—एवी मात्र कल्पना छे. तेनो खरेखरो आग्रह नथी, मात्र अनुकंपादि तथा ज्ञानप्रभाव वर्ते छे तेथी क्यारेक ते वृत्ति उठे छे, अथवा अल्पांशे अंगमां ते वृत्ति छे, तथापि ते स्ववश छे. अमे धारीए छीए तेम सर्वसंगपरित्यागादि जो थाय तो हजारो माणस मूळमार्गने पामे. अने हजारो माणस ते सन्मार्गने आराधी सद्गतिने पामे एम अमाराथी थवुं संभवे छे. अमारा संगमां त्याग करवाने घणा जीवोने वृत्ति थाय—एवो अंगमां त्याग छे. धर्म स्थापवानुं मान मोटुं छे, तेनी स्पृहाथी पण वखते आवी वृत्ति रहे, पण आत्माने घणी वार तावी जोतां ते संभव हवेनी दशामां ओछो ज देखाय छे,

अने कंईक सत्तागत रह्यो हशे तो ते क्षीण थशे एम अवश्य भासे छे, केमके यथायोग्यता विना, देह छूटी जाय तेवी दृढ कल्पना होय तोपण, मार्ग उपदेशवो नहीं—एम आत्मनिश्चय नित्य वर्ते छे. एक ए बळवान कारणथी परिग्रहादि त्याग करवानो विचार रह्या करे छे. मारा मनमां एम रहे छे के 'वेदोक्त धर्म प्रकाशवो अथवा स्थापवो होय तो मारी दशा यथायोग्य छे. पण जिनोक्त धर्म स्थापवो होय तो हजु तेटली योग्यता नथी, तोपण विशेष योग्यता छे — एम लागे छे.

[५८१/७५७]

श्री ऋषभदेवथी श्री महावीर पर्यन्त भरतक्षेत्रना वर्तमान चोवीश तीर्थंकरोना परम उपकारने वारंवार संभारुं छुं.

श्रीमान् वर्द्धमानजिन वर्तमानकाळना चरम तीर्थंकरदेवनी शिक्षाथी हाल मोक्षमार्गनुं अस्तित्व वर्ते छे. ए तेमना उपकारने सुविहित पुरुषो वारंवार आश्चर्यमय देखे छे.

काळना दोषथी अपार श्रुतसागरनो घणो भाग विसर्जन थतो गयो, अने बिन्दुमात्र अथवा अल्पमात्र वर्तमानमां विद्यमान छे. घणां स्थळो विसर्जन थवाथी, घणां स्थळोमां स्थूळ निरूपण रह्युं होवाथी निर्ग्रंथभगवानना ते श्रुतनो पूर्णलाभ वर्तमान मनुष्योने आ क्षेत्रे प्राप्त थतो नथी।

घणा मतमतांतरादि उत्पन्न थवानो हेतु पण एज छे, अने तेथी ज निर्मळ आत्मतत्त्वना अभ्यासी महात्माओनी अल्पता थई.

श्रुत अल्प रह्या छतां, मतमतांतर घणां छतां, समाधाननां केटलांक साधनो परोक्ष छतां, महात्मा पुरुषोनुं क्वचितत्व छतां, हे आर्यजनो! सम्यग्दर्शन, श्रुतनुं रहस्य एवो परमपदनो पंथ, आत्मानुभवना हेतु, सम्यक्चारित्र अने विशुद्ध आत्मध्यान आजे पण विद्यमान छे — ए परम हर्षनुं कारण छे.

वर्तमानकाळनुं नाम दुषमकाळ छे. तेथी दुःखे करीने, — घणा अंतरायथी, प्रतिकूळताथी, साधननुं दुर्लभपणुं होवाथी, — मोक्षमार्गनी प्राप्ति थाय छे; **पण वर्तमानमां मोक्षमार्गनो विच्छेद छे एम चिंतववुं जोईतुं नथी.**

पंचमकाळमां थयेला महर्षिओए पण एम ज कह्युं छे, ते प्रमाणे पण अत्रे कहुं छुं.

सूत्र अने तदनुसार बीजां प्राचीन आचार्योए रचेलां घणां शास्त्रो विद्यमान छे. सुविहित पुरुषोए तो हितकारी मतिथी ज रच्यां छे। कोई मतवादी, हठवादी अने शिथिलताना पोषक पुरुषोए रचेलां कोई पुस्तको सूत्रथी अथवा जिनाचारथी मळतां न आवतां होय अने प्रयोजननी मर्यादाथी बाह्य होय, ते पुस्तकोना उदाहरणथी प्राचीन सुविहित आचार्योनां वचनोने उत्थापवानुं प्रयत्न भवभीरु महात्माओ करता नथी; पण तेथी उपकार थाय छे — एम जाणी तेनुं बहुमान करता छता यथायोग्य सदुपयोग करे छे.

दिगंबर अने श्वेतांबर एवा बे भेद जैन दर्शनमां मुख्य छे. मत दृष्टिथी तेमां मोटो अंतर जोवामां आवे छे. तत्त्व-दृष्टिथी तेवो विशेष भेद जिनदर्शनमां मुख्यपणे परोक्ष छे; जे प्रत्यक्ष कार्यभूत थई शके तेवा छे तेमां तेवो भेद नथी;

माटे बन्ने संप्रदायमां उत्पन्न थता गुणवान पुरुषो सम्यग्दृष्टिथी जुए छे; अने जेम तत्त्वप्रतीतिनो अंतराय ओछो थाय तेम प्रवर्ते छे ।

जैनाभासथी प्रवर्तेलां मतमतांतरो घणां छे, तेनुं स्वरूप निरूपण करतां पण वृत्ति संकोचाय छे. जेमां मूळ प्रयोजननुं भान नथी एटलुं ज नहीं, पण मूळ प्रयोजनथी विरुद्ध एवी पद्धतिनुं अवलंबन वर्ते छे; तेने मुनिपणानुं स्वप्न पण क्यांथी होय? केमके मूळ प्रयोजनने विसारी क्लेशमां पड्या छे; अने जीवोने, पोतानी पूज्यतादिने अर्थे परमार्थ मार्गना अंतरायक छे ।

ते, मुनिनुं लिंग पण धरावता नथी, केमके स्वकपोल-रचनाथी तेमनी सर्व प्रवृत्ति छे. जिनागम अथवा आचार्यनी परंपरानुं नाममात्र तेमनी पासे छे, वस्तुत्वे तो ते तेथी पराङ्मुख ज छे.

एक तूमडा जेवी, दोरा जेवी अल्पमां अल्प वस्तुना ग्रहण-त्यागना आग्रहथी जुदो मार्ग उपजावी काढी वर्ते छे, अने तीर्थनो भेद करे छे — **एवा महामोहमूढ जीव लिंगाभासपणे पण आजे वीतरागना दर्शनने घेरी बेठा छे — एज असंयतिपूजा नामनुं आश्चर्य लागे छे.**

महात्मापुरुषोनी अल्प पण प्रवृत्ति स्व-परने मोक्षमार्ग सन्मुख करवानी होय छे; ज्यारे आ लिंगाभासी जीवो तो भोळा जीवोने मोक्षमार्गथी पराङ्मुख करवामां पोतानुं बळ प्रवर्ततुं जाणी हर्षायमान थाय छे, अने ते सर्व कर्मप्रकृतिमां वधता अनुभाग अने स्थितिबंधनुं स्थानक छे — एम हुं जाणुं छुं.

[८२३/१८]

## नेपथ्य-ध्वनि

परानुग्रह परम कारुण्यवृत्ति करतां पण प्रथम चैतन्यजिन-प्रतिमा था, चैतन्यजिनप्रतिमा था ।

तेवो काळ छे?

ते विषे निर्विकल्प था ।

तेवो क्षेत्रयोग छे?

गवेष ।

तेवुं पराक्रम छे?

अप्रमत्त शूरवीर था ।

तेटलुं आयुषबळ छे?

शुं लखवुं? शुं कहेवुं?

अंतर्मुख उपयोग करोने जो ।

ॐ शान्ति: शान्ति: शान्ति:

## नमो मुज नमो मुज रे

[३३३/३७६]

अविषमपणे ज्यां आत्मध्यान वर्ते छे, एवा जे 'श्री रायचंद्र' ते प्रत्ये फरी फरी नमस्कार....

—श्रीमद् राजचन्द्र वचनामृतमांथी संकलित

संकलयिता: श्री. सहजानंदघन,
श्रीमद् राजचन्द्र आश्रम,
हम्पी (S. Rly.)

# अनुक्रमणिका

## १. परमार्थ प्रेरणा


| | पृष्ठ |
|---|---|
| १. मंगल काव्य — ग्रन्थारंभ | १ |
| २. अमूल्य तत्वविचार | २ |
| ३. वैराग्य भावनाओ (काव्यमात्र) | ३ |
| अनित्य भावना | ३ |
| अशरण भावना | ४ |
| एकत्व भावना | ४ |
| अन्यत्व भावना | ५ |
| अशुचि भावना | ६ |
| निवृत्ति बोध | ७ |
| उपसंहार | ८ |
| ४. ज्ञानीओए वैराग्य शा माटे बोध्यो ? | ९ |
| ५. कर्मना चमत्कार | ११ |
| ६. कर्म ए जड वस्तु छे | १२ |
| ७. समयनी अमूल्यता | १३ |
| ८. अवश्य कर्तव्य | १४ |
| ९. काजळनी कोटडी | १६ |
| १०. चार भावना | १६ |
| ११. सम्यक् दशानां पांच लक्षण | १७ |
| १२. सम्यक् दशानो अभ्यास | १८ |
| १३. दासानुदास | १९ |
| १४. संतना शरणमां जा | २० |

| | | |
|---|---|---|
| १५. | मनुष्य देहमां परमात्मा | २० |
| १६. | द्वादशांगीनुं सळंग सूत्र | २३ |
| १७. | ज्ञानीना प्रत्येक शब्दमां अनंत आगम | २५ |
| १८. | 'सत्' ए कांई दूर नथी | २६ |
| १९. | वचनावली | २७ |
| २०. | जीवने मार्ग मल्यो नथी एनुं शुं कारण? | २९ |
| २१. | मार्गप्राप्तिमां बाधक त्रण कारणो | ३१ |
| २२. | सत्संग-माहात्म्य | ३५ |
| २३. | मूर्तिमान मोक्ष सत्पुरुष छे | ३९ |
| २४. | आश्रय भक्तिमार्ग | ४० |
| २५. | ,, (पॅरा १ थी ४) | ४३ |
| २६. | वृत्तिओना जय के क्षयनो अभ्यास | ४५ |
| २७. | ,, ,, | ४७ |
| २८. | ,, ,, (छेल्लो पॅरो) | ४९ |
| २९. | शूरवीरता | ५० |
| ३०. | स्वरूपस्मृति केम थाय? | ५० |
| ३१. | अनंतानुबंधी कषायनुं स्वरूप | ५१ |
| ३२. | ,, | ५४ |
| ३३. | ,, | ५५ |
| ३४. | अनंतानुबंधीथी छूटवानो उपाय | ५७ |
| ३५. | सद्गुरु-भक्तिनो अंतराशय | ५९ |
| ३६. | मार्गानुसारिता | ६२ |
| ३७. | ,, | ६३ |
| ३८. | अज्ञान अने दर्शन परिषह | ६५ |
| ३९. | भक्तिमार्गनी प्रधानता | ६८ |
| ४०. | ,, | ६९ |
| ४१. | पराभक्ति (एक पॅरो) | ६९ |
| ४२. | ब्राह्मीवेदना | ७० |
| ४३. | भक्ति-माहात्म्य | ७१ |

## २. भक्ति कर्तव्य


| | |
|---|---|
| १. सद्गुरु महिमा (अहो श्री सत्पुरुषके. . .काव्य) | ७२ |
| २. जिनवाणी स्तुति | ७३ |
| ३. प्रभु-प्रार्थना | ७३ |
| ४. कैवल्य-बीज | ७६ |
| ५. क्षमापना | ७८ |
| ६. आलोचना | ७९ |
| ७. षट्पद विवेक अने सद्गुरु भक्तिरहस्य | ८२ |
| ८. धर्म-निष्ठा | ८७ |
| ९. सप्तदोष परिहार | ८८ |
| १०. संत शरणता (काव्य) | ८८ |
| ११. सद्गुरुवन्दन | ८९ |
| १२. प्रणिपात स्तुति | ९० |
| १३. मंत्र : | |
| (१) सहजात्मस्वरूप परमगुरु | ९१ |
| (२) आतमभावना भावतां जीव लहे केवळज्ञान रे | ९१ |
| (३) परमगुरु निर्ग्रंथ सर्वज्ञ देव | ९१ |


## ३. परमार्थ पद्यावलि


| | |
|---|---|
| १. जिनभक्ति | ९१ |
| २. काळना मुखमां | ९२ |
| ३. ब्रह्मचर्य-महिमा | ९४ |
| ४. आत्मधर्म अने गुरुसेवा | ९५ |
| ५. लोकस्वरूप रहस्य | ९५ |
| ६. अंनुभव | ९७ |
| ७. आस्रव-संवर | ९८ |
| ८. सत्संग निष्ठा | ९९ |
| ९. ज्ञान-मीमांसा | ९९ |
| १०. मूळमार्ग | १०१ |

११. पंथ परमपद १०३
१२. जड-चेतन-विवेक १०४
१३. ,, १०५
१४. परमपदप्राप्तिनी भावना (गुणस्थान क्रमारोह) १०६
१५. अन्तिम सन्देश ११०

## ४. आत्मचिन्तन

१. विचारश्रेणीनो उदय १११
२. आत्मानुं अस्तित्व ११२
३. आत्मज्ञाननी महत्ता – सर्व क्लेशथी ११३
४. सुख अन्तरमां छे ११६
५. आत्मामां ज रहो १२०
६. आत्म-विचार-वैचित्र्य १२१
७. यथार्थ वक्ताने नमस्कार १२२
८. आत्मविचार भूमिका १२३
९. जीव-लक्षण — समता, रमता. . . १२६
१०. आत्मा सच्चिदानंद १२९
११. आत्मभावना — सर्व द्रव्यथी, सर्व क्षेत्रथी. . . १३१
१२. आत्मस्थिति क्रम १३३
१३. आत्मध्यान १३४
१४. स्वाध्याय-ध्यान १३४
१५. ध्याननुं सुगम स्वरूप १३५
१६. असंगतानो अभ्यास करो १३९
१७. आत्मसंबोधन — हे जीव स्थिर दृष्टिथी. . . १४०
१८. अप्रमत्तता. . .अहो आ देहनी रचना ! १४१

## ५. समाधि-भावना

१. समाधि-साधन १४२
२. समाधि असमाधि विचार १४२
३. ,, ,, ,, १४४
४. मृत्युने नित्य निकट समजीने प्रवर्तो १४६

५. व्याधिना उदयमां १४८
६. क्षणभंगुर देह १५०
७. निश्चय अने आश्रय १५१
८. हर्ष-विषाद त्याग (छेल्ला त्रण पेरा) १५३
९. वेदना विजय १५४
१०. जन्म-सार्थकता १५५
११. असाता जय अने जिन भावना १५६
१२. ममत्वनिवृत्ति १५८
१३. असंग दशा १६१
१४. समदशा १६१
१५. वीतराग दशा १६२
१६. भेदज्ञान ए ज ज्ञानीनो जाप १६५
१७. अविषम उपयोगने नमस्कार १६६
१८. अन्तिम आराधना १६७

## ६. आत्मसिद्धि

आत्मसिद्धि (सार्थ) १६७

## ७. पारमार्थिक पत्रावलि

१. साधकीय जीवन २३५
२. धर्ममंथन — प्रतिमा सिद्धि २३६
३. मोहग्रंथी २४२
४. व्यवहारशुद्धि २४४
५. मोक्षमार्ग २४६
६. सत्पुरुषनी विनयोपासना २४८
७. पुनर्जन्म संबंधी मारा विचार २५०
८. स्त्रीना संबंधमां मारा विचार २५५
९. प्रतापी पुरुष २५७
१०. मनोजयी – अनुमोदना २५८
११. पश्चात्ताप २५८

१२. महावीरना बोधने पात्र कोण ? २५९
१३. सुखनो समय कयो ? २६०
१४. परम तत्त्वनी विभिन्न संज्ञा २६१
१५. सजीवन मूर्ति प्रति अपूर्व स्नेह २६२
१६. कल्पद्रुमनी छाया २६३
१७. दोषी जीवोना त्रण प्रकार २६४
१८. जगतनुं विस्मरण अने आत्मस्मरण २६६
१९. संसारमां केम रहेवुं ? २६७
२०. कर्ताकर्म रहस्य २६७
२१. महात्माओना अवलम्बननुं माहात्म्य २७१
२२. अर्पणतानुं रहस्य २७२
२३. आत्मधर्म २७२
२४. कल्याणनी वाटनां बे कारणो २७३
२५. परमार्थ सम्यक्त्व २७४
२६. आवरणनां मुख्य कारणो २७५
२७. व्यवहारमां अखंड नीति २७९
२८. सर्वज्ञनी सम्यग्दृष्टिपणे पण ओळखाण २८०
२९. सिद्धिपदनो सर्वश्रेष्ठ उपाय २८१
३०. महात्मा गांधीजी प्रति २८३
३१ सद्गुरुनुं माहात्म्य २८५
३२. तत्त्वनुं तत्त्व २८६
३३. स्वदशा प्रत्ये उपयोग २८७
३४. देखत भूली २८७
३५. आत्मप्राप्तिनी सुलभता २८८
३६. आत्मदशा केम आवे ? २८८
३७. समजीने समाई जवुं २८९
३८. सद्गुरुप्रसाद २९१
३९. ज्ञानीनी ओळखाण २९२
४०. अन्तर परिणति पर दृष्टि २९४

४१. समिति रहस्य २९६
४२. ज्ञान अज्ञाननुं स्वरूप २९८
४३. लोकदृष्टि अने ज्ञानीनी दृष्टि ३०१
४४. सत्श्रुत अने सत्समागम ३०१
४५. चित्तस्थैर्यनुं औषध ३०२
४६. द्रव्यानुयोग रहस्य ३०३
४७. दानादि लब्धि रहस्य ३०४
४८. मोक्ष एटले शुं? ३०६

## ८. विचार रत्नावलि

विचार रत्नावलि ३०७

## ९. आत्मचर्या

१. सरस्वतीनो अवतार ३३६
२. मारो धर्म ३४०
३. लघुवये तत्त्वज्ञानी ३४३
४. दर्शन परिषह ३४४
५. तत्त्वज्ञाननी ऊंडी गुफा ३४६
६. समुच्चय वय चर्या ३४९
७. पवित्र दर्शन ३५४
८. सम्यक्त्व ३५५
९. विवेक ३५५
१०. समाधिचर्यानी भीष्म प्रतिज्ञा (त्रीजा पेराथी) ३५६
११. आनन्दनां आवरणमां ३५७
१२. अंतरंग चेष्टा ३५९
१३. „ „ ३६१
१४. चैतन्यनो निरन्तर अनुभव ३६२
१५. अपूर्व आनन्द ३६३
१६. हृदयस्थ भगवद्लीला ३६४
१७. ग्रंथीभेद ३६५
१८. परिपूर्ण स्वरूप-ज्ञान ३६९

१९. आत्मानां प्रत्यक्ष दर्शननी वाट ३७१
२०. पराभक्तिनी महत्ता ३७२
२१. परम उदासीनता (छेल्लो पॅरो) ३७५
२२. अनन्य प्रेमभक्ति (प्रथमना त्रण पॅरा) ३७६
२३. चैतन्यमय चित्तदशा ३७८
२४. देहधारी छीए के केम ? ३८०
२५. मृत्युथी अधिक वेदना ३८४
२६. मननी अखंड स्थिरता ३८५
२७. हरिरस प्रत्ये परम प्रेम ३८५
२८. पूर्ण काम चित्त (पहेलुं वाक्य अने छेल्ला बे पॅरा) ३८७
२९. अपूर्व वीतरागता (छेल्ला त्रण पॅरा) ३८७
३०. वारंवार वनवास सांभरे छे ३८८
३१. विदेही चित्तस्थिति ३९०
३२. अप्रतिबद्ध किंवा मुक्त मन ३९२
३३. आत्माकार मन ३९४
३४. अखंड आत्मध्यान ३९५
३५. अविच्छिन्न आत्मध्यान ३९५
३६. बीजो श्रीराम् ३९६
३७. नेत्र जेवुं चित्त ३९७
३८. उदयाधीन जीवितव्य ३९९
३९. आत्मघून ४००
४०. सहजानन्द-स्थिति ४०२
४१. केवळ अप्रमत्तता ४०४
४२. आत्मपरिणति ४०५
४३. सहज प्रवृत्ति अने उदीरण प्रवृत्ति ४०७
४४. धर्मोन्नति ४०८
४५. शासनोद्धार वेदना ४०९
(२) हाथनोंधमांथी ४१०–४४०

# शुद्धिपत्रक

| पृष्ठ | लीटी | अशुद्ध | शुद्ध |
|---|---|---|---|
| १ | ९ | अन्यथा कामना | अन्यथा काम ना |
| ३ | १३ | अधिरकार | अधिकार |
| ५ | ४. | शार्दुविलक्रीडित | शार्दुलविक्रीडित |
| १० | ९ | आशातावेदनी | अशातावेदनी |
| १२ | ६ | विचार | विचारे |
| १५ | ६ | राख : | राख. |
| २४ | ३ | संगुज्झहा | संबुज्झहा |
| ,, | १५ | पोतानो | पोतानो, |
| २९ | ९ | योख्य | योग्य |
| ,, | १२ | अभेदभाव | अभेदभावे |
| ३४ | ८ | ओळखावानी | ओळखवानी |
| ३७ | १२ | रसगौरवादि | रसगारवादि |
| ४७ | ५ | आशयथी | आश्रयथी |
| ६६ | १९ | प्रामाणे | प्रमाणे |
| ७६ | ८ | लह्यो | लह्यो |
| ८५ | १४ | विभागपर्यायमां | विभावपर्यायमां |
| ८६ | २ | मरणना....करवावाळा | मरणनो....करवाळो |
| ९१ | ४ | भावता | भावतां |

| | | | |
|---|---|---|---|
| १०९ | १३ | थोगणी | योगथी |
| १११ | १६ | आत्मचितन | आत्मचिंतन |
| ११२ | १ | हावुं | होवुं |
| १२५ | १४ | समर्यं | समर्थ |
| १२७ | २० | तीर्यंकरे | तीर्थंकरे |
| १३० | १२ | परिणमे सम्यक्त्व | परिणमे ते सम्यक्त्व |
| १३६ | २० | आत्मचरित्र | आत्मचारित्र |
| १३९ | ११ | वृषदौसिरमोर | वृषसिरमोर |
| १४१ | १८ | निवारण | निरावरण |
| १४३ | १३ | तीर्यंकरे | तीर्थंकरे |
| १४४ | ४ | तीर्यंकर | तीर्थंकर |
| ,, | ५ | कल्याणनी | कल्याणनो |
| १४७ | १७ | नणो ? | नथी ? |
| १५७ | १७ | परमे | परम |
| १५९ | २० | अग | अंग |
| १६१ | ११ | सत्यपुरुषोने | सत्पुरुषोने |
| १६८ | ६ | आगोप्य | अगोप्य |
| ,, | २६ | ,, | ,, |
| १७३ | १८ | तिस्कारना | तिरस्कारना |
| ,, | २२ | शुश्कज्ञाननो | शुष्कज्ञाननो |
| १८० | २१ | विचारवा | विचरवा |
| १८१ | ३ | आत्मास्वरूपने | आत्मस्वरूपने |
| १८२ | ४ | निशेध | निषेध |
| १९० | ५ | शुश्कमतनो | शुष्कमतनो |

| | | | |
|---|---|---|---|
| १९६ | ४ | कह्मुं | कह्युं |
| २०१ | ८ | आत्म | आत्मा |
| २०२ | ११ | यहीं | नहीं |
| २०५ | ११ | नाश नहीं | नाश थाय नहीं |
| २५० | ५ | निश्चअर्थ | निश्चय अर्थ |
| २५१ | १० | होय | हेय |
| २५६ | १८ | विशे | वशे |
| २६१ | ६ | तो ते तेनी | तो तेनी |
| २७४ | २१ | २६४/४३१ | ३६४/४३१ |
| २७५ | ५ | बीजरुचिसम्यक् | बीजरुचिसम्यक्त्व |
| २८९ | २० | आत्म | आत्मा |
| २९० | १० | जे जे कोई | जे कोई |
| २९१ | १६ | सत्पुषना | सत्पुरुषना |
| ३०७ | २२–२३ | कर. आजना....करजे | कर. |
| ६२४ | १ | रहित एम कहेवुं | सहित एम कहेवुं |
| ,, | १८ | ज्ञनी थाय छे | ज्ञानी थाय छे |
| ३३५ | १० | एवा संप्राप्त | एवा योग संप्राप्त |
| ,, | १३ | चिंतन | चिंतित |
| ३४३ | २ | धर्ममें | धर्म में |
| ३४६ | ७ | तेने उपरनां....रहे छे | आ लीटी बेवडाई छे माटे काढी नाखो |
| ३४७ | ९ | ध्वनि | ध्वनिथी |
| ३५९ | १६ | ईश्व | ईश्वर |
| | १८ | उलटुं | दुःख उलटुं |

| | | | |
|---|---|---|---|
| ३६० | ९ | सूवुं गमतुं नथो | सूवुं गमतुं के नथी |
| | | जागवुं गमतुं के | जागवुं गमतुं, |
| ३७० | १७ | केवळज्ञानये | केवळज्ञानेय |
| ३७३ | ४ | सहस्त्रदळ | सहस्त्रदळ |
| ३७७ | १३ | लागे छे | लागे छे. |
| ३७८ | १० | करो छे, | करो छो, |
| ३८४ | १० | मृत्यु अधिक | मृत्युथी अधिक |
| ३८८ | ६ | नथी, आत्मभावे | नथी, आत्मा आत्मभावे |
| ३९० | १६ | वदेही | विदेही |
| ३९५ | ७ | उपयोग करी | उपयोग फरी |
| ,, | १५ | आश्चर्यकारण | आश्चर्यकारक |
| ३९७ | ११ | धणा | घणा |
| ३९८ | २ | मुक्तपणे | मुक्तपणुं |
| ,, | ११ | ऊडवुं | ऊठवुं, |
| ३९९ | १४ | थया योग्य | यथायोग्य |
| ४०० | ६ | थवाथी | थवाथी, |
| ४०६ | २३ | साम्यक्ज्ञानी | सम्यक्ज्ञानी |
| ४१० | २ | बाधेलां | बोधेलां |
| | ४ | वाळ्यां | वाळ्यां |

# मंगळाचरण

अहो श्री सत्पुरुषके वचनामृतं जगहितकरम्,
मुद्रा अरू सत् समागम सुति चेतना जागृतकरम्;
गिरतो वृत्ति स्थिर रखे दर्शन मात्रसें निर्दोष है,
अपूर्व स्वभावके प्रेरक सकल सद्गुण कोष है.
स्वस्वरूपकी प्रतीति अप्रमत्त संयम धारणम्,
पूरणपणे वीतराग निर्विकल्पताके कारणम्;
अंते अयोगि स्वभाव जो ताके प्रगट करतार है,
अनंत अव्याबाध स्वरूपमें स्थिति करावनहार है.
सहजात्म सहजानंद आनंदघन नाम अपार है,
सत् देव धर्म स्वरूप दर्शक सुगुरु पारावार है;
गुरु भक्तिसें लहो तीर्थपतिपद शास्त्रमें विस्तार है,
त्रिकाळ जयवंत वर्तो श्री गुरुराजने नमस्कार है.
एम प्रणमी श्री गुरुराजके पद आप-परहित कारणम्,
जयवंत श्री जिनराज वाणी करूं तास उच्चारणम्;
भवभीत भविक जे भणे भावे सुणे समजे सद्दहे,
श्री रत्नयत्रनी ऐक्यता लही सही सो निज पद लहे.

---

आ मंगळाचरण आ ग्रंथना पृष्ठ ७२ उपरना सद्गुरु महिमानुं काव्य छे. भक्तिनी शरुआतमां ज तेने बोली पछी पृष्ठ ७३ उपरना जिनवाणी, प्रभुप्रार्थना वगेरे शरू करवानां होय छे.

पृ. ७२ नी फूटनोट तरीके आने मूकवानुं रही गयुं छे तेथी पाछळथी अहीं मूकयुं छे. परंतु तेने पृ. ७२ नी फूटनोट तरीके गणी तेम सुधारी लेवानुं छे.

—×—

# श्रीमद् राजचंद्र वचनामृतमांथी संकलित

# तत्त्व-विज्ञान

## १

## परमार्थ प्रेरणा

### १. मंगलकाव्य

[ १/१ ]

शार्दूलविक्रीडित वृत्त

ग्रंथारंभ प्रसंग रंग भरवा, कोडे करुं कामना;
बोधुं धर्मद मर्म भर्म हरवा, छे अन्यथा कामना;
भाखुं मोक्ष सुबोध धर्म धनना, जोडे कथुं कामना;
एमां तत्त्व विचार सत्त्व सुखदा, प्रेरो प्रभु कामना. १

छप्पय

नाभिनंदन नाथ, विश्ववंदन विज्ञानी;
भव बंधनना फंद, करण खंडन सुखदानी;
ग्रंथ पंथ आद्यंत, खंत प्रेरक भगवंता;
अखंडित अरिहंत, तंतहारक जयवंता;
श्री मरणहरण तारणतरण, विश्वोद्धारण अघ हरें;
ते ऋषभदेव परमेशपद, रायचंद वंदन करे. २

---

## २. अमूल्य तत्त्वविचार

[ १०७/६७ ]

हरिगीत छंद

बहु पुण्यकेरा पुंजथी शुभ देह मानवनो मळ्यो,
तोये अरे! भवचक्रनो आंटो नहि एक्के टळ्यो;
सुख प्राप्त करतां सुख टळे छे लेश ए लक्षे लहो,
क्षण क्षण भयंकर भावमरणे कां अहो राची रहो? १

लक्ष्मी अने अधिकार वधतां, शुं वध्युं ते तो कहो?
शुं कुटुंब के परिवारथी वधवापणुं, ए नय ग्रहो;
वधवापणुं संसारनुं नर देहने हारी जवो,
एनो विचार नहीं अहोहो! एक पळ तमने हवो!!! २

निर्दोष सुख निर्दोष आनंद, ल्यो गमे त्यांथी भले,
ए दिव्य शक्तिमान जेथी जंजीरेथी नीकळे;
परवस्तुमां नहि मूंझवो, एनी दया मुजने रही,
ए त्यागवा सिद्धांत के पश्चात्दुःख ते सुख नहीं. ३

हुं कोण छुं? क्यांथी थयो? शुं स्वरूप छे मारुं खरुं?
कोना संबंधे वळगणा छे? राखुं के ए परहरुं?
एना विचार विवेकपूर्वक शांत भावे जो कर्या,
तो सर्व आत्मिक ज्ञाननां सिद्धांततत्त्व अनुभव्यां. ४

ते प्राप्त करवा वचन कोनुं सत्य केवळ मानवुं?
निर्दोष नरनुं कथन मानो 'तेह' जेणे अनुभव्युं;
रे! आत्म तारो! आत्म तारो! शीघ्र एने ओळखो,
सर्वात्ममां समदृष्टि द्यो आ वचनने हृदये लखो. ५

# ३. वैराग्य भावनाओ

## प्रथम चित्र

[ ३६/प्र.चि. ]

### अनित्यभावना

उपजाति

विद्युत् लक्ष्मी प्रभुता पतंग,
आयुष्य ते तो जळना तरंग;
पुरंदरी चाप अनंग रंग,
शुं राचीए त्यां क्षणनो प्रसंग !

**विशेषार्थ :—** लक्ष्मी वीजळी जेवी छे. वीजळीनो झबकारो जेम थईने ओलवाई जाय छे, तेम लक्ष्मी आवीने चाली जाय छे. अधिकार पतंगना रंग जेवो छे. पतंगनो रंग जेम चार दिवसनो चटको छे, तेम अधिरकार मात्र थोडो काळ रही हाथमांथी जतो रहे छे. आयुष्य पाणीनां मोजां जेवुं छे, पाणीनो हिलोळो आव्यो के गयो तेम जन्म पाम्या अने एक देहमां रह्या के न रह्या त्यां बीजा देहमां पडवुं पडे छे. कामभोग आकाशमां उत्पन्न थता इन्द्रना धनुष्य जेवा छे. जेम इन्द्रधनुष्य वर्षाकाळमां थईने क्षणवारमां लय थई जाय छे, तेम यौवनमां कामना विकार फळीभूत थई जरावयमां जता रहे छे; टूंकामां हे जीव ! ए सघळी वस्तुओनो संबंध क्षणभर छे; एमां प्रेमबंधननी सांकळे बंधाईने शुं राचवुं ? तात्पर्य ए सघळां चपळ अने विनाशी छे, तुं अखंड अने अविनाशी छे; माटे तारा जेवी नित्य वस्तुने प्राप्त कर !

---

## द्वितीय चित्र

[ ३७/द्वि.चि. ]

### अशरणभावना

उपजाति

सर्वज्ञनो धर्म सुशर्ण जाणी,
आराध्य आराध्य प्रभाव आणी;
अनाथ एकांत सनाथ थाशे,
एना विना कोई न बांह्य स्हाशे.

**विशेषार्थ** :— सर्वज्ञ जिनेश्वर देवे निःस्पृहताथी बोधेलो धर्म उत्तम शरणरूप जाणीने मन, वचन अने कायाना प्रभाववडे हे चेतन! तेनें तुं आराध, आराध. तुं केवल अनाथरूप छो ते सनाथ थईश. एना विना भवाटवो-भ्रमणमां तारी बांय कोई साह्नार नथी.

---

## तृतीय चित्र

[ ४०/तृ.चि. ]

### एकत्वभावना

उपजाति

शरीरमां व्याधि प्रत्यक्ष थाय,
ते कोई अन्ये लई ना शकाय;
ए भोगवे एक स्व आत्म पोते,
एकत्व एथी नयसुज्ञ गोते.

**विशेषार्थ** :— शरीरमां प्रत्यक्ष देखाता रोगादिक जे उपद्रव थाय छे ते स्नेही, कुटुंबी, जाया के पुत्र कोईथी लई शकाता नथी; ए मात्र एक पोतानो आत्मा पोते ज भोगवे छे. एमां कोई पण भागीदार थतुं नथी. तेम ज पाप पुण्यादि

सघळा विपाको आपणो आत्मा ज भोगवे छे. ए एकलो आवे छे, एकलो जाय छे; एवुं सिद्ध करीने विवेकने भली रीते जाणवावाळा पुरुषो एकत्वने निरंतर शोधे छे.

शार्दूलविक्रीडित

राणी सर्व मळी सुचंदन घसी, ने चर्चवामां हतो,
बूझ्यो त्यां ककळाट कंकणतणो, श्रोती नमि भूपति;
संवादे पण इन्द्रथी दृढ रह्यो, एकत्व साचुं कर्युं,
एवा ए मिथिलेशनुं चरित आ संपूर्ण अत्रे थयुं.

**विशेषार्थ** :— राणीओनो समुदाय चंदन घसीने विलेपन करवामां रोकायो हतो; तत्समयमां कंकणना खळभळाटने सांभळीने नमिराज बूझ्यो. इन्द्रनी साथे संवादमां पण अचळ रह्यो; अने एकत्वने सिद्ध कर्युं.

---

## चतुर्थ चित्र

[ ४४/च.चि. ]

### अन्यत्वभावना

शार्दूलविक्रीडित

ना मारां तन रूप कांति युवती, ना पुत्र के भ्रात ना,
ना मारां भृत स्नेहीओ स्वजन के, ना गोत्र के ज्ञात ना;
ना मारां धन धाम यौवन धरा, ए मोह अज्ञात्वना;
रे ! रे ! जीव विचार एम ज सदा, अन्यत्वदा भावना.

**विशेषार्थ** :— आ शरीर ते मारुं नथी, आ रूप ते मारुं नथी, आ कांति ते मारी नथी, आ स्त्री ते मारी नथी, आ पुत्र ते मारा नथी, आ भाईओ ते मारा नथी, आ दास ते मारा नथी, आ स्नेहीओ ते मारा नथी, आ संबंधीओ ते मारा नथी, आ गोत्र ते मारुं नथी, आ ज्ञाति ते मारी नथी, आ

लक्ष्मी ते मारी नथी, आ महालय ते मारां नथी, आ यौवन ते मारुं नथी, अने आ भूमि ते मारी नथी, मात्र ए मोह अज्ञानपणानो छे. सिद्धगति साधवा माटे हे जीव! अन्यत्वनो बोध देनारी एवी ते अन्यत्वभावनानो विचार कर! विचार कर!

शार्दूलविक्रीडित

देखी आंगळी आप एक अडवी, वैराग्य वेगे गया,
छांडी राजसमाजने भरतजी, कैवल्यज्ञानी थया;
चोथुं चित्र पवित्र ए ज चरिते, पाम्युं अहीं पूर्णता,
ज्ञानीनां मन तेह रंजन करो, वैराग्य भावे यथा.

**विशेषार्थ** :— पोतानी एक आंगळी अडवी देखीने वैराग्यना प्रवाहमां जेणे प्रवेश कर्यो, राजसमाजने छोडीने जेणे कैवल्यज्ञान प्राप्त कर्युं, एवा ते भरतेश्वरनुं चरित्र धारण करीने आ चोथुं चित्र पूर्णता पाम्युं. ते जेवो जोईए तेवो वैराग्यभाव दर्शावीने ज्ञानी पुरुषनां मनने रंजन करनार थाओ!

---

## पंचम चित्र

[ ४७/पं.चि. ]

### अशुचिभावना

गीतिवृत्त

खाण मूत्र ने मळनो, रोग जरानुं निवासनुं धाम;
काया एवी गणीने, मान त्यजीने कर सार्थक आम.

**विशेषार्थ** :— मळ अने मूत्रनी खाणरूप, रोग अने वृद्धताने रहेवाना धामना जेवी कायाने गणीने हे चैतन्य! तेनुं मिथ्या मान त्याग करीने सनत् कुमारनी पेठे तेने सफळ कर!

---

**अंतर्दर्शन : षष्ठ चित्र**

# निवृत्तिबोध

नाराच छंद

[ ४९/ष.चि. ]

अनंत सौख्य नाम दुःख त्यां रही न मित्रता!
अनंत दुःख नाम सौख्य प्रेम त्यां, विचित्रता!!
उघाड न्याय–नेत्र ने निहाळ रे! निहाळ तुं;
निवृत्ति शीघ्रमेव धारी ते प्रवृत्ति बाळ तुं.

**विशेषार्थ :**—जेमां एकांत अने अनंत सुखना तरंग ऊछळे छे तेवां शील, ज्ञानने मात्र नामना दुःखथी कंटाळी जईने मित्ररूपे न मानतां तेमां अभाव करे छे; अने केवळ अनंत दुःखमय एवां जे संसारनां नाममात्र सुख तेमां तारो परिपूर्ण प्रेम छे ए केवी विचित्रता छे! अहो चेतन! हवे तुं तारा न्यायरूपी नेत्रने उघाडीने निहाळ रे! निहाळ!!! निहाळीने शीघ्रमेव निवृत्ति एटले महा वैराग्यने धारण कर, अने मिथ्या कामभोगनी प्रवृत्तिने बाळी दे!

## उपसंहार

[ ३१/१५ ]

ज्ञान, ध्यान, वैराग्यमय, उत्तम जहां विचार;
ए भावे शुभ भावना, ते ऊतरे भव पार.

### दोहरा

ज्ञानी के अज्ञानी जन, सुख दुःख रहित न कोय;
ज्ञानी वेदे धैर्यथी, अज्ञानी वेदे रोय.

---

मंत्र तंत्र औषध नहीं, जेथी पाप पलाय;
वीतराग वाणी विना, अवर न कोई उपाय.

---

वचनामृत वीतरागना, परम शांतरस मूळ;
औषध जे भवरोगनां कायरने प्रतिकूळ.

---

जन्म, जरा ने मृत्यु, मुख्य दुःखना हेतु;
कारण तेनां बे कह्यां, राग द्वेष अणहेतु

---

नथी धर्यो देह विषय वधारवा;
नथी धर्यो देह परिग्रह धारवा.

---

# ज्ञानीओए वैराग्य शा माटे बोध्यो ?

[ ९५/५२ ]

संसारना स्वरूप संबंधी आगळ केटलुंक कहेवामां आव्युं छे ते तमने लक्षमां हशे.

ज्ञानीओए एने अनंत खेदमय, अनंत दुःखमय, अव्यवस्थित, चळविचळ अने अनित्य कह्यो छे. आ विशेषणो लगाडवा पहेलां एमणे संसार संबंधी संपूर्ण विचार करेलो जणाय छे. अनंत भवनुं पर्यटन, अनंतकाळनुं अज्ञान, अनंत जीवननो व्याघात, अनंत मरण, अनंत शोक ए वडे करीने संसारचक्रमां आत्मा भम्या करे छे. संसारनी देखाती इन्द्रवारणा जेवी सुंदर मोहिनीए आत्माने तटस्थ लीन करी नांख्यो छे. ए जेवुं सुख आत्माने क्यांय भासतुं नथी. मोहिनीथी सत्यसुख अने एनुं स्वरूप जोवानी एणे आकांक्षा पण करी नथी. पतंगनी जेम दीपक प्रत्ये मोहिनी छे तेम आत्मानी संसार संबंधे मोहिनी छे. ज्ञानीओ ए संसारने क्षणभर पण सुखरूप कहेता नथी. तल जेटली जग्यो पण ए संसारनी झेर विना रही नथी. एक भूंडथी करीने एक चक्रवर्ती सुधी भावे करीने सरखापणुं रह्युं छे; एटले चक्रवर्तीनी संसार संबंधमां जेटली मोहिनी छे, तेटली ज बलके तेथी विशेष भूंडने छे. चक्रवर्ती जेम समग्र प्रजा पर अधिकार भोगवे छे, तेम तेनी उपाधि पण भोगवे छे. भूंडने एमानुं कशुंये भोगववुं पडतुं नथी. अधिकार करतां ऊलटी उपाधि विशेष छे. चक्रवर्तीनो

पोतानी पत्नी प्रत्येनो प्रेम जेटलो छे, तेटलो ज बलके तेथी विशेष भूंडनो पोतानी भूंडणी प्रत्ये प्रेम रह्यो छे. चक्रवर्ती भोगथी जेटलो रस ले छे, तेटलो ज रस भूंड पण मानी बेठुं छे. चक्रवर्तीनी जेटली वैभवनी बहोळता छे, तेटली ज उपाधि छे. भूंडने एना वैभवना प्रमाणमां छे. बन्ने जन्म्यां छे अने बन्ने मरवानां छे. आम अति सूक्ष्म विचारे क्षणिकताथी, रोगथी, जराथी बन्ने ग्राहित छे. द्रव्ये चक्रवर्ती समर्थ छे. महा पुण्यशाळी छे. शातावेदनी भोगवे छे, अने भूंड बिचारुं आशातावेदनी भोगवी रह्युं छे. बन्नेने अशाता–शाता पण छे; परंतु चक्रवर्ती महा समर्थ छे. पण जो ए जीवनपर्यंत मोहांध रह्यो तो सघळी बाजी हारी जवा जेवुं करे छे. भूंडने पण तेम ज छे. चक्रवर्ती श्लाघापुरुष होवाथी भूंडथी ए रूपे एनी तुलना ज नथी; परंतु आ स्वरूपे छे. भोग भोगववामां पण बन्ने तुच्छ छे; बन्नेनां शरीर परु मांसादिकनां छे. संसारनी आ उत्तमोत्तम पदवी आवी रही त्यां आवुं दुःख, क्षणिकता, तुच्छता, अंधपणुं ए रह्युं छे तो पछो बीजे सुख शा माटे गणवुं जोईए? ए सुख नथी, छतां सुख गणो तो जे सुख भयवाळां अने क्षणिक छे ते दुःख ज छे. अनंत ताप, अनंत शोक, अनंत दुःख जोईने ज्ञानोओए आ संसारने पूंठ दीधी छे ते सत्य छे. ए भणी पाछुं वाळी जोवा जेवुं नथी, त्यां दुःख, दुःख ने दुःख ज छे. दुःखनो ए समुद्र छे.

वैराग्य ए ज अनंत सुखमां लई जनार उत्कृष्ट भोमियो छे.

---

# ५

## कर्मना चमत्कार

[ ५९/३ ]

हुं तमने केटलीक सामान्य विचित्रताओ कही जउं छुं; ए उपरथी विचार करशो तो तमने परभवनी श्रद्धा दृढ थशे.

एक जीव सुंदर पलंगे पुष्पशय्यामां शयन करे छे, एकने फाटेल गोदडी पण मळती नथी. एक भात भातनां भोजनोथी तृप्त रहे छे, एकने काळी जारना पण सांसा पडे छे. एक अगणित लक्ष्मीनो उपभोग ले छे, एक फूटी बदाम माटे थईने घेर घेर भटके छे. एक मधुरां वचनथी मनुष्यनां मन हरे छे, एक अवाचक जेवो थईने रहे छे. एक सुंदर वस्त्रालंकारथी विभूषित थई फरे छे, एकने खरा शियाळामां फाटेलुं कपडुं पण ओढवाने मळतुं नथी. एक रोगी छे, एक प्रबळ छे. एक बुद्धिशाळी छे, एक जडभरत छे. एक मनोहर नयनवाळो छे, एक अंध छे. एक लूलो छे, एक पांगळो छे. एक कीर्तिमान छे, एक अपयश भोगवे छे. एक लाखो अनुचरो पर हुकम चलावे छे, एक तेटलाना ज टुंबा सहन करे छे. एकने जोईने आनंद ऊपजे छे, एकने जोतां वमन थाय छे. एक संपूर्ण इंद्रियोवाळो छे, एक अपूर्ण छे. एकने दीन दुनियानुं लेश भान नथी, एकनां दुःखनो किनारो पण नथी.

एक गर्भाधानथी हरायो, एक जन्म्यो के मूओ, एक मूएलो अवतर्यो, एक सो वर्षनो वृद्ध थईने मरे छे.

कोईनां मुख, भाषा अने स्थिति सरखा नथी. मूर्ख राजगादी पर खमा खमाथी वधावाय छे, समर्थ विद्वानो धक्का खाय छे!

आम आखा जगतनो विचित्रता भिन्नभिन्न प्रकारे तमे जुओ छो: ए उपरथी तमने कंई विचार आवे छे? में कह्युं छे, छतां विचार आवतो होय तो कहो ते शा वडे थाय छे?

पोतानां बांधेलां शुभाशुभ कर्म वडे. कर्म वडे आखो संसार भमवो पडे छे. परभव नहीं माननार पोते ए विचार शा वडे करे छे? ए विचार तो आपणी आ वात ए पण मान्य राखे.

## ६

## कर्म ए जड वस्तु छे.

[१८३/५५]

### निरागी महात्माओने नमस्कार

कर्म ए जड वस्तु छे. जे जे आत्माने ए जडथी जेटलो जेटलो आत्मबुद्धिए समागम छे, तेटली तेटली जडतानी एटले अबोधतानी ते आत्माने प्राप्ति होय, एम अनुभव थाय छे. आश्चर्यता छे, के पोते जड छतां चेतनने अचेतन मनावी रह्यां छे! चेतन चेतनभाव भूली जई तेने स्वस्वरूप ज माने छे. जे पुरुषो ते कर्मसंयोग अने तेना उदये उत्पन्न थयेला पर्यायोने स्वस्वरूप नथी मानता अने पूर्वसंयोगो सत्तामां छे, तेने अबंध परिणामे भोगवी रह्या छे, ते आत्माओ स्वभावनी उत्तरोत्तर ऊर्ध्वश्रेणी पामी शुद्ध चेतनभावने पामशे, आम कहेवुं सप्रमाण छे. कारण अतीत काळे तेम थयुं छे, वर्तमान काळे तेम थाय छे, अनागत काळे तेम ज थशे.

कोई पण आत्मा उदयी कर्मने भोगवतां समत्वश्रेणीमां प्रवेश करी अबंध परिणामे वर्तशे, तो खचीत चेतनशुद्धि पामशे.

आत्मा विनयी थई, सरळ अने लघुत्वभाव पामी सदैव सत्पुरुषना चरणकमळ प्रति रह्यो, तो जे महात्माओने नमस्कार कर्यो छे ते महात्माओनी जे जातिनी रिद्धि छे, ते जातिनी रिद्धि संप्राप्य करी शकाय.

अनंत काळमां कां तो सत्पात्रता थई नथी अने कां तो सत्पुरुष (जेमां सद्गुरुत्व, सत्संग अने सत्कथा ए रह्यां छे) मळ्या नथी; नहीं तो निश्चय छे, के मोक्ष हथेळीमां छे, इषत्प्राग्भारा एटले सिद्ध–पृथ्वी पर त्यार पछी छे. एने सर्वशास्त्र पण संमत छे, (मनन करशो.) अने आ कथन त्रिकाळ सिद्ध छे.

---

७

## समयनी अमूल्यता

[४८६/६४९]

गयेली एक पळ पण पाछी मळती नथी, अने ते अमूल्य छे, तो पछी आखी आयुष्यस्थिति!

एक पळनो हीन उपयोग ते एक अमूल्य कौस्तुभ खोवा करतां पण विशेष हानिकारक छे, तो तेवी साठ पळनी एक घडीनो हीन उपयोग करवाथी केटली हानि थवी जोईए? एम ज एक दिन, एक पक्ष, एक मास, एक वर्ष अने अनुक्रमे आखी आयुष्य स्थितिनो हीन उपयोग ए केटली हानि अने केटलां अश्रेयनुं कारण थाय ए विचार शुकल हृदयथी तरत आवी शकशे. सुख अने आनंद ए सर्व प्राणी, सर्व जीव,

सर्व सत्त्व अने सर्व जंतुने निरंतर प्रिय छे, छतां दुःख अने आनंद भोगवे छे एनुं शुं कारण होवुं जोईए? अज्ञान अने ते वडे जिंदगीनो होन उपयोग. होन उपयोग थतो अटकाववाने प्रत्येक प्राणीनी इच्छा होवो जोईए, परंतु कया साधन वडे?

---

८

## अवश्य कर्तव्य

[२००/८४]

भाई, आटलुं तारे अवश्य करवा जेवुं छे:—

१. देहमां विचार करनार बेठो छे ते देहथी भिन्न छे? ते सुखी छे के दुःखी? ए संभारी ले.

२. दुःख लागशे ज, अने दुःखनां कारणो पण तने दृष्टिगोचर थशे, तेम छतां कदापि न थाय तो मारा ० कोई भागने वांची जा, एटले सिद्ध थशे. ते टाळवा माटे जे उपाय छे ते एटलो ज के तेथी बाह्याभ्यंतररहित थवुं.

३. रहित थवाय छे, ओर दशा अनुभवाय छे ए प्रतिज्ञापूर्वक कहुं छुं.

४. ते साधन माटे सर्वसंगपरित्यागी थवानो आवश्यकता छे. निर्ग्रंथ सद्गुरुना चरणमां जईने पडवुं योग्य छे.

५. जेवा भावथी पडाय तेवा भावथी सर्वकाळ रहेवा माटेनो विचारणा प्रथम करो ले. जो तने पूर्वकर्म बळवान लागतां होय तो अत्यागी, देशत्यागी रहीने पण ते वस्तुने विसारीश नहीं.

६. प्रथम गमे तेम करी तुं तारुं जीवन जाण. जाणवुं शा माटे के भविष्यसमाधि थवा. अत्यारे अप्रमादी थवुं.

७. ते आयुष्यनो मानसिक आत्मोपयोग तो निर्वेदमां राख.

८. जीवन बहु टूंकुं छे, उपाधि बहु छे, अने त्याग थई शके तेम नथी तो, नीचेनी वात पुनः पुनः लक्षमां राखः

१. जिज्ञासा ते वस्तुनी राखवी.

२. संसारने बंधन मानवुं.

३. पूर्वकर्म नथी एम गणी प्रत्येक धर्म सेव्या जवो. तेम छतां पूर्वकर्म नडे तो शोक करवो नहीं.

४. देहनी जेटली चिंता राखे छे तेटली नहीं पण एथी अनंत गणी चिंता आत्मानी राख, कारण अनंत भव एक भवमां टाळवा छे.

५. न चाले तो प्रतिश्रोती था.

६. जेमांथी जेटलुं थाय तेटलुं कर.

७. परिणामिक विचारवाळो था.

८. अनुत्तरवासी थईने वर्त.

९. छेवटनुं समये समये चूकीश नहीं. ए ज भलामण अने ए ज धर्म.

## ९

## काजळनी कोटडी

[ २१०/१०३ ]

कुटुंबरूपी काजळनी कोटडीना वासथी संसार वधे छे. गमे तेटली तेनी सुधारणा करशो तोपण एकांतथी जेटलो संसारक्षय थवानो छे, तेनो सोमो हिस्सो पण ते काजळगृहमां रहेवाथी थवानो नथी. कषायनुं ते निमित्त छे; मोहने रहेवानो अनादिकाळनो पर्वत छे. प्रत्येक अंतरगुफामां ते जाज्वल्यमान छे. सुधारणा करतां वखते श्राद्धोत्पत्ति[1] थवी संभवे, माटे त्यां अल्पभाषी थवुं, अल्पहासी थवुं, अल्पपरिचयी थवुं. अल्पआवकारी थवुं, अल्पभावना दर्शाववी, अल्पसहचारी थवुं, अल्पगुरु थवुं, परिणाम विचारवुं, ए ज श्रेयस्कर छे.

---

## १०

## चार भावना

[ १८३/५७ ]

**चि०,**

कर्मगति विचित्र छे. निरंतर मैत्री, प्रमोद, करुणा अने उपेक्षा भावना राखशो.

मैत्री एटले सर्व जगतथी निर्वैरबुद्धि, प्रमोद एटले कोई पण आत्माना गुण जोई हर्ष पामवो, करुणा एटले संसारतापथी दुःखी आत्माना दुःखथी अनुकंपा पामवी, अने उपेक्षा एटले निस्पृहभावे जगतना प्रतिबंधने विसारी आत्महितमां आववुं. ए भावनाओ कल्याणमय अने पात्रता आपनारी छे.

---

१. *श्राद्ध एटले श्रावक धर्म अने उत्पत्ति एटले प्रगटता.*

# ११

## सम्यक् दशानां पांच लक्षण

[२२५/१३५]

मुमुक्षुताना अंशोए ग्रहायलुं तमारुं हृदय परम संतोष आपे छे. अनादिकाळनुं परिभ्रमण हवे समाप्तताने पामे एवी जिज्ञासा, ए पण एक कल्याण ज छे. कोई एवो यथायोग्य समय आवी रहेशे के ज्यारे इच्छित वस्तुनी प्राप्ति थई रहेशे.

निरंतर वृत्तिओ लखता रहेशो. जिज्ञासाने उत्तेजन आपता रहेशो. अने नीचेनी धर्मकथा श्रवण करी हशे तथापि फरी फरी तेनुं स्मरण करशो.

सम्यक्दशानां पांच लक्षणो छे :

शम<br>
संवेग<br>
निर्वेद } अनुकंपा.<br>
आस्था

क्रोधादिक कषायोनुं शमाई जवुं, उदय आवेला कषायोमां मंदता थवी, वाळी लेवाय तेवी आत्मदशा थवी अथवा अनादिकाळनी वृत्तिओ शमाई जवी ते 'शम'.

मुक्त थवा सिवाय बीजी कोई पण प्रकारनी इच्छा नहीं, अभिलाषा नहीं ते 'संवेग'.

ज्यारथी एम समजायुं के भ्रांतिमां ज परिभ्रण कर्युं; त्यारथी हवे घणी थई, अरे जीव! हवे थोभ, ए 'निर्वेद'.

माहात्म्य जेनुं परम छे एवा निःस्पृही पुरुषोनां वचनमां ज तल्लीनता ते 'श्रद्धा'—'आस्था'.

ए सघळां वडे जीवमां स्वात्मतुल्य बुद्धि ते 'अनुकंपा'.

आ लक्षणो अवश्य मनन करवा योग्य छे, स्मरवा योग्य छे, इच्छवा योग्य छे, अनुभववा योग्य छे, अधिक अन्य प्रसंगे

---

## १२

## सम्यक्दशानो अभ्यास

[२२९/१४३]

नीचेनो अभ्यास तो राख्या ज रहो :—

१. गमे ते प्रकारे पण उदय आवेला, अने उदय आववाना कषायोनें शमावो.

२. सर्व प्रकारनी अभिलाषानी निवृत्ति कर्या रहो.

३. आटला काळ सुधी जे कर्युं ते बधांथी निवृत्त थाओ, ए करतां हवे अटको.

४. तमे परिपूर्ण सुखी छो एम मानो, अने बाकीनां प्राणीओनी अनुकंपा कर्या करो.

५. कोई एक सत्पुरुष शोधो, अने तेनां गमे तेवां वचनमां पण श्रद्धा राखो.

ए पांचे अभ्यास अवश्य योग्यताने आपे छे; पांचमामां वळी चारे समावेश पामे छे, एम अवश्य मानो. अधिक शुं

कहुं? गमे ते काळे पण ए पांचमुं प्राप्त थया विना आ पर्यटननो किनारो आववानो नथी. बाकीनां चार ए पांचमुं मेळववाना सहायक छे. पांचमा अभ्यास सिवायनो, तेनी प्राप्ति सिवायनो बीजो कोई निर्वाणमार्ग मने सूझतो नथी; अने बधाय महात्माओने पण एम ज सूझयुं हशे-( सूझयुं छे ).

हवे जेम तमने योग्य लागे तेम करो. ए बधानी तमारी इच्छा छे, तोपण अधिक इच्छो, उतावळ न करो. जेटली उतावळ तेटली कचाश अने कचाश तेटली खटाश; आ अपेक्षित कथननुं स्मरण करो.

---

## १३
## दासानुदास

[४३६/५३९]

सर्व जीव आत्मापणे समस्वभावी छे. बीजा पदार्थमां जीव जो निजबुद्धि करे तो परिभ्रमण दशा पामे छे; अने निजने विषे निजबुद्धि थाय तो परिभ्रमणदशा टळे छे. जेना चित्तमां एवो मार्ग विचारवो अवश्यनो छे, तेणे ते ज्ञान जेना आत्मामां प्रकाश पाम्युं छे, तेनी दासानुदासपणे अनन्य भक्ति करवी, ए परम श्रेय छे; अने ते दासानुदास भक्तिमाननी भक्ति प्राप्त थये जेमां कंई विषमता आवती नथी, ते ज्ञानीने धन्य छे. तेटली सर्वांशदशा ज्यां सुधी प्रगटी न होय त्यां सुधी आत्माने कोई गुरुपणे आराधे त्यां प्रथम ते गुरुपणुं छोडी ते शिष्य विषे पोतानुं दासानुदासपणुं करवुं घटे छे.

---

## १४

## संतना शरणमां जा

[ १९४/७६ ]

बीजुं कांई शोध मा. मात्र एक सत्पुरुषने शोधीने तेनां चरणकमळमां सर्वभाव अर्पण करी दई वर्त्यो जा. पछी जो मोक्ष न मळे तो मारी पासेथी लेजे.

सत्पुरुष ए ज के निशदिन जेने आत्मानो उपयोग छे; शास्त्रमां नथी अने सांभळ्यामां नथी, छतां अनुभवमां आवे तेवुं जेनुं कथन छे; अंतरंग स्पृहा नथी एवी जेनी गुप्त आचरणा छे. बाकी तो कंई कह्युं जाय तेम नथी अने आम कर्या विना तारो कोई काळे छूटको थनार नथी; आ अनुभवप्रवचन प्रामाणिक गण.

एक सत्पुरुषने राजी करवामां, तेनी सर्व इच्छाने प्रशंसवामां, ते ज सत्य मानवामां आखी जिंदगी गई तो उत्कृष्टमां उत्कृष्ट पंदर भवे अवश्य मोक्षे जईश.

---

## १५

## मनुष्य देहमां परमात्मा

[ २२३/१३० ]

केटलांक वर्ष थयां एक महान इच्छा अंतःकरणमां प्रवर्ती रही छे, जे कोई स्थळे कही नथी, कही शकाई नथी, कही शकाती नथी; नहीं कहेवानुं अवश्य छे. महान परिश्रमथी

घणुं करीने ते पार पाडी शकाय एवी छे; तथापि ते माटे जेवो जोईए तेवो परिश्रम थतो नथी, ए एक आश्चर्य अने प्रमत्तता छे. ए इच्छा स्वाभाविक उत्पन्न थई हती. ज्यां सुधी ते यथायोग्य रीते पार नहीं कराय त्यां सुधी आत्मा समाधिस्थ थवा इच्छतो नथी, अथवा थशे नहीं. कोई वेळा अवसर हशे तो ते इच्छानी छाया जणावी देवानुं प्रयत्न करीश. ए इच्छानां कारणने लीधे जीव घणुं करीने विटंबनदशामां ज जीवन व्यतीत कर्यो जाय छे. जो के ते विटंबनदशा पण कल्याणकारक ज छे; तथापि बीजा प्रत्ये तेवी कल्याणकारक थवामां कंईक खामीवाळी छे.

अंतःकरणथी ऊगेलो अनेक ऊर्मिओ तमने घणी वार समागममां जणावी छे. सांभळीने केटलेक अंशे तमने अवधारवानी इच्छा थती जोवामां आवी छे. फरी भलामण छे के जे जे स्थळोए ते ते उर्मिओ जणावी होय ते ते स्थळे जतां फरी फरी तेनुं अधिक अवश्य स्मरण करशो.

१. आत्मा छे.

२. ते बंधायो छे.

३. ते कर्मनो कर्त्ता छे.

४. ते कर्मनो भोक्ता छे.

५. मोक्षनो उपाय छे.

६. आत्मा साधी शके छे. आ जे छ महा प्रवचनो तेनुं निरंतर संशोधन करजो.

बीजानी विटंबणानो अनुग्रह नहीं करतां पोतानी अनुग्रहता इच्छनार जय पामतो नथी; एम प्राये थाय छे. माटे इच्छुं छुं के तमे स्वात्माना अनुग्रहमां दृष्टि आपी छे तेनी वृद्धि करता रहेशो; अने तेथी परनी अनुग्रहता पण करी शकशो.

धर्म ज जेनां अस्थि अने धर्म ज जेनी मिजा छे, धर्म ज जेनुं लोही छे, धर्म ज जेनुं आमिष छे, धर्म ज जेनी त्वचा छे, धर्म ज जेनी इंद्रियो छे, धर्म ज जेनुं कर्म छे, धर्म ज जेनुं चलन छे, धर्म ज जेनुं बेसवुं छे, धर्म ज जेनुं ऊठवुं छे, धर्म ज जेनुं ऊभुं रहेवुं छे, धर्म ज जेनुं शयन छे, धर्म ज जेनी जागृति छे, धर्म ज जेनो आहार छे, धर्म ज जेनो विहार छे, धर्म ज जेनो निहार [ ! ] छे, धर्म ज जेनो विकल्प छे, धर्म ज जेनो संकल्प छे, धर्म ज जेनुं सर्वस्व छे एवा पुरुषनी प्राप्ति दुर्लभ छे, अने ते मनुष्यदेहे परमात्मा छे. ए दशाने शुं आपणे नथी इच्छता? इच्छीए छीए; तथापि प्रमाद अने असत्संग आडे तेमां दृष्टि नथी देता.

आत्मभावनी वृद्धि करजो; अने देहभावने घटाडजो.

वि० रायचंदना यथोचित

# द्वादशांगीनुं सळंग सूत्र

[३९३/४९१]

ॐ

तीर्थंकर वारंवार नीचे कह्यो छे, ते उपदेश करता हता :—

" हे जीवो ! तमे बूझो, सम्यक्–प्रकारे बूझो. मनुष्यपणुं मळवुं घणुं दुर्लभ छे, अने चारे गतिने विषे भय छे, एम जाणो. अज्ञानथी सद्विवेक पामवो दुर्लभ छे, एम समजो. आखो लोक एकांत दुःखे करी बळे छे, एम जाणो; अने 'सर्व जीव' पोतपोतानां कर्मे करी विपर्यासपणुं अनुभवे छे, तेनो विचार करो. "

( सूयगडांग–अध्ययन ७ मुं ११ )

सर्व दुःखथी मुक्त थवानो अभिप्राय जेनो थयो होय, ते पुरुषे आत्माने गवेषवो, अने आत्मा गवेषवो होय तेणे यमनियमादिक सर्व साधननो आग्रह अप्रधान करी, सत्संगने गवेषवो; तेम ज उपासवो. सत्संगनी उपासना करवी होय तेणे संसारने उपासवानो आत्मभाव सर्वथा त्यागवो. पोताना सर्व अभिप्रायनो त्याग करी पोतानी सर्व शक्तिए ते सत्संगनी आज्ञाने उपासवी. तीर्थंकर एम कहे छे के जे कोई ते आज्ञा उपासे छे, ते अवश्य सत्संगने उपासे छे. एम जे सत्संगने उपासे छे ते अवश्य आत्माने उपासे छे, अने आत्माने उपासनार सर्व दुःखथी मुक्त थाय छे.

(द्वादशांगीनुं सळंग सूत्र)

प्रथममां जे अभिप्राय दर्शाव्यो छे ते गाथा सूयगडांगमां नीचे प्रमाणे छे :

**संगुज्झहा जंतवो माणुसत्तं, दठ्ठुं भयं बालिसेणं अलंभो,**
**एगंतदुक्खे जरिए व लोए, सक्कम्मणा विप्परियासुवेइ.**

सर्व प्रकारनी उपाधि, आधि, व्याधिथी मुक्तपणे वर्तता होईए तोपण सत्संगने विषे रहेली भक्ति ते अमने मटवी दुर्लभ जणाय छे. सत्संगनुं सर्वोत्तम अपूर्वपणुं अहोरात्र एम अमने वस्या करे छे, तथापि उदयजोग प्रारब्धथी तेवो अंतराय वर्ते छे. घणुं करी कोई वातनो खेद 'अमारा' आत्माने विषे उत्पन्न थतो नथी, तथापि सत्संगना अंतरायनो खेद अहोरात्र घणुं करी वर्त्या करे छे. 'सर्व भूमिओ, सर्व माणसो, सर्व कामो, सर्व वातचीतादि प्रसंगो अजाण्यां जेवां, साव परनां, उदासीन जेवां अरमणीय, अमोहकर अने रसरहित स्वाभाविकपणे भासे छे.' मात्र ज्ञानीपुरुषो, मुमुक्षुपुरुषो, के मार्गानुसारी पुरुषोनो सत्संग ते जाणीतो, पोतानो प्रीतिकर, सुंदर, आकर्षनार अने रसस्वरूप भासे छे. एम होवाथी अमारुं मन घणुं करी अप्रतिबद्धपणुं भजतुं भजतुं तम जेवा मार्गेच्छावान पुरुषोने विषे प्रतिबद्धपणुं पामे छे.

---

# १७

## ज्ञानीना प्रत्येक शब्दमां अनंत आगम

[२४६/१६६]

सत्पुरुषना एकेक वाक्यमां, एकेक शब्दमां, अनंत आगम रह्यां छे, ए वात केम हशे ?

नीचेनां वाक्यो प्रत्येक मुमुक्षुओने में असंख्य सत्पुरुषोनी सम्मतिथी मंगळरूप मान्यां छे. मोक्षनां सर्वोत्तम कारणरूप मान्यां छे :—

१. मायिक सुखनी सर्व प्रकारनी वांछा गमे त्यारे पण छोडया विना छूटको थवो नथी; तो ज्यारथी ए वाक्य श्रवण कर्युं, त्यारथी ज ते क्रमनो अभ्यास करवो योग्य ज छे एम समजवुं.

२. कोई पण प्रकारे सद्‌गुरुनो शोध करवो; शोध करीने तेना प्रत्ये तन, मन, वचन अने आत्माथी अर्पणबुद्धि करवी; तेनी ज आज्ञानुं सर्व प्रकारे निःशंकताथी आराधन करवुं; अने तो ज सर्व मायिक वासनानो अभाव थशे एम समजवुं.

३. अनादि काळना परिभ्रमणमां अनंतवार,शास्त्रश्रवण, अनंतवार विद्याभ्यास, अनंतवार जिनदीक्षा, अनंतवार आचार्यपणुं प्राप्त थयुं छे. मात्र, 'सत्' मळ्या नथी, 'सत्' सुण्युं नथी, अने 'सत्' श्रध्युं नथी, अने ए मळ्ये, ए सुण्ये, अने ए श्रध्ये ज छूटवानी वार्त्तानो आत्माथी भणकार थशे.

४. मोक्षनो मार्ग बहार नथी, पण आत्मामां छे. मार्गने पामेलो मार्ग पमाडशे.

५. बे अक्षरमां मार्ग रह्यो छे, अने अनादि काळथो एटलुं बधुं कर्या छतां शा माटे प्राप्त थयो नथी ते विचारो.

---

## १८

# सत् ए कांई दूर नथी

[२६७/२११]

## 'सत्' ए कंई दूर नथी, पण दूर लागे छे, अने ए ज जीवनो मोह छे

'सत्' जे कंई छे, ते 'सत् ज' छे; सरळ छे; सुगम छे; अने सर्वत्र तेनी प्राप्ति होय छे; पण जेने भ्रांतिरूप आवरणतम वर्ते छे ते प्राणीने तेनी प्राप्ति केम होय? अंधकारना गमे तेटला प्रकार करीए, पण तेमां कोई एवो प्रकार नहीं आवे के जे अजवाळारूप होय; तेम ज आवरण–तिमिर जेने छे एवां प्राणीनी कल्पनामांनी कोई पण कल्पना 'सत्' जणाती नथी, अने 'सत्'नी नजीक संभवती नथी. 'सत्' छे, ते भ्रांति नथी, भ्रांतिथी केवळ व्यतिरिक्त (जुदुं) छे; कल्पनाथी 'पर' (आघे) छे; माटे जेनी प्राप्त करवानी दृढ मति थई छे, तेणे पोते कंई ज जाणतो नथी एवो दृढ निश्चयवाळो प्रथम विचार करवो, अने पछी 'सत्'नी प्राप्ति माटे ज्ञानीने शरणे जवुं; तो जरूर मार्गनी प्राप्ति थाय.

आ जे वचनो लख्यां छे, ते सर्व मुमुक्षुने परम बंधवरूप छे, परम रक्षकरूप छे; अने एने सम्यक् प्रकारे विचार्येथी परमपदने आपे एवां छे; एमां निर्ग्रंथ प्रवचननी समस्त द्वादशांगी, षट्‌दर्शननुं सर्वोत्तम तत्त्व अने ज्ञानीना बोधनुं बीज संक्षेपे कह्युं छे; माटे फरी फरीने तेने संभारजो; विचारजो; समजजो; समजवा प्रयत्न करजो; एने बाध करे एवा बीजा प्रकारोमां

उदासीन रहेजो; एमां ज वृत्तिनो लय करजो. ए तमने अने कोई पण मुमुक्षुने गुप्त रीते कहेवानो अमारो मंत्र छे; एमां 'सत्' ज कह्युं छे; ए समजवा माटे घणो ज वखत गाळजो.

---

## १९

## वचनावलि

[२६२/२००]

### वचनावलि

१. जीव पोताने भूली गयो छे, अने तेथी सतसुखनो तेने वियोग छे, एम सर्व धर्म सम्मत कह्युं छे.

२. पोताने भूली गयारूप अज्ञान, ज्ञान मळवाथी नाश थाय छे, एम निःशंक मानवुं.

३. ज्ञाननी प्राप्ति ज्ञानी पासेथी थवी जोईए. ए स्वाभाविक समजाय छे, छतां जीव लोकलज्जादि कारणोथी अज्ञानीनो आश्रय छोडतो नथी, ए ज अनंतानुबंधी कषायनुं मूळ छे

४. ज्ञाननी प्राप्ति जेणे इच्छवी, तेणे ज्ञानीनी इच्छाए वर्तवुं एम जिनागमादि सर्व शास्त्र कहे छे. पोतानी इच्छाए प्रवर्ततां अनादि काळथी रखडचो.

५. ज्यां सुधी प्रत्यक्ष ज्ञानीनी इच्छाए, एटले आज्ञाए नहीं वर्ताय, त्यां सुधी अज्ञाननी निवृत्ति थवी संभवती नथी.

६. ज्ञानीनी आज्ञानुं आराधन ते करी शके जे एकनिष्ठाए, तन, मन, धननी आसक्तिनो त्याग करी तेनी भक्तिमां जोडाय.

७. [1]जोके ज्ञानी भक्ति इच्छता नथी, परंतु मोक्षाभिलाषीने ते कर्या विना उपदेश परिणमतो नथी, अने मनन तथा निदिध्यासनादिनो हेतु थतो नथी, माटे मुमुक्षुए ज्ञानीनी भक्ति अवश्य कर्तव्य छे एम सत्पुरुषोए कह्युं छे.

८. आमां कहेली वात सर्व शास्त्रने मान्य छे.

९. ऋषभदेवजीए अठ्ठाणुं पुत्रोने त्वराथी मोक्ष थवानो ए ज उपदेश कर्यो हतो.

१०. परिक्षित राजाने शुकदेवजीए ए ज उपदेश कर्यो छे.

११. अनंत काळ सुधी जीव निज छंदे चाली परिश्रम करे तोपण पोते पोताथी ज्ञान पामे नहीं, परंतु ज्ञानीनी आज्ञानो आराधक अंतर्मुहूर्तमां पण केवळज्ञान पामे.

१२. शास्त्रमां कहेली आज्ञाओ परोक्ष छे अने ते जीवने अधिकारी थवा माटे कही छे; मोक्ष थवा माटे प्रत्यक्ष ज्ञानीनी आज्ञा आराधवो जोईए.

१३. आ ज्ञानमार्गनी श्रेणी कही, ए पाम्या विना बीजा मार्गथी मोक्ष नथी.

१४. ए गुप्त तत्त्वने जे आराधे छे, ते प्रत्यक्ष अमृतने पामी अभय थाय छे.

## इति शिवम्

---

१. पाठान्तर – जोके ज्ञानी भक्ति इच्छता नथी परंतु मोक्षाभिलाषीने ते कर्या विना मोक्षनी प्राप्ति थती नथी, आ अनादि काळनुं गुप्त तत्त्व संतोना हृदयमां रह्युं ते पाने चढाव्युं छे.

## २०

# जीवने मार्ग मळ्यो नथी एनुं शुं कारण ?

[२५९/१९४]

जीवने मार्ग मळ्यो नथी एनुं शुं कारण ?

ए वारंवार विचारी योग्य लागे त्यारे साथेनुं पत्र वांचजो.

हाल विशेष लखी शकवानो के जणाववानी दशा नथी, तोपण एकमात्र तमारी मनोवृत्ति किंचित् दुभाती अटके ए माटे जे कंई अवसरे योग्य लाग्युं ते लख्युं छे.

अमने लागे छे के मार्ग सरळ छे, पण प्राप्तिनो योग मळवो दुर्लभ छे.

सत्स्वरूपने अभेदभाव अने अनन्य भक्तिए नमोनम.

भाव अप्रतिबद्धताथी निरंतर विचरे छे एवा ज्ञानी पुरुषनां चरणारविंद, ते प्रत्ये अचळ प्रेम थया विना अने सम्यक्प्रतीति आव्या विना सत्स्वरूपनी प्राप्ति थती नथी, अने आव्येथी अवश्य ते मुमुक्षु जेनां चरणारविंद तेणे सेव्यां छे, तेनी दशाने पामे छे. आ मार्ग सर्व ज्ञानीओए सेव्यो छे, सेवे छे, अने सेवशे. ज्ञानप्राप्ति एथी अमने थई हती, वर्तमाने ए ज मार्गथी थाय छे अने अनागत काळे पण ज्ञानप्राप्तिनो ए ज मार्ग छे. सर्व शास्त्रोनो बोध लक्ष जोवा जतां ए ज छे. अने जे कोई पण प्राणी छूटवा इच्छे छे तेणे अखंड वृत्तिथी ए ज मार्गने आराधवो. ए मार्ग आराध्या विना जीवे अनादि

काळथी परिभ्रमण कर्युं छे. ज्यां सुधी जीवने स्वच्छंदरूपी अंधत्व छे, त्यां सुधी ए मार्गनुं दर्शन थतुं नथी. (अंधत्व टळवा माटे) जीवे ए मार्गनो विचार करवो; दृढ मोक्षेच्छा करवी; ए विचारमां अप्रमत्त रहेवुं, तो मार्गनी प्राप्ति थई अंधत्व टळे छे, ए निःशंक मानजो. अनादि काळथी जीव अवळे मार्गे चाल्यो छे. जोके तेणे जप, तप, शास्त्राध्ययन वगेरे अनंतवार कर्युं छे; तथापि जे कंई पण अवश्य करवा योग्य हतुं ते तेणे कर्युं नथी; जे के अमे प्रथम ज जणाव्युं छे.

[१]सूयगडांग सूत्रमां ऋषभदेवजी भगवाने ज्यां अठ्ठाणुं पुत्रोने उपदेश्या छे, मोक्ष मार्गे चढाव्या छे त्यां ए ज उपदेश, कर्यो छे:

हे आयुष्यमनो! आ जीवे सर्वे कर्युं छे. एक आ विना, ते शुं? तो के निश्चय कहीए छीए के सत्पुरुषनुं कहेलुं वचन, तेनो उपदेश ते सांभळयां नथी, अथवा रूडे प्रकारे करी ते उठाव्यां नथी. अने एने ज अमे मुनिओनुं सामायिक (आत्मस्वरूपनी प्राप्ति) कह्युं छे.

[१]सुधर्मास्वामी जंबुस्वामीने उपदेशे छे के जगत आखानुं जेणे दर्शन कर्युं छे, एवा महावीर भगवान, तेणे आम अमने कह्युं छे:–गुरुने आधीन थई वर्तता एवा अनंत पुरुषो मार्ग पामीने मोक्ष प्राप्त थया.

एक आ स्थळे नहीं पण सर्व स्थळे अने सर्व शास्त्रमां ए ज वात कहेवानो लक्ष छे.

आणाए धम्मो आणाए तवो ।

आज्ञानुं आराधन ए ज धर्म अने आज्ञानुं आराधन ए ज तप. ( आचारांग सूत्र )

सर्व स्थळे ए ज मोटा पुरुषोनो कहेवानो लक्ष छे, ए लक्ष जोवने समजायो नथी तेना कारणमां सर्वथी प्रधान एवुं कारण स्वच्छंद छे अने जेणे स्वच्छंदने मंद कर्यो छे, एवा पुरुषने प्रतिबद्धता (लोकसंबंधी बंधन, स्वजन कुटुंब बंधन, देहाभिमानरूप बंधन, संकल्प विकल्परूप बंधन) ए बंधन टळवानो सर्वोत्तम उपाय जे कंई छे ते आ उपरथी तमे विचारो. अने ए विचारतां अमने जे कंई योग्य लागे ते पूछजो. अने ए मार्गे जो कंई योग्यता लावशो तो उपशम गमे त्यांथी पण मळशे. उपशम मळे अने जेनी आज्ञानुं आराधन करीए एवा पुरुषनो खोज राखजो.

बाकी बीजां बधां साधन पछी करवा योग्य छे. आ सिवाय बीजो कोई मोक्षमार्ग विचारतां लागशे नहि. (विकल्पथी) लागे तो जणावशो के जे कंई योग्य होय ते जणावाय.

---

## २१

## मार्ग प्राप्तिमां बाधक त्रण कारणो

[२८८/२५४]

निःशंकताथी निर्भयता उत्पन्न होय छे;
अने तेथी निःसंगता प्राप्त होय छे.

प्रकृतिना विस्तारथी जीवनां कर्म अनंत प्रकारनी विचित्रताथी प्रवर्ते छे; अने तेथी दोषना प्रकार पण अनंत भासे

छे; पण सर्वथी मोटो दोष ए छे के जेथी 'तीव्र मुमुक्षुता' उत्पन्न न ज होय, अथवा 'मुमुक्षुता' ज उत्पन्न न होय.

घणुं करीने मनुष्यात्मा कोईने कोई धर्ममतमां होय छे, अने तेथी ते धर्ममत प्रमाणे प्रवर्तवानुं ते करे छे, एम माने छे; पण एनुं नाम 'मुमुक्षुता' नथी.

'मुमुक्षुता' ते छे के सर्व प्रकारनी मोहासक्तिथी मुझाई एक 'मोक्षने' विषे ज यत्न करवो अने 'तीव्र मुमुक्षुता' ए छे के अनन्य प्रेमे मोक्षना मार्गमां क्षणे क्षणे प्रवर्तवुं.

'तीव्र मुमुक्षुता' विषे अत्र जणाववुं नथी पण 'मुमुक्षुता' विषे जणाववुं छे, के ते उत्पन्न थवानुं लक्षण पोताना दोष जोवामां अपक्षपातता ए छे, अने तेने लीधे स्वच्छंदनो नाश होय छे.

स्वच्छंद ज्यां थोडो अथवा घणो हानि पाम्यो छे, त्यां तेटली बोधबीज योग्य भूमिका थाय छे.

स्वच्छंद ज्यां प्राये दबायो छे, त्यां पछी 'मार्गप्राप्ति'ने रोकनारां त्रण कारणो मुख्य करीने होय छे. एम अमे जाणीए छीए.

आ लोकनी अल्प पण सुखेच्छा, परम दैन्यतानी[१] ओछाई अने पदार्थनो अनिर्णय.

ए बधां कारणो टाळवानुं बीज हवे पछी कहेशुं ते पहेलां ते ज कारणोने अधिकताथी कहीए छीए.

'आ लोकनी अल्प पण सुखेच्छा', ए घणुं करीने तीव्र मुमुक्षुतानी उत्पत्ति थया पहेलां होय छे. ते होवानां

---

१. पाठान्तर: परम विनयनी ओछाई.

कारणो निःशंकपणे ते 'सत्' छे एवुं दृढ थयुं नथी, अथवा ते 'परमानंदरूप' ज छे एम पण निश्चय नथी. अथवा तो मुमुक्षुतामां पण केटलोक आनंद अनुभवाय छे, तेने लीधे बाह्य शातानां कारणो पण केटलीकवार प्रिय लागे छे (!) अने तेथी आ लोकनी अल्प पण सुखेच्छा रह्या करे छे; जेथी जीवनी जोग्यता रोकाई जाय छे.

[२]सत्पुरुषमां ज परमेश्वर बुद्धि, एने ज्ञानीओए परम धर्म कह्यो छे; अने ए बुद्धि परम दैन्यत्व सूचवे छे; जेथी सर्व प्राणी विषे पोतानुं दासत्व मनाय छे अने परम जोग्यतानी प्राप्ति होय छे. ए 'परम दैन्यत्व' ज्यां सुधी आवरित रह्युं छे त्यां सुधी जीवनी जोग्यता प्रतिबंधयुक्त होय छे.

कदापि ए बंने थयां होय, तथापि वास्तविक तत्त्व पामवानी कंई जोग्यतानी ओछाईने लीधे पदार्थ–निर्णय न थयो होय तो चित्त व्याकुळ रहे छे, अने मिथ्या समता आवे छे; कल्पित पदार्थ विषे 'सत्'नी मान्यता होय छे जेथी काळे करी अपूर्व पदार्थने विषे परम प्रेम आवतो नथी, अने ए ज परम जोग्यतानी हानि छे.

आ त्रणे कारणो घणुं करीने अमने मळेला घणाखरा मुमुक्षुमां अमे जोयां छे. मात्र बीजा कारणनी कंईक न्यूनता कोई

---

२. पाठान्तर : तथारूप ओळखाण थये सद्गुरुमां परमेश्वरबुद्धि राखी तेमनी आज्ञाए प्रवर्तवुं ते 'परम विनय' कह्यो छे. तेथी परम जोग्यतानी प्राप्ति होय छे. ए परम विनय ज्यां सुधी आवे नहीं त्यां सुधी जीवने जोग्यता आवती नथी.

कोई विषे जोई छे, अने जो तेओमां सर्व प्रकारे ([3]परम दैन्यतानी खामीनी) न्यूनता थवानुं प्रयत्न होय तो जोग्य थाय एम जाणीए छीए. परम दैन्यपणुं ए त्रणेमां बळवान साधन छे; अने ए त्रणेनुं बीज महात्माने विषे परम प्रेमार्पण ए छे.

अधिक शुं कहीए? अनंत काळे ए ज मार्ग छे.

पहेलुं अने त्रीजुं कारण जवाने माटे बीजा कारणनी हानि करवी.[4] अने महात्माना जोगे तेना अलौकिक स्वरूपने ओळखवुं. ओळखावानी परम तीव्रता राखवी, तो ओळखाशे. मुमुक्षुनां नेत्रो महात्माने ओळखी ले छे.

महात्मामां जेनो दृढ निश्चय थाय छे, तेने मोहासक्ति मटी पदार्थनो निर्णय होय छे. तेथी व्याकुळता मटे छे. तेथी निःशंकता आवे छे. जेथी जीव सर्व प्रकारना दुःखथी निर्भय होय छे अने तेथी ज निःसंगता उत्पन्न होय छे, अने एम योग्य छे.

मात्र तम मुमुक्षुओने अर्थे टूंकामां टूंकुं आ लख्युं छे; तेनो परस्पर विचार करी विस्तार करवो अने ते समजवुं एम अमे कही छीए.

अमे आमां घणो गूढ शास्त्रार्थ पण प्रतिपादन कर्यो छे.

तमे वारंवार विचारजो. योग्यता हशे तो अमारा समागममां आ वातनो विस्तारथी विचार बतावीशुं.

---

३. पाठान्तर : परम विनयनी

४. पाठान्तर : अने परम विनयमां वर्तवुं योग्य छे.

हाल अमारो समागम थाय तेम तो नथी; पण वखते श्रावण वदमां करीए तो थाय; पण ते कये स्थळे ते हजु सुधी विचार्युं नथी. कळियुग छे माटे क्षणवार पण वस्तु विचार विना न रहेवुं एम महात्माओनी शिक्षा छे. तमने बधाने यथायोग्य पहोंचे.

---

## २२

## सत्संग माहात्म्य

[४६१/६०१]

१. सहजस्वरूपे जीवनी स्थिति थवी तेने श्री वीतराग 'मोक्ष' कहे छे.

२. सहजस्वरूपथी जीव रहित नथी, पण ते सहजस्वरूपनुं मात्र भान जीवने नथी, जे थवुं ते ज सहजस्वरूपे स्थिति छे.

३. संगना योगे आ जीव सहजस्थितिने भूल्यो छे; संगनी निवृत्तिए सहजस्वरूपनुं अपरोक्ष भान प्रगटे छे.

४. ए ज माटे सर्व तीर्थंकरादि ज्ञानीओए असंगपणुं ज सर्वोत्कृष्ट कह्युं छे, के जेना अंगे सर्व आत्मसाधन रह्यां छे.

५. सर्व जिनागमनां कहेलां वचनो एक मात्र असंगपणामां ज समाय छे; केम के ते थवाने अर्थे ज ते सर्व वचनो कह्यां छे. एक परमाणुथी मांडी चौद राजलोकनी अने मेषोन्मेषथी मांडी शैलेशी अवस्था पर्यंतनी सर्व क्रिया वर्णवी छे, ते ए ज असंगता समजाववाने अर्थे वर्णवी छे.

६. सर्व भावथी असंगपणुं थवुं ते सर्वथी दुष्करमां दुष्कर साधन छे; अने ते निराश्रयपणे सिद्ध थवुं अत्यंत दुष्कर छे. एम विचारी श्री तीर्थंकरे सत्संगने तेनो आधार कह्यो छे, के जे सत्संगना योगे सहजस्वरूपभूत एवुं असंगपणुं जीवने उत्पन्न थाय छे.

७. ते सत्संग पण जीवने घणो वार प्राप्त थया छतां फळवान थयो नथी एम श्री वीतरागे कह्युं छे, केम के ते सत्संगने ओळखी, आ जीवे तेने परमहितकारी जाण्यो नथी; परमस्नेहे उपास्यो नथी; अने प्राप्त पण अप्राप्त फळवान थवायोग्य संज्ञाए विसर्जन कर्यो छे, एम कह्युं छे. आ अमे कह्युं ते ज वातनी विचारणाथी अमारा आत्मामां आत्मगुण आविर्भाव पामी सहजसमाधिपर्यंत प्राप्त थया एवा सत्संगने हुं अत्यंत अत्यंत भक्तिए नमस्कार करुं छुं.

८. अवश्य आ जीवे प्रथम सर्व साधनने गौण जाणी, निर्वाणनो मुख्य हेतु एवो सत्संग ज सर्वार्पणपणे उपासवो योग्य छे; के जेथी सर्व साधन सुलभ थाय छे, एवो अमारो आत्म-साक्षात्कार छे.

९. ते सत्संग प्राप्त थये जो आ जीवने कल्याण प्राप्त न थाय तो अवश्य आ जीवनो ज वांक छे; केमके ते सत्संगना अपूर्व, अलभ्य, अत्यंत दुर्लभ एवा योगमां पण तेणे ते सत्संगना योगने बाध करनार एवां माठां कारणोनो त्याग न कर्यो !

१०. मिथ्याग्रह, स्वच्छंदपणुं, प्रमाद अने इंद्रियविषयथी उपेक्षा न करी होय तो ज सत्संग फळवान थाय नहीं, अथवा

सत्संगमां एकनिष्ठा, अपूर्वभक्ति आणो न होय तो फळवान थाय नहीं. जो एक एवी अपूर्वभक्तिथी सत्संगनी उपासना करी होय तो अल्पकाळमां मिथ्याग्रहादि नाश पामे, अने अनुक्रमे सर्व दोषथी जीव मुक्त थाय.

११. सत्संगनी ओळखाण थवी जीवने दुर्लभ छे. कोई महत् पुण्ययोगे ते ओळखाण थये निश्चय करी आ ज सत्संग, सत्पुरुष छे एवो साक्षीभाव उत्पन्न थयो होय ते जीवे तो अवश्य करी प्रवृत्तिने संकोचवी; पोताना दोष क्षणे क्षणे, कार्ये कार्ये अने प्रसंगे प्रसंगे तीक्ष्ण उपयोगे करी जोवा, जोईने ते परिक्षीण करवा; अने ते सत्संगने अर्थे देहत्याग करवानो योग थतो होय तो ते स्वीकारवो, पण तेथी कोई पदार्थने विषे विशेष भक्तिस्नेह थवा देवो योग्य नथी. तेम प्रमादे रसगौरवादि दोषे ते सत्संग प्राप्त थये पुरुषार्थ धर्म मंद रहे छे, अने सत्संग फळवान थतो नथी एम जाणी पुरुषार्थ वीर्य गोपववुं घटे नहीं.

१२. सत्संगनुं एटले सत्पुरुषनुं ओळखाण थये पण ते योग निरंतर रहेतो न होय तो सत्संगथी प्राप्त थयो छे एवो जे उपदेश ते प्रत्यक्ष सत्पुरुष तुल्य जाणी विचारवो तथा आराधवो के जे आराधनाथी जीवने अपूर्व एवुं सम्यक्त्व उत्पन्न थाय छे.

१३. जीवे मुख्यमां मुख्य अने अवश्यमां अवश्य एवो निश्चय राखवो, के जे कंई मारे करवुं छे, ते आत्माने कल्याणरूप थाय ते ज करवुं छे, अने ते ज अर्थे आ त्रण योगनी उदयबळे

प्रवृत्ति थती होय तो थवा देतां, पण छेवटे ते त्रियोगथी रहित एवी स्थिति करवाने अर्थे तें प्रवृत्तिने संकोचतां संकोचतां क्षय थाय ए ज उपाय कर्त्तव्य छे. ते उपाय मिथ्याग्रहनो त्याग, स्वच्छंदपणानो त्याग, प्रमाद अने इंद्रियविषयनो त्याग ए मुख्य छे. ते सत्संगना योगमां अवश्य आराधन कर्यां ज रहेवां अने सत्संगना परोक्षपणामां तो अवश्य अवश्य आराधन कर्यां ज करवां; केम के सत्संग प्रसंगमां तो जीवनुं कंईक न्यूनपणुं होय तो ते निवारण थवानुं सत्संग साधन छे, पण सत्संगना परोक्षपणामां तो एक पोतानुं आत्मबळ ज साधन छे. जो ते आत्मबळ सत्संगथी प्राप्त थयेला एवा बोधने अनुसरे नहीं, तेने आचरे नहीं, आचरवामां थता प्रमादने छोडे नहीं, तो कोई दिवसे पण जीवनुं कल्याण थाय नहीं.

संक्षेपमां लखायलां ज्ञानीना मार्गना आश्रयने उपदेशनारां आ वाक्यो मुमुक्षुजीवे पोताना आत्माने विषे निरंतर परिणामी करवायोग्य छे; जे पोताना आत्मगुणने विशेष विचारवा शब्दरूपे अमे लख्यां छे.

---

## २३

# मूर्तिमान मोक्ष सत्पुरुष छे.

[२८६/२४९[

ॐ नमः

कराळ काळ होवाथी जीवने ज्यां वृत्तिनी स्थिति करवी जोईए, त्यां ते करी शकतो नथी.

सद्धर्मनो घणुं करीने लोप ज रहे छे. ते माटे आ काळने कळियुग कहेवामां आव्यो छे.

सद्धर्मनो जोग सत्पुरुष विना होय नहीं; कारण के असत्‌मां सत् होतुं नथी.

घणुं करीने सत्पुरुषनां दर्शननी अने जोगनी आ काळमां अप्राप्ति देखाय छे. ज्यारे एम छे, त्यारे सद्धर्मरूप समाधि मुमुक्षु पुरुषने क्यांथी प्राप्त होय ? अने अमुक काळ व्यतीत थयां छतां ज्यारे तेवी समाधि प्राप्त नथी थती त्यारे मुमुक्षुता पण केम रहे ?

घणुं करीने जीव जे परिचयमां रहे छे, ते परिचयरूप पोताने माने छे. जेनो प्रगट अनुभव पण थाय छे के अनार्य-कुळमां परिचय करी रहेलो जीव अनार्यरूपे पोताने दृढ माने छे; अने आर्यत्वने विषे मति करतो नथी.

माटे मोटा पुरुषोए अने तेने लईने अमे एवो दृढ निश्चय कर्यो छे के जीवने सत्संग ए ज मोक्षनुं परम साधन छे. पोतानी सन्मार्गने विषे योग्यता जेवी छे, तेवी योग्यता धरावनारा पुरुषोनो संग ते सत्संग कह्यो छे. मोटा पुरुषना

संगमां निवास छे, तेने अमे परम सत्संग कहीए छीए कारण एना जेवुं कोई हितस्वी साधन आ जगतमां अमे जोयुं नथी, अने सांभळ्युं नथी.

पूर्वे थई गयेला मोटा पुरुषनुं चिंतन कल्याणकारक छे; तथापि स्वरूपस्थितिनुं कारण होई शकतुं नथी; कारण के जीवे शुं करवुं ते तेवा स्मरणथी नथी समजातुं. प्रत्यक्षजोगे वगर समजाव्ये पण स्वरूपस्थिति थवी संभवित मानीए छीए, अने तेथी एम निश्चय थाय छे के ते जोगनुं अने ते प्रत्यक्ष चिंतननुं फळ मोक्ष होय छे. कारण के मूर्तिमान मोक्ष ते सत्पुरुष छे.

मोक्षे गया छे एवा (अर्हंतादिक) पुरुषनुं चिंतन घणा काळे भावानुसार मोक्षादिक फळदाता होय छे. सम्यक्त्व पाम्या छे एवा पुरुषनो निश्चय थये अने जोग्यताना कारणे जीव सम्यक्त्व पामे छे.

---

## २४

## आश्रय भक्तिमार्ग (१)

[४५४/५७२]

सर्व विभावथी उदासीन अने अत्यंत शुद्ध निज पर्यायने सहजपणे आत्मा भजे, तेने श्री जिने तीव्रज्ञानदशा कही छे. जे दशा आव्या विना कोई पण जीव बंधनमुक्त थाय नहीं, एवो सिद्धांत श्री जिने प्रतिपादन कर्यो छे; जे अखंड सत्य छे.

कोईक जीवथी ए गहन दशानो विचार थई शकवा योग्य छे, केम के अनादिथी अत्यंत अज्ञान दशाए आ जीवे प्रवृत्ति करी छे, ते प्रवृत्ति एकदम असत्य, असार समजाई, तेनी निवृत्ति सूझे, एम बनवुं बहु कठण छे; माटे ज्ञानीपुरुषनो आश्रय करवारूप भक्तिमार्ग जिने निरूपण कर्यो छे, के जे मार्ग आराधवाथी सुलभपणे ज्ञानदशा उत्पन्न थाय छे.

ज्ञानीपुरुषना चरणने विषे मन स्थाप्या विना ए भक्तिमार्ग सिद्ध थतो नथी जेथी फरी फरी ज्ञानीनी आज्ञा आराधवानुं जिनागममां ठेकाणे ठेकाणे कथन कर्युं छे. ज्ञानीपुरुषना चरणमां मननुं स्थापन थवुं प्रथम कठण पडे छे, पण वचननी अपूर्वताथी, ते वचननो विचार करवाथी, तथा ज्ञानी प्रत्ये अपूर्व दृष्टिए जोवाथी, मननुं स्थापन थवुं सुलभ थाय छे.

ज्ञानीपुरुषना आश्रयमां विरोध करनारा पंचविषयादि दोषो छे. ते दोष थवानां साधनथी जेम बने तेम दूर रहेवुं, अने प्राप्तसाधनमां पण उदासीनता राखवी, अथवा ते ते साधनोमांथी अहंबुद्धि छोडी दई, रोगरूप जाणी प्रवर्तवुं घटे. अनादि दोषनो एवा प्रसंगमां विशेष उदय थाय छे. केम के आत्मा ते दोषने छेदवा पोतानी सन्मुख लावे छे के, ते स्वरूपांतर करी तेने आकर्षे छे, अने जागृतिमां शिथिल करी नांखी पोताने विषे एकाग्र बुद्धि करावी दे छे. ते एकाग्र बुद्धि एवा प्रकारनी होय छे के, 'मने आ प्रवृत्तिथी तेवो विशेष बाध नहीं थाय, हुं अनुक्रमे तेने छोडीश; अने करतां जागृत रहीश;' ए आदि भ्रांतदशा ते दोष करे छे; जेथी ते दोषनो

संबंध जीव छोडतो नथी, अथवा ते दोष वधे छे, तेनो लक्ष तेने आवी शकतो नथी.

ए विरोधी साधननो बे प्रकारथी त्याग थई शके छे: एक ते साधनना प्रसंगनी निवृत्ति; बीजो प्रकार विचारथी करी तेनुं तुच्छपणुं समजावुं.

विचारथी करी तुच्छपणुं समजावा माटे प्रथम ते पंचविषयादिना साधननी निवृत्ति करवी वधारे योग्य छे, केम के तेथी विचारनो अवकाश प्राप्त थाय छे.

ते पंचविषयादि साधननी निवृत्ति सर्वथा करवानुं जीवनुं बळ न चालतुं होय त्यारे, क्रमेक्रमे, देशेदेशे तेनो त्याग करवो घटे; परिग्रह तथा भोगोपभोगना पदार्थनो अल्प परिचय करवो घटे. एम करवाथी अनुक्रमे ते दोष मोळा पडे, अने आश्रयभक्ति दृढ थाय; तथा ज्ञानीनां वचनोनुं आत्मामां परिणाम थई तीव्रज्ञानदशा प्रगटी जीवन्मुक्त थाय.

जीव कोईक वार आवी वातनो विचार करे, तेथी अनादि अभ्यासनुं बळ घटवुं कठण पडे, पण दिनदिन प्रत्ये, प्रसंगे प्रसंगे अने प्रवृत्ति प्रवृत्तिए फरी फरी विचार करे, तो अनादि अभ्यासनुं बळ घटी, अपूर्व अभ्यासनी सिद्धि थई सुलभ एवो आश्रयभक्तिमार्ग सिद्ध थाय. एज विनंति.

---

# आश्रय भक्तिमार्ग (२)

[५१६/७०६]

१. वृत्तिआदि संक्षेप अभिमानपूर्वक थतो होय तोपण करवो घटे. विशेषता एटली के ते अभिमान पर निरंतर खेद राखवो. तेम बने तो क्रमे करीने वृत्तिआदिनो संक्षेप थाय, अने ते संबंधी अभिमान पण संक्षेप थाय.

२. घणे स्थळे विचारवान पुरुषोए एम कह्युं छे के ज्ञान थये काम क्रोध, तृष्णादि भाव निर्मूळ थाय. ते सत्य छे, तथापि ते वचनोनो एवो परमार्थ नथी के ज्ञान थया प्रथम ते मोळां न पडे के ओछां न थाय. मूळसहित छेद तो ज्ञाने करीने थाय, पण कषायादिनुं मोळापणुं के ओछापणुं न थाय त्यां सुधी ज्ञान घणुं करीने उत्पन्न ज न थाय. ज्ञान प्राप्त थवामां विचार मुख्य साधन छे; अने ते विचारने वैराग्य (भोगप्रत्ये अनासक्ति, तथा उपशम (कषायादिनुं घणुं ज मंदपणुं, ते प्रत्ये विशेष खेद) बे मुख्य आधार छे, एम जाणी तेनो निरंतर लक्ष राखी तेवी परिणति करवी घटे.

सत्पुरुषना वचनना यथार्थ ग्रहण विना विचार घणुं करीने उद्‌भव थतो नथी; अने सत्पुरुषना वचननुं यथार्थ ग्रहण, सत्पुरुषनी प्रतीति ए कल्याण थवामां सर्वोत्कृष्ट निमित्त होवाथी तेमनी 'अनन्य आश्रयभक्ति' परिणाम पाम्येथी, थाय छे. घणुं करी एकबीजां कारणोने अन्योन्याश्रय जेवुं छे. क्यांक कोईनुं मुख्यपणुं छे, क्यांक कोईनुं मुख्यपणुं छे, तथापि एम

तो अनुभवमां आवे छे के खरेखरो मुमुक्षु होय तेने सत्पुरुषनी 'आश्रयभक्ति' अहंभावादि छेदवाने माटे अने अल्पकाळमां विचारदशा परिणाम पामवाने माटे उत्कृष्ट कारणरूप थाय छे.

भोगमां अनासक्ति थाय, तथा लौकिक विशेषता देखाडवानो बुद्धि ओछी करवामां आवे तो तृष्णा निर्बळ थती जाय छे. लौकिक मान आदिनुं तुच्छपणुं समजवामां आवे तो तेनी विशेषता न लागे; अने तेथी तेनी इच्छा सहेजे मोळी पडी जाय, एम यथार्थ भासे छे. मांड मांड आजीविका चालती होय तोपण मुमुक्षुने ते घणुं छे, केम के विशेषनो कंई अवश्य उपयोग (कारण) नथी, एम ज्यां सुधी निश्चयमां न आणवामां आवे त्यां सुधी तृष्णा नानाप्रकारे आवरण कर्या करे. लौकिक विशेषतामां कंई सारभूतता नथी, एम निश्चय करवामां आवे तो मांड आजीविका जेटलुं मळतुं होय तोपण तृप्ति रहे. मांड आजीविका जेटलुं मळतुं न होय तोपण मुमुक्षु जीव आर्त्तध्यान घणुं करीने थवा न दे, अथवा थये ते पर विशेष खेद करे, अने आजीविकामां त्रूटतुं यथाधर्म उपार्जन करवानी मंद कल्पना करे ए आदि प्रकारे वर्ततां तृष्णानो पराभव (क्षीण) थवा योग्य देखाय छे.

३. घणुं करीने सत्पुरुषने वचने आध्यात्मिकशास्त्र पण आत्मज्ञाननो हेतु थाय छे, केम के परमार्थआत्मा शास्त्रमां वर्ततो नथी, सत्पुरुषमां वर्ते छे. मुमुक्षुए जो कोई सत्पुरुषनो आश्रय प्राप्त थयो होय तो प्राये ज्ञाननी याचना करवी न घटे, मात्र तथारूप वैराग्य उपशमादि प्राप्त करवाना उपाय करवा घटे.

ते योग्य प्रकारे सिद्ध थये ज्ञानीनो उपदेश सुलभपणे परिणमे छे, अने यथार्थ विचार तथा ज्ञाननो हेतु थाय छे.

४. ज्यां सुधी ओछी उपाधिवाळां क्षेत्रे आजीविका चालती होय त्यां सुधी विशेष मेळववानी कल्पनाए मुमुक्षुए कोई एक विशेष अलौकिक हेतु विना वधारे उपाधिवाळां क्षेत्रे जवुं न घटे केम के तेथी घणी सद्वृत्तिओ मोळी पडी जाय छे, अथवा वर्धमान थती नथी.

* * *

## २६
## वृत्तिओना जय के क्षयनो अभ्यास

[४११/५१०]

बंधवृत्तिओने उपशमाववानो तथा निवर्ताववानो जीवने अभ्यास, संतत अभ्यास कर्त्तव्य छे, कारण के विना विचारे, विना प्रयासे ते वृत्तिओनुं उपशमवुं अथवा निवर्तवुं केवा प्रकारथी थाय? कारण विना कोई कार्य संभवतुं नथी; तो आ जीवे ते वृत्तिओनां उपशमन के निवर्तननो कोई उपाय कर्यो न होय एटले तेनो अभाव न थाय ए स्पष्ट संभवरूप छे. घणी वार पूर्वकाळे वृत्तिओना उपशमननुं तथा निवर्तननुं जीवे अभिमान कर्युं छे, पण तेवुं कंई साधन कर्युं नथो, अने हजु सुधी ते प्रकारमां जीव कंई ठेकाणुं करतो नथी, अर्थात् हजु तेने ते अभ्यासमां कंई रस देखातो नथी; तेम कडवाश लागतां छतां ते कडवाश उपर पग दई आ जीव उपशमन, निवर्तनमां प्रवेश

करतो नथी. आ वात वारंवार आ दुष्टपरिणामी जीवे विचारवा योग्य छे; विसर्जन करवा योग्य कोई रीते नथी.

पुत्रादि संपत्तिमां जे प्रकारे आ जीवने मोह थाय छे ते प्रकार केवळ नीरस अने निंदवा योग्य छे. जीव जो जराय विचार करे तो स्पष्ट देखाय एवुं छे के, कोईने विषे पुत्रपणुं भावी आ जीवे माठुं कर्यामां मणा राखी नथी, अने कोईने विषे पितापणुं मानीने पण तेम ज कर्युं छे अने कोई जीव हजु सुधी तो पितापुत्र थई शक्या दीठा नथी. सौ कहेता आवे छे के आनो आ पुत्र अथवा आनो आ पिता, पण विचारतां आ वात कोई पण काळे न बनी शके तेवी स्पष्ट लागे छे. अनुत्पन्न एवो आ जीव तेने पुत्रपणे गणवो, के गणाववानुं चित्त रहेवुं ए सौ जीवनी मूढता छे, अने ते मूढता कोई पण प्रकारे सत्संगनी इच्छावाळा जीवने घटती नथी.

जे मोहादि प्रकार विषे तमे लख्युं ते बन्नेने भ्रमणनो हेतु छे, अत्यंत विटंबणानो हेतु छे. ज्ञानीपुरुष पण एम वर्ते तो ज्ञान उपर पग मूकवा जेवुं छे, अने सर्व प्रकारे अज्ञाननिद्रानो ते हेतु छे. ए प्रकारने विचारे बन्नेने सीधो भाव कर्त्तव्य छे. आ वात अल्पकाळमां चेतवा योग्य छे. जेटलो बने तेटलो तमे के बीजा तम संबंधी सत्संगी निवृत्तिनो अवकाश लेशो ते ज जीवने हितकारी छे.

---

# वृत्तिओना जय के क्षयनो अभ्यास (१)

[४४७/५६०]

ॐ

जो ज्ञानीपुरुषना दृढ आशयथी सर्वोत्कृष्ट एवुं मोक्षपद सुलभ छे; तो पछी क्षणेक्षणे आत्मोपयोग स्थिर करवो घटे एवो कठण मार्ग ते ज्ञानीपुरुषना दृढ आश्रये प्राप्त थवो केम सुलभ न होय? केम के ते उपयोगना एकाग्रपणा विना तो मोक्षपदनी उत्पत्ति छे नहीं. ज्ञानीपुरुषनां वचननो दृढ आश्रय जेने थाय तेने सर्व साधन सुलभ थाय एवो अखंड निश्चय सत्पुरुषोए कर्यो छे; तो पछी अमे कहीए छीए के आ वृत्तिओनो जय करवो घटे छे, ते वृत्तिओनो जय केम न थई शके? आटलुं सत्य छे के आ दुषमकाळने विषे सत्संगनी समीपता के दृढ आश्रय विशेष जोईए अने असत्संगथी अत्यंत निवृत्ति जोईए; तोपण मुमुक्षुने तो एम ज घटे छे के कठणमां कठण आत्मसाधन होय तेनी प्रथम इच्छा करवी, के जेथी सर्व साधन अल्पकाळमां फळीभूत थाय.

श्री तीर्थंकरे तो एटला सुधी कह्युं छे के जे ज्ञानीपुरुषनी दशा संसारपरिक्षीण थई छे, ते ज्ञानीपुरुषने परंपरा कर्मबंध संभवतो नथी, तोपण पुरुषार्थ मुख्य राखवो, के जे बीजा जीवने पण आत्मसाधन-परिणामनो हेतु थाय.

'समयसार'मांथी जे काव्य लखेल छे ते तथा तेवा बीजा सिद्धांतो माटे समागमे समाधान करवानुं सुगम पडशे.

ज्ञानीपुरुषने आत्मप्रतिबंधपणे संसारसेवा होय नहीं, पण प्रारब्धप्रतिबंधपणे होय, एम छतां पण तेथी निवर्तवारूप परिणामने पामे एम ज्ञानीनी रीत होय छे; जे रीतनो आश्रय करतां हाल त्रण वर्ष थयां विशेष तेम कर्युं छे अने तेमां जरूर आत्मदशाने भुलावे एवो संभव रहे तेवो उदय पण जेटलो बन्यो तेटलो समपरिणामे वेद्यो छे; जोके ते वेदवाना काळने विषे सर्वसंगनिवृत्ति कोई रीते थाय तो सारुं एम सूझयां कर्युं छे; तोपण सर्वसंगनिवृत्तिए जे दशा रहेवी जोईए ते दशा उदयमां रहे, तो अल्पकालमां विशेष कर्मनी निवृत्ति थाय एम जाणी जेटलुं बन्युं तेटलुं ते प्रकारे कर्युं छे; पण मनमां हवे एम रहे छे के आ प्रसंगथी एटले सकल गृहवासथी दूर थवाय तेम न होय तोपण व्यापारादि प्रसंगथी निवृत्त, दूर थवाय तो सारुं, केम के आत्मभावे परिणाम पामवाने विषे जे दशा ज्ञानीनी जोईए ते दशा आ व्यापार व्यवहारथी मुमुक्षु जीवने देखाती नथी. आ प्रकार जे लख्यो छे ते विषे हमणां विचार क्यारेक क्यारेक विशेष उदय पामे छे. ते विषे जे परिणाम आवे ते खरुं. आ प्रसंग लख्यो छे ते लोकोमां हाल प्रगट थवा देवा योग्य नथी. माह सुद बीज उपर ते तरफ आववानुं थवानो संभव रहे छे. ए ज विनंती.

---

२८

## वृत्तिओना जय के क्षयनो अभ्यास (२)

[५२४/७१६]

ॐ सद्‌गुरुप्रसाद

*     *     *

श्री देवकरणजीने व्याख्यान करवानुं रहे छे, तेथी अहंभावादिनो भय रहे छे, ते संभवित छे.

जेणे जेणे सद्‌गुरुने विषे तथा तेमनी दशाने विषे विशेषपणुं दीठुं छे, तेने तेने घणुं करीने अहंभाव तथारूप प्रसंग जेवा प्रसंगोमां उदय थतो नथी; अथवा तरत शमाय छे. ते अहंभावने जो आगळथी झेर जेवो प्रतीत कर्यो होय, तो पूर्वापर तेनो संभव ओछो थाय. कंईक अंतरमां चातुर्यादि भावे मीठाश सूक्ष्मपरिणतिए पण राखी होय, तो ते पूर्वापर विशेषता पामे छे; पण झेर ज छे, निश्चय झेर ज छे, प्रगट काळकूट झेर छे, एमां कोई रीते संशय नथी; अने संशय थाय, तो ते संशय मानवो नथी; ते संशयने अज्ञान ज जाणवुं छे, एवी तीव्र खाराश करी मूकी होय, तो ते अहंभाव घणुं करी बळ करी शकतो नथी. वखते ते अहंभावने रोकवाथी निरहंभावता थई तेनो पाछो अहंभाव थई आववानुं बने छे, ते पण आगळ झेर, झेर अने झेर मानी राखी वर्तायुं होय तो आत्मार्थने बाध न थाय.

---

## २९
# शूरवीरता

[ ६१६/८१९ ]

ॐ

खेद नहीं करतां शूरवीरपणुं ग्रहीने ज्ञानीने मार्गे चालतां मोक्षपाटण सुलभ ज छे. विषय कषायादि विशेष विकार करी जाय ते वखते विचारवानने पोतानुं निर्वीर्यपणुं जोईने घणो ज खेद थाय छे, अने आत्माने वारंवार निंदे छे, फरी फरीने तिरस्कारनी वृत्तिथी जोई, फरी महंत पुरुषनां चरित्र अने वाकचनुं अवलंबन ग्रहण करी, आत्माने शौर्य उपजावी, ते विषयादि सामे अति हठ करीने तेने हठावे छे त्यां सुधी नीचे मने बेसता नथी, तेम एकलो खेद करीने अटकी रहेता नथी. ए ज वृत्तिनुं अवलंबन आत्मार्थी जीवोए लीधुं छे, अने तेथी ज अंते जय पाम्या छे. आ वात सर्व मुमुक्षुओए मुखे करी हृदयमां स्थिर करवा योग्य छे.

## ३०
# स्वरूपस्मृति केम थाय ?

[ ३१३/३१९ ]

अनंतकाळ थयां स्वरूपनुं विस्मरण होवाथी अन्यभाव जीवने साधारण थई गयो छे. दीर्घकाळ सुधी सत्संगमां रही बोधभूमिकानुं सेवन थवाथी ते विस्मरण अने अन्यभावनी साधा-रणता टळे छे; अर्थात् अन्यभावथी उदासीनपणुं प्राप्त होय छे. आ काळ विषम होवाथी स्वरूपमां तन्मयता रहेवानी दुर्घटता

छे; तथापि सत्संगनुं दीर्घकाळ सुधी सेवन ते तन्मयता आपे एमां संदेह नथी थतो.

जिंदगी अल्प छे, अने जंजाळ अनंत छे; संख्यात धन छे, अने तृष्णा अनंत छे; त्यां स्वरूप-स्मृति संभवे नहीं; पण ज्यां जंजाळ अल्प छे, अने जिंदगी अप्रमत्त छे, तेम ज तृष्णा अल्प छे, अथवा नथी, अने सर्व सिद्धि छे त्यां स्वरूपस्मृति पूर्ण थवी संभवे छे. अमूल्य एवुं ज्ञानजीवन प्रपंचे आवरेलुं वह्युं जाय छे. उदय बळवान छे!

---

## ३१

## अनंतानुबंधी कषायनुं स्वरूप

[ ३७७/४५९ ]

श्रीकृष्णादिकनी क्रिया उदासीन जेवी हती. जे जीवने सम्यक्त्व उत्पन्न थाय, तेने सर्व प्रकारनी संसारी क्रिया ते ज समये न होय एवो कंई नियम नथी. सम्यक्त्व उत्पन्न थवा पछी संसारी क्रिया रसरहितपणे थवी संभवे छे. घणुं करी एवी कोई पण क्रिया ते जीवनो होती नथी के जेथी परमार्थने विषे भ्रांति थाय; अने ज्यां सुधी परमार्थने विषे भ्रांति थाय नहीं त्यां सुधी बीजी क्रियाथी सम्यक्त्वने बाध थाय नहीं. सर्पने आ जगतना लोको पूजे छे ते वास्तविकपणे पूज्यबुद्धिथी पूजता नथी, पण भयथी पूजे छे; भावथी पूजता नथी; अने इष्टदेवने लोको अत्यंत भावे पूजे छे, एम सम्यक्-दृष्टि जीव ते संसारने भजतो देखाय छे, ते पूर्वे निबंधन

करेलां अेवां प्रारब्धकर्मथी देखाय छे. वास्तव्यपणे भावथी ते संसारमां तेनो प्रतिबंध घटे नहीं. पूर्वकर्मना उदयरूप भयथी घटे छे. जेटले अंशे भावप्रतिबंध न होय तेटले अंशे ज सम्यक्‌दृष्टिपणुं ते जीवने होय छे.

अनंतानुबंधी क्रोध, मान, माया अने लोभ सम्यक्त्व सिवाय गयां संभवे नहीं; अेम जे कहेवाय छे ते यथार्थ छे. संसारी पदार्थोने विषे जीवने तीव्र स्नेह विना अेवां क्रोध, मान, माया अने लोभ होय नहीं, के जे कारणे तेने अनंत संसारनो अनुबंध थाय. जे जीवने संसारी पदार्थों विषे तीव्र स्नेह वर्ततो होय तेने कोई प्रसंगे पण अनंतानुबंधी चतुष्कमांथी कोई पण उदय थवा संभवे छे, अने ज्यां सुधी तीव्र स्नेह ते पदार्थोमां होय त्यां सुधी अवश्य परमार्थ मार्गवाळो जीव ते न होय. परमार्थ मार्गनुं लक्षण अे छे के अपरमार्थने भजतां जीव बधा प्रकारे कायर थया करे, सुखे अथवा दुःखे. दुःखमां कायरपणुं कदापि बीजा जीवोनुं पण संभवे छे, पण संसारसुखनी प्राप्तिमां पण कायरपणुं, ते सुखनुं अण-गमवापणुं, नीरसपणुं परमार्थमार्गी पुरुषने होय छे.

तेवुं नीरसपणुं जीवने परमार्थज्ञाने अथवा परमार्थज्ञानी —पुरुषना निश्चये थवुं संभवे छे; बीजा प्रकारे थवुं संभवतुं नथी. परमार्थज्ञाने अपरमार्थरूप अेवो आ संसार जाणी पछी ते प्रत्ये तीव्र अेवो क्रोध, मान, माया के लोभ कोण करे? के क्यांथी थाय? जे वस्तुनुं माहात्म्य दृष्टिमांथी गयुं ते वस्तुने अर्थे अत्यंत क्लेश थतो नथी. संसारने विषे भ्रांतिपणे जाणेलुं सुख ते परमार्थज्ञाने भ्रांति ज भासे छे, अने जेने

भ्रांति भासी छे तेने पछी तेनुं माहात्म्य शुं लागे ? अेवी माहात्म्यदृष्टि परमार्थज्ञानीपुरुषना निश्चयवाळा जीवने होय छे, तेनुं कारण पण अे ज छे. कोई ज्ञानना आवरणने कारणे जीवने व्यवच्छेदक ज्ञान थाय नहीं, तथापि सामान्य अेवुं ज्ञान, ज्ञानी पुरुषनी श्रद्धारूपे थाय छे. वडनां बीजनी पेठे परमार्थ — वडनुं बीज अे छे.

तीव्र परिणामे, भवभयरहितपणे ज्ञानीपुरुष के सम्यक्दृष्टि जीवने क्रोध, मान, माया के लोभ होय नहीं. जे संसारअर्थे अनुबंध करे छे, ते करतां परमार्थने नामे, भ्रांतिगत परिणामे असद्गुरु, देव, धर्मने भजे छे, ते जीवने घणुं करी अनंतानुबंधी क्रोध, मान, माया, लोभ थाय छे, कारण के बीजी संसारनी क्रियाओ घणुं करी अनंत अनुबंध करवावाळी नथी; मात्र अपरमार्थने परमार्थ जाणी आग्रहे जीव भज्या करे, ते परमार्थज्ञानी अेवा पुरुष प्रत्ये, देव प्रत्ये, धर्म प्रत्ये निरादर छे, अेम कहेवामां घणुं करी यथार्थ छे. ते सद्गुरु, देव, धर्म प्रत्ये असत्गुर्वादिकना आग्रहथी, माठा बोधथी, आशातनाअे, उपेक्षाअे प्रवर्ते अेवो संभव छे. तेम ज ते माठा संगथी तेनी संसारवासना परिच्छेद नहीं थती होवा छतां ते परिच्छेद मानो परमार्थ प्रत्ये उपेक्षक रहे छे; अे ज अनंतानुबंधी क्रोध, मान, माया, लोभनो आकार छे.

---

# ३२

## अनंतानुबंधी कषायनुं स्वरूप

[ ४७१/६१३ ]

जे कषाय परिणामथी अनंत संसारनो संबंध थाय ते कषाय परिणामने जिनप्रवचनमां 'अनंतानुबंधी' संज्ञा कही छे. जे कषायमां तन्मयपणे अप्रशस्त (माठा) भावे तीव्रोपयोगे आत्मानी प्रवृत्ति छे, त्यां 'अनंतानुबंधी'नो संभव छे. मुख्य करीने अहीं कह्यां छे, ते स्थानके ते कषायनो विशेष संभव छे. सत्‌देव, सद्‌गुरु अने सत्‌धर्मनो जे प्रकारे द्रोह थाय, अवज्ञा थाय, तथा विमुखभाव थाय, ए आदि प्रवृत्तिथी, तेमज असत्‌देव, असत्‌गुरु तथा असत्‌धर्मनो जे प्रकारे आग्रह थाय, ते संबंधी कृतकृत्यता मान्य थाय, ए आदि प्रवृत्तिथी प्रवर्तता 'अनंतानुबंधी कषाय' संभवे छे, अथवा ज्ञानीना वचनमां स्त्रीपुत्रादि भावोने जे मर्यादा पछी इच्छतां निर्ध्वंस परिणाम कह्यां छे, ते परिणामे प्रवर्ततां पण 'अनंतानुबंधी' होवायोग्य छे. संक्षेपमां 'अनंतानुबंधी कषाय'नी व्याख्या ए प्रमाणे जणाय छे.

जे पुत्रादि वस्तु लोकसंज्ञाए इच्छवायोग्य गणाय छे, ते वस्तु दुःखदायक अने असारभूत जाणी प्राप्त थया पछी नाश पाम्या छतां पण इच्छवायोग्य लागती नहोती, तेवा पदार्थनी हाल इच्छा उत्पन्न थाय छे, अने तेथी अनित्यभाव जेम बळवान थाय तेम करवानी जिज्ञासा उद्‌भवे छे, ए आदि उदाहरण साथे लख्युं ते वांच्युं छे.

जे पुरुषनी ज्ञानदशा स्थिर रहेवा योग्य छे, एवा ज्ञानीपुरुषने पण संसारप्रसंगनो उदय होय तो जागृतपणे प्रवर्तवुं घटे छे, एम वीतरागे कह्युं छे, ते अन्यथा नथी; अने आपणे सौए जागृतपणे प्रवर्तवुं करवामां कंई शिथिलता राखीए तो ते संसारप्रसंगथी बाध थता वार न लागे, एवो उपदेश ए वचनोथी आत्मामां परिणामी करवा योग्य छे, एमां संशय घटतो नथी. प्रसंगनी साव निवृत्ति अशक्य थती होय तो प्रसंग संक्षेप करवो घटे, अने क्रमे करीने साव निवृत्तिरूप परिणाम आणवुं घटे, ए मुमुक्षु पुरुषनो भूमिकाधर्म छे. सत्संग सत्शास्त्रना योगथी ते धर्मनुं आराधन विशेषे करी संभवे छे.

---

## ३३

## अनंतानुबंधी कषायनुं स्वरूप

[ ७३८/१९-२२ ]

१९ क्रोध, मान, माया, अने लोभनो चोकडीने कषाय एवा नामथी ओळखवामां आवे छे. आ कषाय छे ते अत्यंत क्रोधादिवाळो छे. ते जो अनंत संसारनो हेतु होईने अनंतानुबंधी कषाय थतो होय तो ते चक्रवर्त्यादिने अनंत संसारनी वृद्धि थवी जोईए, अने ते हिसाबे अनंत संसार व्यतीत थया पहेलां मोक्ष थवो शी रीते घटे? ए वात विचारवा योग्य छे.

२० जे क्रोधादिथी अनंत संसारनी वृद्धि थाय ते अनंतानुबंधी कषाय छे, ए पण निःशंक छे. ते हिसाबे उपर बतावेला क्रोधादि अनंतानुबंधी संभवता नथी. त्यारे अनंतानुबंधीनी चोकडी बीजी रीते संभवे छे.

२१ सम्यक् ज्ञान, दर्शन अने चारित्र ए त्रणेनी ऐक्यता ते 'मोक्ष'. ते सम्यक् ज्ञान, दर्शन अने चारित्र एटले वीतराग ज्ञान, दर्शन अने चारित्र छे. तेनाथी ज अनंत संसारथी मुक्तपणुं पमाय छे. आ वीतराग ज्ञान, कर्मना अबंधनो हेतु छे. वीतरागना मार्गे चालवुं अथवा तेमनी आज्ञा प्रमाणे चालवुं ए पण अबंधक छे ते प्रत्ये जे क्रोधादि कषाय होय तेथी विमुक्त थवुं ते ज अनंत संसारथी अत्यंतपणे मुक्त थवुं छे; अर्थात मोक्ष छे. मोक्षथी विपरीत एवो जे अनंत संसार तेनी वृद्धि जेनाथी थाय छे तेने अनंतानुबंधी कहेवामां आवे छे; अने छे पण तेम ज. वीतरागना मार्गे अने तेमनी आज्ञाए चालनारानुं कल्याण थाय छे: आवो जे घणा जीवोने कल्याणकारी मार्ग ते प्रत्ये क्रोधादिभाव (जे महा विपरीतना करनारा छे) ते ज अनंतानुबंधी कषाय छे.

२२ जोके क्रोधादिभाव लौकिके पण अफळ नथी; परंतु वीतरागे प्ररूपेल वीतरागज्ञान अथवा मोक्षधर्म अथवा तो सत्धर्म तेनुं खंडन अथवा ते प्रत्ये क्रोधादिभाव तीव्रमंदादि जेवे भावे होय तेवे भावे अनंतानुबंधी कषायथी बंध थई अनंत एवा संसारनी वृद्धि थाय छे.

---

## ३४

# अनंतानुबंधीथी छूटवानो उपाय

[४१९/५२२]

जीवने ज्ञानी पुरुषनुं ओळखाण थये तथाप्रकारे अनंतानुबंधी क्रोध, मान, माया, लोभ मोळां पडवानो प्रकार बनवायोग्य छे, के जेम बनी अनुक्रमे ते परिक्षीणपणाने पामे छे. सत्पुरुषनुं ओळखाण जेम जेम जीवने थाय छे, तेम तेम मताभिग्रह, दुराग्रहतादि भाव मोळा पडवा लागे छे, अने पोताना दोष जोवा भणी चित्त वळी आवे छे; विकथादि भावमां नीरसपणुं लागे छे, के जुगुप्सा उत्पन्न थाय छे; जीवने अनित्यादि भावना चिंतववा प्रत्ये बळवीर्य स्फुरवा विषे जे प्रकारे ज्ञानीपुरुष समीपे सांभळ्युं छे, तेथी पण विशेष बळवान परिणामथी ते पंचविषयादिने विषे अनित्यादि भाव दृढ करे छे. अर्थात् सत्पुरुष मळ्ये आ सत्पुरुष छे एटलुं जाणी, सत्पुरुषने जाण्या प्रथम जेम आत्मा पंचविषयादिने विषे रक्त हतो तेम रक्त त्यार पछी नथी रहेतो, अने अनुक्रमे ते रक्तभाव मोळो पडे एवा वैराग्यमां जीव आवे छे; अथवा सत्पुरुषनो योग थया पछी आत्मज्ञान कंई दुर्लभ नथी; तथापि सत्पुरूषने विषे, तेनां वचनने विषे, ते वचनना आशयने विषे, प्रीति भक्ति थाय नहीं त्यां सुधी आत्मविचार पण जीवमां उदय आववायोग्य नथी; अने सत्पुरुषनो जीवने योग थयो छे, एवुं खरेखरुं ते जीवने भास्युं छे, एम पण कहेवुं कठण छे.

जीवनें सत्पुरुषनो योग थये तो एवी भावना थाय के अत्यार सुधी जे मारां प्रयत्न कल्याणनें अर्थे हतां ते सौ निष्फळ हतां, लक्ष वगरनां बाणनी पेठे हतां, पण हवे सत्पुरुषनो अपूर्व योग थयो छे, तो मारां सर्व साधन सफळ थवानो हेतु छे. लोकप्रसंगमां रहीने जे निष्फळ, निर्लक्ष साधन कर्यां ते प्रकारे हवे सत्पुरुषने योगे न करतां जरूर अंतरात्मामां विचारीने दृढ परिणाम राखीने, जीवे आ योगने, वचनने विषे जागृत थवा योग्य छे, जागृत रहेवा योग्य छे; अने ते ते प्रकार भावी, जीवने दृढ करवो के जेथी तेने प्राप्त जोग 'अफळ' न जाय, अने सर्व प्रकारे ए ज बळ आत्मामां वर्धमान करवुं, के आ योगथी जीवने अपूर्व फळ थवा योग्य छे, तेमां अंतराय करनार 'हुं जाणुं छुं, ए मारुं अभिमान, कुळधर्मने अने करता आव्या छीए ते क्रियानें केम त्यागी शकाय एवो लोकभय, सत्पुरुषनी भक्ति आदिने विषे पण लौकिकभाव, अने कदापि कोई पंच-विषयाकार एवां कर्म ज्ञानीने उदयमां देखी तेवो भाव पोते आराधवापणुं ए आदि प्रकार छे,' ते ज अनंतानुबंधी क्रोध, मान, माया लोभ छे. ए प्रकार विशेषपणे समजवा योग्य छे; तथापि अत्यारे जेटलुं बन्युं तेटलुं लख्युं छे.

उपशम, क्षयोपशम अने क्षायिक सम्यक्त्वने माटे संक्षेपमां व्याख्या कही हती, तेने अनुसरती त्रिभोवनना स्मरणमां छे.

ज्यां ज्यां आ जीव जन्म्यो छे, भवना प्रकार धारण कर्या छे, त्यां त्यां तथा प्रकारना अभिमानपणे वर्त्यो छे; जे अभिमान निवृत्त कर्या सिवाय ते ते देहनो अने देहना संबंधमां आवता पदार्थोनो आ जीवे त्याग कर्यो छे, एटले हजी सुधी ते ज्ञानविचारे

करी भाव गाळचो नथी, अने ते ते पूर्वसंज्ञाओ हजी एम ने एम आ जीवना अभिमानमां वर्ती आवे छे, ए ज एने लोक आखानी अधिकरण क्रियानो हेतु कह्यो छे; जे पण विशेषपणे अत्र लखवानुं बनी शक्युं नथी. पत्रादि माटे नियमितपणा माटे विचार करीश.

---

## ३५

## सद्‌गुरु भक्तिनो अंतराशय

[ २६९/२१३ ]

पुराणपुरुषने नमोनमः

आ लोक त्रिविध तापथी आकुळव्याकुळ छे. झांझवानां पाणीने लेवा दोडी तृषा छिपाववा इच्छे छे, अेवो दीन छे. अज्ञानने लीधे स्वरूपनुं विस्मरण थई जवाथी भयंकर परिभ्रमण तेने प्राप्त थयुं छे. समये समये अतुल खेद, ज्वरादिक रोग, मरणादिक भय, वियोगादिक दुःखने ते अनुभवे छे; अेवी अशरणतावाळा आ जगतने एक सत्पुरुष ज शरण छे; सत्पुरुषनी वाणी विना कोई ए ताप अने तृषा छेदी शके नहीं एम निश्चय छे. माटे फरी फरी ते सत्पुरुषना चरणनुं अमे ध्यान करीए छीए.

संसार केवळ आशातामय छे. कोई पण प्राणीने अल्प पण शाता छे, ते पण सत्पुरुषनो ज अनुग्रह छे; कोई पण प्रकारना पुण्य विना शातानी प्राप्ति नथी; अने ए पुण्य पण

सत्पुरुषना उपदेश विना कोईए जाण्युं नथी; घणे काळे उपदेशेलुं ते पुण्य रूढिने आधीन थई प्रवर्ते छे; तेथी जाणे ते ग्रंथादिकथी प्राप्त थयेलुं लागे छे, पण एनुं मूळ एक सत्पुरुष ज छे; माटे अमे एम ज जाणीए छीए के एक अंश शाताथी करीने पूर्णकामता सुधीनी सर्व समाधि तेनुं सत्पुरुष ज कारण छे; आटली बधी समर्थता छतां जेने कंई पण स्पृहा नथी, उन्मत्तता नथी, पोतापणुं नथी, गर्व नथी गारव नथी, एवा आश्चर्यनी प्रतिमारूप सत्पुरुषने अमे फरी फरी नामरूपे स्मरीए छीए.

त्रिलोकना नाथ वश थया छे जेने एवा छतां पण एवी कोई अटपटी दशाथी वर्ते छे के जेनुं सामान्य मनुष्यने ओळखाण थवुं दुर्लभ छे; एवा सत्पुरुषने अमे फरीफरी स्तवीए छीए.

एक समय पण केवळ असंगपणाथी रहेवुं ए त्रिलोकने वश करवा करतां पण विकट कार्य छे; तेवा असंगपणाथी त्रिकाळ जे रह्या छे, एवां सत्पुरुषनां अंतःकरण, ते जोई अमे परमाश्चर्य पामी नमीए छीए.

हे परमात्मा! अमे तो एम ज मानीए छीए के आ काळमां पण जीवनो मोक्ष होय. तेम छतां जैन ग्रंथोमां क्वचित् प्रतिपादन थयुं छे ते प्रमाणे आ काळे मोक्ष न होय; तो आ क्षेत्रे ए प्रतिपादन तुं राख, अने अमने मोक्ष आपवा करतां सत्पुरुषना ज चरणनुं ध्यान करीए अने तेनी समीप ज रहीए एवो योग आप.

हे पुरुषपुराण! अमे तारामां अने सत्पुरुषमां कंई भेद होय एम समजता नथी; तारा करतां अमने तो सत्पुरुष ज विशेष लागे छे; कारण के तुं पण तेने आधीन ज रह्यो छे; अने अमे सत्पुरुषने ओळख्या विना तने ओळखी शक्या नहीं; ए ज तारुं दुर्घटपणुं अमने सत्पुरुष प्रत्ये प्रेम उपजावे छे. कारण के तुं वश छतां पण तेओ उन्मत्त नथी; अने ताराथी पण सरळ छे, माटे हवे तुं कहे तेम करीए?

हे नाथ! तारे खोटुं न लगाडवुं के अमे तारा करतां पण सत्पुरुषने विशेष स्तवीए छीए; जगत आखुं तने स्तवे छे; तो पछी अमे एक तारा सामा बेठा रहीशुं तेमां तेमने क्यां स्तवननी आकांक्षा छे; अने क्यां तने न्यूनपणुं पण छे?

ज्ञानी पुरुषो त्रिकाळनी वात जाणतां छतां प्रगट करता नथी, एम आपे पूछ्युं; ते संबंधमां एम जणाय छे के ईश्वरी इच्छा ज एवी छे के अमुक पारमार्थिक वात सिवाय ज्ञानी बीजी त्रिकाळिक वात प्रसिद्ध न करे; अने ज्ञानीनी पण अंतर-इच्छा तेवी ज जणाय छे. जेनी कोई पण प्रकारनी आकांक्षा नथी, एवा ज्ञानी पुरुषने कंई कर्तव्यरूप नहीं होवाथी जे कंई उदयमां आवे तेटलुं ज करे छे.

अमे तो कंई तेवुं ज्ञान धरावता नथी के जेथी त्रणे काळ सर्व प्रकारे जणाय, अने अमने एवा ज्ञाननो कंई विशेष लक्ष्ये नथी, अमने तो वास्तविक एवुं जे स्वरूप तेनी भक्ति अने असंगता, ए प्रिय छे. ए ज विज्ञापन.

---

# ३६

## मार्गानुसारिता (१)

[२५०/१७२]

अनंत काळथी पोताने पोता विषेनी ज भ्रांति रही गई छे; आ एक अवाच्य, अद्‌भुत विचारणानुं स्थळ छे. ज्यां मतिनी गति नथी, त्यां वचननी गति क्यांथी होय?

निरंतर उदासीनतानो क्रम सेववो; सत्पुरुषनी भक्ति प्रत्ये लीन थवुं; सत्पुरुषोनां चरित्रोनुं स्मरण करवुं; सत्पुरुषोनां लक्षणनुं चिंतन करवुं; सत्पुरुषोनी मुखाकृतिनुं हृदयथी अवलोकन करवुं; तेनां मन, वचन, कायानी प्रत्येक चेष्टानां अद्‌भुत रहस्यो फरी फरी निदिध्यासन करवां; तेओए सम्मत करेलुं सर्व सम्मत करवुं.

आ ज्ञानीओए हृदयमां राखेलुं, निर्वाणने अर्थे मान्य राखवा योग्य, श्रद्धवा योग्य, फरी फरी चिंतववा योग्य, क्षणे क्षणे, समये समये तेमां लीन थवा योग्य, परम रहस्य छे. अने ए ज सर्व शास्त्रनो, सर्व संतना हृदयनो, ईश्वरना घरनो मर्म पामवानो महा मार्ग छे. अने ए सघळानुं कारण कोई विद्यमान सत्पुरुषनी प्राप्ति, अने ते प्रत्ये अविचळ श्रद्धा ए छे.

अधिक शुं लखवुं? आजे, गमे तो काले, गमे तो लाख वर्षे अने गमे तो तेथी मोडे अथवा वहेले, ए ज सूझवे, ए ज प्राप्त थये छूटको छे. सर्व प्रदेशे मने तो ए ज सम्मत छे.

प्रसंगोपात्त पत्र लखवानो लक्ष राखीश. आपना प्रसंगीओमां ज्ञानवार्ता करता रहेशो. अने तेमने परिणामे लाभ थाय एम मळता रहेशो.

अंबालालथी आ पत्र अधिक समजवानुं बनी शकशे. आप तेनी विद्यमानताए पत्रनुं अवलोकन करशो. अने तेना तेम ज त्रिभोवन वगेरेना उपयोग माटे जोईए तो पत्रनी प्रति करवा आपशो.

---

## ३७
## मार्गानुसारिता (२)

[ ३७६/४५४ ]

ॐ

संसार स्पष्ट प्रीतिथी करवानी इच्छा थती होय तो ते पुरुषे ज्ञानीनां वचन सांभळ्यां नथी; अथवा ज्ञानीपुरुषनां दर्शन पण तेणे कर्यां नथी, एम तीर्थंकर कहे छे.

जेनी केडनो भंग थयो छे, तेनुं प्राये बधुं बळ परिक्षीण-पणाने भजे छे. जेने ज्ञानीपुरुषनां वचनरूप लाकडीनो प्रहार थयो छे ते पुरुषने विषे ते प्रकारे संसार संबंधी बळ होय छे, एम तीर्थंकर कहे छे.

ज्ञानीपुरुषने जोया पछी स्त्रीने जोई जो राग उत्पन्न थतो होय तो ज्ञानीपुरुषने जोया नथी, एम तमे जाणो.

ज्ञानीपुरुषनां वचनने सांभळ्या पछी स्त्रीनुं सजीवन शरीर अजीवनपणे भास्या विना रहे नहीं.

खरेखर पृथ्वीनो विकार धनादि संपत्ति भास्या विना रहे नहीं.

ज्ञानीपुरुष सिवाय तेनो आत्मा बीजे कयांय क्षणभर स्थायी थवाने विषे इच्छे नहीं.

ए आदि वचनो ते पूर्वे ज्ञानीपुरुषो मार्गानुसारी पुरुषने बोधता हता.

जे जाणीने, सांभळीने ते सरळ जीवो आत्माने विषे अवधारता हता.

प्राणत्याग जेवा प्रसंगने विषे पण ते वचनोने अप्रधान न करवा योग्य जाणता हता, वर्तता हता.

तम सर्व मुमुक्षुभाईओने अमारा भक्तिभावे नमस्कार पहोंचे. अमारो आवो उपाधिजोग जोई जीवमां कलेश पाम्या विना जेटलो बने तेटलो आत्मा-संबंधी अभ्यास वधारवानो विचार करजो.

सर्वथी स्मरणजोग वात तो घणी छे, तथापि संसारमां साव उदासीनता, परना अल्पगुणमां पण प्रीति, पोताना अल्पदोषने विषे पण अत्यंत कलेश, दोषना विलयमां अत्यंत वीर्यनुं स्फुरवुं, ए वातो सत्संगमां अखंड एक शरणागतपणे ध्यानमां राखवा योग्य छे. जेम बने तेम निवृत्तिकाळ, निवृत्तिक्षेत्र, निवृत्तिद्रव्य, अने निवृत्तिभावने भजजो. तीर्थंकर गौतम जेवा ज्ञानीपुरुषने पण संबोधता हता के समयमात्र पण प्रमाद योग्य नथी.

---

## अज्ञान अने दर्शन परिषह

[ ४३५/५३७ ]

### श्री सत्पुरुषोने नमस्कार

श्री स्थंभतीर्थवासी मुमुक्षुजनो प्रत्ये,

श्री मोहमयी भूमिथी . . . . . . ना आत्मस्मृतिपूर्वक यथायोग्य प्राप्त थाय. विशेष विनंति के मुमुक्षु अंबालालनुं लखेल पत्र १ आजे प्राप्त थयुं छे.

कृष्णदासने चित्तनी व्यग्रता जोईने, तमारां सौनां मनमां खेद रहे छे, तेम बनवुं स्वाभाविक छे. जो बने तो 'योग-वासिष्ठ' ग्रंथ त्रीजा प्रकरणथी तेमने वंचावशो, अथवा श्रवण करावशो; अने प्रवृत्तिक्षेत्रेथी जेम अवकाश मळे तथा सत्संग थाय तेम करशो. दिवसना भागमां तेवो वधारे वखत अवकाश लेवानुं बने तेटलो लक्ष राखवो योग्य छे.

समागमनी इच्छा सौ मुमुक्षुभाईओनी छे एम लख्युं ते विषे विचारीश. मागशर महिनाना छेला भागमां के पोष महिनाना आरंभमां घणुं करी तेवो योग थवो संभवे छे.

कृष्णदासे चित्तमांथी विक्षेपनी निवृत्ति करवा योग्य छे. केमके मुमुक्षु जीवने एटले विचारवान जीवने आ संसारने विषे अज्ञान सिवाय बीजो कोई भय होय नहीं. एक अज्ञाननी निवृत्ति इच्छवी ए रूप जे इच्छा ते सिवाय विचारवान जीवने बीजी इच्छा होय नहीं, अने पूर्वकर्मना बळे तेवो कोई उदय होय तोपण विचारवानना चित्तमां संसार कारागृह छे, समस्त लोक दुःखे करी आर्त्त छे, भयाकुल छे, रागद्वेषना प्राप्त

फळथी बळतो छे, एवो विचार निश्चयरूप ज वर्ते छे; अने ज्ञान-प्राप्तिनो कंई अंतराय छे, माटे ते कारागृहरूप संसार मने भयनो हेतु छे अने लोकनो प्रसंग करवा योग्य नथी, ए ज एक भय विचारवानने घटे छे.

महात्मा श्री तीर्थंकरे निर्ग्रंथने प्राप्तपरिषह सहन करवानी फरी फरी भलामण आपी छे. ते परिषहनुं स्वरूप प्रतिपादन करतां अज्ञानपरिषह अने दर्शनपरिषह एवा बे परिषह प्रतिपादन कर्या छे, के कोई उदययोगनुं बळवानपणुं होय अने सत्संग, सत्पुरुषनो योग थया छतां जीवने अज्ञाननां कारणो टाळवामां हिम्मत न चाली शकती होय, मुझवण आवी जती होय, तोपण धीरज राखवी; सत्संग, सत्पुरुषनो योग विशेष विशेष करी आराधवो; तो अनुक्रमे अज्ञाननी निवृत्ति थशे; केमके निश्चय जे उपाय छे, अने जीवने निवृत्त थवानी बुद्धि छे, तो पछी ते अज्ञान निराधार थयुं छतुं शी रीते रही शके? एक मात्र पूर्वकर्मयोग सिवाय त्यां कोई तेने आधार नथी. ते तो जे जीवने सत्संग, सत्पुरुषनो योग थयो छे अने पूर्वकर्मनिवृत्ति प्रत्ये प्रयोजन छे, तेने क्रमे करी टळवा ज योग्य छे, एम विचारी ते अज्ञानथी थतुं आकुळव्याकुळपणुं ते मुमुक्षुजीवे धीरजथी सहन करवुं, ए प्रामाणे परमार्थ कहीने परिषह कह्यो छे. अत्र अमे संक्षेपमां ते बेय परिषहनुं स्वरूप लख्युं छे. आ परिषहनुं स्वरूप जाणी सत्संग, सत्पुरुषना योगे, जे अज्ञानथी मुझवण थाय छे ते निवृत्त थशे एवो निश्चय राखी, यथाउदय जाणी, धीरज राखवानुं भगवान तीर्थंकरे कह्युं छे; पण ते धीरज एवा अर्थमां कही

नथी, के सत्संग सत्पुरुषना योगे प्रमाद हेतुए विलंब करवो ते धीरज छे, अने उदय छे, ते वात पण विचारवान जीवे स्मृतिमां राखवा योग्य छे.

श्री तीर्थंकरादिए फरी फरी जीवोने उपदेश कह्यो छे; पण जीव दिशामूढ रहेवा इच्छे छे त्यां उपाय प्रवर्ती शके नहीं. फरी फरी ठोकी ठोकीने कह्युं छे के एक आ जीव समजे तो सहज मोक्ष छे, नहीं तो अनंत उपाये पण नथी. अने ते समजवुं पण कंई विकट नथी, केमके जीवनुं सहज जे स्वरूप छे ते ज मात्र समजवुं छे; अने ते कंई बीजाना स्वरूपनी वात नथी के वखते ते गोपवे के न जणावे, तेथी समजवी न बने. पोताथी पोते गुप्त रहेवानुं शी रीते बनवा योग्य छे? पण स्वप्नदशामां जेम न बनवा योग्य एवुं पोतानुं मृत्यु पण जीव जुए छे, तेम अज्ञानदशारूप स्वप्नरूपयोगे आ जीव पोताने, पोतानां नहीं एवां बीजां द्रव्यने विषे स्वपणे माने छे; अने ए ज मान्यता ते संसार छे, ते ज अज्ञान छे, नरकादि गतिनो हेतु ते ज छे, ते ज जन्म छे, मरण छे अने ते ज देह छे, देहना विकार छे, ते ज पुत्र, ते ज पिता, ते ज शत्रु, ते ज मित्रादि भाव कल्पनाना हेतु छे, अने तेनी निवृत्ति थई त्यां सहज मोक्ष छे; अने ए ज निवृत्तिने अर्थे सत्संग, सत्पुरुषादि साधन कह्यां छे अने ते साधन पण जीव जो पोताना पुरुषार्थने तेमां गोपव्या सिवाय प्रवर्तावे तो ज सिद्ध छे. वधारे शुं कहीए? आटलो ज संक्षेप जीवमां परिणाम पामे तो ते सर्व व्रत, यम, नियम, जप, यात्रा, भक्ति, शास्त्रज्ञान आदि करी छूटचो एमां कंई संशय नथी. ए ज विनंति.

---

## ३९

# भक्तिमार्गनी प्रधानता (१)

[५०४/६९३]

जेने मृत्युनी साथे मित्रता होय, अथवा जे मृत्युथी भागी छूटी शके एम होय, अथवा हुं नहीं ज मरुं एम जेने निश्चय होय, ते भले सुखे सूए.

— श्री तीर्थंकर—छजीवनिकाय अध्ययन.

ज्ञानमार्ग दुराराध्य छे; परमावगाढदशा पाम्या पहेलां ते मार्गे पडवानां घणां स्थानक छे. संदेह, विकल्प, स्वच्छंदता, अतिपरिणामीपणुं ए आदि कारणो वारंवार जीवने ते मार्गे पडवाना हेतुओ थाय छे; अथवा ऊर्ध्वभूमिका प्राप्त थवा देतां नथी.

क्रियामार्गें असद्‌अभिमान, व्यवहारआग्रह, सिद्धिमोह, पूजासत्कारादि योग, अने दैहिकक्रियामां आत्मनिष्ठादि दोषोनो संभव रह्यो छे.

कोईक महात्माने बाद करतां घणा विचारवान जीवोए भक्तिमार्गनो ते ज कारणोथी आश्रय कर्यो छे, अने आज्ञाश्रितपणुं अथवा परमपुरुष सद्‌गुरुने विषे सर्वार्पण स्वाधीनपणुं शिरसावंद्य दीठुं छे, अने तेम ज वर्त्या छे, तथापि तेवो योग प्राप्त थवो जोईए; नहीं तो चिंतामणि जेवो जेनो एक समय छे एवो मनुष्यदेह ऊलटो परिभ्रमणवृद्धिनो हेतु थाय.

---

## ४०
# भक्तिमार्गनी प्रधानता (२)

[४९१/६६७]

महात्मा बुद्ध (गौतम) जरा, दारिद्रय, रोग अने मृत्यु ए चारने एक आत्मज्ञान विना अन्य सर्व उपाये अजित देखी, जेने विषे तेनी उत्पत्तिनो हेतु छे, एवा संसारने छोडीने चाल्या जता हवा. श्री ऋषभादि अनंत ज्ञानीपुरुषोए ए ज उपाय उपास्यो छे; अने सर्व जीवोने ते उपाय उपदेश्यो छे. ते आत्मज्ञान दुर्गम्य प्राये देखीने निष्कारण करुणाशील एवा ते सत्पुरुषोए भक्तिमार्ग प्रकाश्यो छे, जे सर्व अशरणने निश्चळ शरणरूप छे, अने सुगम छे.

---

## ४१
# पराभक्ति

*　　　*　　　*

[२७६/२२३]

परमात्मा अने आत्मानुं एकरूप थई जवुं (!) ते पराभक्तिनी छेवटनी हद छे. एक ए ज लय रहेवी ते पराभक्ति छे. परममहात्म्या गोपांगनाओ महात्मा वासुदेवनी भक्तिमां ए ज प्रकारे रही हती; परमात्माने निरंजन अने निर्देहरूपे चिंतव्ये जीवने ए लय आववी विकट छे, एटला माटे जेने परमात्मानो साक्षात्कार थयो छे, एवो देहधारी परमात्मा ते पराभक्तिनुं परम कारण छे. ते ज्ञानीपुरुषनां सर्व चरित्रमां ऐक्यभावनो

लक्ष थवाथी तेना हृदयमां विराजमान परमात्मानो ऐक्यभाव होय छे; अने ए ज पराभक्ति छे. ज्ञानीपुरुष अने परमात्मामां अंतर ज नथी; अने जे कोई अंतर माने छे, तेने मार्गनी प्राप्ति परम विकट छे. ज्ञानी तो परमात्मा ज छे; अने तेना ओळखाण विना परमात्मानी प्राप्ति थई नथी, माटे सर्वप्रकारे भक्ति करवा योग्य एवी देहधारी दिव्य मूर्ति ज्ञानीरूप परमात्मानी—ने नमस्काराादि भक्तिथी मांडी पराभक्तिना अंत सुधी एक लये आराधवी, एवो शास्त्रलक्ष छे. परमात्मा आ देहधारीरूपे थयो छे एम ज ज्ञानीपुरुष प्रत्ये जीवने बुद्धि थये भक्ति ऊगे छे, अने ते भक्ति क्रमे करी पराभक्तिरूप होय छे. आ विषे श्रीमद्भागवतमां भगवद्-गीतामां घणा भेद प्रकाशित करी ए ज लक्ष्य प्रशंस्यो छे; अधिक शुं कहेवुं? ज्ञानी तीर्थंकरदेवमां लक्ष थवा जैनमां पण पंचपरमेष्टि मंत्रमां "नमो अरिहंताणं" पद पछी सिद्धने नमस्कार कर्यो छे; ए ज भक्ति माटे एम सूचवे छे के प्रथम ज्ञानीपुरुषनी भक्ति; अने ए ज परमात्मानी प्राप्ति अने भक्तिनुं निदान छे.

* * *

---

## ४२

## ब्राह्मी वेदना

[२८३/२४१]

जेने लागी छे तेने ज लागी छे अने तेणे ज जाणी छे; ते ज "पियु पियु" पोकारे छे. ए ब्राह्मी वेदना कही केम जाय? के ज्यां वाणीनो प्रवेश नथी. वधारे शुं कहेवुं?

लागी छे तेने ज लागी छे. तेना ज चरणसंगथी लागे छे; अने लागे छे त्यारे ज छूटको होय छे. ए विना बीजो सुगम मोक्षमार्ग छे ज नहीं. तथापि कोई प्रयत्न करतुं नथी! मोह बळवान छे!

---

४३.

## भक्ति माहात्म्य

[२९५/२६३]

वियोगथी थयेला ताप विषेनुं तमारुं एक पत्र चारेक दिवस पहेलां प्राप्त थयुं हतुं. तेमां दर्शावेली इच्छा विषे टूंका शब्दोमां जणाववा जेटलो वखत छे, ते ए के तमने जेवी ज्ञाननी जिज्ञासा छे तेवी भक्तिनी नथी. भक्ति, प्रेमरूप विना ज्ञान शून्य ज छे; तो पछी तेने प्राप्त करीने शुं करवुं छे? जे अटक्युं ते योग्यतानी कचाशने लीधे. अने ज्ञानी करतां ज्ञानमां वधारे प्रेम राखो छो तेने लीधे. ज्ञानी पासे ज्ञान इच्छवुं ते करतां बोधस्वरूप समजी भक्ति इच्छवी ए परम फळ छे. वधारे शुं कहीए?

मन, वचन, कायाथी तमारो कोई पण दोष थयो होय, तो दीनतापूर्वक क्षमा मागुं छुं. ईश्वर कृपा करे तेने कळियुगमां ए पदार्थनी प्राप्ति थाय. महा विकट छे. आवती काले अहींथी रवाना थई ववाणिया भणी जवुं धार्युं छे.

---

# २
# भक्ति कर्तव्य

## १
## सद्‌गुरु महिमा

[ ६३४/८७५ ]

ॐ

अहो सत्पुरुषनां वचनामृत, मुद्रा अने
सत्समागम !
सुषुप्त चेतनने जागृत करनार,
पडती वृत्तिने स्थिर राखनार,
दर्शन मात्रथी पण निर्दोष
अपूर्व स्वभावने प्रेरक,
स्वरूपप्रतीति, अप्रमत्त संयम,
अने
पूर्ण वीतराग निर्विकल्प स्वभावनां
कारणभूत;–
छेल्ले
अयोगी स्वभाव प्रगट करी
अनंत अव्याबाध स्वरूपमां
स्थिति करावनार !
त्रिकाळ जयवंत वर्तो !
ॐ शांतिः शांतिः शांतिः

---

## २
## जिनवाणी स्तुति

[१३१/१०७]

मनहर छंद

अनंत अनंत भाव भेदथी भरेली भली,
अनंत अनंत नय निक्षेपे व्याख्यानी छे;
सकल जगत हितकारिणी हारिणी मोह,
तारिणी भवाब्धि मोक्षचारिणी प्रमाणी छे;
उपमा आप्यानी जेने तमा राखवी ते व्यर्थ,
आपवाथी निज मति मपाई में मानी छे;
अहो! राजचंद्र, बाळ ख्याल नथी पामता ए,
जिनेश्वर तणी वाणी जाणी तेणे जाणी छे. १

---

## ३
## प्रभुप्रार्थना

[२९५/२६४]

हे प्रभु, हे प्रभु, शुं कहुं, दीनानाथ दयाळ;
हुं तो दोष अनंतनुं, भाजन छुं करुणाळ. १

शुद्ध भाव मुजमां नथी, नथी सर्व तुजरूप;
नथी लघुता के दीनता, शुं कहुं परमस्वरूप? २

नथी आज्ञा गुरुदेवनी, अचळ करी उरमांही;
आप तणो विश्वास दृढ, ने परमादर नाहीं. ३

जोग नथी सत्संगनो, नथी सत्सेवा जोग;
केवळ अर्पणता नथी, नथी आश्रय अनुयोग. ४

'हुं पामर शुं करी शकुं?' एवो नथी विवेक;
चरण शरण धीरज नथी, मरण सुधीनी छेक. ५

अचिंत्य तुज माहात्म्यनो, नथी प्रफुल्लित भाव;
अंश न एके स्नेहनो, न मळे परम प्रभाव. ६

अचळरूप आसक्ति नहि, नहीं विरहनो ताप,
कथा अलभ तुज प्रेमनी, नहि तेनो परिताप. ७

भक्तिमार्ग प्रवेश नहि, नहीं भजन दृढ भान;
समज नहीं निज धर्मनी, नहि शुभ देशे स्थान. ८

काळदोष कळिथी थयो, नहि मर्यादाधर्म;
तोये नहीं व्याकुळता, जुओ प्रभु मुज कर्म. ९

सेवाने प्रतिकूळ जे, ते बंधन नथी त्याग;
देहेंद्रिय माने नहीं, करे बाह्य पर राग. १०

तुज वियोग स्फुरतो नथी, वचन नयन यम नाहीं;
नहि उदास अनभक्तथी, तेम गृहादिक मांहीं. ११

अहंभावथी रहित नहि, स्वधर्म संचय नाहीं;
नथी निवृत्ति निर्मळपणे, अन्य धर्मनी कांई. १२

एम अनंत प्रकारथी, साधन रहित हुंय;
नहीं एक सद्गुण पण, मुख बतावुं शुंय? १३

केवळ करुणामूर्ति छो, दीनबंधु दीननाथ;
पापी परम अनाथ छुं, ग्रहो प्रभुजी हाथ. १४

अनंत काळथी आथड्यो, विना भान भगवान;
सेव्या नहि गुरु संतने, मूक्युं नहि अभिमान. १५

संत चरण आश्रय विना, साधन कर्यां अनेक;
पार न तेथी पामियो, ऊग्यो न अंश विवेक. १६

सहु साधन बंधन थयां, रह्यो न कोई उपाय;
सत् साधन समज्यो नहीं, त्यां बंधन शुं जाय? १७

प्रभु प्रभु लय लागी नहीं, पड्यो न सद्गुरु पाय;
दीठा नहि निज दोष तो, तरीए कोण उपाय? १८

अधमाधम-अधिको पतित, सकल जगतमां हुंय;
ए निश्चय आव्या विना, साधन करशे शुंय? १९

पडी पडी तुज पदपंकजे, फरी फरी मागुं ए ज;
सद्गुरु संत स्वरूप तुज, ए दृढता करी दे ज.* २०

---

## *श्री सत्पुरुषने नमस्कार

[४३३/५३४]

आ जीव अत्यंत मायाना आवरणे दिशामूढ थयो छे, अने ते योगे करी तेनी परमार्थदृष्टि उदय प्रकाशती नथी. अपरमार्थने विषे परमार्थनो दृढाग्रह थयो छे; अने तेथी बोध प्राप्त थवाना योगे पण तेमां बोध प्रवेश थाय एवो भाव स्फुरतो नथी, ए आदि जीवनी विषम दशा कही, प्रभुप्रत्ये दीनत्व कह्युं छे के, 'हे नाथ! हवे मारी कोई गति (मार्ग) मने देखाती नथी. केमके सर्वस्व लूंटाया जेवो योग में कर्यो छे, अने सहज ऐश्वर्य छतां, प्रयत्न कर्ये छते, ते ऐश्वर्यथी विपरीत एवा ज मार्ग में आचर्या छे, ते ते योगथी मारी निवृत्ति कर, अने ते निवृत्तिनो सर्वोत्तम सदुपाय एवो जे सद्गुरु प्रत्येनो शरणभाव ते उत्पन्न थाय, एवी कृपा कर.' एवा भावना

## ४

# कैवल्य बीज

[२९६/२६५]

ॐ

सत्

तोटक छंद

यमनियम संजम आप कियो,
पुनि त्याग बिराग अथाग लह्यो;
वनवास लियो मुख मौन रह्यो,
दृढ आसन पद्म लगाय दियो. १

---

वीश दोहराके जेमां प्रथम वाक्य 'हे प्रभु! हे प्रभु! शुं कहुं? दीनानाथ दयाळ' छे, ते दोहरा तमने स्मरणमां हशे. ते दोहरानी विशेष अनुप्रेक्षा थाय तेम करशो तो विशेष गुणावृत्तिनो हेतु छे.

बीजा आठ त्रोटक छंद ते साथे अनुप्रेक्षा करवा योग्य छे, के जेमां आ जीवने शुं आचरवुं बाकी छे, अने जे जे परमार्थने नामे आचरण कर्यां ते अत्यार सुधी वृथा थयां, ने ते आचरणने विषे मिथ्याग्रह छे ते निवृत्त करवानो बोध कह्यो छे, ते पण अनुप्रेक्षा करतां जीवने पुरुषार्थ विशेषनो हेतु छे.

'योगवासिष्ठ'नी वांचना पूरी थई होय तो थोडो वखत तेनो अवकाश राखी एटले हमणां फरी वांचवानुं बंध राखी 'उत्तराध्ययन-सूत्र' विचारशो; पण ते कुळसंप्रदायना आग्रहार्थे निवृत्त करवाने विचारशो, केमके जीवने कुळयोगे संप्रदाय प्राप्त थयो होय छे ते परमार्थरूप छे के केम? एम विचारतां दृष्टि चालती नथी; अने सहेजे ते ज परमार्थ मानी राखी जीव परमार्थथी चूके छे; माटे मुमुक्षु जीवने तो एम ज कर्त्तव्य छे के जीवने सद्गुरुयोगे कल्याणनी प्राप्ति अल्पकाळमां थाय तेनां साधन, वैराग्य अने उपशमार्थे 'योगवासिष्ठ' उत्तराध्ययनादि' विचारवा योग्य छे, तेम ज प्रत्यक्ष पुरुषनां वचननुं निराबाधपणुं, पूर्वापर अविरोधपणुं जाणवाने अर्थे विचारवायोग्य छे.

मन पौन निरोध स्वबोध कियो
हठजोग प्रयोग सु तार भयो;
जप भेद जपे तपत्यौंहि तपे,
उरसेंहि उदासी लहि सबपैं. २

सब शास्त्रन के नय धारी हिये,
मत मंडन खंडन भेद लिये;
वह साधन बार अनंत कियो,
तदपि कछु हाथ हजु न पर्यो. ३

अब क्यौं न बिचारत है मनसें,
कछु और रहा उन साधनसें?
बिन सद्गुरु कोय न भेद लहे,
मुख आगल हैं कह बात कहे? ४

करुना हम पावत हे तुमकी,
वह बात रही सगुरु गमकी;
पलमें प्रगटे मुख आगलसें,
जब सद्गुरुचर्न सुप्रेम बसे. ५

तनसें, मनसें, धनसें, सबसें,
गुरुदेवकी आन स्वआत्म बसें;
तब कारज सिद्ध बने अपनो,
रस अमृत पावहि प्रेम घनो. ६

वह सत्य सुधा दरसावहिंगे,
चतुरांगुल हे दृगसे मिलहे;
रस देव निरंजन को पिवही
गहि जोग जुगोजुग सो जीवहि. ७

पर प्रेम प्रवाह बढे प्रभुसें,
सब आगमभेद सुउर बसें;
वह केवलको बीज ग्यानि कहे,
निजको अनुभौ बतलाई दिये. ८

---

## ५

## क्षमापना

[ ९८/५६ ]

हे भगवान! हुं बहु भूली गयो, में तमारां अमूल्य वचनने लक्षमां लीधां नहीं. तमारां कहेलां अनुपम तत्त्वनो में विचार कर्यो नहीं. तमारा प्रणीत करेला उत्तम शीलने सेव्युं नहीं. तमारां कहेलां दया, शांति, क्षमा अने पवित्रता में ओळख्यां नहीं. हे भगवन्! हुं भूल्यो, आथडचो, रझळचो अने अनंत संसारनी विटम्बनामां पडचो छुं. हुं पापी छुं. हुं बहु मदोन्मत्त अने कर्मरजथी करीने मलिन छुं. हे परमात्मा! तमारां कहेलां तत्त्व विना मारो मोक्ष नथी. हुं निरंतर प्रपंचमां पडचो छुं. अज्ञानथी अंध थयो छुं, मारामां विवेकशक्ति

नथी अने हुं मूढ छुं, हुं निराश्रित छुं, अनाथ छुं. निरागी परमात्मा! हुं हवे तमारुं, तमारा धर्मनुं अने तमारा मुनिनुं शरण ग्रहुं छुं. मारा अपराध क्षय थई हुं ते सर्व पापथी मुक्त थउं ए मारी अभिलाषा छे. आगळ करेलां पापोनो हुं हवे पश्चात्ताप करुं छुं. जेम जेम हुं सूक्ष्म विचारथी ऊंडो उतरुं छुं तेम तेम तमारा तत्त्वना चमत्कारो मारा स्वरूपनो प्रकाश करे छे. तमे निरागी, निर्विकारी; सत्चिदानंस्वरूप, सहजानंदी, अनंतज्ञानी, अनंतदर्शी अने त्रैलोक्यप्रकाशक छो. हुं मात्र मारा हितने अर्थे तमारी साक्षीए क्षमा चाहुं छुं. एक पळ पण तमारां कहेलां तत्त्वनी शंका न थाय, तमारा कहेला रस्तामां अहोरात्र हुं रहुं, ए ज मारी आकांक्षा अने वृत्ति थाओ? हे सर्वज्ञ भगवान! तमने हुं विशेष शुं कहुं? तमाराथी कंई अजाण्युं नथी. मात्र पश्चात्तापथी हुं कर्मजन्य पापथी क्षमा इच्छुं छुं.—ॐ शांतिः शांतिः शांतिः

---

## ६

## आलोचना

[२२१/१२८]

प्रथम संवत्सरी अने ए दिवस पर्यंत संबंधीमां कोई पण प्रकारे तमारो अविनय, आशातना, असमाधि मारा मन, वचन, कायाना कोई पण योगाध्यवसायथी थई होय तेने माटे पुनः पुनः क्षमावुं छुं.

अंतर्ज्ञानथी स्मरण करतां एवो कोई काळ जणातो नथी वा सांभरतो नथी के जे काळमां, जे समयमां आ जीवे

परिभ्रमण न कर्युं होय, संकल्प-विकल्पनुं रटण न कर्युं होय, अने ए वडे 'समाधि' न भूल्यो होय. निरंतर ए स्मरण रह्या करे छे, अने ए महा वैराग्यने आपे छे.

वळी स्मरण थाय छे के ए परिभ्रमण केवळ स्वच्छंदथी करतां जीवने उदासीनता केम न आवी? बीजा जीवो परत्वे क्रोध करतां, मान करतां, माया करतां, लोभ करतां के अन्यथा करतां ते माठुं छे एम यथायोग्य कां न जाण्युं? अर्थात् एम जाणवुं जोईतुं हतुं, छतां न जाण्युं ए वळी फरी परिभ्रमण करवानो वैराग्य आपे छे.

वळी स्मरण थाय छे के जेना विना एक पळ पण हुं नहीं जीवी शकुं एवा केटलाक पदार्थो (स्त्रीआदिक) ते अनंत वार छोडतां, तेनो वियोग थयां अनंत काळ पण थई गयो; तथापि तेना विना जिवायुं ए कंई थोडुं आश्चर्यकारक नथी. अर्थात् जे जे वेळा तेवो प्रीतिभाव कर्यो हतो ते ते वेळा ते कल्पित हतो. एवो प्रीतिभाव कां थयो? ए फरी फरी वैराग्य आपे छे.

वळी जेनुं मुख कोई काळे पण नहीं जोउं; जेने कोई काळे हुं ग्रहण नहीं ज करुं; तेने घेर पुत्रपणे, स्त्रीपणे, दासपणे, दासीपणे, नाना जंतुपणे शा माटे जन्म्यो? अर्थात् एवा द्वेषथी एवा रूपे जन्मवुं पडयुं! अने तेम करवानी तो इच्छा नहोती! कहो ए स्मरण थतां आ कलेषित आत्मा परत्वे जुगुप्सा नहीं आवती होय? अर्थात् आवे छे.

वधारे शुं कहेवुं ? जे जे पूर्वनां भवांतरे भ्रांतिपणे भ्रमण कर्युं; तेनुं स्मरण थतां हवे केम जीववुं ए चिंतना थई पडी छे. फरी न ज ज़न्मवुं अने फरी एम न ज करवुं एवुं दृढत्व आत्मामां प्रकाशे छे. पण केटलीक निरुपायता छे त्यां केम करवुं ? जे दृढता छे ते पूर्ण करवी; जरूर पूर्ण पडवी ए ज रटण छे, पण जे कंई आडुं आवे छे, ते कोरे करवुं पडे छे, अर्थात् खसेडवुं पडे छे, अने तेमां काळ जाय छे. जीवन चाल्युं जाय छे, एने न जवा देवुं, ज्यां सुधी यथायोग्य जय न थाय त्यां सुधी, एम दृढता छे तेनुं केम करवुं ? कदापि कोई रीते तेमांनुं कंई करीए तो तेवुं स्थान क्यां छे के ज्यां जईने रहीए ? अर्थात् तेवा संतो क्यां छे, के ज्यां जईने ए दशामां बेसी तेनुं पोषण पामीए ? त्यारे हवे केम करवुं ?

"गमे तेम हो, गमे तेटलां दुःख वेठो, गमे तेटला परिषह सहन करो, गमे तेटला उपसर्ग सहन करो, गमे तेटली व्याधिओ सहन करो, गमे तेटली उपाधिओ आवी पडो, गमे तेटली आधिओ आवी पडो, गमे तो जीवनकाळ एक समय मात्र हो, अने दुर्निमित्त हो, पण एम करवुं ज.

"त्यां सुधी हे जीव ! छूटको नथी."

आम नेपथ्यमांथी उत्तर मळे छे, अने ते यथायोग्य लागे छे.

क्षणे क्षणे पलटाती स्वभाववृत्ति नथी जोईती. अमुक काळ सुधी शून्य सिवाय कंई नथी जोईतुं; ते न होय तो अमुक काळ सुधी संत सिवाय कंई नथी जोईतुं; ते न होय

तो अमुक काळ सुधी सत्संग सिवाय कंई नथी जोईतुं; ते न होय तो आर्याचरण (आर्य पुरुषोए करेलां आचरण) सिवाय कंई नथी जोईतुं; ते न होय तो जिनभक्तिमां अति शुद्ध भावे लीनता सिवाय कंई नथी जोईतुं; ते न होय तो पछी मागवानी इच्छा पण नथी.

गम पड्या विना आगम अनर्थकारक थई पडे छे. सत्संग विना ध्यान ते तरंगरूप थई पडे छे. संत विना अंतनी वातमां अंत पमातो नथी. लोकसंज्ञाथी लोकाग्रे जवातुं नथी. लोकत्याग विना वैराग्य यथायोग्य पामवो दुर्लभ छे.

"ए कंई खोटुं छे?" शुं?

परिभ्रमण करायुं ते करायुं. हवे तेनां प्रत्याख्यान लईए तो?

लई शकाय.

ए पण आश्चर्यकारक छे.

अत्यारे ए ज. फरी योगवाइए मलीशुं.

ए ज विज्ञापन.

---

## ७

## षट्पद विवेक अने सद्गुरुभक्ति रहस्य

[ ३९४/४९३ ]

### अनन्य शरणना आपनार एवा श्री. सद्गुरुदेवने अत्यंत भक्तिथी नमस्कार

शुद्ध आतमस्वरूपने पाम्या छे एवा ज्ञानीपुरुषोए नीचे कह्यां छे ते छ पदने सम्यग्दर्शनना निवासनां सर्वोत्कृष्ट स्थानक कह्यां छे.

# षट्पद विवेक

प्रथम पद :—'आत्मा छे.' जेम घटपटआदि पदार्थो छे, तेम आत्मा पण छे. अमुक गुण होवाने लीधे जेम घटपटआदि होवानुं प्रमाण छे; तेम स्वपरप्रकाशक एवी चैतन्यसत्तानो प्रत्यक्ष गुण जेने विषे छे एवो आत्मा होवानुं प्रमाण छे.

बीजुं पद :—'आत्मा नित्य छे.' घटपटआदि प्रदार्थो अमुक काळवर्ती छे. आत्मा त्रिकाळवर्ती छे. घटपटादि संयोगे करी पदार्थ छे. आत्म स्वभावे करीने पदार्थ छे; केम के तेनी उत्पत्ति माटे कोई पण संयोगो अनुभवयोग्य थता नथी. कोई पण संयोगी द्रव्यथी चेतनसत्ता प्रगट थवा योग्य नथी, माटे अनुत्पन्न छे. असंयोगी होवाथी अविनाशी छे, केम के जेनी कोई संयोगथी उत्पत्ति न होय, तेनो कोईने विषे लय पण होय नहीं.

त्रीजुं पद :—'आत्मा कर्त्ता छे.' सर्व प्रदार्थ अर्थ-क्रियासंपन्न छे. कंई ने कंई परिणामक्रिया सहित ज सर्व पदार्थ जोवामां आवे छे. आत्मा पण क्रियासंपन्न छे. क्रियासंपन्न छे, माटे कर्त्ता छे. ते कर्त्तापणुं त्रिविध श्री जिने विवेच्युं छे; परमार्थथी स्वभावपरिणतिए निजस्वरूपनो कर्त्ता छे. अनुपचरित (अनुभवमां आववायोग्य, विशेष संबंधसहित) व्यवहारथी ते आत्मा द्रव्यकर्मनो कर्त्ता छे. उपचारथी घर, नगर आदिनो कर्त्ता छे.

चोथुं पद :— 'आत्मा भोक्ता छे.' जे जे कंई क्रिया छे ते ते सर्व सफळ छे, निरर्थक नथी. जे कंई पण करवामां आवे तेनुं फळ भोगववामां आवे एवो प्रत्यक्ष अनुभव छे. विष

खाधाथी विषनुं फळ; साकर खावाथी साकरनुं फळ अग्निस्पर्शथी ते अग्निस्पर्शनुं फळ; हिमने स्पर्श करवाथी हिमस्पर्शनुं जेम फळ थया विना रहेतुं नथी, तेम कषायादि के अकषायादि जे कंई पण परिणामे आत्मा प्रवर्ते तेनुं फळ पण थवा योग्य ज छे, अने ते थाय छे. ते क्रियानो आत्मा कर्त्ता होवाथी भोक्ता छे.

पांचमुं पद :—' मोक्षपद छे. ' जे अनुपचरित व्यवहारथी जीवने कर्मनुं कर्त्तापणुं निरूपण कर्युं, कर्त्तापणुं होवाथी भोक्तापणुं निरूपण कर्युं, ते कर्मनुं टळवापणुं पण छे; केम के प्रत्यक्ष कषायादिनुं तीव्रपणुं होय पण तेना अनभ्यासथी, तेना अपरिचयथी, तेने उपशम करवाथी, तेनुं मंदपणुं देखाय छे, ते क्षीण थवा योग्य देखाय छे, क्षीण थई शके छे. ते ते बंधभाव क्षीण थई शकवायोग्य होवाथी तेथी रहित एवो जे शुद्ध आत्मस्वभाव ते रूप मोक्षपद छे.

छठ्ठुं पद :—ते ' मोक्षनो उपाय छे.' जो कदी कर्मबंधमात्र थया करे एम ज होय, तो तेनी निवृत्ति कोई काळे संभवे नहीं; पण कर्मबंधथी विपरीत स्वभाववाळां एवां ज्ञान, दर्शन, समाधि, वैराग्य, भक्त्यादि साधन प्रत्यक्ष छे, जे साधनना बळे कर्मबंध शिथिल थाय छे, उपशम पामे छे, क्षीण थाय छे. माटे ते ज्ञान, दर्शन, संयमादि मोक्षपदना उपाय छे.

श्री ज्ञानीपुरुषोए सम्यक्‌दर्शनना मुख्य निवासभूत कह्यां एवां आ छ पद अत्रे संक्षेपमां जणाव्यां छे. समीपमुक्तिगामी

जीवने सहज विचारमां ते सप्रमाण थवायोग्य छे, परम निश्चयरूप जणावायोग्य छे, तेनो सर्व विभागे विस्तार थई तेना आत्मामां विवेक थवायोग्य छे, आ छ पद अत्यंत संदेहरहित छे, एम परमपुरुषे निरूपण कर्युं छे. ए छ पदनो विवेक जीवने स्वस्वरूप समजवाने अर्थे कह्यो छे. अनादि स्वप्नदशाने लीधे उत्पन्न थयेलो एवो जीवनो अहंभाव, ममत्वभाव ते निवृत्त थवाने अर्थे आ छ पदनी ज्ञानीपुरुषोए देशना प्रकाशी छे. ते स्वप्नदशाथी रहित मात्र पोतानुं स्वरूप छे, एम जो जीव परिणाम करे, तो सहजमात्रमां ते जागृत थई सम्यक्दर्शनने प्राप्त थाय; सम्यक्दर्शनने प्राप्त थई स्वस्वभावरूप मोक्षने पामे. कोई विनाशी, अशुद्ध अने अन्य एवा भावने विषे तेने हर्ष, शोक, संयोग, उत्पन्न न थाय. ते विचारे स्वस्वरूपने विषे ज शुद्धपणुं, संपूर्णपणुं, अविनाशीपणुं, अत्यंत आनंदपणुं, अंतररहित तेना अनुभवमां आवे छे. सर्व विभागपर्यायमां मात्र पोताने अध्यासथी ऐक्यता थई छे, तेथी केवळ पोतानुं भिन्नपणुं ज छे. एम स्पष्ट—प्रत्यक्ष—अत्यंत प्रत्यक्ष—अपरोक्ष तेने अनुभव थाय छे. विनाशी अथवा अन्य पदार्थना संयोगने विषे तेने इष्टअनिष्टपणुं प्राप्त थतुं नथी. जन्म, जरा, मरण, रोगादि बाधारहित संपूर्ण माहात्म्यनुं ठेकाणुं एवुं निजस्वरूप जाणी, वेदी ते कृतार्थ थाय छे. जे जे पुरुषोने ए छ पद सप्रमाण एवां परम पुरुषनां वचने आत्मानो निश्चय थयो छे, ते ते पुरुषो सर्व स्वरूपने पाम्या छे; आधि, व्याधि, उपाधि, सर्व संगथी रहित थया छे, थाय छे; अने भाविकाळमां पण तेम ज थशे.

## (सद्‌गुरुभक्ति रहस्य)

जे सत्पुरुषोए जन्म, जरा, मरणना नाश करवावाळा, स्वस्वरूपमां सहज अवस्थान थवानो उपदेश कह्यो छे, ते सत्पुरुषोने अत्यंत भक्तिथी नमस्कार छे. तेनी निष्कारण करुणाने नित्य प्रत्ये निरंतर स्तववामां पण आत्मस्वभाव प्रगटे छे, एवा सर्व सत्पुरुषो, तेना चरणारविंद सदाय हृदयने विषे स्थापन रहो !

जे छ पदथी सिद्ध छे एवुं आत्मस्वरूप ते जेनां वचनने अंगीकार कर्ये सहजमां प्रगटे छे, जे आत्मस्वरूप प्रगटवाथी सर्वकाळ जीव संपूर्ण आनंदने प्राप्त थई निर्भय थाय छे, ते वचनना कहेनार एवा सत्पुरुषना गुणनी व्याख्या करवाने अशक्ति छे, केम के जेनो प्रत्युपकार न थई शके एवो परमात्मभाव ते जाणे कंई पण इच्छया विना मात्र निष्कारण करुणाशीलताथी आप्यो, एम छतां पण जेणे अन्य जीवने विषे आ मारो शिष्य छे, अथवा भक्तिनो कर्त्ता छे, माटे मारो छे, एम कदी जोयुं नथी, एवा जे सत्पुरुष तेने अत्यंत भक्तिए फरी फरी नमस्कार हो !

जे सत्पुरुषोए सद्‌गुरुनी भक्ति निरूपण करी छे, ते भक्ति मात्र शिष्यना कल्याणने अर्थे कही छे. जे भक्तिने प्राप्त थवाथी सद्‌गुरुना आत्मानी चेष्टाने विषे वृत्ति रहे, अपूर्व गुण दृष्टिगोचर थई अन्य स्वच्छंद मटे, अने सहेजे आत्मबोध थाय एम जाणीने जे भक्तिनुं निरूपण कर्युं छे, ते भक्तिने अने ते सत्पुरुषोने फरी फरी त्रिकाळ नमस्कार हो !

जो कदी प्रगटपणे वर्तमानमां केवळज्ञाननी उत्पत्ति थई नथी, पण जेना वचनना विचारयोगे शक्तिपणे केवळज्ञान छे एम स्पष्ट जाण्युं छे, श्रद्धापणे केवळज्ञान थयुं छे, विचार-दशाए केवळज्ञान थयुं छे, इच्छादशाए केवळज्ञान थयुं छे, मुख्य नयना हेतुथी केवळज्ञान वर्ते छे, ते केवळज्ञान सर्व अव्याबाध सुखनुं प्रगट करनार, जेना योगे सहजमात्रमां जीव पामवा योग्य थयो, ते सत्पुरुषना उपकारने सर्वोत्कृष्ट भक्तिए नमस्कार हो! नमस्कार हो!!

---

## ८
## धर्मनिष्ठा

[४०६/५०५]

ॐ

वीतरागनो कहेलो परम शांत रसमय धर्म पूर्ण सत्य छे, एवो निश्चय राखवो. जीवना अनअधिकारीपणाने लीधे तथा सत्पुरुषना योग विना समजातुं नथी; तोपण तेना जेवुं जीवने संसार-रोग मटाडवाने बीजुं कोई पूर्ण हितकारी औषध नथी, एवुं वारंवार चिंतवन करवुं.

आ परम तत्त्व छे, तेनो मने सदाय निश्चय रहो; ए यथार्थ स्वरूप मारा हृदयने विषे प्रकाश करो, अने जन्ममरणादि बंधनथी अत्यंत निवृत्ति थाओ! निवृत्ति थाओ!!

हे जीव! आ क्लेशरूप संसार थकी, विराम पाम, विराम पाम; कांईक विचार, प्रमाद छोडी जागृत था! जागृत

था ! ! नहीं तो रत्नचिंतामणि जेवो आ मनुष्यदेह निष्फळ जशे.

हे जीव ! हवे तारे सत्पुरुषनी आज्ञा निश्चय उपासवा योग्य छे.

ॐ शांतिः शांतिः शांतिः

---

९

## सप्तदोष परिहार

[८२३/१९]

हे काम ! हे मान ! हे संगउदय !
हे वचनवर्गणा ! हे मोह ! हे मोहदया !
हे शिथिलता ! तमे शा माटे अंतराय करो छो ?
परम अनुग्रह करीने हवे अनुकूळ थाओ ! अनुकूळ थाओ.

---

१०

## संत शरणता काव्य

[२९२/२५८]

ॐ सत्

बिना नयन पावे नहीं, बिना नयनकी बात;
सेवे सद्गुरुके चरन, सो पावे साक्षात्. १

बूझी चहत जो प्यास को, है बूझनकी रीत;
पावे नहि गुरुगम बिना, एही अनादि स्थित. २

एहि नहि है कल्पना, एहो नहि विभंग;
कई नर पंचमकाळमें, देखी वस्तु अभंग. ३

नहि दे तुं उपदेशकुं, प्रथम लेहि उपदेश;
सबसें न्यारा अगम है, वो ज्ञानीका देश. ४

जप, तप, और व्रतादि सब, तहां लगी भ्रमरूप;
जहां लगी नहि संतकी, पाई कृपा अनूप. ५

पायाकी ए बात है, निज छंदनको छोड;
पिछे लाग सत्पुरुषके, तो सब बंधन तोड. ६

---

## ११

## सद्‌गुरुवन्दन

[५५५/१२४–२७]

अहो! अहो! श्री सद्‌गुरु, करुणासिंधु अपार;
आ पामर पर प्रभु कर्यो, अहो! अहो! उपकार.
शुं प्रभु चरण कने धरुं, आत्माथी सौ हीन;
ते तो प्रभुए आपियो, वर्तुं चरणाधीन,
आ देहादि आजथी, वर्तो प्रभु आधीन,
दास, दास हुं दास छुं, तेह प्रभुनो दीन.
षट् स्थानक समजावीने, भिन्न बताव्यो आप;
म्यान थकी तरवारवत्, ए उपकार अमाप.
जे स्वरूप समज्या विना, पाम्यो दुःख अनंत;
समजाव्युं ते पद नमुं, श्री सद्‌गुरु भगवंत.

परम पुरुष प्रभु सद्‌गुरु, परम ज्ञान सुखधाम;
जेणे आप्युं भान निज, तेने सदा प्रणाम.

देह छतां जेनी दशा, वर्ते देहातीत;
ते ज्ञानीना चरणमां, हो वंदन अगणीत.

---

# १२

## प्रणिपात स्तुति

[ ३५७/४१७ ]

हे परमकृपाळु देव ! जन्म, जरा, मरणादि सर्व दुःखोनो अत्यंत क्षय करनारो एवो वीतराग पुरुषनो मूळ मार्ग आप श्रीमदे अनंत कृपा करी मने आप्यो, ते अनंत उपकारनो प्रतिउपकार वाळवा हुं सर्वथा असमर्थ छुं; वळी आप श्रीमत कंई पण लेवाने सर्वथा निस्पृह छो; जेथी हुं मन, वचन, कायानी एकाग्रताथी आपनां चरणारविन्दमां नमस्कार करुं छुं. आपनी परमभक्ति अने वीतरागपुरुषना मूळधर्मनी उपासना मारा हृदयने विषे भवपर्यंत अखंड जाग्रत रहो एटलुं मागुं छुं ते सफळ थाओ.

ॐ शांतिः शांतिः शांतिः.

---

## १३

### मंत्र

(१) सहजात्म स्वरूप परम गुरु.

(२) आतमभावना भावता जीव लहे केवलज्ञान रे.

(३) परम गुरु निर्ग्रन्थ सर्वज्ञ देव.

---

# ३

# परमार्थ पद्यावलि

## १

## जिनभक्ति

[ ६८/१५ ]

तोटक छंद

शुभ शीतळतामय छांय रही,
मनवांछित ज्यां फळपंक्ति कही;
जिनभक्ति ग्रहो तरु कल्प अहो,
भजीने भगवंत भवंत लहो. १

निज आतमस्वरूप मुदा प्रगटे,
मनताप उताप तमाम मटे;
अति निर्जरता वणदाम ग्रहो,
भजीने भगवंत भवंत लहो. २

समभावी सदा परिणाम थशे,
जड मंद अधोगति जन्म जशे;
शुभ मंगळ आ परिपूर्ण चहो,
भजीने भगवंत भवंत लहो. ३

शुभ भाव वडे मन शुद्ध करो,
नवकार महापदने समरो;
नहि एह समान सुमंत्र कहो,
भजीने भगवंत भवंत लहो. ४

करशो क्षय केवळ राग कथा,
धरशो शुभ तत्त्वस्वरूप यथा;
नृपचंद्र प्रपंच अनंत दहो,
भजीने भगवंत भवंत लहो. ५

---

## २

## काळना मुखमां

[८/३]

हरिगीत

मोतीतणी माळा गळामां मूल्यवंती मलकती,
हीरातणा शुभ हारथी बहु कंठकांति झळकती;
आभूषणोथी ओपता भाग्या मरणने जोईने,
जन जाणीए मन मानीए नव काळ मूके कोईने. १

मणिमय मुगट माथे धरीने कर्ण कुंडळ नाखता,
कांचन कडां करमां धरी कशीए कचाश न राखता;
पळमां पड्या पृथ्वीपति ए भान भूतळ खोईने,
जन जाणीए मन मानीए नव काळ मूके कोईने. २
दश आंगळीमां मांगलिक मुद्रा जडित माणिक्यथी,
जे परम प्रेमे पे'रता पोंची कळा बारीकथी;
ए वेढ वींटी सर्व छोडी चालिया मुख धोईने,
जन जाणीए मन मानीए नव काळ मूके कोईने. ३
मूँछ वांकडी करी फांकडा थई लींबु धरता ते परे,
कापेल राखी कातरा हरकोईनां हैयां हरे;
ए सांकडीमां आविया छटक्या तजी सहु सोईने,
जन जाणीए मन मानीए नव काळ मूके कोईने. ४
छो खंडना अधिराज जे चंडे करीने नीपज्या,
ब्रह्मांडमां बळवान थईने भूप भारे ऊपज्या;
ए चतुर चक्री चालिया होता नहोता होईने,
जन जाणीए मन मानीए नव काळ मूके कोईने. ५
जे राजनीतिनिपुणतामां न्यायवंता नीवड्या,
अवळा कर्ये जेना बधा सवळा सदा पासा पड्या;
ए भाग्यशाळी भागिया ते खटपटो सौ खोईने,
जन जाणीए मन मानीए नव काळ मूके कोईने. ६
तरवार बहादुर टेक धारी पूर्णतामां पेखिया,
हाथी हणे हाथे करी ए केशरी सम देखिया;
एवा भला भडवीर ते अंते रहेला रोईने,
जन जाणीए मन मानीए नव काळ मूके कोईने. ७

## ३

# ब्रह्मचर्य–महिमा

[ १९६/७९ ]

दोहरा

नीरखीनें नवयौवना, लेश न विषयनिदान
गणे काष्ठनी पूतळी, ते भगवान समान. १.

आ सघळा संसारनी, रमणी नायकरूप;
ए त्यागी, त्याग्युं बधुं, केवळ शोकस्वरूप. २.

एक विषयने जीततां, जीत्यो सौ संसार;
नृपति जीततां जीतिये, दळ, पुर ने अधिकार. ३.

विषयरूप अंकुरथी, टळे ज्ञान ने ध्यान,
लेश मदिरापानथी, छाके ज्यम अज्ञान. ४.

जे नव वाड विशुद्धथी, धरे शियळ सुखदाई;
भव तेनो लव पछी रहे, तत्त्ववचन ए भाई. ५.

सुंदर शियळ सुरतरु, मन वाणी ने देह;
जे नरनारी सेवशे, अनुपम फळ ले तेह. ६.

पात्र विना वस्तु न रहे, पात्रे आत्मिक ज्ञान;
पात्र थवा सेवो सदा, ब्रह्मचर्य मतिमान. ७.

## ४

## आत्मधर्म अने गुरुसेवा

[ १९६/७९ ]

भिन्न भिन्न मत देखीए, भेद दृष्टिनो एह;
एक तत्त्वना मूळमां, व्याप्या मानो तेह. १
तेह तत्त्वरूप वृक्षनुं, आत्मधर्म छे मूळ;
स्वभावनी सिद्धि करे, धर्म ते ज अनुकूळ. २
प्रथम आत्मसिद्धि थवा, करीए ज्ञान विचार;
अनुभवी गुरुने सेवीए, बुधजननो निर्धार. ३
क्षण क्षण जे अस्थिरता, अने विभाविक मोह;
ते जेनामांथी गया, ते अनुभवी गुरु जोय. ४
बाह्य तेम अभ्यंतरे, ग्रंथ ग्रंथि नहि होय;
परम पुरुष तेने कहो, सरळ दृष्टिथी जोय. ५
बाह्य परिग्रह ग्रंथि छे, अभ्यंतर मिथ्यात्व;
स्वभावथी प्रतिकूळता, — ६

---

## ५

## लोकस्वरूप रहस्य

[ २११/१०७ ]

१ लोक पुरुषसंस्थाने कह्यो, एनो भेद तमे कंई लह्यो?
एनुं कारण समज्या कांई, के समजाव्यानी चतुराई? १
शरीर परथी ए उपदेश, ज्ञान दर्शने के उद्देश;
जेम जणावो सुणीए तेम, कां तो लईए दईए क्षेम. २

---

२ शुं करवाथी पोते सुखी? शुं करवाथी पोते दुःखी?
पोते शुं? क्यांथी छे आप? एनो मागो शीघ्र जवाप. १

---

३ ज्यां शंका त्यां गण संताप, ज्ञान तहां शंका नहि स्थाप;
प्रभुभक्ति त्यां उत्तम ज्ञान, प्रभु मेळववा गुरु भगवान. १

गुरु ओळखवा घट वैराग्य, ते ऊपजवा पूर्वित भाग्य;
तेम नहीं तो कंई सत्संग, तेम नहीं तो कंई दुःखरंग. २

---

४ जे गायो ते सघळे एक, सकळ दर्शने ए ज विवेक;
समजाव्यानी शैली करी, स्याद्वाद समजण पण खरी. १

मूळ स्थिति जो पूछो मने, तो सोंपी दउं योगी कने;
प्रथम अंत ने मध्ये एक, लोकरूप अलोके देख. २

जीवाजीव स्थितिने जोई, टळचो ओरतो शंका खोई;
एम ज स्थिति त्यां नहीं उपाय, "उपाय कां नहीं?" शंका जाय. ३

ए आश्चर्य जाणे ते जाण, जाणे ज्यारे प्रगटे भाण;
समजे बंधमुक्तियुत जीव, नीरखी टाळे शोक सदीव. ४

बंधयुक्त जीव कर्म सहित, पुद्गल रचना कर्म खचीत;
पुद्गलज्ञान प्रथम ले जाण, नर देहे पछी पामे ध्यान. ५

जो के पुद्गलनो ए देह, तोपण ओर स्थिति त्यां छेह;
समजण बीजी पछी कहीश, ज्यारे चित्ते स्थिर थईश. ६

---

५ जहां राग अने वळी द्वेष, तहां सर्वदा मानो क्लेश;
उदासीनतानो ज्यां वास, सकळ दुःखनो छे त्यां नाश. १
सर्व कालनुं छे त्यां ज्ञान, देह छतां त्यां छे निर्वाण;
भव छेवटनी छे ए दशा, राम धाम आवीने वस्या. २

---

## ६

## अनुभव

[ ७९६/१२ ]

मारग साचा मिल गया, छूट गये संदेह;
होता सो तो जल गया भिन्न किया निज देह.
समज, पिछे सब सरल है बिनू समज मुशकील;
ये मुशकीली क्या कहुं? . . . . . . . . .
खोज पिंड ब्रह्मांडका, पत्ता तो लग जाय;
येहि ब्रह्मांडि वासना, जब जावे तब. . .
आप आपकुं भुल गया, इनसें क्या अंधेर?
समर समर अब हसत हैं, नहि भूलेंगे फेर.
जहां कलपना–जलपना, तहां मानुं दुख छांई,
मिटे कलपना–जलपना, तब वस्तू तिन पाई.
[१]हे जीव! क्या इच्छत हवे? है इच्छा दुःख मूल;
जब इच्छाका नाश तब, मिटे अनादि भूल.
ऐसी कहाँसे मति भई, आप आप है नाहि,
आपनकुं जब भुल गये, अवर कहाँसे लाई.
आप आप ए शोधसें, आप आप मिल जाय;
आप मिलन नय बापको, . . . . . . . . .

---

१. पाठान्तर :—क्या इच्छत ? खोवत सबे !

## ७

# आस्रव-संवर

[७९६/१४]

होत आसवा परिसवा, नहि इनमें संदेह;
मात्र दृष्टिकी भूल है, भूल गये गत एहि.

रचना जिन उपदेशकी, परमोत्तम तिनु काल;
इनमें सब मत रहत हैं, करते निज संभाल.

जिन सो ही है आतमा, अन्य होई सो कर्म;
कर्म कटे सो जिन वचन, तत्त्वज्ञानीको मर्म.

जब जान्यो निजरूपको, तब जान्यो सब लोक;
[१]नहिं जान्यो निजरूपको, सब जान्यो सो फोक.

एहि दिशाकी मूढता, है नहिं जिनपें भाव;
जिनसें भाव बिनु कबू, नहिं छूटत दुःखदाव.

व्यवहारसें देव जिन, निहचेसें है आप;
एहि बचनसें समज ले, जिनप्रवचनकी छाप.

एहि नहीं है कल्पना, एही नहीं विभंग;
जब जागेंगे आतमा, तब लागेंगे रंग.

---

१. पाठान्तर:—होत न्यूनसे न्यूनता,

## ८

## सत्संग–निष्ठा

[ २३१/१५४ ]

ॐ

बीजां साधन बहु कर्यां, करी कल्पना आप
अथवा असद्‌गुरु थकी, ऊलटो वध्यो उताप.

---

पूर्व पुण्यना उदयथी, मळ्यो सद्‌गुरु योग,
वचन सुधा श्रवणें जतां, थयुं हृदय गतशोग.
निश्चय एथी आवियो, टळशे अहीं उताप,
नित्य कर्यो सत्संग में, एक लक्षथी आप.

---

## ९

## ज्ञान–मीमांसा

[ २९७/२६७ ]

हरिगीत

जिनवर कहे छे ज्ञान तेने सर्व भव्यो सांभळो.

---

जो होय पूर्व भणेल नव पण, जीवने जाण्यो नहीं,
तो सर्व ते अज्ञान भाख्युं, साक्षी छे आगम अहीं;
ए पूर्व सर्व कह्यां विशेषे, जीव करवा निर्मळो,
जिनवर कहे छे ज्ञान तेने, सर्व भव्यो सांभळो. १

नहि ग्रंथ मांही ज्ञान भाख्युं, ज्ञान नहि कविचातुरी,
नहि मंत्र तंत्रो ज्ञान दाख्यां, ज्ञान नहि भाषा ठरी;
नहि अन्य स्थाने ज्ञान भाख्युं, ज्ञान ज्ञानीमां कळो,
जिनवर कहे छे ज्ञान तेने, सर्व भव्यो सांभळो. २

आ जीव ने आ देह एवो, भेद जो भास्यो नहीं,
पच्चखाण कीधां त्यां सुधी, मोक्षार्थ ते भाख्यां नहीं;
ए पांचमे अंगे कह्यो, उपदेश केवळ निर्मळो,
जिनवर कहे छे ज्ञान तेने, सर्व भव्यो सांभळो. ३

केवळ नहीं ब्रह्मचर्यथी,..........................
केवळ नहीं संयम थकी, पण ज्ञान केवळथी कळो,
जिनवर कहे छे ज्ञान तेने, सर्व भव्यो सांभळो. ४

शास्त्रो विशेष सहित पण जो, जाणियुं निजरूपने,
कां तेहवो आश्रय करजो, भावथी साचा मने;
तो ज्ञान तेने भाखियुं, जो सम्मति आदि स्थळो,
जिनवर कहे छे ज्ञान तेने सर्व भव्यो सांभळो. ५

आठ समिति जाणीए जो, ज्ञानीना परमार्थथी,
तो ज्ञान भाख्युं तेहने, अनुसार ते मोक्षार्थथी;
निज कल्पनाथी कोटि शास्त्रो, मात्र मननो आमळो.
जिनवर कहे छे ज्ञान तेने, सर्व भव्यो सांभळो. ६

चार वेद पुराण आदि शास्त्र सौ मिथ्यात्वनां,
श्रीनंदीसूत्रे भाखिया छे, भेद ज्यां सिद्धांतना;
पण ज्ञानीने ते ज्ञान भास्यां, ए ज ठेकाणे ठरो,
जिनवर कहे छे ज्ञान तेने, सर्व भव्यो सांभळो. ७

व्रत नहीं पचखाण नहि, नहि त्याग वस्तु कोईनो,
महापद्मतीर्थंकर थशे, श्रेणिक ठाणंग जोई लो;
छेद्यो अनंता .... .... .... .... .... .... ......
... ... ... ... ... ... .... ... .... ... ....

---

## १०

## मूळ मार्ग

[५२३/७१५]

मूळ मारग सांभळो जिननो रे,
करी वृत्ति अखंड सन्मुख, मूळ०
नो'य पूजादिनी जो कामना रे,
नो'य व्हालुं अंतर भवदुःख. मूळ० १
करी जोजो वचननी तुलना रे,
जोजो शोधीने जिनसिद्धांत, मूळ०
मात्र कहेवुं परमारथहेतुथी रे,
कोई पामे मुमुक्षु वात. मूळ० २
ज्ञान, दर्शन, चारित्रनी शुद्धता रे,
एकपणे अने अविरुद्ध, मूळ०
जिनमारग ते परमार्थथी रे,
एम कह्युं सिद्धांते बुध. मूळ० ३
लिंग अने भेदो जे व्रतना रे,
द्रव्य देश काळादि भेद, मूळ०
पण ज्ञानादिनी जे शुद्धता रे,
ते तो त्रणे काळे अभेद. मूळ० ४

हवे ज्ञान दर्शनादि शब्दनो रे,
संक्षेपे सुणो परमार्थ, मूळ०
तेने जोतां विचारी विशेषथी रे,
समजाशे उत्तम आत्मार्थ. मूळ० ५
छे देहादिथी भिन्न आतमा रे,
उपयोगी सदा अविनाश, मूळ०
एम जाणे सद्गुरु उपदेशथी रे,
कह्युं ज्ञान तेनुं नाम खास. मूळ० ६
जे ज्ञाने करीने जाणियुं रे,
तेनी वर्ते छे शुद्ध प्रतीत, मूळ०
कह्युं भगवंते दर्शन तेहने रे,
जेनुं बीजुं नाम समकीत. मूळ० ७
जेम आवी प्रतीति जीवनी रे,
जाण्यो सर्वेथी भिन्न असंग, मूळ०
तेवो स्थिर स्वभाव ते उपजे रे,
नाम चरित्र ते अणलिंग. मूळ० ८
ते त्रणे अभेद परिणामथी रे,
ज्यारे वर्ते ते आत्मारूप, मूळ०
तेह मारग जिननो पामियो रे,
किंवा पाम्यो ते निजस्वरूप. मूळ० ९
एवां मूळ ज्ञानादि पामवा रे,
अने जवा अनादि बंध, मूळ०
उपदेश सद्गुरुनो पामवो रे,
टाळी स्वच्छंद ने प्रतिबंध. मूळ० १०

एम देव जिनंदे भाखियुं रे,
मोक्षमारगनुं शुद्ध स्वरूप, मूळ०
भव्य जनोना हितने कारणे रे,
संक्षेपे कह्युं स्वरूप. मूळ० ११

---

## ११

## पंथ परमपद

[५६०/७२४]

गीति

पंथ परमपद बोध्यो, जेह प्रमाणे परम वीतरागे;
ते अनुसरी कहीशुं, प्रणमीने ते प्रभु भक्ति रागे. १
मूळ परमपद कारण, सम्यक्‌दर्शन ज्ञान चरण पूर्ण;
प्रणमे एक स्वभावे, शुद्ध समाधि त्यां परिपूर्ण. २
जे चेतन जड भावो, अवलोक्या छे मुनींद्र सर्वज्ञे;
तेवी अंतर आस्था, प्रगटचे दर्शन कह्युं छे तत्त्वज्ञे. ३
सम्यक् प्रमाणपूर्वक, ते ते भावो ज्ञान विषे भासे;
सम्यग् ज्ञान कह्युं ते, संशय, विभ्रम, मोह त्यां नाश्ये. ४
विषयारंभ–निवृत्ति, राग–द्वेषनो अभाव ज्यां थाय;
सहित सम्यक्‌दर्शन, शुद्ध चरण त्यां समाधि सदुपाय. ५
त्रणे अभिन्न स्वभावे, परिणमी आतमस्वरूप ज्यां थाय;
पूर्ण परमपदप्राप्ति, निश्चयथी त्यां अनन्य सुखदाय. ६

जीव, अजीव पदार्थो, पुण्य, पाप, आस्रव तथा बंध;
संवर, निर्जरा, मोक्ष, तत्त्व कह्यां नव पदार्थ संबंध. ७
जीव अजीव विषे ते, नवे तत्त्वनो समावेश थाय;
वस्तु विचार विशेषे, भिन्न प्रबोध्या महान मुनिराय. ८

---

## १२

## जड-चेतन विवेक (१)

[२९७/२६६]

दोहरा

जड भावे जड परिणमे, चेतन चेतन भाव;
कोई कोई पलटे नहीं, छोडी आप स्वभाव. १
जड ते जड त्रण काळमां, चेतन चेतन तेम;
प्रगट अनुभवरूप छे, संशय तेमां केम? २
जो जड छे त्रण काळमां, चेतन चेतन होय;
बंध मोक्ष तो नहि घटे, निवृत्ति प्रवृत्ति न्होय. ३
बंध मोक्ष संयोगथी, ज्यां लग आत्म अभान;
पण नहि त्याग स्वभावनो, भाखे जिन भगवान. ४
वर्ते बंध प्रसंगमां, ते निज पद अज्ञान;
पण जडता नहि आत्मने, ए सिद्धांत प्रमाण. ५
ग्रहे अरूपी रूपीने, ए अचरजनी वात;
जीव बंधन जाणे नहीं, केवो जिन सिद्धांत. ६
प्रथम देह दृष्टि हती, तेथी भास्यो देह;
हवे दृष्टि थई आत्ममां, गयो देहथी नेह. ७

जड चेतन संयोग आ, खाण अनादि अनंत;
कोई न कर्ता तेहनो, भाखे जिन भगवंत. ८
मूळ द्रव्य उत्पन्न नहि, नहीं नाश पण तेम;
अनुभवथी ते सिद्ध छे, भाखे जिनवर एम. ९
होय तेहनो नाश नहि, नहीं तेह नहि होय;
एक समय ते सौ समय, भेद अवस्था जोय. १०

× × ×

परम पुरुष प्रभु सद्गुरु, परम ज्ञान सुखधाम;
जेणे आप्युं भान निज, तेने सदा प्रणाम. १

---

## १३

## जड-चेतन विवेक (२)

[६४२/९०२]

जड ने चैतन्य बन्ने द्रव्यनो स्वभाव भिन्न,
सुप्रतीतपणे बन्ने जेने समजाय छे;
स्वरूप चेतन निज, जड छे संबंध मात्र,
अथवा ते ज्ञेय पण परद्रव्यमांय छे;
एवो अनुभवनो प्रकाश उल्लासित थयो,
जडथी उदासी तेने आत्मवृत्ति थाय छे;
कायानी विसारी माया, स्वरूपे समाया एवा;
निर्ग्रंथनो पंथ भवअंतनो उपाय छे. १
देह जीव एकरूपे भासे छे अज्ञान वडे,
क्रियानी प्रवृत्ति पण तेथी तेम थाय छे;

जीवनी उत्पत्ति अने रोग, शोक, दुःख, मृत्यु,
देहनो स्वभाव जीव पदमां जणाय छे;
एवो जे अनादि एकरूपनो मिथ्यात्वभाव,
ज्ञानीनां वचन वडे दूर थई जाय छे;
भासे जड चैतन्यनो प्रगट स्वभाव भिन्न,
बन्ने द्रव्य निज निज रूपे स्थित थाय छे. २

---

## १४

## परमपद प्राप्तिनी भावना

## ( गुणस्थान क्रमारोह )

[ ५६३/७३८ ]

ॐ

अपूर्व अवसर एवो क्यारे आवशे?
क्यारे थईशुं बाह्यांतर निर्ग्रंथ जो?
सर्व संबंधनुं बंधन तीक्ष्ण छेदीने,
विचरशुं कव महत्पुरुषने पंथ जो? अपूर्व० १
सर्व भावथी औदासीन्यवृत्ति करी,
मात्र देह ते संयमहेतु होय जो;
अन्य कारणे अन्य कशुं कल्पे नहीं,
देहे पण किंचित् मूर्छा नव जोय जो. अपूर्व० २
दर्शनमोह व्यतीत थई ऊपज्यो बोध जे,
देह भिन्न केवल चैतन्यनुं ज्ञान जो;
तेथी प्रक्षीण चारित्रमोह विलोकिये,
वर्ते एवुं शुद्धस्वरूपनुं ध्यान जो. अपूर्व० ३

आत्मस्थिरता त्रण संक्षिप्त योगनी,
मुख्यपणे तो वर्ते देहपर्यंत जो;
घोर परीषह के उपसर्गभये करी,
आवी शके नहीं ते स्थिरतानो अंत जो. अपूर्व० ४
संयमना हेतुथी योगप्रवर्तना,
स्वरूपलक्षे जिनआज्ञा आधीन जो;
ते पण क्षण क्षण घटती जाती स्थितिमां,
अंते थाये निजस्वरूपमां लीन जो. अपूर्व० ५
पंच विषयमां रागद्वेष विरहितता,
पंच प्रमादे न मळे मननो क्षोभ जो;
द्रव्य, क्षेत्र ने काळ, भाव प्रतिबंधवण,
विचरवुं उदयाधीन पण वीतलोभ जो. अपूर्व० ६
क्रोध प्रत्ये तो वर्ते क्रोधस्वभावता,
मान प्रत्ये तो दीनपणानुं मान जो;
माया प्रत्ये माया साक्षी भावनी,
लोभ प्रत्ये नहीं लोभ समान जो. अपूर्व० ७
बहु उपसर्ग कर्ता प्रत्ये पण क्रोध नहीं,
वंदे चक्री तथापि न मळे मान जो;
देह जाय पण माया थाय न रोममां,
लोभ नहीं छो प्रबळ सिद्धि निदान जो. अपूर्व० ८
नग्नभाव, मुंडभाव सह अस्नानता,
अदंतधोवन आदि परम प्रसिद्ध जो;
केश, रोम, नख के अंगे शृंगार नहीं,
द्रव्यभाव संयममय निर्ग्रंथ सिद्ध जो. अपूर्व० ९

शत्रु मित्र प्रत्ये वर्ते समदर्शिता,
मान अमाने वर्ते ते ज स्वभाव जो;
जीवित के मरणे नहीं न्यूनाधिकता,
भव मोक्षे पण शुद्ध वर्ते समभाव जो. अपूर्व० १०
एकाकी विचरतो वळी स्मशानमां,
वळी पर्वतमां वाघ सिंह संयोग जो;
अडोल आसन, ने मनमां नहीं क्षोभता,
परम मित्रनो जाणे पाम्या योग जो. अपूर्व० ११
घोर तपश्चर्यामां पण मनने ताप नहीं,
सरस अन्ने नहीं मनने प्रसन्नभाव जो;
रजकण के रिद्धि वैमानिक देवनी,
सर्वे मान्यां पुद्‌गल एक स्वभाव जो. अपूर्व० १२
एम पराजय करीने चारित्रमोहनो,
आवुं त्यां ज्यां करण अपूर्व भाव जो;
श्रेणी क्षपकतणी करीने आरूढता,
अनन्य चिंतन अतिशय शुद्धस्वभावजो. अपूर्व० १३
मोह स्वयंभूरमण समुद्र तरी करी,
स्थिति त्यां ज्यां क्षीणमोह गुणस्थान जो;
अंत समय त्यां पूर्णस्वरूप वीतराग थई,
प्रगटावुं निज केवळज्ञान निधान जो. अपूर्व० १४
चार कर्म घनघाती ते व्यवच्छेद ज्यां,
भवनां बीजतणो आत्यंतिक नाश जो;
सर्व भाव ज्ञाता द्रष्टा सह शुद्धता,
कृतकृत्य प्रभु वीर्य अनंत प्रकाश जो. अपूर्व० १५

वेदनीयादि चार कर्म वर्ते जहां,
वळी सींदरीवत् आकृति मात्र जो;
ते देहायुष आधीन जेनी स्थिति छे,
आयुष पूर्णे, मटिये दैहिक पात्र जो. अपूर्व० १६
मन, वचन, काया ने कर्मनी वर्गणा,
छूटे जहां सकळ पुद्गल संबंध जो;
एवुं अयोगी गुणस्थानक त्यां वर्ततुं,
महाभाग्य सुखदायक पूर्ण अबंध जो. अपूर्व० १७
एक परमाणु मात्रनी मळे न स्पर्शता,
पूर्ण कलंक रहित अडोल स्वरूप जो;
शुद्ध निरंजन चैतन्यमूर्ति अनन्यमय,
अगुरु, लघु, अमूर्त्त सहजपदरूप जो. अपूर्व० १८
पूर्वप्रयोगादि कारणना योगणी,
ऊर्ध्वगमन सिद्धालयना प्राप्त सुस्थितजो;
सादि अनंत अनंत समाधिसुखमां,
अनंत दर्शन, ज्ञान अनंत सहित जो. अपूर्व० १९
जे पद श्री सर्वज्ञे दीठुं ज्ञानमां,
कही शक्या नहीं पण ते श्री भगवान जो;
तेह स्वरूपने अन्य वाणी ते शुं कहे?
अनुभवगोचर मात्र रह्युं ते ज्ञान जो अपूर्व० २०
एह परमद प्राप्तिनुं कर्युं ध्यान में,
गजा वगरने हाल मनोरथरूप जो;
तो पण निश्चय राजचंद्र मनने रह्यो,
प्रभुआज्ञाए थाशुं ते ज स्वरूप जो. अपूर्व० २१

---

# १५

## अन्तिम संदेश

[ ६५९/९५४ ]

ॐ

श्रीजिन परमात्मने नम :

(१) इच्छे छे जे जोगी जन, अनंत सुखस्वरूप;
मूळ शुद्ध ते आत्मपद, सयोगी जिनस्वरूप. १
आत्मस्वभाव अगम्य ते, अवलंबन आधार;
जिनपदथी दर्शावियो, तेह स्वरूप प्रकार. २
जिनपद निजपद एकता, भेदभाव नहीं कांई;
लक्ष थवाने तेहनो, कह्यां शास्त्र सुखदाई. ३
जिन प्रवचन दुर्गम्यता, थाके अति मतिमान;
अवलंबन श्री सद्गुरु, सुगम अने सुखखाण. ४
उपासना जिनचरणनी, अतिशय भक्तिसहित;
मुनिजन संगति रति अति, संयम योग घटित. ५
गुणप्रमोद अतिशय रहे, रहे अंतर्मुख योग;
प्राप्ति श्री सद्गुरु वडे, जिन दर्शन अनुयोग. ६
प्रवचन समुद्र बिंदुमां, ऊलटी[१] आवे एम;
पूर्व चौदनी लब्धिनुं, उदाहरण पण तेम. ७
विषय विकार सहित जे रह्या मतिना योग,
परिणामनी विषमता, तेने योग अयोग. ८

---

१. पाठान्तर 'उल्लसी.'

मंद विषय ने सरळता, सह आज्ञा सुविचार;
करुणा कोमळतादि गुण, प्रथम भूमिका धार. ९
रोक्या शब्दादिक विषय, संयम साधन राग;
जगत इष्ट नहि आत्मथी, मध्य पात्र महा भाग्य. १०
नहि तृष्णा जीव्यातणी, मरण योग नहीं क्षोभ;
महापात्र ते मार्गना, परम योग जितलोभ. ११

(२) आव्ये बहु समदेशमां, छाया जाय समाई;
आव्ये तेम स्वभावमां, मन स्वरूप पण जाई. १
ऊपजे मोह विकल्पथी, समस्त आ संसार;
अंतर्मुख अवलोकतां, विलय थतां नहि वार. २

* * *

(३) सुख धाम अनंत सुसंत चही, दिन रात रहे तद्ध्यानमहीं;
परशांति अनंत सुधामय जे, प्रणमुं पद ते वर ते जय ते. १

---

# ४
# आत्मचिंतन

[४८५/६४६]

## १. विचारश्रेणीनो उदय

सर्व जीवने अप्रिय छतां जे दुःखनो अनुभव करवो पड़े छे, ते दुःख सकारण होवुं जोईए, ए भूमिथी मुख्य करीने विचारवानी विचारश्रेणी उदय पामे छे, अने ते परथी अनुक्रमे आत्मा, कर्म, परलोक, मोक्ष आदि भावोनुं स्वरूप सिद्ध थयुं होय एम जणाय छे.

वर्तमानमां जो पोतानुं विद्यमानपणुं छे, तो भूतकाळने विषे पण तेनुं विद्यमानपणुं होवुं जोईए, अने भविष्यमां पण

तेम ज होवुं जोईए. आ प्रकारना विचारनो आश्रय मुमुक्षु जीवनें कर्तव्य छे. कोई पण वस्तुनुं पूर्वपश्चात् होवापणुं न होय, तो मध्यमां तेनुं होवापणुं न होय एवो अनुभव विचारतां थाय छे.

वस्तुनी केवळ उत्पत्ति अथवा केवळ नाश नथी, सर्वकाळ तेनुं होवापणुं छे, रूपांतर परिणाम थयां करे छे; वस्तुता फरती नथी, एवो श्री जिननो अभिमत छे, ते विचारवा योग्य छे.

'षड्दर्शनसमुच्चय' कंईक गहन छे, तोपण फरी फरी विचारवाथी तेनो केटलोक बोध थशे. जेम जेम चित्तनुं शुद्धिपणुं अने स्थिरत्व होय छे, तेम तेम ज्ञानीनां वचनोनो विचार यथायोग्य थई शके छे. सर्व ज्ञाननुं फळ पण आत्म-स्थिरता थवी एज छे, एम वीतराग पुरुषोए कह्युं छे, ते अत्यंत सत्य छे.

## २. आत्मानुं अस्तितव

[१७०/३९]

नेत्रोंकी श्यामता विषे जो पुतलियांरूप स्थित है, अरु रूपको देखता है, साक्षीभूत है, सो अंतर कैसे नहीं देखता? जो त्वचा विषे स्पर्श करता है, शीतउष्णादिको जानता है, ऐसा सर्व अंग विषे व्यापक अनुभव करता है; जैसे तिलों विषे तेल व्यापक होता है, तिसका अनुभव कोऊ नहीं करता. जो शब्द श्रवणइंद्रियके अंतर ग्रहण करता है, तिस शब्दशक्तिको जानणेहारी सत्ता है, जिस विषे शब्दशक्तिका

विचार होता है, जिसकरि रोम खडे होई आते हैं, सो सत्ता दूर कैसे होवे? जो जिह्वाके अग्रविषे रसस्वादको ग्रहण करता है, तिस रसका अनुभव करणेहारी अलेप सत्ता है, सो सन्मुख कैसे न होवे? वेद वेदांत, सप्तसिद्धांत, पुराण, गीता करि जो ज्ञेय, जानके योग्य है आत्मा है तिसको जब जान्या तब विश्राम कैसे न होवे?

## ३

## आत्मज्ञाननी महत्ता

[४५१/५६९]

### श्री सत्पुरुषोने नमस्कार

सर्व क्लेशथी अने सर्व दुःखथी मुक्त थवानो उपाय एक आत्मज्ञान छे. विचार विना आत्मज्ञान थाय नहीं, अने असत्संग तथा असत्प्रसंगथी जीवनुं विचारबळ प्रवर्ततुं नथी, एमां किंचित्‌मात्र संशय नथी.

आरंभपरिग्रहनुं अल्पत्व करवाथी असत्प्रसंगनुं बळ घटे छे; सत्संगना आश्रयथी असत्संगनुं बळ घटे छे. असत्संगनुं बळ घटवाथी आत्मविचार थवानो अवकाश प्राप्त थाय छे. आत्मविचार थवाथी आत्मज्ञान थाय छे; अने आत्मज्ञानथी निजस्वभावस्वरूप, सर्व क्लेश अने सर्व दुःखथी रहित एवो मोक्ष थाय छे; ए वात केवळ सत्य छे.

जे जीवो मोहनिद्रामां सूता छे ते अमुनि छे; निरंतर आत्मविचारे करी मुनि तो जागृत रहे; प्रमादीने सर्वथा भय छे, अप्रमादीने कोई रीते भय नथी, एम श्री जिने कह्युं छे.

सर्व पदार्थनुं स्वरूप जाणवानो हेतु मात्र एक आत्मज्ञान करवुं ए छे. जो आत्मज्ञान न थाय तो सर्व पदार्थना ज्ञाननुं निष्फळपणुं छे.

जेटलुं आत्मज्ञान थाय तेटली आत्मसमाधि प्रगटे.

कोई पण तथारूप जोगने पामीने जीवने एक क्षण पण अंतर्भेदजागृति थाय तो तेने मोक्ष विशेष दूर नथी.

अन्य परिणाममां जेटली तादात्म्यवृत्ति छे, तेटलो जीवथी मोक्ष दूर छे.

जो कोई आत्मजोग बने तो आ मनुष्यपणानुं मूल्य कोई रीते न थई शके तेवुं छे. प्राये मनुष्यदेह विना आत्मजोग बनतो नथी एम जाणी, अत्यंत निश्चय करी, आ ज देहमां आत्मजोग उत्पन्न करवो घटे.

विचारनी निर्मळताए करी जो आ जीव अन्य परिचयथी पाछो वळे तो सहजमां हमणां ज तेने आत्मजोग प्रगटे. असत्संगप्रसंगनो घेरावो विशेष छे, अने आ जीव तेथी अनादिकाळनो हीनसत्त्व थयो होवाथी तेथी अवकाश प्राप्त करवा अथवा तेनी निवृत्ति करवा जेम बने तेम सत्संगनो आश्रय करे तो कोई रीते पुरुषार्थयोग्य थई विचार दशाने पामे.

जे प्रकारे अनित्यपणुं, असारपणुं आ संसारनुं अत्यंतपणे भासे ते प्रकारे करी आत्मविचार उत्पन्न थाय.

हवे आ उपाधिकार्यथी छूटवानी विशेष विशेष आर्त्ति थया करे छे, अने छूटवा विना जे कंई पण काळ जाय छे ते, आ जीवनुं शिथिलपणुं ज छे, एम लागे छे; अथवा एवो निश्चय रहे छे.

जनकादि उपाधिमां रह्या छतां आत्मस्वभावमां वसता हता एवा आलंबन प्रत्ये क्यारेय बुद्धि थती नथी. श्री जिन जेवा जन्मत्यागी पण छोडीने चाली नीकळ्या एवा भयना हेतुरूप उपाधियोगनी निवृत्ति आ पामर जीव करतां करतां काळ व्यतीत करशे तो अश्रेय थशे, एवो भय जीवना उपयोग प्रत्ये प्रवर्ते छे, केमके एम ज कर्तव्य छे.

जे रागद्वेषादि परिणाम अज्ञान विना संभवतां नथी, ते रागद्वेषादि परिणाम छतां जीवन्मुक्तपणुं सर्वथा मानीने जीवन्मुक्त दशानी जीव आसातना करे छे, एम वर्ते छे. सर्वथा रागद्वेष परिणामनुं परिक्षीणपणुं ज कर्तव्य छे.

अत्यंत ज्ञान होय त्यां अत्यंत त्याग संभवे छे. अत्यंत त्याग प्रगट्या विना अत्यंत ज्ञान न होय एम श्री तीर्थंकरे स्वीकार्युं छे.

आत्मपरिणामथी जेटलो अन्य पदार्थनो तादात्म्यअध्यास निवर्तवो तेने श्री जिन त्याग कहे छे.

ते तादात्म्यअध्यास निवृत्तिरूप त्याग थवा अर्थे आ बाह्य प्रसंगनो त्याग पण उपकारी छे, कार्यकारी छे. बाह्य प्रसंगना त्यागने अर्थे अंतर्त्याग कह्यो नथी, एम छे, तोपण आ जीवे अंतर्त्यागने अर्थे बाह्य प्रसंगनी निवृत्तिने कंई पण उपकारी मानवी योग्य छे.

नित्य छूटवानो विचार करीए छीए अने जेम ते कार्य तरत पते तेम जाप जपीए छीए. जो के एम लागे छे के ते विचार अने जाप हजी तथारूप नथी, शिथिल छे; माटे

अत्यंत विचार अने ते जापने उग्रपणे आराधवानो अल्पकाळमां योग करवो घटे छे, एम वर्त्या करे छे.

प्रसंगथी केटलांक अरसपरस संबंध जेवां वचनो आ पत्रमां लख्यां छे, ते विचारमां स्फुरी आवतां स्वविचारबळ वधवाने अर्थें अने तमने वांचवा विचारवाने अर्थे लख्यां छे.

जीव, प्रदेश, पर्याय तथा संख्यात, असंख्यात, अनंत आदि विषे तथा रसना व्यापकपणा विषे क्रमे करी समजवुं योग्य थशे.

तमारो अत्र आववानो विचार छे, तथा श्री डुंगर आववानो संभव छे एम लख्युं ते जाण्युं छे. सत्संग जोगनी इच्छा रह्या करे छे.

## ४

## सुख अंतरमां छे

[ २१२/१०८ ]

हे जीव, तुं भ्रमा मा, तने हित कहुं छुं.

अंतरमां सुख छे; बहार शोधवाथी मळशे नहीं.

अंतरनुं सुख अंतरनी समश्रेणीमां छे; स्थिति थवा माटे बाह्य पदार्थोनुं विस्मरण कर, आश्चर्य भूल.

समश्रेणी रहेवी बहु दुर्लभ छे; निमित्ताधीन वृत्ति फरी फरी चलित थई जशे; न थवा अचळ गंभीर उपयोग राख.

आ क्रम यथायोग्यपणे चाल्यो आव्यो तो तुं जीवन त्याग करतो रहीश, मूंझाईश नहीं, निर्भय थईश.

भ्रमा मा, तने हित कहुं छुं.

आ मारुं छे एवा भावनी व्याख्या प्राये न कर.

आ तेनुं छे एम मानी न बेस.

आ माटे आम करवुं छे ए भविष्यनिर्णय न करी राख.

आ माटे आम न थयुं होत तो सुख थात एम स्मरण न कर.

आटलुं आ प्रमाणे होय तो सारुं एम आग्रह न करी राख.

आणे मारा प्रति अनुचित कर्युं एवुं संभारतां न शीख.

आणे मारा प्रति उचित कर्युं एवुं स्मरण न राख.

आ मने अशुभ निमित्त छे एवो विकल्प न कर.

आ मने शुभ निमित्त छे एवी दृढता मानी न बेस.

आ न होत तो हुं बंधात नहीं एम अचळ व्याख्या न करीश.

पूर्वकर्म बळवान छे, माटे आ बधो प्रसंग मळी आव्यो एवुं एकांतिक ग्रहण करीश नहीं.

पुरुषार्थनो जय न थयो एवो निराशा स्मरीश नहीं.

बीजाना दोषे तने बंधन छे एम मानीश नहीं.

तारे निमित्ते पण बीजाने दोष करतो भुलाव.

तारे दोषे तने बंधन छे ए संतनी पहेली शिक्षा छे.

तारो दोष एटलो ज के अन्यने पोतानुं मानवुं, पोते पोताने भूली जवुं.

ए बधामां तारी लागणी नथी, माटे जुदे जुदे स्थळे तें सुखनी कल्पना करी छे. हे मूढ, एम न कर. —

ए तने तें हित कह्युं.

अंतरमां सुख छे.

जगतमां कोई एवुं पुस्तक वा लेख वा कोई एवो साक्षी त्राहित तमने एम नथी कही शकतो के आ सुखनो मार्ग छे, वा तमारे आम वर्तवुं वा सर्वने एक ज क्रमे ऊगवुं; ए ज सूचवे छे के त्यां कंई प्रबळ विचारणा रही छे.

एक भोगी थवानो बोध करे छे.

एक योगी थवानो बोध करे छे.

ए बेमांथी कोने सम्मत करीशुं ?

बन्ने शा माटे बोध करे छे ?

बन्ने कोने बोध करे छे ?

कोना प्रेरवाथी करे छे ?

कोईने कोईनो अने कोईने कोईनो बोध कां लागे छे ?

एनां कारणो शुं छे ?

तेनो साक्षी कोण छे ?

तमे शुं वांच्छो छो ?

ते क्यांथी मळशे वा शामां छे ?

ते कोण मेळवशे ?

क्यां थईने लावशो ?

लाववानुं कोण शीखवशे ?

वा शीख्या छीए ?

शीख्या छो तो क्यांथी शीख्या छो ?

अपुनर्वृत्तिरूपे शीख्या छो ?

नहीं तो शिक्षण मिथ्या ठरशे.

जीवन शुं छे ?

जीव शुं छे ?

तमे शुं छो ?

तमारी इच्छापूर्वक कां नथी थतुं ?

ते केम करी शकशो ?

बाधता प्रिय छे के निराबाधता प्रिय छे ?

ते क्यां क्यां केम केम छे ?

एनो निर्णय करो.

अंतरमां सुख छे.

बहारमां नथी.

सत्य कहुं छुं.

हे जीव, भूल मा, तने सत्य कहुं छुं.

सुख अंतरमां छे; ते बहार शोधवाथी नहीं मळे.

अंतरनुं सुख अंतरनी स्थितिमां छे; स्थिति थवा माटे बाह्यपदार्थो संबंधीनुं आश्चर्य भूल.

स्थिति रहेवी बहु विकट छे; निमित्ताधीन फरी फरी वृत्ति चलित थई जाय छे. एनो दृढ उपयोग राखवो जोईए.

ए क्रम यथायोग्य चलाव्यो आवीश तो तुं मूंझाईश नहीं, निर्भय थईश.

हे जीव ! तुं भूल मा. वखते वखते उपयोग चूकी कोईने रंजन करवामां, कोईथी रंजन थवामां, वा मननी निर्बळताने *लीधे अन्य पासे मंद थई जाय छे, ए भूल थाय* छे. ते न कर.

---

## ५

# आत्मामां ज रहो

[ ६२०/८३२ ]

देहथी भिन्न स्वपरप्रकाशक परम ज्योतिस्वरूप एवो आ आत्मा, तेमां निमग्न थाओ. हे आर्यजनो! अंतर्मुख थई स्थिर थई, ते आत्मामां ज रहो तो अनंत अपार आनंद अनुभवशो.

सर्व जगतना जीवो कंई ने कंई मेळवीने सुख प्राप्त करवा इच्छे छे; मोटो चक्रवर्ती राजा ते पण वधता वैभव परिग्रहना संकल्पमां प्रयत्नवान छे; अने मेळववामां सुख माने छे; पण अहो! ज्ञानीओए तो तेथी विपरीत ज सुखनो मार्ग निर्णीत कर्यो के किंचित मात्र पण ग्रहवुं ए ज सुखनो नाश छे.

विषयथी जेनी इन्द्रियो आर्त्त छे, तेने शीतळ एवुं आत्मसुख, आत्मतत्त्व क्यांथी प्रतीतिमां आवे?

परम धर्मरूप चंद्र प्रत्ये राहु जेवो परिग्रह तेथी हवे हुं विराम पामवाने ज इच्छुं छुं.

अमारे परिग्रहने शुं करवो छे?

कशुं प्रयोजन नथी.

'सर्वोत्कृष्ट शुद्धि त्यां सर्वोत्कृष्ट सिद्धि.'

हे आर्यजनो! आ परम वाक्यनो आत्मापणे तमे अनुभव करो.

---

# ६

# आत्मविचार-वैचित्र्य

[ ८०८/६० ]

जे जे प्रकारे आत्माने चिंतन कर्यो होय ते ते प्रकारे ते प्रतिभासे छे.

विषयार्त्तपणाथी मूढताने पामेली विचारशक्तिवाळा जीवने आत्मानुं नित्यपणुं भावतुं नथी, एम घणुं करीने देखाय छे, तेम थाय छे, ते यथार्थ छे; केमके अनित्य एवा विषयने विषे आत्मबुद्धि होवाथी पोतानुं पण अनित्यपणुं भासे छे.

विचारवानने आत्मा विचारवान लागे छे. शून्यपणे चिंतन करनारने आत्मा शून्य लागे छे, अनित्यपणे चिंतन करनारने अनित्य लागे छे, नित्यपणे चिंतन करनारने नित्य लागे छे.

चेतननी उत्पत्तिना कंई पण संयोगो देखाता नथी, तेथी चेतन अनुत्पन्न छे ते चेतन विनाश पामवानो कंई अनुभव थतो नथी माटे अविनाशी छे–नित्य अनुभवस्वरूप होवाथी नित्य छे.

समये समये परिणामांतर प्राप्ति थवाथी अनित्य छे.

स्वस्वरूपनो त्याग करवाने अयोग्य होवाथी मूळ द्रव्य छे.

---

७

# यथार्थ वक्ताने नमस्कार

[ ३६६/४३६ ]

ॐ

'समता, रमता, ऊरधता, ज्ञायकता, सुखभास;
वेदकता, चैतन्यता, ए सब जीव विलास.'

जे तीर्थंकरदेवे स्वरूपस्थ आत्मापणे थई वक्तव्यपणे जे प्रकारे ते आत्मा कही शकाय ते प्रमाणे अत्यंत यथास्थित कह्यो छे, ते तीर्थंकरने बीजी सर्व प्रकारनी अपेक्षानो त्याग करी नमस्कार करीए छीए.

पूर्वे घणां शास्त्रोनो विचार करवाथी ते विचारनां फळमां सत्पुरुषने विषे जेना वचनथी भक्ति उत्पन्न थई छे, ते तीर्थंकरनां वचनने नमस्कार करीए छीए.

घणा प्रकारे जीवनो विचार करवाथी, ते जीव आत्मारूप पुरुष विना जाण्यो जाय एवो नथी, एवी निश्चळ श्रद्धा उत्पन्न थई ते तीर्थंकरना मार्गबोधने नमस्कार करीए छीए.

भिन्न भिन्न प्रकारे ते जीवनो विचार थवा अर्थे, ते जीव प्राप्त थवा अर्थे, योगादिक अनेक साधनोनो बळवान परिश्रम कर्ये छते, प्राप्ति न थई, ते जीव जे वडे सहज प्राप्त थाय छे, ते ज कहेवा विषे जेनो उद्देश छे, ते तीर्थंकरनां उद्देशवचनने नमस्कार करीए छीए.

[ अपूर्ण ]

# ८

# आत्मविचार भूमिका

[ ३६६/४३७ ]

आ जगतने विषे जेने विषे विचारशक्ति वाचासहित वर्ते छे, एवां मनुष्यप्राणी कल्याणनो विचार करवाने सर्वथी अधिक योग्य छे; तथापि प्राये जीवने अनंत वार मनुष्यपणुं मळ्यां छतां ते कल्याण सिद्ध थयुं नथी, जेथी वर्तमान सुधी जन्ममरणनो मार्ग आराधवो पड्यो छे. अनादि एवा आ लोकने विषे जीवनी अनंतकोटी संख्या छे; समये समये अनंत प्रकारनी जन्ममरणादि स्थिति ते जीवोने विषे वर्त्या करे छे; एवो अनंतकाळ पूर्वे व्यतीत थयो छे. अनंतकोटी जीवना प्रमाणमां आत्मकल्याण जेणे आराध्युं छे, के जेने प्राप्त थयुं छे, एवा जीव अत्यंत थोडा थया छे, वर्तमाने तेम छे, अने हवे पछीना काळमां पण तेवी ज स्थिति संभवे छे, तेम ज छे. अर्थात् कल्याणनी प्राप्ति जीवने त्रणे काळने विषे अत्यंत दुर्लभ छे; एवो जे श्री तीर्थंकरदेवादि ज्ञानीनो उपदेश ते सत्य छे. एवी, जीवसमुदायनी जे भ्रांति ते अनादि संयोगे छे, एम घटे छे, एम ज छे; ते भ्रांति जे कारणथी वर्ते छे, ते कारणना मुख्य बे प्रकार जणाय छे; एक पारमार्थिक अने एक व्यावहारिक; अने ते बे प्रकारनो एकत्र अभिप्राय जे छे ते ए छे के, आ जीवने खरी मुमुक्षुता आवी नथी; एक अक्षर सत्य पण ते जीवमां परिणाम पाम्युं नथी; सत्पुरुषना दर्शन प्रत्ये जीवने रुचि थई नथी; तेवा तेवा जोगे समर्थ अंतरायथी जीवने ते प्रतिबंध रह्यो

छे; अने तेनुं सौथी मोटुं कारण असत्संगनी वासनाए जन्म पाम्युं एवुं निजेच्छापणुं, अने असत्दर्शनने विषे सत्दर्शनरूप भ्रांति ते छे. 'आत्मा नामनो कोई पदार्थ नथी', एवो एक अभिप्राय धरावे छे; 'आत्मा नामनो पदार्थ संयोगिक छे', एवो अभिप्राय कोई बीजा दर्शननो समुदाय स्वीकारे छे; 'आत्मा देह स्थितिरूप छे, देहनी स्थिति पछी नथी,' एवो अभिप्राय कोई बीजा दर्शननो छे. 'आत्मा अणु छे,' 'आत्मा सर्वव्यापक छे,' 'आत्मा शून्य छे,' 'आत्मा साकार छे' 'आत्मा प्रकाशरूप छे,' 'आत्मा स्वतंत्र नथी,' 'आत्मा कर्त्ता नथी,' आत्मा कर्त्ता छे भोक्ता नथी,' 'आत्म कर्त्ता नथी भोक्ता छे,' 'आत्मा कर्त्ता नथी भोक्ता नथी,' 'आत्मा जड छे,' 'आत्मा कृत्रिम छे,' ए आदि अनंत नय जेना थई शके छे एवा अभिप्रायनी भ्रांतिनुं कारण एवुं असत्-दर्शन ते आराधवाथी पूर्वे आ जीवे पोतानुं स्वरूप ते जेम छे तेम जाण्युं नथी. ते ते उपर जणाव्यां एकांत–अयथार्थपदे जाणी आत्माने विषे अथवा आत्माने नामे ईश्वरादि विषे पूर्वे जीवे आग्रह कर्यो छे; एवुं जे असत्संग, निजेच्छापणुं अने मिथ्यादर्शननुं परिणाम ते ज्यां सुधी मटे नहीं त्यां सुधी आ जीव क्लेशरहित एवो शुद्ध असंख्य प्रदेशात्मकमुक्त थवो घटतो नथी, अने ते असत्संगादि टाळवाने अर्थे सत्संग, ज्ञानीनी आज्ञानुं अत्यंत अंगीकृतपणुं, अने परमार्थस्वरूप एवुं जे आत्मापणुं ते जाणवायोग्य छे.

पूर्वे थया एवा जे तीर्थंकरादि ज्ञानीपुरुषो तेमणे उपर कही एवी जे भ्रांति तेनो अत्यंत विचार करी, अत्यंत एकाग्रपणे, तन्मयपणे जीवस्वरूपने विचारी, जीवस्वरूपे शुद्ध स्थिति

करी छे, ते आत्मा अने बीजा सर्व पदार्थो ते श्री तीर्थंकरादिए सर्वप्रकारनी भ्रांतिरहितपणे जाणवाने अर्थे अत्यंत दुष्कर एवो पुरुषार्थ आराध्यो छे. आत्माने एक पण अणुना आहारपरिणामथी अनन्य भिन्न करी आ देहने विषे स्पष्ट एवो अनाहारी आत्मा, स्वरूपथी जीवनार एवो जोयो छे. ते जोनार एवा जे तीर्थंकरादि ज्ञानी पोते पोते ज शुद्धात्मा छे, तो त्यां भिन्नपणे जोवानुं कहेवुं जोके घटतुं नथी, तथापि वाणीधर्मे एम कह्युं छे. एवो जे अनंतप्रकारे विचारीने पण जाणवा योग्य 'चैतन्यधन जीव' ते बे प्रकारे तीर्थंकरे कह्यो छे; के जे सत्पुरुषथी जाणी, विचारी, सत्कारीने जीव पोते ते स्वरूपने विषे स्थिति करे. पदार्थमात्र तीर्थंकरादि ज्ञानीए 'वक्तव्य' अने 'अवक्तव्य' एवा बे व्यवहारधर्मवाळा मान्या छे. अवक्तव्यपणे जे छे ते अहीं 'अवक्तव्य' ज छे. वक्तव्यपणे जे जीव धर्म छे, ते सर्व प्रकारे तीर्थंकरादि कहेवा समर्थ छे, अने ते मात्र जीवना विशुद्ध परिणामे अथवा सत्पुरुषे करी जणाय एवो जीव धर्म छे, अने ते ज धर्म ते लक्षणे करी अमुक मुख्य प्रकारे करी ते दोहाने विषे कह्यो छे. अत्यंत परमार्थना अभ्यासे ते व्याख्या अत्यंत स्फुट समजाय छे, अने ते समजाये आत्मापणुं पण अत्यंत प्रगटे छे, तथापि यथावकाश अत्र तेनो अर्थ लख्यो छे.

---

## ९

# जीव लक्षण

[ ३६७/४३८ ]

'समता, रमता, ऊरधता, ज्ञायकता सुख भास;
वेदकता चैतन्यता, ए सब जीव विलास.'

श्री तीर्थंकर एम कहे छे के आ जगतमां आ जीव नामना पदार्थने गमे ते प्रकारे कह्यो होय ते प्रकार तेनी स्थितिमां हो, तेने विषे अमारुं उदासीनपणुं छे. जे प्रकारे निराबाधपणे ते जीव नामनो पदार्थ अमे जाण्यो छे, ते प्रकारे करी ते प्रगट अमे कह्यो छे. जे लक्षणे कह्यो छे, ते सर्व प्रकारना बाधे करी रहित एवो कह्यो छे. अमे ते आत्मा एवो जाण्यो छे, जोयो छे, स्पष्ट अनुभव्यो छे, प्रगट ते ज आत्मा छीए. ते आत्मा 'समता' नामने लक्षणे युक्त छे. वर्तमान समये जे असंख्य प्रदेशात्मक चैतन्यस्थिति ते आत्मानी छे ते, ते पहेलांना एक, बे, त्रण, चार, दश, संख्यात, असंख्यात, अनंत समये हती, वर्तमाने छे, हवे पछीना काळने विषे पण ते ज प्रकारे तेनी स्थिति छे. कोई पण काळे तेनुं असंख्यात प्रदेशात्मकपणुं, चैतन्यपणुं, अरूपीपणुं, ए आदि समस्त स्वभाव ते छूटवा घटता नथी; एवुं जे समपणुं, समता ते जेनामां लक्षण छे ते जीव छे.

पशु, पक्षी, मनुष्यादि देहने विषे वृक्षादिने विषे जे कंई रमणीयपणुं जणाय छे, अथवा जेना वडे ते सर्व प्रगट स्फूर्तिवाळां जणाय छे, प्रगट सुंदरपणा समेत लागे छे, ते

रमता, रमणीयपणुं छे लक्षण जेनुं ते जीव नामनो पदार्थ छे. जेना विद्यमानपणा विना आखुं जगत शून्यवत् संभवे छे, एवुं रम्यपणुं जेने विषे छे, ते लक्षण जेने विषे घटे ते जीव छे.

कोई पण जाणनार क्यारे पण पदार्थने पोताना अविद्यमानपणे जाणे एम बनवा योग्य नथी. प्रथम पोतानुं विद्यमानपणुं घटे छे, अने कोई पण पदार्थनुं ग्रहण, त्यागादि के उदासीन ज्ञान थवामां पोते ज कारण छे. बीजा पदार्थना अंगीकारमां, तेना अल्पमात्र पण ज्ञानमां प्रथम जे होय, तो ज थई शके एवो सर्वथी प्रथम रहेनारो जे पदार्थ ते जीव छे. तेने गौण करीने एटले तेना विना कोई कंई पण जाणवा इच्छे तो ते बनवायोग्य नथी, मात्र ते ज मुख्य होय तो ज बीजुं कंई जाणी शकाय एवो ए प्रगट 'ऊर्ध्वताधर्म' ते जेने विषे छे, ते पदार्थने श्री तीर्थंकर जीव कहे छे.

प्रगट एवा जड पदार्थो अने जीव, ते जे कारणे करी भिन्न पडे छे, ते लक्षण जीवनो ज्ञायकपणा नामनो गुण छे. कोई पण समये ज्ञायकरहितपणे आ जीव पदार्थ कोई पण अनुभवी शके नहीं, अने ते जीव नामना पदार्थ सिवाय बीजा कोई पण पदार्थने विषे ज्ञायकपणुं संभवी शके नहीं एवुं जे अत्यंत अनुभवनुं कारण ज्ञायकता ते लक्षण जेमां छे ते पदार्थ, तीर्थंकरे जीव कह्यो छे.

शब्दादि पांच विषय संबंधी अथवा समाधि आदि जोग संबंधी जे स्थितिमां सुख संभवे छे ते भिन्न भिन्न करी जोतां मात्र छेवटे ते सर्वने विषे सुखनुं कारण एक ज एवो ए जीव पदार्थ संभवे छे, ते सुखभास नामनुं लक्षण, माटे तीर्थंकरे

जीवनुं कह्युं छे; अने व्यवहारदृष्टांते निद्राथी ते प्रगट जणाय छे. जे निद्राने विषे बीजा सर्व पदार्थथी रहितपणुं छे, त्यां पण हुं सुखी छुं एवुं जे ज्ञान छे, ते बाकी वध्यो एवो जे जीव पदार्थ तेनुं छे; बीजुं कोई त्यां विद्यमान नथी, अने सुखनुं भासवापणुं तो अत्यंत स्पष्ट छे; ते जेनेथी भासे छे ते जीव नामना पदार्थ सिवाय बीजे क्यांय ते लक्षण जोयुं नथी.

. आ मोळुं छे, आ मीठुं छे, आ खाटुं छे, आ खारुं छे, हुं आ स्थितिमां छुं, टाढे ठरुं छुं, ताप पडे छे, दुःखी छुं, दुःख अनुभवुं छुं, एवुं जे स्पष्टज्ञान, वेदनज्ञान, अनुभवज्ञान, अनुभवपणुं ते जो कोईमां पण होय तो ते आ जीव पदने विषे छे, अथवा ते जेनुं लक्षण होय छे ते पदार्थ जीव होय छे, ए ज तीर्थंकरादिनो अनुभव छे.

स्पष्ट प्रकाशपणुं, अनंत अनंत कोटी तेजस्वी दीपक, मणि, चंद्र, सूर्यादिनी कांति जेना प्रकाश विना प्रगटवा समर्थ नथी, अर्थात् ते सर्व पोते पोताने जणावा अथवा जाणवा योग्य नथी. जे पदार्थना प्रकाशने विषे चैतन्यपणाथी ते पदार्थो जाण्या जाय छे, ते पदार्थो प्रकाश पामे छे, स्पष्ट भासे छे, ते पदार्थ जे कोई छे ते जीव छे. अर्थात् ते लक्षण प्रगटपणे स्पष्ट प्रकाशमान, अचळ एवुं निराबाध प्रकाश्यमान चैतन्य, ते जीवनुं ते जीवप्रत्ये उपयोग वाळतां प्रगट देखाय छे.

ए जे लक्षणो कह्यां ते फरी फरी विचारी जीव निराबाधपणे जाण्यो जाय छे, जे जाणवाथी जीव जाण्यो छे ते लक्षणो ए प्रकारे तीर्थंकरादिए कह्यां छे.

---

## १०

# आत्मा सच्चिदानंद

[ ५१९/७१० ]

आत्मा ॐ आत्मा
सच्चिदानंद सच्चिदानंद

ज्ञानापेक्षाए सर्वव्यापक, सच्चिदानंद एवो हुं आत्मा एक छुं एम विचारवुं, ध्याववुं.

निर्मळ, अत्यंत निर्मळ, परम शुद्ध, चैतन्यघन, प्रकट आत्मस्वरूप छे.

सर्वने बाद करतां करतां जे अबाध्य अनुभव रहे छे ते आत्मा छे.

जे सर्वने जाणे छे ते आत्मा छे.

जे सर्व भावने प्रकाशे छे ते आत्मा छे

उपयोगमय आत्मा छे.

अव्याबाध समाधिस्वरूप आत्मा छे.

आत्मा छे. आत्मा अत्यंत प्रगट छे, केमके स्वसंवेदन प्रगट अनुभवमां छे.

ते आत्मा नित्य छे, अनुत्पन्न अने अमिलन स्वरूप होवाथी.

भ्रांतिपणे परभावनो कर्ता छे.

तेना फळनो भोक्ता छे.

भान थये स्वभावपरिणामी छे.

सर्वथा स्वभावपरिणाम ते मोक्ष छे.

सद्‌गुरु, सत्संग, सत्शास्त्र, सद्‌विचार अने संयमादि तेनां साधन छे.

आत्माना अस्तित्वथी मांडी निर्वाण सुधीनां पद साचां छे, अत्यंत साचां छे, केमके प्रगट अनुभवमां आवे छे.

भ्रांतिपणे आत्मा परभावनो कर्ता होवाथी शुभाशुभ कर्मनी उत्पत्ति थाय छे.

कर्म सफळ होवाथी ते शुभाशुभ कर्म आत्मा भोगवे छे.

उत्कृष्ट शुभथी उत्कृष्ट अशुभ सुधीना सर्व न्यूनाधिक पर्याय भोगववारूप क्षेत्र अवश्य छे.

निज स्वभाव ज्ञानमां केवळ उपयोगे, तन्मयाकार, सहज स्वभावे, निर्विकल्पपणे आत्मा परिणमे ते केवळज्ञान छे.

तथारूप प्रतीतिपणे परिणमे सम्यक्त्व छे.

निरंतर ते प्रतीति वर्त्या करे ते क्षायिक सम्यक्त्व कहीए छीए.

क्वचित् मंद, क्वचित् तीव्र, क्वचित् विसर्जन, क्वचित् स्मरणरूप एम प्रतीति रहे तेने क्षयोपशम सम्यक्त्व कहीए छीए.

ते प्रतीतिने सत्तागत आवरण उदय आव्यां नथी, त्यां सुधी उपशम सम्यक्त्व कहीए छीए.

आत्माने आवरण उदय आवे त्यारे ते प्रतीतिथी पडी जाय तेने सास्वादन सम्यक्त्व कहीए छीए.

अत्यंत प्रतीति थवाना योगमां सत्तागत अल्प पुद्‌गलनुं वेदवुं ज्यां रह्युं छे तेने वेदक सम्यक्त्व कहीए छीए.

तथारूप प्रतीति थये अन्यभाव संबंधी अहंममत्वादि, हर्ष, शोक क्रमे करी क्षय थाय.

मनरूप योगमां तारतम्यसहित जे कोई चारित्र आराधे ते सिद्धि पामे छे. अने जे स्वरूपस्थिरता भजे ते स्वभाव-स्थिति पामे छे.

निरंतर स्वरूपलाभ, स्वरूपाकार उपयोगनुं परिणमन ए आदि स्वभाव अंतराय कर्मना क्षये प्रगटे छे.

केवळ स्वभावपरिणामी ज्ञान ते केवळज्ञान छे.... केवळज्ञान छे.

---

## ११

## आत्मभावना

[६२०/८३३]

सर्व द्रव्यथी, सर्व क्षेत्रथी, सर्व काळथी अने सर्व भावथी जे सर्व प्रकारे अप्रतिबंध थई निजस्वरूपमां स्थित थया ते परम पुरुषोने नमस्कार.

जेने कंई प्रिय नथी, कंई अप्रिय नथी, जेने कोई शत्रु नथी, जेने कोई मित्र नथी, जेने मान–अपमान, लाभ–अलाभ, हर्ष–शोक, जन्म–मृत्यु आदि द्वंद्वनो अभाव थई जे शुद्ध चैतन्यस्वरूपने विषे स्थिति पाम्या छे, पामे छे अने पामशे तेमनुं अति उत्कृष्ट पराक्रम सानंदाश्चर्य उपजावे छे.

देह प्रत्ये जेवो वस्त्रनो संबंध छे, तेवो आत्मा प्रत्ये जेणे देहनो संबंध यथातथ्य दीठो छे, म्यान प्रत्ये तरवारनो जेवो संबंध छे तेवो देह प्रत्ये जेणे आत्मानो संबंध दीठो छे, अबद्ध स्पष्ट आत्मा जेणे अनुभव्यो छे, ते महत्पुरुषोने जीवन अने मरण बन्ने समान छे.

जे अचिंत्य द्रव्यनी शुद्धचितिस्वरूप कांति परम प्रगट थई अचिंत्य करे छे, ते अचिंत्य द्रव्य सहज स्वाभाविक निजस्वरूप छे एवो निश्चय जे परम कृपाळु सत्पुरुषे प्रकाश्यो तेनो अपार उपकार छे.

चंद्र भूमिने प्रकाशे छे, तेना किरणनी कांतिना प्रभावथी समस्त भूमि श्वेत थई जाय छे, पण कंई चंद्र भूमिरूप कोई काळे तेम थतो नथी, एम समस्त विश्वने प्रकाशक एवो आ आत्मा ते क्यारे पण विश्वरूप थतो नथी, सदासर्वदा चैतन्य-स्वरूप ज रहे छे. विश्वमां जीव अभेदता माने छे ए ज भ्रांति छे.

जेम आकाशमां विश्वनो प्रवेश नथी, सर्व भावनी वासनाथी आकाश रहित ज छे, तेम सम्यक्‌दृष्टि पुरुषोए प्रत्यक्ष सर्व द्रव्यथी भिन्न, सर्व अन्य पर्यायथी रहित ज आत्मा दीठो छे.

जेनी उत्पत्ति कोई पण अन्य द्रव्यथी थती नथी, तेवा आत्मानो नाश पण क्यांथी होय?

अज्ञानथी अने स्वस्वरूप प्रत्येना प्रमादथी आत्माने मात्र मृत्युनी भ्रांति छे. ते ज भ्रांति निवृत्त करी शुद्ध चैतन्य निजअनुभव प्रमाणस्वरूपमां परम जाग्रत थई ज्ञानी सदाय निर्भय छे. ए ज स्वरूपना लक्षथी सर्व जीव प्रत्ये साम्यभाव उत्पन्न थाय छे. सर्व परद्रव्यथी वृत्ति व्यावृत्त करी आत्मा अक्लेश समाधिने पामे छे.

परमसुखस्वरूप, परमोत्कृष्ट शांत, शुद्ध चैतन्यस्वरूप समाधिने सर्वकाळने माटे पाम्या ते भगवंतने नमस्कार, ते पदमां निरंतर लक्षरूप प्रवाह छे जेनो ते सत्पुरुषोने नमस्कार.

सर्वथी सर्व प्रकारे हुं भिन्न छुं, एक केवळ शुद्ध चैतन्यस्वरूप, परमोत्कृष्ट, अचिंत्य सुखस्वरूप मात्र एकांत शुद्ध अनुभवरूप हुं छुं, त्यां विक्षेप शो? विकल्प शो? भय शो? खेद शो? बीजी अवस्था शी? हुं मात्र निर्विकल्प शुद्ध शुद्ध, प्रकृष्ट शुद्ध परमशांत चैतन्य छुं. हुं मात्र निर्विकल्प छुं. हुं निजस्वरूपमय उपयोग करुं छुं. तन्मय थाउं छुं.

शांतिः शांतिः शांतिः.

---

## १२

## आत्मस्थिति क्रम

[८००/२९]

शरीरने विषे आत्मभावना प्रथम थती होय तो थवा देवी, क्रमे करी प्राणमां आत्मभावना करवी, पछी इन्द्रियोमां आत्मभावना करवी, पछी संकल्पविकल्परूप परिणाममां आत्मभावना करवी, पछी स्थिर ज्ञानमां आत्मभावना करवी. त्यां सर्वप्रकारनी अन्यालंबनरहित स्थिति करवी.

---

# १३

# आत्मध्यान

[८३२/२९]

द्वि० आ० शु० १, १९५४

ॐ नमः

सर्व विकल्पनो, तर्कनो त्याग करीने

| | |
|---|---|
| मननो<br>वचननो<br>कायानो<br>इन्द्रियनो<br>आहारनो<br>निद्रानो | जय करोने |

निर्विकल्पपणे अंतर्मुखवृत्ति करी आत्मध्यान करवुं. मात्र अनाबाध अनुभवस्वरूपमां लीनता थवा देवी, बीजी चिंतवना न करवी. जे जे तर्कादि ऊठे, ते नहीं लंबावतां उपशमावी देवा.

---

# १४

# स्वाध्याय ध्यान

[८२०/९]

हे मुनिओ! ज्यां सुधी केवळ समवस्थानरूप सहज स्थिति स्वाभाविक न थाय त्यां सुधी तमे ध्यान अने स्वाध्यायमां लीन रहो.

जीव केवळ स्वाभाविक स्थितिमां स्थित थाय त्यां कंई करवुं रह्युं नथी.

ज्यां जीवनां परिणाम वर्धमान, हीयमान थया करे छे त्यां ध्यान कर्तव्य छे. अर्थात् ध्यानलीनपणे सर्व बाह्यद्रव्यना परिचयथी विराम पामी निजस्वरूपना लक्षमां रहेवुं उचित छे.

उदयना धक्काथी ते ध्यान ज्यारे ज्यारे छूटी जाय त्यारे त्यारे तेनुं अनुसंधान घणी त्वराथी करवुं.

वच्चेना अवकाशमां स्वाध्यायमां लीनता करवी. सर्व परद्रव्यमां एक समय पण उपयोग संग न पामे एवी दशाने जीव भजे त्यारे केवळज्ञान उत्पन्न थाय.

---

## १५

## ध्याननुं सुगम स्वरूप

[ ३५६/४१६ ]

जे प्रकारे अत्रे कहेवामां आव्युं हतुं, ते प्रकारथी पण सुगम एवुं ध्याननुं स्वरूप अहीं लख्युं छे.

१. निर्मळ एवा कोई पदार्थने विषे दृष्टिनुं स्थापन करवानो अभ्यास करीने प्रथम तेने अचपळ स्थितिमां आणवी.

२. एवुं केटलुंक अचपळपणुं प्राप्त थया पछी जमणा चक्षुने विषे सूर्य अने डाबा चक्षुने विषे चंद्र स्थित छे, एवी भावना करवी.

३. ए भावना ज्यां सुधी ते पदार्थनां आकारादिनां दर्शनने आपे नहीं त्यां सुधी सुदृढ करवी.

४. तेवी सुदृढता थया पछी चंद्रने जमणा चक्षुने विषे अने सूर्यने वाम चक्षुने विषे स्थापन करवा.

५. ए भावना ज्यां सुधी ते पदार्थनां आकारादि दर्शनने आपे नहीं त्यां सुधी सुदृढ करवी. आ जे दर्शन कह्युं छे, ते भास्यमानदर्शन समजवुं.

६. ए बे प्रकारनी ऊलटसूलट भावना सिद्ध थये भ्रकुटीना मध्यभागने विषे ते बन्नेनुं चिंतन करवुं.

७. प्रथम ते चिंतन दृष्टि उघाडी राखी करवुं.

८. घणा प्रकारे ते चिंतन दृढ थवा पछी दृष्टि बंध राखवी. ते पदार्थना दर्शननी भावना करवी.

९. ते भावनाथी दर्शन सुदृढ थया पछी ते बन्ने पदार्थो अनुक्रमे हृदयने विषे एक अष्टदलकमळनुं चिंतन करी स्थापित करवा.

१०. हृदयने विषे एवुं एक अष्टदलकमळ मानवामां आव्युं छे, तथापि ते विमुख मुखे रह्युं छे; एम मानवामां आव्युं छे, जेथी सन्मुख मुखे तेने चिंतववुं, अर्थात् सूलटुं चिंतववुं.

११. ते अष्टदळकमळने विषे प्रथम चंद्रना तेजने स्थापन करवुं. पछी सूर्यना तेजने स्थापन करवुं, अने पछी अखंड दिव्याकार एवी अग्निनी ज्योतिनुं स्थापन करवुं.

१२. ते भाव दृढ थये पूर्ण छे जेनुं ज्ञान, दर्शन अने आत्मचरित्र एवा श्री वीतरागदेव तेनी प्रतिमा महातेजोमय स्वरूपे तेने विषे चिंतववी.

१३. ते परम दिव्य प्रतिमा नहीं बाळ, युवा अने वृद्ध एवा दिव्यस्वरूपे चिंतववी.

१४. संपूर्ण ज्ञान, दर्शन उत्पन्न थवाथी स्वरूपसमाधिने विषे श्री वीतरागदेव अत्र छे, एम भाववुं.

१५. स्वरूपसमाधिने विषे स्थित एवा ते वीतराग आत्माना स्वरूपमां तदाकार ज छे, एम भाववुं.

१६. तेमनां मूर्धस्थानने विषेथी ते वखते ॐकारनो ध्वनि थया करे छे एम भाववुं.

१७. ते भावनाओ दृढ थये ते ॐकार सर्व प्रकारना वक्तव्य ज्ञानने उपदेशे छे, एम भाववुं.

१८. जे प्रकारना सम्यक्मार्गे करी वीतरागदेव वीतराग निष्पन्नताने पाम्या एवुं ज्ञान ते उपदेशनुं रहस्य छे, एम चिंतवतां चिंतवतां ते ज्ञान ते शुं? एम भाववुं.

१९. ते भावना दृढ थया पछी तेमणे जे द्रव्यादि पदार्थो कह्या छे, तेनुं भावन करी आत्माने स्वस्वरूपमां चिंतववो, सर्वांग चिंतववो.

ध्यानना घणा घणा प्रकार छे. ए सर्वमां श्रेष्ठ एवुं तो आत्मा जेमां मुख्यपणे वर्ते छे, ते ध्यान कहेवाय छे; अने ए ज आत्मध्याननी प्राप्ति, घणुं करीने आत्मज्ञाननी प्राप्ति विना थती नथी. एवुं जे आत्मज्ञान ते यथार्थ बोधनी प्राप्ति सिवाय उत्पन्न थतुं नथी. ए यथार्थ बोधनी प्राप्ति घणुं करीने क्रमे करीने घणा जीवोने थाय छे, अने तेनो मुख्य मार्ग ते बोधस्वरूप एवा ज्ञानीपुरुषनो आश्रय के संग अने तेने विषे बहुमान, प्रेम ए छे. ज्ञानी पुरुषनो तेवो तेवो संग जीवने अनंतकाळमां घणी वार थई गयो छे, तथापि आ पुरुष ज्ञानी छे, माटे हवे तेनो आश्रय ग्रहण करवो ए ज कर्त्तव्य छे,

एम जीवने आव्युं नथी; अने ते ज कारण जीवने परिभ्रमणनुं थयुं छे, एम अमने तो दृढ करीने लागे छे.

ज्ञानीपुरुषनुं ओळखाण नहीं थवामां घणुं करीने जीवना त्रण मोटा दोष जाणीए छीए. एक तो 'हुं जाणुं छुं,' 'हुं समजुं छुं' एवा प्रकारनुं जे मान जीवने रह्या करे छे ते मान. बीजुं परिग्रहादिकने विषे ज्ञानी पुरुष पर राग करतां पण विशेष राग. त्रीजुं, लोकभयने लीधे, अपकीर्त्तिभयने लीधे, अने अपमानभयने लीधे ज्ञानीथी विमुख रहेवुं, तेना प्रत्ये जेवुं विनयान्वित थवुं जोईए तेवुं न थवुं. ए त्रण कारणो जीवने ज्ञानीथी अजाण्यो राखे छे; ज्ञानीने विषे पोता समान कल्पना रह्या करे छे; पोतानी कल्पना प्रमाणे ज्ञानीना विचारनुं, शास्त्रनुं तोलन करवामां आवे छे; थोडुं पण ग्रंथसंबंधी वांचनादि ज्ञान मळवाथी घणा प्रकारे ते दर्शाववानी जीवने इच्छा रह्या करे छे. ए वगेरे जे दोष ते उपर जणाव्या एवा जे त्रण दोष तेने विषे समाय छे अने ए त्रणे दोषनुं उपादान कारण एवो तो एक 'स्वच्छंद' नामनो महा दोष छे; अने तेनुं निमित्तकारण असत्संग छे.

जेने तमारा प्रत्ये, तमने परमार्थनी कोई प्रकारे कंई पण प्राप्ति थाओ ए हेतु सिवाय बीजी स्पृहा नथी, एवो हुं ते आ स्थळे स्पष्ट जणाववा इच्छुं छुं, अने ते ए के उपर जणावेला दोषो जे विषे हजु तमने प्रेम वर्ते छे; 'हुं जाणुं छुं,' 'हुं समजुं छुं,' ए दोष घणी वार वर्तवामां प्रवर्ते छे; असार एवा परिग्रहादिकने विषे पण महत्तानी इच्छा रहे छे, ए वगेरे जे दोषो ते, ध्यान, ज्ञान ए सर्वेनुं कारण जे ज्ञानीपुरुष अने

तैनी आज्ञाने अनुसरवुं तेने आडा आवे छे. माटे जेम बने तेम आत्मवृत्ति करी तेने ओछा करवानुं प्रयत्न करवुं, अने लौकिक भावनाना प्रतिबंधथी उदास थवुं ए ज कल्याणकारक छे, एम जाणीए छीए.

---

## १६

## असंगतानो अभ्यास करो

[ ६४१/९०१ ]

ॐ

'गुरु गणधर गुणधर अधिक, प्रचुर परंपर और,
व्रततपधर, तनु नगनधर, वंदौ वृषदौसिरमोर.

जगत विषयना विक्षेपमां स्वरूपविभ्रांति वडे विश्रांति पामतुं नथी.

अनंत अव्याबाध सुखनो एक अनन्य उपाय स्वरूपस्थ थवुं ते ज छे. ए ज हितकारी उपाय ज्ञानीए दीठो छे.

भगवान जिने द्वादशांगी ए ज अर्थे निरूपण करी छे, अने ए ज उत्कृष्टताथी ते शोभे छे. जयवंत छे.

ज्ञानीनां वाक्यना श्रवणथी उल्लासित थतो एवो जीव, चेतन, जडने भिन्नस्वरूप यथार्थपणे प्रतीत करे छे, अनुभवे छे, अनुक्रमे स्वरूपस्थ थाय छे.

यथास्थित अनुभव थवाथी स्वरूपस्थ थवा योग्य छे.

दर्शनमोह व्यतीत थवाथी ज्ञानीना मार्गमां परमभक्ति समुत्पन्न थाय छे, तत्त्वप्रतीति सम्यक्पणे उत्पन्न थाय छे.

तत्त्वप्रतीति वडे शुद्ध चैतन्य प्रत्ये वृत्तिनो प्रवाह् वळे छे. शुद्ध चैतन्यना अनुभव अर्थे चारित्रमोह् व्यतीत करवा योग्य छे.

चारित्रमोह्, चैतन्यना—ज्ञानी पुरुषना सन्मार्गना नैष्टिकपणाथी प्रलय थाय छे.

असंगताथी परमावगाढ अनुभव थवा योग्य छे.

हे आर्य मुनिवरो! ए ज असंग शुद्ध चैतन्यार्थे असंग-योगने अहोनिश इच्छीए छीए. हे मुनिवरो! असंगतानो अभ्यास करो

बे वर्ष कदापि समागम न करवो एम थवाथी अविरोधता थती होय तो छेवटे बीजो कोई सद्‌उपाय न होय तो तेम करशो, जे महात्माओ असंग चैतन्यमां लीन थया, थाय छे अने थशे तेने नमस्कार. ॐ शांतिः.

---

## १७

## आत्मसंबोधन

[८१९/७]

हे जीव! स्थिर दृष्टिथी करीने तुं अंतरंगमां जो, तो सर्व परद्रव्यथी मुक्त एवुं तारुं स्वरूप तने परम प्रसिद्ध अनुभवाशे.

हे जीव! असम्यक्‌दर्शनने लीधे ते स्वरूप तने भासतुं नथी. ते स्वरूपमां तने शंका छे, व्यामोह अने भय छे.

सम्यक्‌दर्शननो योग प्राप्त करवाथी ते अभासनादिनी निवृत्ति थशे.

हे सम्यक्‌दर्शनी! सम्यक्‌चारित्र ज सम्यक्‌दर्शननुं फळ घटे छे, माटे तेमां अप्रमत्त था.

जे प्रमत्तभाव उत्पन्न करे छे ते कर्मबंधनी तने सुप्रतीतिनो हेतु छे.

हे सम्यक्‌चारित्री! हवे शिथिलपणुं घटतुं नथी. घणो अंतराय हतो ते निवृत्त थयो, तो हवे निरंतराय पदमां शिथिलता शा माटे करे छे?

---

## १८

## अप्रमत्तता

[८२०/११]

आम काळ व्यतीत थवा देवो योग्य नथी. समये समय आत्मोपयोगे उपकारी करीने निवृत्त थवा देवा योग्य छे.

अहो आ देहनी रचना! अहो चेतन! अहो तेनुं सामर्थ्य! अहो ज्ञानी! अहो तेनी गवेषणा! अहो तेमनुं ध्यान! अहो तेमनी समाधि! अहो तेमनो संयम! अहो तेमनो अप्रमत्तभाव! अहो तेमनी परम जागृति! अहो तेमनो वीतराग स्वभाव! अहो तेमनुं निवारण ज्ञान! अहो तेमना योगनी शांति! अहो तेमना वचनादि योगनो उदय!

हे आत्मा! आ बधुं तने सुप्रतीत थयुं छतां प्रमत्तभाव केम? मंद प्रयत्न केम? जघन्यमंद जागृति केम? शिथिलता केम? मूंझवण केम? अंतरायनो हेतु शो?

अप्रमत्त था, अप्रमत्त था.

परम जागृत स्वभाव भज, परम जागृत स्वभाव भज.

---

## ५

# समाधिभावना

## १

## समाधि–साधन

[ ३८५/४७१ ]

आत्माने समाधि थवा माटे, आत्मस्वरूपमां स्थिति माटे सुधारस के जे मुखने विषे वरसे छे, ते एक अपूर्व आधार छे; माटे कोई रीते तेने बीजज्ञान कहो तो हरकत नथी; मात्र एटलो भेद छे के ते ज्ञान ज्ञानीपुरुष, के जे तेथी आगळ छे, आत्मा छे, एम जाणनार होवा जोईए.

द्रव्यथी द्रव्य मळतुं नथी, एम जाणनारने कंई कर्त्तव्य कहो शकाय नहीं, पण ते क्यारे? स्वद्रव्य द्रव्य, क्षेत्र, काळ, भावे यथावस्थित समजाये, स्वद्रव्य स्वरूपपरिणामे परिणमी अन्यद्रव्य प्रत्ये केवळ उदास थई, कृतकृत्य थये कंई कर्त्तव्य रहेतुं नथी; एम घटे छे, अने एम ज छे.

---

## २

## समाधि असमाधि विचार (१)

[ ४४४/५५१ ]

श्री जिन आत्मपरिणामनो स्वस्थताने समाधि अने आत्मपरिणामनी अस्वस्थताने असमाधि कहे छे; ते अनुभवज्ञाने जोतां परम सत्य छे.

अस्वस्थ कार्यनी प्रवृत्ति करवी, अने आत्मपरिणाम स्वस्थ राखवां एवी विषमप्रवृत्ति श्री तीर्थंकर जेवा ज्ञानीथी बनवी कठण कही छे, तो पछी बीजा जीवने विषे ते वात संभवित करवी कठण होय एमां आश्चर्य नथी.

कोई पण परपदार्थने विषे इच्छानी प्रवृत्ति छे, अने कोई पण परपदार्थना वियोगनी चिंता छे, तेने श्री जिन आर्त्तध्यान कहे छे, तेमां अंदेशो घटतो नथी.

त्रण वर्षना उपाधियोगथी उत्पन्न थयो एवो विक्षेपभाव ते मटाडवानो विचार वर्ते छे. दृढ वैराग्यवानना चित्तने जे प्रवृत्ति बाध करी शके एवी छे, ते प्रवृत्ति अदृढ वैराग्यवान जीवने कल्याण सन्मुख थवा न दे एमां आश्चर्य नथी.

जेटली संसारने विषे सारपरिणति मनाय तेटली आत्मज्ञाननी न्यूनता श्री तीर्थंकरे कही छे.

परिणाम जड होय एवो सिद्धांत नथी. चेतनने चेतनपरिणाम होय अने अचेतनने अचेतन परिणाम होय, एवो जिने अनुभव कर्यो छे. कोई पण पदार्थ परिणाम के पर्याय विना होय नहीं, एम श्री जिने कह्युं छे अने ते सत्य छे.

श्री जिने जे आत्मअनुभव कर्यो छे, अने पदार्थनां स्वरूप साक्षात्कार करी जे निरूपण कर्युं छे ते, सर्व मुमुक्षु जीवे परमकल्याणने अर्थे निश्चय करी विचारवा योग्य छे. जिने कहेला सर्व पदार्थना भावो एक आत्मा प्रगट करवाने अर्थे छे, अने मोक्षमार्गमां प्रवृत्ति बेनी घटे छे; एक आत्मज्ञाननी अने एक आत्मज्ञानीना आश्रयवाननी, एम श्री जिने कह्युं छे.

आत्मा सांभळवो, विचारवो, निदिध्यासवो, अनुभववो एवी एक वेदनी श्रुति छे; अर्थात् जो एक ए ज प्रवृत्ति करवामां आवे तो जीव तरी पार पामे एवुं लागे छे. बाकी तो मात्र कोई श्री तीर्थंकर जेवा ज्ञानी विना, सर्वने आ प्रवृत्ति करतां कल्याणनो विचार करवो अने निश्चय थवो तथा आत्म-स्वस्थता थवी दुर्लभ छे.

---

## ३
## समाधि असमाधि विचार (२)

[४५०/५६८[

आत्मस्वरूपनो निर्णय थवामां अनादिथी जीवनी भूल थती आवी छे जेथी हमणां थाय तेमां आश्चर्य लागतुं नथी.

सर्व क्लेशथी अने सर्व दुःखथी मुक्त थवानो आत्मज्ञान सिवाय बीजो कोई उपाय नथी. सद्विचार विना आत्मज्ञान थाय नहीं, अने असत्संग–प्रसंगथी जीवनुं विचारबळ प्रवर्ततुं नथी एमां किंचित्मात्र संशय नथी.

आत्मपरिणामनी स्वस्थताने श्री तीर्थंकर 'समाधि' कहे छे.

आत्मपरिणामनी अवस्थताने श्री तीर्थंकर 'असमाधि' कहे छे.

आत्मपरिणामनी सहज स्वरूपे परिणति थवी तेने श्री तीर्थंकर 'धर्म' कहे छे.

आत्मपरिणामनी कंई पण चपळ परिणति थवी तेने श्री तीर्थंकर 'कर्म' कहे छे.

श्री जिन तीर्थंकरे जेवो बंध अने मोक्षनो निर्णय कह्यो छे, तेवो निर्णय वेदांतादि दर्शनमां दृष्टिगोचर थतो नथी; अने जेवुं श्री जिनने विषे यथार्थवक्तापणुं जोवामां आवे छे, तेवुं यथार्थवक्तापणुं बीजामां जोवामां आवतुं नथी.

आत्माना अंतर्व्यापार ( शुभाशुभ परिणामधारा ) प्रमाणे बंधमोक्षनी व्यवस्था छे, शारीरिक चेष्टा प्रमाणे ते नथी. पूर्वे उत्पन्न करेलां वेदनीय कर्मना उदय प्रमाणे रोगादि उत्पन्न थाय छे, अने ते प्रमाणे निर्बळ, मंद, म्लान, उष्ण, शीत आदि शरीरचेष्टा थाय छे.

विशेष रोगना उदयथी अथवा शारीरिक मंदबळथी ज्ञानीनुं शरीर कंपाय, निर्बळ थाय, म्लान थाय, मंद थाय, रौद्र लागे, तेने भ्रमादिनो उदय पण वर्ते; तथापि जे प्रमाणे जीवने विषे बोध अने वैराग्यनो वासना थई होय छे ते प्रमाणे ते रोगने जीव ते ते प्रसंगमां घणुं करी वेदे छे.

कोई पण जीवने अविनाशी देहनी प्राप्ति थई एम दीठुं नथी, जाण्युं नथी तथा संभवतुं नथी; अने मृत्युनुं आववुं अवश्य छे, एवो प्रत्यक्ष निःसंशय अनुभव छे, तेम छतां पण आ जीव ते वात फरी फरी भूली जाय छे ए मोटुं आश्चर्य छे.

जे सर्वज्ञ वीतरागने विषे अनंत सिद्धिओ प्रगटी हती ते वीतरागे पण आ देहने अनित्यभावी दीठो छे, तो पछी बीजा जीवो कया प्रयोगे देहने नित्य करी शकशे ?

श्री जिननो एवो अभिप्राय छे, के प्रत्येक द्रव्य अनंत पर्यायवाळुं छे. जीवने अनंता पर्याय छे अने परमाणुने पण अनंता पर्याय छे. जीव चेतन होवाथी तेना पर्याय पण चेतन

छे, अने परमाणु अचेतन होवाथी तेना पर्याय पण अचेतन छे. जीवना पर्याय अचेतन नथी अने परमाणुना पर्याय सचेतन नथी, एवो श्री जिने निश्चय कर्यो छे अने तेम ज योग्य छे, केमके प्रत्यक्ष पदार्थनुं स्वरूप पण विचारतां तेवुं भासे छे.

जीव विषे, प्रदेश विषे, पर्याय विषे, तथा संख्यात, असंख्यात, अनंत आदि विषेनो यथाशक्ति विचार करवो. जे कंई अन्य पदार्थनो विचार करवो छे ते जीवना मोक्षार्थे करवो छे, अन्य पदार्थना ज्ञानने माटे करवो नथी.

---

४

## मृत्युने नित्य निकट समजीने प्रवर्तो

[५१०/७०२]

विचारवान पुरुषो तो कैवल्यदशा थतां सुधी मृत्युने नित्य समीप ज समजीने प्रवर्ते छे.

घणुं करीने उत्पन्न करेलां एवां कर्मनी रहस्यभूत मति मृत्यु वखते वर्ते छे. क्वचित् मांड परिचय थयेल एवो परमार्थ ते एक भाव; अने नित्य परिचित निजकल्पनादि भावे रूढि-धर्मनुं ग्रहण एवो भाव, एम भाव बे प्रकारना थई शके. सद्विचारे यथार्थ आत्मदृष्टि के वास्तव उदासीनता तो सर्व जीव समूह जोतां कोईक विरल जीवने क्वचित् क्वचित् होय छे; अने बीजो भाव अनादि परिचित छे, ते ज प्राये सर्व जीवमां जोवामां आवे छे, अने देहांत प्रसंगे पण तेनुं प्राबल्य जोवामां आवे छे, एम जाणी मृत्यु समीप आव्ये तथारूप परिणति

करवानो विचार विचारवान पुरुष छोडी दई, प्रथमथी ज ते प्रकारे वर्ते छे. तमे पोते बाह्यक्रियानो विधिनिषेधाग्रह विसर्जनवत् करी दई, अथवा तेमां अंतरपरिणामे उदासीन थई, देह अने तेना संबंधी संबंधनो वारंवारनो विक्षेप छोडी दई, यथार्थ आत्मभावनो विचार करवानुं लक्षगत करो तो ते ज सार्थक छे. छेल्ले अवसरे अनशनादि के संस्तरादिक के संलेखनादिक क्रिया क्वचित् बनो के न बनो तोपण जे जीवने उपर कह्यो ते भाव लक्षगत छे, तेनो जन्म सफळ छे, अने क्रमे करी ते निःश्रेयने प्राप्त थाय छे.

तमने बाह्यक्रियादिनो केटलांक कारणथी विशेष विधिनिषेध लक्ष जोईने अमने खेद थतो के आमां काळ व्यतीत थतां आत्मावस्था केटली स्वस्थता भजे छे, अने शुं यथार्थ स्वरूपनो विचार करी शके छे, के तमने तेनो आटलो बधो परिचय खेदनो हेतु लागतो नथी? सहजमात्र जेमां उपयोग दीधो होय तो चाले तेवुं छे, तेमां लगभग 'जागृति' काळनो घणो भाग व्यतीत थवा जेवुं थाय छे ते केने अर्थे? अने तेनुं शुं परिणाम? ते शा माटे तमने ध्यानमां आवतुं नथी? ते विषे क्वचित् कंई प्रेरवानी इच्छा थयेली संभवे छे, पण तमारी तथारूप रुचि अने स्थिति न देखावाथी प्रेरणा करतां करतां वृत्ति संक्षेपी लीधेली. हजी पण तमारा चित्तमां आ वातने अवकाश आपवा योग्य अवसर छे. लोको मात्र विचारवान के सम्यग्दृष्टि समजे तेथी कल्याण नथी, अथवा बाह्यव्यवहारना घणा विधिनिषेधना कर्तृत्वना महात्म्यमां कंई कल्याण नथी, एम अमने तो लागे छे. आ कंई एकांतिक दृष्टिए लख्युं छे अथवा अन्य कंई

हेतु छे, एम विचारवुं छोडी दई, जे कंई ते वचनोथी अंतर्मुखवृत्ति थवानी प्रेरणा थाय ते करवानो विचार राखवो ए ज सुविचारदृष्टि छे.

लोकसमुदाय कोई भलो थवानो नथी, अथवा स्तुतिनिंदाना प्रयत्नार्थे आ देहनी प्रवृत्ति ते विचारवानने कर्त्तव्य नथी. बाह्यक्रियाना अंतर्मुखवृत्ति वगरना विधिनिषेधमां कंई पण वास्तव्य कल्याण रह्युं नथी. गच्छादि भेदने निर्वाहवामां, नाना प्रकारना विकल्पो सिद्ध करवामां आत्माने आवरण करवा बराबर छे. अनेकांतिक मार्ग पण सम्यक् एकांत एवा निजपदनी प्राप्ति कराववा सिवाय बीजा अन्य हेतुए उपकारी नथी, एम जाणी लख्युं छे. ते मात्र अनुकंपाबुद्धिए, निराग्रहथी, निष्कपटताथी, निर्दंभताथी, अने हितार्थे लख्युं छे, एम जो तमे यथार्थ विचारशो तो दृष्टिगोचर थशे, अने वचननुं ग्रहण के प्रेरणा थवानो हेतु थशे.

---

५

## व्याधिना उदयमां

[ ३७८/४६० ]

शारीरिक वेदनाने देहनो धर्म जाणी अने बांधेलां एवां कर्मोनुं फळ जाणी सम्यक्प्रकारे अहियासवायोग्य छे. घणी वार शारीरिक वेदनानुं बळ विशेष वर्ततुं होय छे, त्यारे उपर जे कह्यो छे ते सम्यक्प्रकार रुडा जीवोने पण स्थिर रहेवो कठण थाय छे; तथापि हृदयने विषे वारंवार ते वातनो विचार

करतां अनें आत्माने नित्य, अछेद्य, अभेद्य, जरा, मरणादि धर्मथी रहित भावतां, विचारतां, केटलीक रीते ते सम्यक्प्रकारनो निश्चय आवे छे. मोटा पुरुषोए अहियासेला एवा उपसर्ग, तथा परिषहना प्रसंगोनी जीवमां स्मृति करो, ते विषे तेमनो रहेलो अखंड निश्चय ते फरी फरी हृदयमां स्थिर करवायोग्य जाणवाथी जीवने ते सम्यक् परिणाम फळीभूत थाय छे, अनें वेदना, वेदनाना क्षयकाळे निवृत्त थये फरी ते वेदना कोई कर्मोनुं कारण थती नथी. व्याधिरहित शरीर होय तेवा समयमां जीवे जो तेनाथी पोतानुं जुदापणुं जाणी, तेनुं अनित्यादि स्वरूप जाणी, ते प्रत्येथी मोह–ममत्वादि त्याग्यां होय, तो ते मोटुं श्रेय छे; तथापि तेम न बन्युं होय तो कंई पण व्याधि उत्पन्न थये तेवी भावना भावतां जीवने निश्चळ एवुं घणुं करी कर्मबंधन थतुं नथी; अने महाव्याधिना उत्पत्तिकाळे तो देहनुं ममत्व जीवे जरूर त्यागी ज्ञानीपुरुषना मार्गनी विचारणाए वर्तवुं, ए रूडो उपाय छे. जोके देहनुं तेवुं ममत्व त्यागवुं के ओछुं करवुं ए महा दुष्कर वात छे, तथापि जेनो तेम करवा निश्चय छे, ते वहेले मोडे फळीभूत थाय छे.

ज्यां सुधी देहादिकथी करी जीवने आत्मकल्याणनुं साधन करवुं रह्युं छे, त्यां सुधी ते देहने विषे अपारिणामिक एवी ममता भजवी योग्य छे; एटले के आ देहना कोई उपचार करवा पडे तो ते उपचार देहना ममत्वार्थे करवानी इच्छाए नहीं, पण ते देहे करी ज्ञानीपुरुषना मार्गनुं आराधन थई शके छे, एवो कोई प्रकारे तेमां रहेलो लाभ, ते लाभने अर्थे, अने तेवी ज बुद्धिए ते देहनी व्याधिना उपचारे प्रवर्तवामां बाध

नथी. जे कंई ते ममता छे ते अपारिणामिक ममता छे, एटले परिणामे समतास्वरूप छे; पण ते देहनी प्रियतार्थे, सांसारिक साधनमां प्रधान भोगनो ए हेतु छे, ते त्यागवो पडे छे, एवा आर्त्तध्याने कोई प्रकारे पण ते देहमां बुद्धि न करवी एवी ज्ञानीपुरुषना मार्गनी शिक्षा जाणी आत्मकल्याणनो तेवा प्रसंगे लक्ष राखवो योग्य छे.

सर्व प्रकारे ज्ञानीना शरणमां बुद्धि राखी निर्भयपणाने, निःखेदपणाने भजवानी शिक्षा श्री तीर्थंकर जेवाए कही छे, अने अमे पण ए ज कहीए छीए. कोई पण कारणे आ संसारमां क्लेशित थवा योग्य नथी. अविचार अने अज्ञान ए सर्व क्लेशनुं, मोहनुं, अने माठी गतिनुं कारण छे. सद्‌विचार, अने आत्मज्ञान ते आत्मगतिनुं कारण छे.

तेनो प्रथम साक्षात् उपाय ज्ञानीपुरुषनी आज्ञाने विचारवी ए ज जणाय छे.

---

## ६

## क्षणभंगुर देह

[४६२/५९२]

जे देह पूर युवावस्थामां अने संपूर्ण आरोग्यतामां देखातां छतां पण क्षणभंगुर छे, ते देहमां प्रीति करीने शुं करीए?

जगतना सर्व पदार्थ करतां जे प्रत्ये सर्वोत्कृष्ट प्रीति छे, एवो आ देह ते पण दुःखनो हेतु छे, तो बीजा पदार्थमां सुखना हेतुनी शुं कल्पना करवी?

जे पुरुषोए वस्त्र जेम शरीरथी जुदुं छे, एम आत्माथी शरीर जुदुं छे एम दीठुं छे, ते पुरुषो धन्य छे.

बीजानी वस्तु पोताथी ग्रहण थई होय, ते ज्यारे एम जणाय के बीजानी छे, त्यारे ते आपी देवानुं ज कार्य महात्मा पुरुषो करे छे.

दुषमकाळ छे एमां संशय नथी.

तथारूप परमज्ञानी आप्तपुरुषनो प्राये विरह छे.

विरला जीवो सम्यक्‌दृष्टिपणुं पामे एवी काळस्थिति थई गई छे; ज्यां सहजसिद्ध आत्मचारित्रदशा वर्ते छे एवुं केवळज्ञान पामवुं कठण छे, एमां संशय नथी.

प्रवृत्ति विराम पामती नथी; विरक्तपणुं घणुं वर्ते छे.

वनने विषे अथवा एकांतने विषे सहजस्वरूपने अनुभवतो एवो आत्मा निर्विषय केवळ प्रवर्ते एम करवामां सर्वे इच्छा रोकाणी छे.

---

## ७

## निश्चय अने आश्रय

[ ६२६/८४३ ]

श्रीमत् वीतराग भगवतोए निश्चितार्थ
करेलो एवो अचिंत्य चिंतामणि
स्वरूप, परम हितकारी, परम
अद्‌भुत, सर्व दुःखनो निःसंशय
आत्यंतिक क्षय करनार,

**परम अमृत स्वरूप एवो सर्वोत्कृष्ट**
**शाश्वत धर्म जयवंत वर्तो,**
**त्रिकाळ जयवंत वर्तो.**

ते श्रीमत् अनंत चतुष्टयस्थित भगवतनो अने ते जयवंत धर्मनो आश्रय सदैव कर्तव्य छे. जेने जीजुं कंई सामर्थ्य नथी एवा अबुध अने अशक्त मनुष्यो पण ते आश्रयना बळथी परम सुखहेतु एवां अद्भुत फळने पाम्या छे, पामे छे अने पामशे. माटे निश्चय अने आश्रय ज कर्त्तव्य छे, अधीरजथी खेद कर्त्तव्य नथी.

चित्तमां देहादि भयनो विक्षेप पण करवो योग्य नथी.

देहादि संबंधी जे पुरुषो हर्षविषाद करता नथी ते पुरुषो पूर्ण द्वादशांगने संक्षेपमां समज्या छे एम समजो. ए ज दृष्टि कर्त्तव्य छे.

हुं धर्म पाम्यो नथी, हुं धर्म केम पामीश? ए आदि खेद नहीं करतां वीतराग पुरुषोनो धर्म जे देहादि संबंधीथी हर्षविषादवृत्ति दूर करी आत्मा असंग-शुद्ध-चैतन्य-स्वरूप छे, एवी वृत्तिनो निश्चय अने आश्रय ग्रहण करी ते ज वृत्तिनुं बळ राखवुं, अने मंद वृत्ति थाय त्यां वीतराग पुरुषोनी दशानुं स्मरण करवुं, ते अद्भुत चरित्र पर दृष्टि प्रेरीने वृत्तिने अप्रमत्त करवी, ए सुगम अने सर्वोत्कृष्ट उपकारकारक तथा कल्याण-स्वरूप छे.

निर्विकल्प.

---

## ८

# हर्ष–विषाद त्याग

[ ३६२/४२५ ]

ज्ञानीना मार्गनो विचार करतां जणाय छे के कोई पण प्रकारे मूर्च्छापात्र आ देह नथी, तेने दुःखे शोचवा योग्य आ आत्मा नथी. आत्माने आत्म-अज्ञाने शोचवुं ए सिवाय बीजो शोच तेने घटतो नथी. प्रगट एवा यमने समीप देखतां छतां जेने देहने विषे मूर्च्छा नथी वर्तती ते पुरुषने नमस्कार छे. ए ज वात चिंतवी राखवी अमने तमने प्रत्येकने घटे छे.

देह ते आत्मा नथी, आत्मा ते देह नथी. घडाने जोनार जेम घडादिथी भिन्न छे, तेम देहनो जोनार, जाणनार एवो आत्मा ते देहथी भिन्न छे, अर्थात् देह नथी.

विचार करतां ए वात प्रगट अनुभवसिद्ध थाय छे, तो पछी ए भिन्न देहनां तेना स्वाभाविक क्षय–वृद्धि–रूपादि परिणाम जोई हर्ष–शोकवान थवुं कोई रीते घटतुं नथी; अने अमने तमने ते निर्धार करवो, राखवो घटे छे, अने ए ज्ञानीना मार्गनो मुख्य ध्वनि छे.

९

# वेदना विजय

[६५०/९२७]

यथार्थ जोईए तो शरीर ए ज वेदनानो मूर्ति छे. समये समये जीव ते द्वाराए वेदना ज वेदे छे. कवचित् शाता अने प्राये अशाता ज वेदे छे. मानसिक अशातानुं मुख्यपणुं छतां ते सूक्ष्म सम्यग्-दृष्टिवानने जणाय छे. शारीरिक अशातानुं मुख्यपणुं स्थूळ दृष्टिवानने पण जणाय छे. जे वेदना पूर्वे सुदृढ बंधथी जीवे बंधन करी छे, ते वेदना उदय संप्राप्त थतां इन्द्र, चंद्र, नागेन्द्र के जिनेन्द्र पण रोकवाने समर्थ नथी. तेनो उदय जीवे वेदवो ज जोईए. अज्ञान दृष्टि जीवो खेदथी वेदे तोपण कंई ते वेदना घटती नथी के जाती रहेती नथो. सत्यदृष्टिवान जीवो शांत भावे वेदे तो तेथी ते वेदना वधी जती नथी, पण नवीन बंधनो हेतु थती नथी. पूर्वनी बळवान निर्जरा थाय छे. आत्मार्थीने ए ज कर्तव्य छे.

'हुं शरीर नथी, पण तेथी भिन्न एवो ज्ञायक आत्मा छुं, तेम नित्य शाश्वत छुं. आ वेदना मात्र पूर्व कर्मनी छे, पण मारुं स्वरूप नाश करवाने ते समर्थ नथी, माटे मारे खेद कर्तव्य ज नथी' एम आत्मार्थीनुं अनुप्रेक्षण होय छे.

---

## १०

# जन्म-सार्थकता

[ ५०३/६९२ ]

दुर्लभ एवो मनुष्यदेह पण पूर्वे अनंत वार प्राप्त थया छतां कंई पण सफळपणुं थयुं नहीं; पण आ मनुष्यदेहने कृतार्थता छे, के जे मनुष्यदेहे आ जीवे ज्ञानीपुरुषने ओळख्या, तथा ते महाभाग्यनो आश्रय कर्यो, जे पुरुषना आश्रये अनेक प्रकारना मिथ्या आग्रहादिनी मंदता थई, ते पुरुषने आश्रये आ देह छूटे ए ज सार्थक छे. जन्मजरामरणादिने नाश करवावाळुं आत्मज्ञान जेमने विषे वर्ते छे, ते पुरुषनो आश्रय ज जीवने जन्मजरामरणादिनो नाश करी शके, केमके ते यथासंभव उपाय छे. संयोग संबंधे आ देह प्रत्ये आ जीवने जे प्रारब्ध हशे ते व्यतीत थये ते देहनो प्रसंग निवृत्त थशे. तेनो गमे त्यारे वियोग निश्चये छे, पण आश्रयपूर्वक देह छूटे ए ज जन्म सार्थक छे, के जे आश्रयने पामीने जीव ते भवे अथवा भावि एवा थोडा काळे पण स्वस्वरूपमां स्थिति करे.

तमे तथा श्री मुनि प्रसंगोपात्त खुशालदास प्रत्ये जवानुं राखशो, ब्रह्मचर्य, अपरिग्रहादि यथाशक्ति धारण करवानी तेमने संभावना देखाय तो मुनिए तेम करवामां प्रतिबंध नथी.

श्री सद्गुरुए कह्यो छे एवा निर्ग्रंथमार्गनो सदाय आश्रय रहो.

हुं देहादि स्वरूप नथी, अने देह, स्त्री, पुत्रादि कोई पण मारां नथी, शुद्ध चैतन्यस्वरूप अविनाशी एवो हुं आत्मा छुं, एम आत्मभावना करतां रागद्वेषनो क्षय थाय.

---

# ११

## असाताजय अने जिनभावना

[६४४/९१३]

अकस्मात् शारीरिक अशातानो उदय थयो छे अने ते शांत स्वभावथी वेदवामां आवे छे एम जाणवामां हतुं, अने तेथी संतोष प्राप्त थयो हतो.

समस्त संसारी जीवो कर्मवशात् शाता-अशातानो उदय अनुभव्या ज करे छे. जेमां मुख्यपणे तो अशातानो ज उदय अनुभवाय छे. क्वचित् अथवा कोईक देहसंयोगमां शातानो उदय अधिक अनुभवातो जणाय छे, पण वस्तुताए त्यां पण अंतरदाह बळ्या ज करतो होय छे. पूर्ण ज्ञानी पण जे अशातानुं वर्णन करी शकवा योग्य वचनयोग धरावता नथी, तेवी अनंत अनंत अशाता आ जीवे भोगवी छे, अने जो हजु तेनां कारणोनो नाश करवामां न आवे तो भोगववी पडे ए सुनिश्चित छे, एम जाणी विचारवान उत्तम पुरुषो ते अंतरदाह-रूप शाता अने बाह्याभ्यंतर संकलेशअग्निरूपे प्रज्वलित एवी अशातानो आत्यंतिक वियोग करवानो मार्ग गवेषवा तत्पर थया, अने ते सन्मार्ग गवेषी, प्रतीत करी, तेने यथायोग्यपणे आराधी, अव्याबाध सुखस्वरूप एवा आत्माना सहज शुद्ध स्वभाव-रूप परमपदमां लीन थया.

शाता अशातानो उदय के अनुभव प्राप्त थवानां मूळ कारणोने गवेषता एवा ते महत् पुरुषोने एवी विलक्षण

सानंदाश्चर्यक वृत्ति उद्भवती के शाता करतां अशातानो उदय संप्राप्त थये अने तेमां पण तीव्रपणे ते उदय संप्राप्त थये तेमनुं वीर्य विशेषपणे जाग्रत थतुं, उल्लास पामतुं, अने ते समय कल्याणकारी अधिकपणे समजातो.

केटलाक कारणविशेषने योगे व्यवहारदृष्टिथी ग्रहण करवा योग्य औषधादि आत्ममर्यादामां रही ग्रहण करता, परंतु मुख्य-पणे ते परम उपशमने ज सर्वोत्कृष्ट औषधरूपे उपासता.

उपयोग लक्षणे सनातनस्फुरित एवा आत्माने देहथी, तैजस अने कार्मण शरीरथी पण भिन्न अवलोकवानी दृष्टि साध्य करी, ते चैतन्यात्मकस्वभाव आत्मा निरंतर वेदक स्वभाव-वाळो होवाथी अबंधदशाने संप्राप्त न थाय त्यां सुधी शाता अशातारूप अनुभव वेद्या विना रहेवानो नथी एम निश्चय करी, जे शुभाशुभ परिणामधारानी परिणति वडे ते शाता अशातानो संबंध करे छे ते धारा प्रत्ये उदासीन थई, देहादिथी भिन्न अने स्वरूपमर्यादामां रहेला ते आत्मामां जे चल स्वभाव-रूप परिणामधारा छे तेनो आत्यंतिक वियोग करवानो सन्मार्ग ग्रहण करी, परमे शुद्ध चैतन्यस्वभावरूप प्रकाशमय ते आत्मा कर्मयोगथी सकलंक परिणाम दर्शावे छे तेथी उपराम थई, जेम उपशमित थवाय, ते उपयोगमां अने ते स्वरूपमां स्थिर थवाय, अचल थवाय, ते ज लक्ष, ते ज भावना, ते ज चितवना अने ते ज सहज परिणामरूप स्वभाव करवा योग्य छे. महात्माओनी वारंवार ए ज शिक्षा छे.

ते सन्मार्गने गवेषता, प्रतीत करवा इच्छता, तेने संप्राप्त करवा इच्छता एवा आत्मार्थी जनने परमवीतरागस्वरूप देव,

स्वरूपनैष्ठिक निस्पृह निर्ग्रंथरूप गुरु, परमदयामूळ धर्मव्यवहार अने परमशांत रस रहस्यवाक्यमय सत्शास्त्र, सन्मार्गनी संपूर्णता थतां सुधी परमभक्ति वडे उपासवा योग्य छे; जे आत्माना कल्याणनां परमकारणो छे.

अत्र एक स्मरण संप्राप्त थयेली गाथा लखी अहीं आ पत्र संक्षेपीए छीए.

**भीसण नरयगईए, तिरियगईए कुदेवमणुयगईए;**
**पत्तोसि तिव्व दुःखं, भावहि जिणभावणा जीव.**

भयंकर नरकगतिमां, तिर्यंचगतिमां अने माठी देव तथा मनुष्यगतिमां हे जीव! तुं तीव्र दुःखने पाम्यो, माटे हवे तो जिनभावना (जिन भगवान जे परमशांत रसे परिणमी स्वरूपस्थ थया ते परमशांतस्वरूप चिंतवना) भाव-चिंतव (के जेथी तेवां अनंत दुःखोनो आत्यंतिक वियोग थई परम अव्याबाध सुखसंपत्ति संप्राप्त थाय.) ॐ शांतिः शांतिः शांतिः

---

## १२

## ममत्व निवृत्ति

[५६२/७२८]

श्री माणेकचंदनो देह छूटवा संबंधी खबर जाण्या.

सर्व देहधारी जीवो मरण पासे शरणरहित छे. मात्र ते देहनुं यथार्थ स्वरूप प्रथमथी जाणी तेनुं ममत्व छेदीने निजस्थिरताने अथवा ज्ञानीना मार्गनी यथार्थ प्रतीतिने पाम्या छे ते ज जीव ते मरणकाळे शरणसहित छतां घणुं करीने

फरी देह धारण करता नथी, अथवा मरणकाळे देहना ममत्वभावनुं अल्पत्व होवाथी पण निर्भय वर्ते छे. देह छूटवानो काळ अनियत होवाथी विचारवान पुरुषो अप्रमादपणे प्रथमथी ज तेनुं ममत्व निवृत्त करवानो अविरुद्ध उपाय साधे छे; अने ए ज तमारे, अमारे, सौए लक्ष राखवा योग्य छे. प्रीतिबंधनथी खेद थवा योग्य छे, तथापि एमां बीजो कोई उपाय नहीं होवाथी ते खेदने वैराग्यस्वरूपमां परिणमन करवो ए ज विचारवानने कर्तव्य छे.

---

## १३

## असंग दशा

[ ६०३/७७९ ]

ॐ सर्वज्ञ

### स्वभावजागृतदशा

चित्रसारी न्यारी, परजंक न्यारौ, सेज न्यारी,
चादरि भी न्यारी, इहां झूठी मेरी थपना;
अतीत अवस्था सैन, निद्रावाहि कोउ पै न,
विद्यमान पलक न, यामैं अब छपना;
स्वास औ सुपन दोउ, निद्राकी अलंग बूझे,
सूझै सब अग लखि, आतम दरपना;
त्यागी भयौ चेतन, अचेतनता भाव त्यागि,
भालै दृष्टि खोलिकै, संभालै रूप अपना.

## अनुभवउत्साहदशा

जैसौ निरभेदरूप, निह्चै अतीत हुतो,
तैसी निरभेद अब, भेदकौ न गहैगौ!
दीसै कर्मरहित सहित सुख समाधान,
पायौ निजथान फिर बाहरि न बहैगौ;
कबहूं कदापि अपनौ सुभाव त्यागि करि,
राग रस राचिकै न परवस्तु गहैगौ;
अमलान ज्ञान विद्यमान परगट भयौ,
याहि भांति आगम अनंतकाल रहैगौ.

## स्थितिदशा

एक परिनामके न करता दरव दोई,
दोई परिनाम एक दर्व न धरतु है;
एक करतूति दोई दर्व कबहूँ न करै,
दोई करतूति एक दर्व न करतु है;
जीव पुद्गल एक खेत अवगाही दोउ,
अपनें अपनें रूप दोउ कोउ न टरतु है;
जड परिनामनिकौ करता है पुद्गल,
चिदानन्द चेतन सुभाव आचरतु है.

---

श्री सोभागने विचारने अर्थे आ कागळ लख्यो छे, ते हाल श्री अंबालाले अथवा बीजा एक योग्य मुमुक्षुए तेमने ज संभळाववो योग्य छे.

सर्व अन्यभावथी आत्मा रहित छे, केवळ एम जेने अनुभव वर्ते छे ते 'मुक्त' छे.

बीजां सर्व द्रव्यथी असंगपणुं, क्षेत्रथो असंगपणुं, काळथी असंगपणुं अने भावथी असंगपणुं सर्वथा जेने वर्ते छे ते 'मुक्त' छे.

अटळ अनुभवस्वरूप आत्मा सर्व द्रव्यथी प्रत्यक्ष जुदो भासवो त्यांथी मुक्तदशा वर्ते छे. ते पुरुष मौन थाय छे, ते पुरुष अप्रतिबद्ध थाय छे, ते पुरुष असंग थाय छे, ते पुरुष निर्विकल्प थाय छे अने ते पुरुष मुक्त थाय छे.

जेणे त्रणे काळने विषे देहादिथो पोतानो कंईपण संबंध नहोतो एवी असंगदशा उत्पन्न करी ते भगवानरूप सत्पुरुषोने नमस्कार छे.

तिथि आदिनो विकल्प छोडी निज विचारमां वर्तवुं ए ज कर्तव्य छे.

शुद्ध सहज आत्मस्वरूप.

---

## १४

## समदशा

[ ६०४/७८० ]

जेने कोई पण प्रत्ये राग, द्वेष रह्या नथी,
ते महात्माने वारंवार नमस्कार

"आत्मसिद्धि" ग्रंथना संक्षेप अर्थनुं पुस्तक तथा केटलांक उपदेशपत्रोनी प्रत अत्रे हती ते आजे टपालमां

मोकल्यां छे. बन्नेमां मुमुक्षु जीवने विचारवा योग्य घणा प्रसंगो छे.

परमयोगी एवा श्री ऋषभदेवादि पुरुषो पण जे देहने राखी शक्या नथी, ते देहमां एक विशेषपणुं रह्युं छे ते ए के, तेनो संबंध वर्ते त्यां सुधीमां जीवे असंगपणुं, निर्मोहपणुं करो लई अबाध्य अनुभवस्वरूप एवुं निजस्वरूप जाणी, बीजा सर्व भाव प्रत्येथी व्यावृत्त ( छूटा ) थवुं, के जेथी फरी जन्म-मरणनो फेरो न रहे. ते देह छोडती वखते जेटला अंशे असंगपणुं, निर्मोहपणुं, यथार्थ समरसपणुं रहे छे तेटलुं मोक्षपद नजीक छे एम परम ज्ञानी पुरुषनो निश्चय छे.

कंई पण मन, वचन, कायाना योगथी अपराध थयो होय जाणतां अथवा अजाणतां ते सर्व विनयपूर्वक खमावुं छुं, घणा नम्रभावथी खमावुं छुं.

आ देहे करवा योग्य कार्य तो एक ज छे के कोई प्रत्ये राग अथवा कोई प्रत्ये किंचित्मात्र द्वेष न रहे. सर्वत्र समदशा वर्ते. ए ज कल्याणनो मुख्य निश्चय छे. ए ज विनंति.

---

## १५
## वीतराग दशा

[ ६०५/७८१ ]

### परमपुरुषदशावर्णन

'कीचसौ कनक जाकै, नीच सौ नरेसपद,
मीचसी मिताई, गरुवाई जाकै गारसी;

जहरसी जोग जाति, कहरसी करामाति,
हहरसी हौस, पुद्‌गलछबि छारसी;
जालसौ जगबिलास, भालसौ भुवनवास,
कालसौ कुटुंबकाज, लोकलाज लारसी;
सीठसौ सुजसु जानै, बीठसौ बखत मानै,
ऐसी जाकी रीति ताही, बंदत बनारसी.'

जे कंचनने कादव सरखुं जाणे छे, राजगादीने नीचपद सरखो जाणे छे, कोईथी स्नेह करवो तेने मरण समान जाणे छे, मोटाईने लीपवानी गार जेवी जाणे छे, कीमिया वगेरे जोगने झेर समान जाणे छे, सिद्धि वगेरे ऐश्वर्यने अशाता समान जाणे छे, जगतमां पूज्यता थवा आदिनी होंसने अनर्थ समान जाणे छे, पुद्‌गलनी छबी एवी औदारिकादि कायाने राख जेवी जाणे छे, जगतना भोगविलासने मूंझावारूप जाळ समान जाणे छे, घरवासने भाला समान जाणे छे, कुटुंबनां कार्यने काळ एटले मृत्यु समान जाणे छे, लोकमां लाज वधारवानी इच्छाने मुखनी लाळ समान जाणे छे, कीर्तिनी इच्छाने नाकना मेल जेवी जाणे छे अने पुण्यना उदयने जे विष्टा समान जाणे छे, एवी जेनी रीति होय तेने बनारसीदास वंदना करे छे.

कोईने अर्थे विकल्प नहीं आणतां असंगपणुं ज राखशो. जेम जेम सत्पुरुषनां वचन तेमने प्रतीतिमां आवशे, जेम जेम आज्ञाथी अस्थिमिंजा रंगाशे, तेम तेम ते ते जीव आत्मकल्याणने सुगमपणे पामशे, एम निःसंदेहता छे.

त्रंबक, मणि वगेरे मुमुक्षुने तो सत्समागम विषेनी रुचि अंतर इच्छाथी कंईक आ अवसरना समागममां थई छे, एटले एकदम दशा विशेष ना थाय तोपण आश्चर्य नथी.

खरा अंतःकरणे विशेष सत्समागमना आश्रयथी जीवने उत्कृष्ट दशा पण घणा थोडा वखतमां प्राप्त थाय छे.

व्यवहार अथवा परमार्थ संबंधी कोई पण जीव विषेनी वृत्ति होय ते उपशांत करी केवळ असंग उपयोगे अथवा परमपुरुषनी उपर कही छे ते दशाना अवलंबने आत्मस्थिति करवी एम विज्ञापना छे, केमके बीजो कोई पण विकल्प राखवा जेवुं नथी. जे कोई साचा अंतःकरणे सत्पुरुषनां वचनने ग्रहण करशे ते सत्यने पामशे एमां कंई संशय नथी; अने शरीरनिर्वाहादि व्यवहार सौ सौना प्रारब्ध प्रमाणे प्राप्त थवा योग्य छे, एटले ते विषे पण कंई विकल्प राखवा योग्य नथी. जे विकल्प तमे घणुं करीने शमाव्यो छे, तोपण निश्चयना बळवानपणाने अर्थे दर्शाव्युं छे.

सर्व जीव प्रत्ये, सर्वभाव प्रत्ये अखंड एकरस वीतराग-दशा राखवी ए ज सर्व ज्ञाननुं फळ छे. आत्मा शुद्धचैतन्य, जन्मजरामरणरहित असंग स्वरूप छे; एमां सर्व ज्ञान समाय छे; तेनी प्रतीतिमां सर्व सम्यक्‌दर्शन समाय छे; आत्माने असंगस्वरूपे स्वभावदशा रहे ते सम्यक्‌चारित्र, उत्कृष्ट संयम अने वीतरागदशा छे. जेना संपूर्णपणानुं फळ सर्वदुःखनो क्षय छे, ए केवळ निःसंदेह छे; केवळ निःसंदेह छे. ए ज विनंति.

---

# १६

## भेदज्ञान एज ज्ञानीनो जाप

[ ७७३/१६–२० ]

१६ ज्ञानीओए मानेलुं छे के आ देह पोतानो नथी; ते रहेवानो पण नथी, ज्यारे त्यारे पण तेनो वियोग थवानो छे. ए भेदविज्ञानने लईने हमेशां नगारां वागतां होय तेवी रीते तेना काने पडे छे, अने अज्ञानीना कान बहेरा होय छे एटले ते जाणतो नथी.

१७ ज्ञानी देह जवानो छे एम समजी तेनो वियोग थाय तेमां खेद करता नथी. पण जेवी रीते कोईनी वस्तु लीधी होय ने तेने पाछी आपवी पडे तेम देहने उल्लासथी पाछो सोंपे छे; अर्थात् देहमां परिणमता नथी.

१८ देह अने आत्मानो भेद पाडवो ते 'भेदज्ञान'; ज्ञानीनो ते जाप छे. ते जापथी देह अने आत्मा जुदा पाडी शके छे. ते भेदविज्ञान थवा माटे महात्माओए सकळ शास्त्रो रच्यां छे. जेम तेजाबथी सोनुं तथा कथीर जुदां पडे छे, तेम ज्ञानीना भेदविज्ञानना जापरूप तेजाबथी स्वाभाविक आत्मद्रव्य अगुरुलघु स्वभाववाळुं होईने प्रयोगी द्रव्यथी जुदुं पडी स्वधर्ममां आवे छे.

१९ बीजां उदयमां आवेलां कर्मोनुं आत्मा गमे तेम समाधान करी शके, पण वेदनीयकर्ममां तेम थई शके नहीं; ने ते आत्मप्रदेशे वेदवुं ज जोईए; ने ते वेदतां मुश्केलीनो पूर्ण अनुभव थाय छे. त्यां जो भेदज्ञान संपूर्ण प्रगट थयुं न

होय तो आत्मा देहाकारे परिणमे, एटले देह पोतानो मानी लई वेदे छे, अने तेने लईने आत्मानी शांतिनो भंग थाय छे. आवा प्रसंगे जेमने भेदज्ञान संपूर्ण थयुं छे एवा ज्ञानीओने अशातावेदनी वेदतां निर्जरा थाय छे, ने त्यां ज्ञानीनी कसोटी थाय छे. एटले बीजां दर्शनोवाळा त्यां ते प्रमाणे टकी शकता नथी, ने ज्ञानी एवी रीते मानीने टकी शके छे.

२० पुद्‌गलद्रव्यनी दरकार राखवामां आवे तोपण ते ज्यारे त्यारे चाल्युं जवानुं छे, अने जे पोतानुं नथी ते पोतानुं थवानुं नथी; माटे लाचार थई दीन बनवुं ते शा कामनुं?

---

## १७

## अविषम उपयोगने नमस्कार

[५६३/७३५]

विषमभावनां निमित्तो बळवानपणे प्राप्त थयां छतां जे ज्ञानीपुरुष अविषम उपयोगे वर्त्या छे, वर्ते छे, अने भविष्यकाळे वर्ते ते सर्वने वारंवार नमस्कार.

उत्कृष्टमां उत्कृष्ट व्रत, उत्कृष्टमां उत्कृष्ट तप, उत्कृष्टमां उत्कृष्ट नियम, उत्कृष्टमां उत्कृष्ट लब्धि, उत्कृष्टमां उत्कृष्ट ऐश्वर्य, ए जेमां सहेजे शमाय छे एवा निरपेक्ष अविषम उपयोगने नमस्कार. ए ज ध्यान.

---

## १८
## अंतिम आराधना

[५५४/११५-१७]

छूटे देहाध्यास तो नहि कर्ता तुं कर्म;
नहि भोक्ता तुं तेहनो, एज धर्मनो मर्म. ११५
एज धर्मथी मोक्ष छे, तुं छो मोक्षस्वरूप;
अनंत दर्शन ज्ञान तुं, अव्याबाध स्वरूप. ११६
शुद्ध बुद्ध चैतन्यघन स्वयं ज्योति सुखधाम;
बीजुं कहिये केटलुं? कर विचार तो पाम. ११७

---

परम गुरु निर्ग्रंथ सर्वज्ञ देव.

---

ॐ

# आत्म-सिद्धि*
## आत्मसिद्धिशास्त्र सार्थ

[५२६/७१८]

नडियाद, आसो वद १, गुरु, १९५२

जे स्वरूप समज्या विना, पाम्यो दुःख अनंत;
समजाव्युं ते पद नमुं, श्री सद्‌गुरु भगवंत. १

---

* आ 'आत्मसिद्धिशास्त्र'नी १४२ गाथा 'आत्मसिद्धि' तरीके सं. १९५२ना आसो वद १ गुरुवार नडियादमां श्रीमद्‌नी स्थिरता हती त्यारे रची हती. आ गाथाओना टूंका अर्थ खंभातना एक परम मुमुक्षु श्री अंबालाल लालचंदे करेल छे. जे श्रीमद्‌नी

जे आत्मस्वरूप समज्या विना भूतकाळे हुं अनंत दुःख पाम्यो, ते पद जेणे समजाव्युं एटले भविष्यकाळे उत्पन्न थवा योग्य एवां अनंत दुःख पामत ते मूळ जेणे छेद्युं एवा श्रीसद्गुरू भगवानने नमस्कार करुं छुं. (१)

वर्तमान आ काळमां, मोक्षमार्ग बहु लोप;

[१]विचारवा आत्मार्थीने भाख्यो अत्र आगोप्य. २

आ वर्तमान काळमां मोक्षमार्ग घणो लोप थई गयो छे; जे मोक्षमार्ग आत्मार्थीने विचारवा माटे (गुरु–शिष्यना संवादरूपे) अत्रे प्रगट कहीए छीए. (२)

कोई क्रियाजड थई रह्या, शुष्कज्ञानमां कोई;

माने मारग मोक्षनो, करुणा ऊपजे जोई. ३

कोई क्रियाने ज वळगी रह्या छे; अने कोई शुष्कज्ञानने ज वळगी रह्या छे; एम मोक्षमार्ग माने छे; जे जोईने दया आवे छे. (३)

बाह्य क्रियामां राचता, अंतर्भेद न कांई;

ज्ञानमार्ग निषेधता, तेह क्रियाजड आंई. ४

बाह्य क्रियामां ज मात्र राची रह्या छे, अंतर कंई

---

दृष्टि तळे ते वखते नीकळी गयेल छे. (जुओ आंक ७३०नो पत्र). आ उपरांत 'श्रीमद् राजचंद्र'नी पहेली अने बीजी आवृत्तिमांना आंक ४४२, ४४४, ४४५, ४४६, ४४७, ४४८, ४४९, ४५०, ४५१ना पत्रो श्रीमदे पोते आत्मसिद्धिना विवेचन रूपे लखेल छे, जे आत्मसिद्धि रची तेने बीजे दिवसे एटले आसो वद २, १९५२ना लखायला छे. आ विवेचन जे जे गाथा अंगेनुं छे ते ते गाथा नीचे आपेल छे.

१ पाठांतर: गुरु शिष्य संवादथी, कहीए ते आगोप्य

भेदायुं नथी, अने ज्ञानमार्गने निषेध्या करे छे, ते अहीं क्रियाजड कह्या छे. (४)

बंध मोक्ष छे कल्पना, भाखे वाणी मांही;
वर्ते मोहावेशमां, शुष्कज्ञानी ते आंही. ५

बंध, मोक्ष मात्र कल्पना छे, एवां निश्चयवाक्य मात्र वाणीमां बोले छे, अने तथारूप दशा थई नथी, मोहना प्रभावमां वर्ते छे, ए अहीं शुष्कज्ञानी कह्या छे. (५)

वैराग्यादि सफळ तो, जो सह आतमज्ञान;
तेम ज आतमज्ञाननो, प्राप्तितणां निदान. ६

वैराग्यत्यागादि जो साथे आत्मज्ञान होय तो सफळ छे, अर्थात् मोक्षनी प्राप्तिना हेतु छे, अने ज्यां आत्मज्ञान न होय त्यां पण जो ते आत्मज्ञानने अर्थे करवामां आवता होय, तो ते आत्मज्ञाननी प्राप्तिना हेतु छे. (६)

वैराग्य, त्याग, दयादि अंतरंग वृत्तिवाळी क्रिया छे ते जो साथे आत्मज्ञान होय तो सफळ छे अर्थात् भवनुं मूळ छेदे छे; अथवा वैराग्य, त्याग, दयादि आत्मज्ञाननी प्राप्तिनां कारणो छे. एटले जीवमां प्रथम ए गुणो आव्येथी सद्गुरुनो उपदेश तेमां परिणाम पामे छे. उज्ज्वळ अंतःकरण विना सद्गुरुनो उपदेश परिणमतो नथी, तेथी वैराग्यादि आत्मज्ञाननी प्राप्तिनां साधनो छे एम कह्युं.

अत्रे जे जीवो क्रियाजड छे तेने एवो उपदेश कर्यो के काया ज मात्र रोकवी ते कांई आत्मज्ञाननी प्राप्तिना हेतु नथी, वैराग्यादि गुणो आत्मज्ञाननी प्राप्तिना हेतु छे, माटे

तमे ते क्रियाने अवगाहो, अने ते क्रियामां पण अटकीने रहेवुं घटतुं नथी; केमके आत्मज्ञान विना ते पण भवनुं मूळ छेदी शकतां नथी. माटे आत्मज्ञाननी प्राप्तिने अर्थे ते वैराग्यादि गुणोमां वर्तो; अने कायक्लेश-रूप पण कषायादिनुं जेमां तथारूप कंई क्षीणपणुं थतुं नथी तेमां तमे मोक्षमार्गनो दुराग्रह राखो नहीं, एम क्रियाजडने कह्युं; अने जे शुष्कज्ञानीओ त्यागवैराग्यादि रहित छे, मात्र वाचाज्ञानी छे तेने एम कह्युं के वैराग्यादि साधन छे ते आत्मज्ञाननी प्राप्तिनां कारणो छे, कारण विना कार्यनी उत्पत्ति थती नथी, तमे वैराग्यादि पण पाम्या नथी, तो आत्मज्ञान क्यांथी पाम्या हो ते कंईक आत्मामां विचारो. संसार प्रत्ये बहु उदासीनता, देहनी मूर्च्छानुं अल्पत्व, भोगमां अनासक्ति, तथा मानादिनुं पातळापणुं ए आदि गुणो विना तो आत्मज्ञान परिणाम पामतुं नथी; अने आत्मज्ञान पाम्ये तो ते गुणो अत्यंत दृढ थाय छे, केमके आत्मज्ञानरूप मूळ तेने प्राप्त थयुं. तेने बदले तमे आत्मज्ञान अमने छे एम मानो छो अने आत्मामां तो भोगादि कामनानो अग्नि बळ्या करे छे, पूजा सत्कारादिनो कामना वारंवार स्फुरायमान थाय छे, सहज अशाताए बहु आकुळ-व्याकुळता थई जाय छे, ते केम लक्षमां आवतां नथी के आ आत्मज्ञाननां लक्षणो नहीं! 'मात्र मानादि कामनाए आत्मज्ञानो कहेवरावुं छुं,' एम जे समजवामां आवतुं नथी ते समजो; अने वैराग्यादि साधनो प्रथम तो आत्मामां उत्पन्न करो के जेथी आत्मज्ञाननी सन्मुखता थाय. (६)

त्याग विराग न चित्तमां, थाय न तेने ज्ञान;
अटके त्याग विरागमां, तो भूले निजभान. ७

जेना चित्तमां त्याग अने वैराग्यादि साधनो उत्पन्न थयां न होय तेने ज्ञान न थाय; अने जे त्याग विरागमां ज अटकी रही, आत्मज्ञाननी आकांक्षा न राखे, ते पोतानुं भान भूले; अर्थात् अज्ञानपूर्वक त्यागवैराग्यादि होवाथी ते पूजासत्कारादिथी पराभव पामे, अने आत्मार्थ चूकी जाय. (७)

जेना अंतःकरणमां त्यागवराग्यादि गुणो उत्पन्न थया नथी एवा जीवने आत्मज्ञान न थाय. केमके मलिन अंतःकरणरूप दर्पणमां आत्मोपदेशनुं प्रतिबिंब पडवुं घटतुं नथी. तेम ज मात्र त्यागवैराग्यमां राचीने कृतार्थता माने ते पण पोताना आत्मानुं भान भूले. अर्थात् आत्मज्ञान नहीं होवाथो अज्ञाननुं सहचारीपणुं छे, जेथी ते त्यागवैराग्यादिनुं मान उत्पन्न करवा अर्थे अने मानार्थे सर्व संयमादि प्रवृत्ति थई जाय; जेथी संसारनो उच्छेद न थाय, मात्र त्यां ज अटकवुं थाय. अर्थात् ते आत्मज्ञानने पामे नहीं. एम क्रियाजडने साधन-क्रिया अने ते साधननुं जेथी सफळपणुं थाय छे एवा आत्मज्ञाननो उपदेश कर्यो अने शुष्कज्ञानीने त्याग वैरागादि साधननो उपदेश करी वाचाज्ञानमां कल्याण नथी एम प्रेर्युं. (७)

ज्यां ज्यां जे जे योग्य छे, तहां समजवुं तेह;
त्यां त्यां ते ते आचरे, आत्मार्थी जन एह. ८

ज्यां ज्यां जे जे योग्य छे, त्यां त्यां ते ते समजे, अने त्यां त्यां ते ते आचरे ए आत्मार्थी पुरुषनां लक्षणो छे. (८)

जे जे ठेकाणे जे जे योग्य छे एटले ज्यां त्यागवैराग्यादि योग्य होय त्यां त्यागवैराग्यादि समजे, ज्यां आत्मज्ञान योग्य

होय त्यां आत्मज्ञान समजे, एम जे ज्यां जोईए ते त्यां समजवुं अने त्यां त्यां ते ते प्रमाणे प्रवर्तवुं, ए आत्मार्थी जीवनुं लक्षण छे. अर्थात् मतार्थी होय के मानार्थी होय ते योग्य मार्गने ग्रहण न करे. अथवा क्रियामां ज जेने दुराग्रह थयो छे, अथवा शुष्कज्ञानना ज अभिमानमां जेणे ज्ञानीपणुं मानी लीधुं छे, ते त्यागवैराग्यादि साधनने अथवा आत्मज्ञानने ग्रहण न करी शके.

जे आत्मार्थी होय ते ज्यां ज्यां जे जे करवुं घटे छे ते ते करे अने ज्यां ज्यां जे जे समजवुं घटे छे ते ते समजे; अथवा ज्यां ज्यां जे जे समजवुं घटे छे ते ते समजे अने ज्यां जे जे आचरवुं घटे छे ते ते आचरे, ते आत्मार्थी कहेवाय.

अत्रे 'समजवुं' अने 'आचरवुं' ए बे सामान्य पदे छे. पण विभागपदे कहेवानो आशय एवो पण छे के जे जे ज्यां समजवुं घटे ते ते त्यां समजवानी कामना जेने छे अने जे जे ज्यां आचरवुं घटे ते ते त्यां आचरवानी जेने कामना छे ते पण आत्मार्थी कहेवाय. (८)

सेवे सद्गुरुचरणने, त्यागी दई निजपक्ष;
पामे ते परमार्थने, निजपदनो ले लक्ष. ९

पोताना पक्षने छोडी दई, जे सद्गुरुना चरणने सेवे ते परमार्थने पामे, अने आत्मस्वरूपनो लक्ष तेने थाय. ९

घणाने क्रियाजडत्व वर्ते छे, अने घणाने शुष्कज्ञानीपणुं वर्ते छे तेनुं शुं कारण होवुं जोईए? एवी आशंका करी तेनुं समाधान :— सद्गुरुना चरणने जे पोतानो पक्ष एटले मत छोडी दई सेवे ते परमार्थने पामे, अने निजपदनो एटले आत्मस्वभावनो लक्ष

ले अर्थात् घणाने क्रियाजडत्व वर्ते छे तेनो हेतु ए छे के असद्गुरु के जे आत्मज्ञान अने आत्मज्ञानना साधनने जाणता नथी तेनो तेणे आश्रय कर्यो छे; जेथी तेने मात्र क्रियाजडत्वनो एटले कायक्लेशनो मार्ग जाणे छे, तेमां वळगाडे छे, अने कुळधर्म दृढ करावे छे; जेथी तेने सद्गुरुनो योग मेळववानी आकांक्षा थती नथी, अथवा तेवा योग मळ्ये पण पक्षनी दृढ वासना तेने सदुपदेशसन्मुख थवा देती नथी, एटले क्रिया-जडत्व टळतुं नथी; अने परमार्थनी प्राप्ति थती नथी.

अने जे शुष्कज्ञानो छे तेणे पण सद्गुरुना चरण सेव्या नथी, मात्र पोतानी मतिकल्पनाथी स्वच्छंदपणे अध्यात्मग्रंथो वांच्या छे, अथवा शुष्कज्ञानी समीपथी तेवा ग्रंथो के वचनो सांभळी लईने पोताने विषे ज्ञानीपणुं मान्युं छे, अने ज्ञानी गणावाना पदनुं एक प्रकारनुं मान छे तेमां तेने मीठाश रही छे, अने ए तेनो पक्ष थयो छे; अथवा कोई एक कारणविशेषथी शास्त्रोमां दया, दान, अने हिंसा, पूजानुं समानपणुं कह्युं छे तेवां वचनोने तेनो परमार्थ समज्या विना हाथमां लईने मात्र पोताने ज्ञानी मनावा अर्थे, अने पामर जीवना तिस्कारना अर्थे ते वचनोनो उपयोग करे छे, पण तेवां वचनो कये लक्षे समजवाथी परमार्थ थाय छे ते जाणतो नथी. वळी जेम दयादानादिकनुं शास्त्रोमां निष्फळपणुं कह्युं छे तेम नव पूर्व सुधी भण्या छतां ते पण अफळ गयुं एम ज्ञाननुं पण निष्फळपणुं कह्युं छे, तो ते शुश्कज्ञाननो ज निषेध छे. एम छतां तेनो लक्ष तेने थतो नथी, केमके ज्ञानी बनवाना माने तेनो आत्मा मूढताने पाम्यो छे, तेथी

तेने विचारनो अवकाश रह्यो नथी. एम क्रियाजड अथवा शुष्कज्ञानो ते बन्ने भूल्या छे, अने ते परमार्थ पामवानो वांछा राखे छे, अथवा परमार्थ पाम्या छीए एम कहे छे, ते मात्र तेमनो दुराग्रह ते प्रत्यक्ष देखाय छे. जो सद्‌गुरुना चरण सेव्या होत, तो एवा दुराग्रहमां पडी जवानो वखत न आवत, अने आत्मसाधनमां जीव दोरात, अने तथारूप साधनथी परमार्थने पामत, अने निजपदनो लक्ष लेत; अर्थात् तेनो वृत्ति आत्मसन्मुख थात.

वळी ठाम ठाम एकाकीपणे विचरवानो निषेध कर्यो छे, अने सद्‌गुरुनी सेवामां विचरवानो ज उपदेश कर्यो छे; तेथी पण एम समजाय छे के जीवने हितकारी अने मुख्य मार्ग ते ज छे; अने असद्‌गुरुथी पण कल्याण थाय एम कहेवुं ते तो तीर्थंकरादिनी, ज्ञानीनी आसातना करवा समान छे, केमके तेमां अने असद्‌गुरुमां कंई भेद न पड्यो; जन्मांध, अने अत्यंत शुद्ध निर्मळ चक्षुवाळानुं कंई न्यूनाधिकपणुं ठर्युं ज नहीं. वळी कोई 'श्री ठाणांगसूत्र'नी चोभंगी[१] ग्रहण करीने एम कहे के 'अभव्यना तार्या पण तरे,' तो ते वचन पण वदतोव्याघात जेवुं छे; एक तो मूळमां 'ठाणांग'मां ते प्रमाणे पाठ ज नथी; जे पाठ छे ते आ प्रमाणे छे:—[२] .....तेनो शब्दार्थ आ प्रमाणे छे:—[२] .....तेनो विशेषार्थ टीकाकारे आ प्रमाणे कर्यो छे:—[२]......जेमां कोई स्थळे अभव्यना तार्या तरे एवुं कह्युं नथी; अने कोई

१. जुओ आंक ५४२ 'श्रीमद्‌राजचन्द्र'.

२. मूळ पाठ मूकवा धारेलो पण मुकायो लागतो नथी.

एक टबामां कोईए एवुं वचन लख्युं छे ते तेनी समजनुं अयथार्थपणुं समजाय छे.

कदापि एम कोई कहे के अभव्य कहे छे ते यथार्थ नथी, एम भासवाथी यथार्थ शुं छे, तेनो लक्ष थवाथी स्वविचारने पामीने तर्या एम अर्थ करीए तो ते एक प्रकारे संभवित थाय छे, पण तेथी अभव्यना तार्या तर्या एम कही शकातुं नथी. एम विचारी जे मार्गथी अनंत जीव तर्या छे, अने तरशे ते मार्गने अवगाहवो अने स्वकल्पित अर्थनो मानादिनी जाळवणी छोडी दई त्याग करवो ए ज श्रेय छे. जो अभव्यथी तराय छे एम तमे कहो, तो तो अवश्य निश्चय थाय छे के असद्‌गुरुथी तराशे एमां कशो संदेह नथी.

अने अशोच्या केवळी जेमणे पूर्वे कोई पासेथी धर्म सांभळ्यो नथी तेने कोई तथारूप आवरणना क्षयथी ज्ञान ऊपज्युं छे, एम शास्त्रमां निरूपण कर्युं छे, ते आत्मानुं माहात्म्य दर्शाववा, अने जेने सद्‌गुरुयोग न होय तेने जाग्रत करवा, ते ते अनेकांतमार्ग निरूपण करवा दर्शाव्युं छे; पण सद्‌गुरुआज्ञाए प्रवर्तवानो मार्ग उपेक्षित करवा दर्शाव्युं नथी. वळी ए स्थळे तो ऊलटुं ते मार्ग उपर दृष्टि आववा वधारे सबळ कर्युं छे, अने कह्युं छे, के ते अशोच्या केवळी[1] . . . अर्थात् अशोच्या केवळीनो आ प्रसंग सांभळीने कोईए जे शाश्वतमार्ग चाल्यो आवे छे, तेना निषेध प्रत्ये जवुं एवो आशय नथी, एम निवेदन कर्युं छे.

---

१. मूळ पाठ मूकवा धारेलो पण मुकायो लागतो नथी.

कोई तीव्र आत्मार्थीने एवो कदापि सद्‌गुरुनो योग न मळ्यो होय, अने तेनी तीव्र कामनामां ने कामनामां ज निजविचारमां पडवाथी, अथवा तीव्र आत्मार्थने लीधे निजविचारमां पडवाथी आत्मज्ञान थयुं होय तो ते सद्‌गुरुमार्गनो उपेक्षित नहीं एवो, अने सद्‌गुरुथी पोताने ज्ञान मळ्युं नथी माटे मोटो छुं एवो नहीं होय, तेने थयुं होय; एम विचारी विचारवान जीवे शाश्वत मोक्षमार्गनो लोप न थाय तेवुं वचन प्रकाशवुं जोईए.

एक गामथी बीजे गाम जवुं होय अने तेनो मार्ग दीठो न होय एवो पोते पचाश वर्षनो पुरुष होय, अने लाखो गाम जोई आव्यो होय तेने पण ते मार्गनी खबर पडती नथी, अने कोईने पूछे त्यारे जणाय छे, नहीं तो भूल खाय छे; अने ते मार्गने जाणनार एवुं दश वर्षनुं बाळक पण तेने ते मार्ग देखाडे छे तेथी ते पहोंची शके छे; एम लौकिकमां अथवा व्यवहारमां पण प्रत्यक्ष छे. माटे जे आत्मार्थी होय, अथवा जेने आत्मार्थनी इच्छा होय तेणे सद्‌गुरुना योगे तरवाना कामी जीवनुं कल्याण थाय ए मार्ग लोपवो घटे नहीं, केमके तेथी सर्व ज्ञानी पुरुषनी आज्ञा लोपवा बराबर थाय छे.

पूर्वे सद्‌गुरुनो योग तो घणी वखत थयो छे छतां जीवनुं कल्याण थयुं नहीं, जेथी सद्‌गुरुना उपदेशनुं एवुं कंई विशेषपणुं देखातुं नथी, एम आशंका थाय तो तेनो उत्तर बीजा पदमां ज कह्यो छे के :—

जे पोताना पक्षने त्यागी दई सद्‌गुरुना चरणने सेवे, ते परमार्थने पामे. अर्थात् पूर्वे सद्‌गुरुनो योग थवानी वात सत्य छे, परंतु त्यां जीवे तेने सद्‌गुरु जाण्या नथी, अथवा

ओळख्या नथी, प्रतीत्या नथी, अने तेनी पासे पोतानां मान अने मत मूक्यां नथी; अने तेथी सद्‌गुरुनो उपदेश परिणाम पाम्यो नहीं, अने परमार्थनो प्राप्ति थई नहीं; एम जो पोतानो मत एटले स्वच्छंद अने कुळधर्मनो आग्रह दूर करीने सदुपदेश ग्रहण करवानो कामी थयो होत तो अवश्य परमार्थ पामत.

अत्रे असद्‌गुरुए दृढ करावेला दुर्बोधथी अथवा मानादिकना तीव्र कामीपणाथी एम पण आशंका थवी संभवे छे के कंईक जीवोनां पूर्वे कल्याण थयां छे; अने तेमने सद्‌गुरुना चरण सेव्या विना कल्याणनी प्राप्ति थई छे, अथवा असद्‌गुरुथी पण कल्याणनी प्राप्ति थाय; असद्‌गुरुने पोताने भले मार्गनी प्रतीति नथी, पण बीजाने ते पमाडी शके एटले बीजो ते मार्गनी प्रतीति, तेनो उपदेश सांभळीने करे तो ते परमार्थने पामे; माटे सद्‌गुरुचरणने सेव्या विना पण परमार्थनी प्राप्ति थाय एवी आशंकानुं समाधान करे छे :—

यद्यपि कोई जीवो पोते विचार करतां बूझ्या छे, एवो शास्त्रमां प्रसंग छे; पण कोई स्थळे एवो प्रसंग कह्यो नथी के असद्‌गुरुथी अमुक बूझ्या. हवे कोई पोते विचार करतां बूझ्या छे एम कह्युं छे तेमां शास्त्रोनो कहेवानो हेतु एवो नथी के सद्‌गुरुनी आज्ञाए वर्तवाथी जीवनुं कल्याण थाय छे एम अमे कह्युं छे पण ते वात यथार्थ नथी; अथवा सद्‌गुरुनी आज्ञानुं जीवने कंई कारण नथी एम कहेवाने माटे. तेम जे जीवो पोताना विचारथी स्वयंबोध पाम्या छे एम कह्युं छे ते पण वर्तमान देहे पोताना विचारथी अथवा बोधथी बूझ्या कह्या छे, पण पूर्वे ते विचार अथवा बोध तेणे सन्मुख कर्यो

छे तेथी वर्तमानमां ते स्फुरायमान थवानो संभव छे. तीर्थंकरादि 'स्वयंबुद्ध' कह्या छे ते पण पूर्वे त्रीजे भवे सद्‌गुरुथी निश्चय समकित पाम्या छे एम कह्युं छे. एटले ते स्वयंबुद्धपणुं कह्युं छे ते वर्तमान देहनी अपेक्षाए कह्युं छे, अने ते सद्‌गुरुपदना निषेधने अर्थे कह्युं नथी.

अने जो सद्‌गुरुपदनो निषेध करे तो ते 'सद्‌देव, सद्‌गुरु अने सद्धर्मनी प्रतीति विना समकित कह्युं नथी,' ते कहेवा मात्र ज थयुं.

अथवा जे शास्त्रनुं तमे प्रमाण लो छो ते शास्त्र सद्‌गुरु एवा जिननां कहेलां छे तेथी प्रमाणिक मानवां योग्य छे के कोई असद्‌गुरुनां कहेलां छे तेथी प्रमाणिक मानवां योग्य छे? जो असद्‌गुरुनां शास्त्रो पण प्रमाणिक मानवामां बाध न होय, तो तो अज्ञान अने रागद्वेष आराधवाथी पण मोक्ष थाय एम कहेवामां बाध नथी, ते विचारवा योग्य छे

'आचारांगसूत्र'मां (प्रथम श्रुतस्कंध, प्रथमाध्ययनना प्रथम उद्देशे, प्रथम वाक्य) कह्युं छे के, आ जीव पूर्वथी आव्यो छे? पश्चिमथी आव्यो छे? उत्तरथी आव्यो छे? दक्षिणथी आव्यो छे? अथवा ऊंचेथी? नीचेथी के कोई अनेरी दिशाथी आव्यो छे? एम जे जाणतो नथी ते मिथ्यादृष्टि छे, जे जाणे ते सम्यग्‌दृष्टि छे. ते जाणवानां त्रण कारणो आ प्रमाणे – (१) तीर्थंकरना उपदेशथी, (२) सद्‌गुरुना उपदेशनो, अने (३) जातिस्मृतिज्ञानथी.

अत्रे जातिस्मृति ज्ञान कह्युं ते पण पूर्वना उपदेशनो संधि छे. एटले पूर्वे तेने बोध थवामां सद्‌गुरुनो असंभव

धारवो घटतो नथी. वळी ठाम ठाम जिनागममां एम कह्युं छे के —

[1]'गुरुणो छंदाणुवत्तगा' गुरुनी आज्ञाए प्रवर्तवुं.

गुरुनी आज्ञाए चालतां अनंता जीवो सीझ्या, सीझे छे अने सीझशे. तेम कोई जीव पोताना विचारथी बोध पाम्या, तेमां प्राये पूर्वे सद्‌गुरुउपदेशनुं कारण होय छे. पण कदापि ज्यां तेम न होय त्यां पण ते सद्‌गुरुनो नित्यकामी रह्यो थको सद्विचारमां प्रेरातो प्रेरातो स्वविचारथी आत्मज्ञान पाम्यो एम कहेवा योग्य छे; अथवा तेने कंई सद्‌गुरुनी उपेक्षा नथी अने ज्यां सद्‌गुरुनी उपेक्षा वर्ते त्यां माननो संभव थाय छे; अने ज्यां सद्‌गुरु प्रत्ये मान होय त्यां कल्याण थवुं कह्युं, के तेने सद्विचार प्रेरवानो आत्मगुण कह्यो.

तथारूप मान आत्मगुणनुं अवश्य घातक छे. बाहुबळजीमां अनेक गुणसमूह विद्यमान छतां नाना अठ्ठाणुं भाईने वंदन करवामां पोतानुं लघुपणुं थशे, माटे अत्रे ज ध्यानमां रोकावुं योग्य छे एम राखी एक वर्ष सुधी निराहारपणे अनेक गुणसमुदाये आत्मध्यानमां रह्या, तोपण आत्मज्ञान थयुं नहीं. बाकी बीजी बधी रीतनी योग्यता छतां एक ए मानना कारणथी ते ज्ञान अटक्युं हतुं. ज्यारे श्री ऋषभदेवे प्रेरेली एवी ब्राह्मी अने सुंदरी सतीए तेने ते दोष निवेदन कर्यो अने ते दोषनुं भान तेने थयुं तथा ते दोषनी उपेक्षा करी असारत्व जाण्युं त्यारे केवळज्ञान थयुं. ते मान ज अत्रे चार घनघाती कर्मनुं मूळ थई वर्त्युं

---

१. सूत्रकृतांग, प्रथम श्रुतस्कंध, द्वितीय अध्ययन, गा० ३२.

हतुं. वळी बार बार महिना सुधी निराहारपणे, एक लक्षे, एक आसने, आत्मविचारमां रहेनार एवा पुरुषने एटला माने तेवी बारे महिनानी दशा सफळ थवा न दीधी, अर्थात् ते दशाथी मान न समजायुं अने ज्यारे सद्गुरु एवा श्री ऋषभदेवे ते मान छे एम प्रेर्युं त्यारे मुहूर्तमां ते मान व्यतीत थयुं; ए पण सद्गुरुनुं ज माहात्म्य दर्शाव्युं छे.

वळी आखो मार्ग ज्ञानीनी आज्ञामां समाय छे एम वारंवार कह्युं छे. 'आचारांगसूत्र'मां कह्युं छे के — (सुधर्मास्वामी जंबुस्वामीने उपदेशे छे, के जगत आखानुं जेणे दर्शन कर्युं छे एवा महावीर भगवान तेणे अमने आम कह्युं छे.) गुरुने आधीन थई वर्तता एवा अनंता पुरुषो मार्ग पामीने मोक्ष प्राप्त थया.

'उत्तराध्ययन', 'सूयगडांगादि'मां ठाम ठाम ए ज कह्युं छे. (९)

आत्मज्ञान समदर्शिता, विचरे उदयप्रयोग;
अपूर्व वाणी परमश्रुत सद्गुरु लक्षण योग्य.[१] १०

आत्मज्ञानने विषे जेमनी स्थिति छे, एटले परभावनी इच्छाथी जे रहित थया छे; तथा शत्रु, मित्र, हर्ष, शोक, नमस्कार, तिरस्कारादि भाव प्रत्ये जेने समता वर्ते छे; मात्र पूर्वे उत्पन्न थयेलां एवां कर्मोना उदयने लीधे जेमनी विचारवा आदि क्रिया छे; अज्ञानी करतां जेनी वाणी प्रत्यक्ष जुदी पडे छे, अने षट्दर्शनना तात्पर्यने जाणे छे, ते सद्गुरुनां उत्तम लक्षणो छे. (१०)

---

१. जुओ आंक नं. ८३५, 'श्रीमद्राजचन्द्र'

स्वरूपस्थित इच्छारहित, विचरे पूर्वप्रयोग;
अपूर्व वाणी, परमश्रुत, सद्‌गुरुलक्षण योग्य.

आत्मास्वरूपने विषे जेनी स्थिति छे, विषय अने मान पूजादि इच्छाथी रहित छे, अने मात्र पूर्वे उत्पन्न थयेलां एवां कर्मना प्रयोगथी जे विचरे छे; जेमनी वाणी अपूर्व छे, अर्थात् निज अनुभवसहित जेनो उपदेश होवाथी अज्ञानीनी वाणी करतां प्रत्यक्ष जुदी पडे छे, अने परमश्रुत एटले षट्‌दर्शनना यथास्थित जाण होय, ए सद्‌गुरुनां योग्य लक्षणो छे.

अत्रे स्वरूपस्थित एवुं प्रथमपद कह्युं तेथी ज्ञानदशा कही. इच्छारहितपणुं कह्युं तेथी चारित्रदशा कही. इच्छारहित होय ते विचरी केम शके? एवी आशंका, 'पूर्वप्रयोग एटले पूर्वनां बंधायेलां प्रारब्धथी विचरे छे; विचरवा आदिनी बाकी जेने कामना नथी,' एम कही निवृत्त करी. अपूर्व वाणी एम कहेवाथी वचनातिशयता कही, केमके ते विना मुमुक्षुने उपकार न थाय. परमश्रुत कहेवाथी षट्‌दर्शन अविरुद्ध दशाए जाणनार कह्या, एटले श्रुतज्ञाननुं विशेषणुं दर्शाव्युं.

आशंका :– वर्तमानकाळमां स्वरूपस्थित पुरुष होय नहीं, एटले जे स्वरूपस्थित विशेषणवाळा सद्‌गुरु कह्या छे, ते आजे होवा योग्य नथी

समाधान :– वर्तमानकाळमां कदापि एम कहेलुं होय तो कहेवाय के 'केवळभूमिका'ने विषे एवी स्थिति असंभवित छे, पण आत्मज्ञान ज न थाय एम कहेवाय नहीं; अने आत्मज्ञान छे ते स्वरूपस्थिति छे.

आशंका :– आत्मज्ञान थाय तो वर्तमानकाळमां मुक्ति थवो जोईए अने जिनागममां ना कही छे.

समाधान :– ए वचन कदापि एकांते एम ज एम गणीए, तोपण तेथी एकावतारीपणानो निशेध थतो नथो, अने एकावतारीपणुं आत्मज्ञान विना प्राप्त थाय नहीं.

आशंका :– त्याग वैराग्यादिना उत्कृष्टपणाथी तेने एकावतारीपणुं कह्युं हशे.

समाधान :– परमार्थथी उत्कृष्ट त्यागवैराग्य विना एकावतारीपणुं थाय ज नहीं एवो सिद्धांत छे; अने वर्तमानमां पण चोथा पांचमा अने छठ्ठा गुणस्थानकनो कशो निषेध छे नहीं अने चोथे गुणस्थानकेथी ज आत्मज्ञाननो संभव थाय छे; पांचमे विशेष स्वरूपस्थिति थाय छे, छठ्ठे घणा अंशे स्वरूपस्थिति थाय छे, पूर्वप्रेरित प्रमादना उदयथी मात्र कंईक प्रमाददशा आवी जाय छे. पण ते आत्मज्ञानने रोधक नथी, चारित्रने रोधक छे.

आशंका :– अत्रे तो स्वरूपस्थित एवुं पद वापर्युं छे, अने स्वरूपस्थित पद तो तेरमे गुणस्थानके ज संभवे छे.

समाधान :– स्वरूपस्थितिनी पराकाष्टा तो चौदमा गुणस्थानकने छेडे थाय छे, केमके नाम गोत्रादि चार कर्मनो नाश त्यां थाय छे; ते पहेलां केवळीने चार कर्मनो संग छे, तेथी संपूर्ण स्वरूपस्थिति तो तेरमे गुणस्थानके पण न कहेवाय.

आशंका :– त्यां नामादि कर्मथी करीने अव्याबाध स्वरूपस्थितिनी ना कहे तो ते ठीक छे; पण केवळज्ञानरूप स्वरूपस्थिति

छे, तेथी स्वरूपस्थिति कहेवामां दोष नथी, अनें अत्रे तो तेम नथी, माटे स्वरूपस्थितिपणुं केम कहेवाय ?

समाधान :– केवळज्ञानने विषे स्वरूपस्थितिनुं तारतम्य विशेष छे; अने चोथे, पांचमे, छठ्ठे, गुणस्थानके तेथी अल्प छे, एम कहेवाय; पण स्वरूपस्थिति नथी एम न कही शकाय. चोथे गुणस्थानके मिथ्यात्वमुक्तदशा थवाथी आत्मस्वभाव-आविर्भावपणुं छे, अने स्वरूपस्थिति छे; पांचमे गुणस्थानके देशे करीने चारित्रघातक कषायो रोकावाथी आत्मस्वभावनुं चोथा करतां विशेष आविर्भावपणुं छे, अने छठ्ठामां कषायो विशेष रोकवाथी सर्व चारित्रनुं उदयपणुं छे, तेथी आत्म-स्वभावनुं विशेष आविर्भावपणुं छे. मात्र छठ्ठे गुणस्थानके पूर्वनिबंधित कर्मना उदयथी प्रमत्तदशा क्वचित् वर्ते छे तेने लीधे 'प्रमत्त' सर्व चारित्र कहेवाय, पण तेथी स्वरूपस्थितिमां विरोध नहीं, केमके आत्मस्वभावनुं बाहुल्यताथी आविर्भावपणुं छे. वळी आगम पण एम कहे छे के, चोथे गुणस्थानकेथी तेरमा गुणस्थानक सुधी आत्मप्रतीति समान छे; ज्ञानानो तारतम्यभेद छे.

जो चोथे गुणस्थानके स्वरूपस्थिति अंशे पण न होय, तो मिथ्यात्व जवानुं फळ शुं थयुं? कंई ज थयुं नहीं. जे मिथ्यात्व गयुं ते ज आत्मस्वभावनुं आविर्भावपणुं छे, अने ते ज स्वरूपस्थिति छे. जो सम्यक्त्वथी तथारूप स्वरूपस्थिति न होत, तो श्रेणिकादिने एकावतारीपणुं केम प्राप्त थाय? एक पण त्यां व्रत, पच्चखाण नथी अने मात्र एक ज भव बाकी रह्यो एवुं अल्पसंसारीपणुं थयुं ते ज स्वरूपस्थितिरूप समकितनुं

बळ छे. पांचमे अने छठ्ठे गुणस्थानके चारित्रनुं बळ विशेष छे, अने मुख्यपणे उपदेशक गुणस्थानक तो छठ्ठुं अने तेरमुं छे. बाकीनां गुणस्थानको उपदेशकनी प्रवृत्ति करी शकवा योग्य नथी; एटले तेरमे अने छठ्ठे गुणस्थानके ते पद प्रवर्ते छे. (१०)

[1]प्रत्यक्षसद्‌गुरु सम नहिं, परोक्ष जिन उपकार;
एवो लक्षथया विना, ऊगे न आत्मविचार. ११

ज्यां सुधी जीवने पूर्वकाळे थई गयेला एवा जिननी वात पर ज लक्ष रह्या करे, अने तेनो उपकार कह्या करे, अने जेथी प्रत्यक्ष आत्मभ्रांतिनुं समाधान थाय एवा सद्‌गुरुनो समागम प्राप्त थयो होय तेमां परोक्ष जिनोनां वचन करतां मोटो उपकार समायो छे, तेम जे न जाणे तेने आत्मविचार उत्पन्न न थाय. (११)

सद्‌गुरुना उपदेश वण, समजाय न जिनरूप;
समज्या वण उपकार शो? समज्ये जिनस्वरूप. १२

सद्‌गुरुना उपदेश विना जिननुं स्वरूप समजाय नहीं, अने स्वरूप समजाया विना उपकार शो थाय? जो सद्‌गुरुउपदेशे जिननुं स्वरूप समजे तो समजनारनो आत्मा परिणामे जिननी दशाने पामे. (१२)

सद्‌गुरुना उपदेशथी, समजे जिननुं रूप;
तो ते पामे निजदशा, जिन छे आत्मस्वरूप.
पाम्या शुद्ध स्वभावने, छे जिन तेथी पूज्य;
समजो जिनस्वभाव तो, आत्मभाननो गुज्य.

---

१. जुओ आंक नं. ५२७ 'श्रीमद्‌राजचन्द्र'

सद्‌गुरुना उपदेशथी जे जिननुं स्वरूप समजे, ते पोताना स्वरूपनी दशा पामे, केमके शुद्ध आत्मापणुं ए ज जिननुं स्वरूप छे; अथवा राग, द्वेष अने अज्ञान जिनने विषे नथी ते ज शुद्ध आत्मपद छे, अने ते पद तो सत्ताए सर्व जीवनुं छे. ते सद्‌गुरु–जिनने अवलंबीने अने जिनना स्वरूपने कहेवे करी मुमुक्षुजीवने समजाय छे. (१२)

आत्मादि अस्तित्वनां, जेह निरूपक शास्त्र;
प्रत्यक्ष सद्‌गुरु योग नहि, त्यां आधार सुपात्र. १३

जे जिनागमादि आत्माना होवापणानो तथा परलोकादिना होवापणानो उपदेश करवावाळां शास्त्रो छे ते पण ज्यां प्रत्यक्ष सद्‌गुरुनो जोग न होय त्यां सुपात्र जीवने आधाररूप छे; पण सद्‌गुरुसमान ते भ्रांतिना छेदक कही न शकाय. (१३)

[1]अथवा सद्‌गुरुए कह्यां, जे अवगाहन काज;
ते ते नित्य विचारवां, करी मतांतर त्याज. १४

अथवा जो सद्‌गुरुए ते शास्त्रो विचारवानी आज्ञा दीधी होय, तो ते शास्त्रो मतांतर एटले कुळधर्मने सार्थक करवानो हेतु आदि भ्रांति छोडीने मात्र आत्मार्थे नित्य विचारवां. (१४)

रोके जीव स्वच्छंद तो, पामे अवश्य मोक्ष;
पाम्या एम अनंत छे, भाख्युं जिन निर्दोष. १५

जीव अनादिकाळथी पोताना डहापणे अने पोतानी इच्छाए चाल्यो छे, एनुं नाम 'स्वच्छंद' छे. जो ते स्वच्छंदने रोके तो जरूर ते मोक्षने पामे; अने ए रीते भूतकाळे अनंत जीव

१ पाठांतरः—अथवा सद्‌गुरुए कह्यां, जो अवगाहन काज;
तो ते नित्य विचारवां, करी मतांतर त्याज.

मोक्ष पाम्या छे. एम राग, द्वेष अने अज्ञान एमांनो एक्के दोष जेने विषे नथी एवा दोषरहित वीतरागे कह्युं छे. (१५)

प्रत्यक्ष सद्‌गुरु योगथी, स्वच्छंद ते रोकाय;
अन्य उपाय कर्या थकी, प्राये बमणो थाय. १६

प्रत्यक्ष सद्‌गुरुना योगथी ते स्वच्छंद रोकाय छे, बाकी पोतानी इच्छाए बीजा घणा उपाय कर्या छतां घणुं करीने ते बमणो थाय छे. (१६)

स्वच्छंद मत आग्रह तजी, वर्ते सद्‌गुरुलक्ष;
समकित तेने भाखियुं, कारण गणी प्रत्यक्ष. १७

स्वच्छंदने तथा पोताना मतना आग्रहने तजीने जे सद्‌गुरुना लक्षे चाले तेने प्रत्यक्ष कारण गणीने वीतरागे 'समकित' कह्युं छे. (१७)

मानादिक शत्रु महा, निज छंदे न मराय;
जातां सद्‌गुरु शरणमां, अल्प प्रयासे जाय. १८

मान अने पूजासत्कारादिनो लोभ ए आदि महाशत्रु छे, ते पोताना डहापणे चालतां नाश पामे नहीं, अने सद्‌गुरुना शरणमां जतां सहज प्रयत्नमां जाय. (१८)

जे सद्‌गुरु उपदेशथी, पाम्यो केवळज्ञान;
गुरु रह्या छद्मस्थ पण, विनय करे भगवान. १९

जे सद्‌गुरुना उपदेशथी कोई केवळज्ञानने पाम्या, ते सद्‌गुरु हजु छद्मस्थ रह्या होय, तोपण जे केवळज्ञानने पाम्या छे एवा ते केवळी भगवान छद्मस्थ एवा पोताना सद्‌गुरुनी वैयावच्च करे. (१९)

एवो मार्ग विनय तणो, भाख्यो श्री वीतराग;
मूळ हेतु ए मार्गनो, समजे कोई सुभाग्य. २०

एवो विनयनो मार्ग श्री जिने उपदेश्यो छे. ए मार्गनो मूळ हेतु एटले तेथी आत्माने शो उपकार थाय छे, ते कोईक सुभाग्य एटले सुलभबोधि अथवा आराधक जीव होय ते समजे. (२०)

असद्गुरु ए विनयनो, लाभ लहे जो कांई;
महामोहनीय कर्मथी, बूडे भवजळ मांही. २१

आ विनयमार्ग कह्यो तेनो लाभ एटले ते शिष्यादिनी पासे करावावानी इच्छा करीने जो कोई पण असद्गुरु पोताने विषे सद्गुरुपणुं स्थापे तो ते महामोहनीय कर्म उपार्जन करीने भवसमुद्रमां बूडे. (२१)

होय मुमुक्षु जीव ते, समजे एह विचार;
होय मतार्थी जीव ते, अवळो ले निर्धार. २२

जे मोक्षार्थी जीव होय ते आ विनयमार्गादिनो विचार समजे, अने जे मतार्थी होय ते तेनो अवळो निर्धार ले, एटले कां पोते तेवो विनय शिष्यादि पासे करावे, अथवा असद्गुरुने विषे पोते सद्गुरुनी भ्रांति राखी आ विनयमार्गनो उपयोग करे. (२२)

होय मतार्थी तेहने, थाय न आतमलक्ष;
तेह मतार्थी लक्षणो, अहीं कह्यां निर्पक्ष. २३

जे मतार्थी जीव होय तेने आत्मज्ञाननो लक्ष थाय नहीं; एवा मतार्थी जीवनां अहीं निष्पक्षपाते लक्षणो कह्यां छे. (२३)

बाह्यत्याग पण ज्ञान नंहि, ते माने गुरु सत्य;
अथवा निजकुळधर्मना, ते गुरुमां ज ममत्व. २४

जेने मात्र बाह्यथी त्याग देखाय छे पण आत्मज्ञान नथी, अने उपलक्षणथी अंतरंग त्याग नथी, तेवा गुरुने साचा गुरु माने, अथवा तो पोताना कुळधर्मना गमे तेवा गुरु होय तोपण तेमां ज ममत्व राखे. (२४)

जे जिनदेह प्रमाण ने, समवसरणादि सिद्धि;
वर्णन समजे जिननुं, रोकी रहे निज बुद्धि. २५

जे जिनना देहादिनुं वर्णन छे तेने जिननुं वर्णन समजे छे, अने मात्र पोताना कुळधर्मना देव छे माटे मारापणाना कल्पित रागे समवसरणादि माहात्म्य कह्या करे छे अने तेमां पोतानी बुद्धिने रोकी रहे छे; एटले परमार्थहेतुस्वरूप एवुं जिननुं जे अंतरंगस्वरूप जाणवा योग्य छे ते जाणता नथी, तथा ते जाणवानो प्रयत्न करता नथी, अने मात्र समवसरणादिमां ज जिननुं स्वरूप कहीने मतार्थमां रहे छे. (२५)

प्रत्यक्ष सद्‌गुरुयोगमां, वर्ते दृष्टि विमुख;
असद्‌गुरुने दृढ करे, निज मानार्थे मुख्य. २६

प्रत्यक्ष सद्‌गुरुनो क्यारेक योग मळे तो दुराग्रहादिछेदक तेनी वाणी सांभळीने तेनाथी अवळी रीते चाले, अर्थात् ते हितकारी वाणीने ग्रहण करे नहीं, अने पोते खरेखरो दृढ मुमुक्षु छे एवुं मान मुख्यपणे मेळववाने अर्थे असद्‌गुरुसमीपे जईने पोते तेना प्रत्ये पोतानुं विशेष दृढपणुं जणावे. (२६)

देवादि गति भंगमां, जे समजे श्रुतज्ञान;
माने निज मत वेषनो, आग्रह मुक्तिनिदान. २७

देव–नारकादि गतिना 'भांगा' आदिनां स्वरूप कोईक विशेष परमार्थहेतुथी कह्यां छे, ते हेतुने जाण्यो नथी, अने ते भंगजाळने श्रुतज्ञान जे समजे छे, तथा पोताना मतनो, वेषनो आग्रह राखवामां ज मुक्तिनो हेतु माने छे. (२७)

लह्युं स्वरूप न वृत्तिनुं, ग्रह्युं व्रत अभिमान;
ग्रहे नहीं परमार्थने, लेवा लौकिक मान. २८

वृत्तिनुं स्वरूप शुं? ते पण ते जाणतो नथी, अने 'हुं व्रतधारी छुं' एवुं अभिमान धारण कर्युं छे. क्वचित् परमार्थना उपदेशनो योग बने तोपण लोकोमां पोतानुं मान अने पूजा-सत्कारादि जतां रहेशे, अथवा ते मानादि पछी प्राप्त नहीं थाय एम जाणीने ते परमार्थने ग्रहण करे नहीं. (२८)

अथवा निश्चय नय ग्रहे, मात्र शब्दनी मांय;
लोपे सद्व्यवहारने, साधन रहित थाय. २९

अथवा 'समयसार' के 'योगवासिष्ठ' जेवा ग्रंथो वांची ते मात्र निश्चयनयने ग्रहण करे. केवी रीते ग्रहण करे? मात्र कहेवारूपे; अंतरंगमां तथारूप गुणनी कशी स्पर्शना नहीं, अने सद्गुरु, सत्शास्त्र तथा वैराग्य, विवेकादि साचा व्यवहारने लोपे, तेम ज पोताने ज्ञानी मानी लईने साधनरहित वर्ते (२९)

ज्ञानदशा पामे नहीं, साधनदशा न कांई;
पामे तेनो संग जे, ते बूडे भव मांही. ३०

ते ज्ञानदशा पामे नहीं, तेम वैराग्यादि साधनदशा पण तेने नथी, जेथी तेवा जीवनो संग बीजा जे जीवने थाय ते पण भवसागरमां डूबे. (३०)

ए पण जीव मतार्थमां, निजमानादि काज;
पामे नहि परमार्थने, अन्-अधिकारीमां ज. ३१

ए जीव पण मतार्थमां ज वर्ते छे, केमके उपर कह्या जीव, तेने जेम कुळधर्मादिथी मतार्थता छे, तेम आने ज्ञानी गणाववाना मानुनी इच्छाथी पोताना शुष्कमतनो आग्रह छे, माटे ते पण परमार्थने पामे नहीं, अने अन्‌अधिकारी एटले जेने विषे ज्ञान परिणाम पामवा योग्य नहीं एवा जीवोमां ते पण गणाय. (३१)

नहि कषाय उपशांतता, नहि अंतर वैराग्य;
सरळपणुं न मध्यस्थता, ए मतार्थी दुर्भाग्य. ३२

जेने क्रोध, मान, माया, लोभरूप कषाय पातळा पड्या नथी, तेम जेने अंतर वैराग्य उत्पन्न थयो नथी, आत्मामां गुण ग्रहण करवारूप सरळपणुं जेने रह्युं नथी, तेम सत्यासत्यतुलना करवाने जेने अपक्षपातदृष्टि नथी, ते मतार्थी जीव दुर्भाग्य एटले जन्म, जरा, मरणने छेदवावाळा मोक्षमार्गने पामवा योग्य एवुं तेनुं भाग्य न समजवुं. (३२)

लक्षण कह्यां मतार्थीनां, मतार्थ जावा काज;
हवे कहुं आत्मार्थीनां आत्म-अर्थ सुखसाज. ३३

एम मतार्थी जीवनां लक्षण कह्यां. ते कहेवानो हेतु ए छे के कोई पण जीवनो ते जाणीने मतार्थ जाय. हवे आत्मार्थी जीवनां लक्षण कहीए छीए: ते लक्षण केवां छे? तो के आत्माने अव्याबाध सुखनी सामग्रीना हेतु छे. (३३)

---

आत्मज्ञान त्यां मुनिपणुं, ते साचा गुरु होय;
बाकी कुळगुरु कल्पना, आत्मार्थी नहि जोय. ३४

ज्यां आत्मज्ञान होय त्यां मुनिपणुं होय, अर्थात् आत्मज्ञान न होय त्यां मुनिपणुं न ज संभवे. '**जं संमंति पासह तं मोणंति पासह**'—ज्यां समकित एटले आत्मज्ञान छे त्यां मुनिपणुं जाणो एम 'आचारांगसूत्र'मां कह्युं छे, एटले जेमां आत्मज्ञान होय ते साचा गुरु छे एम जाणे छे, अने आत्मज्ञानरहित होय तोपण पोताना कुळना गुरुने सद्गुरु मानवा ए मात्र कल्पना छे; तेथी कंई भवच्छेद न थाय एम आत्मार्थी जुए छे. (३४)

प्रत्यक्ष सद्गुरु प्राप्तिनो, गणे परम उपकार;
त्रणे योग एकत्वथी, वर्ते आज्ञाधार. ३५

प्रत्यक्ष सद्गुरुनी प्राप्तिनो मोटो उपकार जाणे, अर्थात् शास्त्रादिथी जे समाधान थई शकवा योग्य नथी, अने जे दोषो सद्गुरुनी आज्ञा धारण कर्या विना जता नथी ते सद्गुरुयोगथी समाधान थाय, अने ते दोषो टळे, माटे प्रत्यक्ष सद्गुरुनो मोटो उपकार जाणे, अने ते सद्गुरु प्रत्ये मन, वचन, कायानी एकताथी आज्ञांकितपणे वर्ते. (३५)

एक होय त्रण काळमां, परमारथनो पंथ;
प्रेरे ते परमार्थने, ते व्यवहार समंत. ३६

त्रणे काळने विषे परमार्थनो पंथ एटले मोक्षनो मार्ग एक होवो जोईए, अने जेथी ते परमार्थ सिद्ध थाय ते व्यवहार जीवे मान्य राखवो जोईए; बीजो नहीं. (३६)

एम विचारी अंतरे, शोधे सद्‌गुरु योग;
काम एक आत्मार्थनुं, बीजो नहि मनरोग. ३७

एम अंतरमां विचारीने जे सद्‌गुरुना योगनी शोध करे, मात्र एक आत्मार्थनी इच्छा राखे पण मानपूजादिक, सिद्धिरिद्धिनी कशी इच्छा राखे नहीं;– ए रोग जेना मनमां नथी. (३७)

कषायनी उपशांतता, मात्र मोक्ष अभिलाष;
भवे खेद, प्राणीदया, त्यां आत्मार्थ निवास. ३८

ज्यां कषाय पातळा पड्या छे, मात्र एक मोक्षपद सिवाय बीजा कोई पदनी अभिलाषा नथी, संसारपर जेने वैराग्य वर्ते छे, अने प्राणीमात्र पर जेने दया छे, एवा जीवने विषे आत्मार्थनो निवास थाय. (३८)

दशा न एवी ज्यां सुधी, जीव लहे नहि जोग;
मोक्षमार्ग पामे नहीं, मटे न अंतर रोग. ३९

ज्यां सुधी एवी जोगदशा जीव पामे नहीं, त्यांसुधी तेने मोक्षमार्गनी प्राप्ति न थाय, अने आत्मभ्रांतिरूप अनंत दुःखनो हेतु एवो अंतररोग न मटे. (३९)

आवे ज्यां एवी दशा, सद्‌गुरुबोध सुहाय;
ते बोधे सुविचारणा, त्यां प्रगटे सुखदाय. ४०

एवी दशा ज्यां आवे त्यां सद्‌गुरुनो बोध शोभे अर्थात् परिणाम पामे, अने ते बोधना परिणामथी सुखदायक एवी सुविचारदशा प्रगटे. (४०)

ज्यां प्रगटे सुविचारणा, त्यां प्रगटे निज ज्ञान;
जे ज्ञाने क्षय मोह थई, पामे पद निर्वाण. ४१

ज्यां सुविचारदशा प्रगटे त्यां आत्मज्ञान उत्पन्न थाय, अने ते ज्ञानथी मोहनो क्षय करी निर्वाणपदने पामे. (४१)

ऊँपजे ते सुविचारणा, मोक्षमार्ग समजाय;
गुरुशिष्यसंवादथी, भाखुं षट्पद आंही. ४२

जेथी ते सुविचारदशा उत्पन्न थाय, अने मोक्षमार्ग समजवामां आवे ते छ पदरूपे गुरुशिष्यना संवादथी करीने अहीं कहुं छुं. (४२)

---

षट्पदनामकथन

'आत्माछे' 'ते नित्य छे,' 'छे कर्ता निजकर्म;'
'छे भोक्ता,' वळी 'मोक्ष छे,' 'मोक्ष उपाय सुधर्म.' ४३

'आत्मा छे,' 'ते आत्मा नित्य छे,' 'ते आत्मा पोताना कर्मनो कर्ता छे', 'ते कर्मनो भोक्ता छे', 'तेथी मोक्ष थाय छे', अने 'ते मोक्षनो उपाय एवो सत्धर्म छे'. (४३)

षट्स्थानक संक्षेपमां, षट्दर्शन पण तेह;
समजावा परमार्थने, कह्यां ज्ञानीए एह. ४४

ए छ स्थानक अथवा छ पद अहीं संक्षेपमां कह्यां छे, अने विचार करवाथी षट्दर्शन पण ते ज छे, परमार्थ समजवाने माटे ज्ञानीपुरुषे ए छ पदो कह्यां छे. (४४)

---

शंका — शिष्य उवाच

[आत्माना होवापणारूप प्रथम स्थानकनी शिष्य शंका कहे छे:-]

नथी दृष्टिमां आवतो, नथी जणातुं रूप;
बीजो पण अनुभव नहीं, तेथी न जीवस्वरूप. ४५

दृष्टिमां आवतो नथी, तेम जेनुं कंई रूप जणातुं नथी, तेम स्पर्शादि बीजा अनुभवथी पण जणावापणुं नथी, माटे जीवनुं स्वरूप नथी; अर्थात् जीव नथी. (४५)

अथवा देह ज आतमा, अथवा इन्द्रिय प्राण;
मिथ्या जुदो मानवो, नहीं जुदुं एंधाण. ४६

अथवा देह छे ते ज आत्मा छे, अथवा इन्द्रियो छे ते आत्मा छे, अथवा श्वासोच्छ्वास छे ते आत्मा छे, अर्थात् ए सौ एकना एक देहरूपे छे, माटे आत्माने जुदो मानवो ते मिथ्या छे, केमके तेनुं कशुं जुदुं एंधाण एटले चिह्न नथी. (४६)

वळी जो आतमा होय तो, जणाय ते नहि केम?
जणाय जो ते होय तो, घट पट आदि जेम. ४७

अने जो आत्मा होय तो ते जणाय शा माटे नहीं? जो घट, पट आदि पदार्थो छे तो जेम जणाय छे, तेम आत्मा होय तो शा माटे न जणाय? (४७)

माटे छे नहि आतमा, मिथ्या मोक्ष उपाय;
ए अंतर शंका तणो, समजावो सदुपाय. ४८

माटे आत्मा छे नहीं, अने आत्मा नथी एटले तेना मोक्षना अर्थे उपाय करवा ते फोकट छे, ए मारा अंतरनी शंकानो कंई पण सदुपाय समजावो एटले समाधान होय तो कहो. (४८)

समाधान—सद्गुरु उवाच

[आत्मा छे, एम सद्गुरु समाधान करे छे :—]

भास्यो देहाध्यासथी, आत्मा देहसमान;
पण ते बन्ने भिन्न छे, प्रगट लक्षणे भान. ४९

देहाध्यासथी एटले अनादिकाळथी अज्ञानने लीधे देहनो परिचय छे. तेथी आत्मा देह जेवो अर्थात् तने देह भास्यो छे; पण आत्मा अने देह बन्ने जुदां छे, केमके बेय जुदां जुदां लक्षणथी प्रगट भानमां आवे छे. (४९)

भास्यो देहाध्यासथी, आत्मा देह समान;
पण ते बन्ने भिन्न छे, जेम असि ने म्यान. ५०

अनादिकाळथी अज्ञानने लीधे देहना परिचयथी देह ज आत्मा भास्यो छे; अथवा देह जेवो आत्मा भास्यो छे; पण जेम तरवार ने म्यान, म्यानरूप लागतां छतां बन्ने जुदां जुदां छे, तेम आत्मा अने देह बन्ने जुदा जुदा छे. (५०)

जे द्रष्टा छे दृष्टिनो, जे जाणे छे रूप;
अबाध्य अनुभव जे रहे, ते छे जीवस्वरूप. ५१

ते आत्मा दृष्टि एटले आंखथी क्यांथी देखाय? केमके ऊलटो तेनो ते जोनार छे. स्थूळसूक्ष्मादि रूपने जे जाणे छे, अने सर्वने बाध करतां करतां कोई पण प्रकारे जेनो बाध करी शकातो नथी एवो बाकी जे अनुभव रहे छे ते जीवनुं स्वरूप छे. (५१)

[1]छे इन्द्रिय प्रत्येकने, निज निज विषयनुं ज्ञान;
पांच इन्द्रीना विषयनुं, पण आत्माने भान. ५२

[1]कर्णेन्द्रियथी सांभळ्युं ते ते कर्णेन्द्रिय जाणे छे. पण चक्षु-इन्द्रिय तेने जाणती नथी, अने चक्षु-इन्द्रिये दीठेलुं ते कर्णेन्द्रिय जाणती नथी. अर्थात् सौ सौ इन्द्रियने पोतपोताना विषयनुं ज्ञान छे, पण बीजी इन्द्रियोना विषयनुं ज्ञान नथी;

---

१. पाठांतर :— कान न जाणे आंखने, आंख न जाणे कान;

अने आत्माने तो पांचे इन्द्रियना विषयनुं ज्ञान छे. अर्थात् जे ते पांचे इन्द्रियोना ग्रहण करेला विषयने जाणे छे ते 'आत्मा' छे, अने आत्मा विना एकेक इन्द्रिय एकेक विषयने ग्रहण करे एम कह्युं ते पण उपचारथी कह्युं छे. (५२)

देह न जाणे तेहने, जाणे न इन्द्री, प्राण;
आत्मानी सत्ता वडे, तेह प्रवर्ते जाण ५३

देह तेने जाणतो नथी, इन्द्रियो तेने जाणती नथी अने श्वासोच्छ्वासरूप प्राण पण तेने जाणतो नथी; ते सौ एक आत्मानी सत्ता पामीने प्रवर्ते छे, नहीं तो जडपणे पड्यां रहे छे, एम जाण. (५३)

सर्व अवस्थाने विषे, न्यारो सदा जणाय;
प्रगटरूप चैतन्यमय ए एंधाण सदाय. ५४

जाग्रत, स्वप्न अने निद्रा ए अवस्थामां वर्तती छतां ते ते अवस्थाओथी जुदो जे रह्या करे छे, अने ते ते अवस्था व्यतीत थये पण जेनुं होवापणुं छे अने ते ते अवस्थाने जे जाणे छे, एवो प्रगटस्वरूप चैतन्यमय छे, अर्थात् जाण्या ज करे छे एवो जेनो स्वभाव प्रगट छे, अने ए तेनी निशानी सदाय वर्ते छे; कोई दिवस ते निशानीनो भंग थतो नथी. (५४)

घट, पट आदि जाण तुं, तेथी तेने मान;
जाणनार ते मान नहि, कहीए केवुं ज्ञान? ५५

घट, पट आदिने तुं पोते जाणे छे, 'ते छे' एम तुं माने छे, अने जे ते घट, पट आदिनो जाणनार छे तेने मानतो नथी; ए ज्ञान ते केवुं कहेवुं? (५५)

परम बुद्धि कृश देहमां, स्थूळ देह मति अल्प;
देह होय जो आत्मा, घटे न आम विकल्प. ५६

दुर्बळ देहने विषे परम बुद्धि जोवामां आवे छे, अने स्थूळ देहने विषे थोडी बुद्धि पण जोवामां आवे छे; जो देह ज आत्मा होय तो एवो विकल्प एटले विरोध थवानो वखत न आवे. (५६)

जड चेतननो भिन्न छे, केवळ प्रगट स्वभाव;
एकपणुं पामे नहीं, त्रणे काळ द्वयभाव. ५७

कोई काळे जेमां जाणवानो स्वभाव नथी ते जड, अने सदाय जे जाणवाना स्वभाववान छे ते चेतन, एवो बेयनो केवळ जुदो स्वभाव छे, अने ते कोई पण प्रकारे एकपणुं पामवा योग्य नथी. त्रणे काळ जड जडभावे, अने चेतन चेतनभावे रहे एवो बेयनो जुदो जुदो द्वैतभाव प्रसिद्ध ज अनुभवाय छे. (५७)

आत्मानी शंका करे, आत्मा पोते आप;
शंकानो करनार ते, अचरज एह अमाप. ५८

आत्मानी शंका आत्मा आपे पोते करे छे. जे शंकानो करनार छे, ते ज आत्मा छे. ते जणातो नथी, ए माप न थई शके एवुं आश्चर्य छे. (५८)

शंका—शिष्य उवाच

[आत्मा नित्य नथी एम शिष्य कहे छे :—]

आत्माना अस्तित्वना, आपे कह्या प्रकार;
संभव तेनो थाय छे, अंतर कर्ये विचार. ५९

आत्माना होवापणा विषे आपे जे जे प्रकार कह्या तेनो अंतरमां विचार करवाथी संभव थाय छे. (५९)

बीजी शंका थाय त्यां, आत्मा नहि अविनाश;
देहयोगथी उपजे, देहवियोगे नाश. ६०

पण बीजी एम शंका थाय छे, के आत्मा छे तोपण ते अविनाश एटले नित्य नथी; त्रणे काळ होय एवो पदार्थ नथी, मात्र देहना संयोगथी उत्पन्न थाय, अने वियोगे विनाश पामे. (६०)

अथवा वस्तु क्षणिक छे, क्षणे क्षणे पलटाय;
ए अनुभवथी पण नहीं, आत्मा नित्य जणाय. ६१

अथवा वस्तु क्षणे क्षणे बदलाती जोवामां आवे छे, तेथी सर्व वस्तु क्षणिक छे, अने अनुभवथी जोतां पण आत्मा नित्य जणातो नथी. (६१)

---

समाधान — सद्गुरु उवाच

[आत्मा नित्य छे, एम सद्गुरु समाधान करे छे :—]

देह मात्र संयोग छे, वळी जड रूपी दृश्य;
चेतननां उत्पत्ति लय, कोना अनुभव वश्य? ६२

देहमात्र परमाणुनो संयोग छे, अथवा संयोगे करी आत्माना संबंधमां छे. वळी ते देह जड छे, रूपी छे, अने दृश्य एटले बीजा कोई द्रष्टानो ते जाणवानो विषय छे; एटले ते पोते पोताने जाणतो नथी, तो चेतननां उत्पत्ति अने नाश ते क्यांथी जाणे? ते देहना परमाणुए परमाणुनो

विचार करतां पण ते जड ज छे, एम समजाय छे. तेथी तेमांथी चेतननी उत्पत्ति थवा योग्य नथी, अने उत्पत्ति थवा योग्य नथी तेथी चेतन तेमां नाश पण पामवा योग्य नथी. वळी ते देह रूपी एटले स्थूळादि परिणामवाळो छे; अने चेतन द्रष्टा छे, त्यारे तेना संयोगथी चेतननी उत्पत्ति शी रीते थाय? अने तेमां लय पण केम थाय? देहमांथी चेतन उत्पन्न थाय छे, अने तेमां ज नाश पामे छे, ए वात कोना अनुभवने वश रही? अर्थात् एम केणे जाण्युं? केमके जाणनार एवा चेतननी उत्पत्ति देहथी प्रथम छे नहीं, अने नाश तो तेथी पहेलां छे, त्यारे ए अनुभव थयो कोने? ६२

जीवनुं स्वरूप अविनाशी एटले नित्य त्रिकाळ रहेवाळुं संभवतुं नथी; देहना योगथी एटले देहना जन्म साथे ते जन्मे छे अने देहना वियोगे एटले देहना नाशथी ते नाश पामे छे ए आशंकानुं समाधान आ प्रमाणे विचारशो :–

देह छे ते जीवने मात्र संयोग संबंधे छे, पण जीवनुं मूळ स्वरूप उत्पन्न थवानुं कंई ते कारण नथी. अथवा देह छे ते मात्र संयोगथी उत्पन्न थयेलो एवो पदार्थ छे. वळी ते जड छे एटले कोईने जाणतो नथी; पोताने ते जाणतो नथी तो बीजाने शुं जाणे? वळी देह रूपी छे; स्थूळादि स्वभाववाळो छे अने चक्षुनो विषय छे. ए प्रकारे देहनुं स्वरूप छे, तो ते चेतननां उत्पत्ति अने लयने शी रीते जाणे? अर्थात् पोताने ते जाणतो नथी तो 'माराथी आ चेतन उत्पन्न थयुं छे', एम शी रीते जाणे? अने 'मारा छूटी जवा पछी आ चेतन छूटी जशे अर्थात् नाश पामशे' एम जड एवो देह शी रीते

जाणे? केमके जाणनारो पदार्थ तो जाणनार ज रहे छे; देह जाणनार थई शकतो नथी, तो पछी चेतननां उत्पत्तिलयनो अनुभव केने वश कहेवो?

देहने वश तो कहेवाय एवुं छे ज नहीं, केमके ते प्रत्यक्ष जड छे, अने तेनुं जडपणुं जाणनारो एवो तेथी भिन्न बीजो पदार्थ पण समजाय छे.

जो कदी एम कहीए, के चेतननां उत्पत्तिलय चेतन जाणे छे तो ते वात बोलतां ज विघ्न पामे छे. केमके, चेतननां उत्पत्ति, लय जाणनार तरीके चेतननो ज अंगीकार करवो पड्यो, एटले ए वचन तो मात्र अपसिद्धांतरूप अने कहेवामात्र थयुं; जेम 'मारा मोढामां जीभ नथी' एवुं वचन कोई कहे तेम चेतननां उत्पत्ति, लय चेतन जाणे छे, माटे चेतन नित्य नथी; एम कहीए ते, तेवुं प्रमाण थयुं. ते प्रमाणनुं केवुं यथार्थपणुं छे ते तमे ज विचारी जुओ. (६२)

जेना अनुभव वश्य ए, उत्पन्न लयनुं ज्ञान;
ते तेथी जुदा विना, थाय न केमे भान. ६३

जेना अवुभवमां ए उत्पत्ति अने नाशनुं ज्ञान वर्ते ते भान तेथी जुदा विना कोई प्रकारे पण संभवतुं नथी, अर्थात् चेतननां उत्पत्ति, लय थाय छे, एवो कोईने पण अनुभव थवा योग्य छे नहीं. ६३

देहनो उत्पत्ति अने देहना लयनुं ज्ञान जेना अनुभवमां वर्ते छे, ते ते देहथी जुदो न होय तो कोई पण प्रकारे देहनी उत्पत्ति अने लयनुं ज्ञान थाय नहीं. अथवा जेनी उत्पत्ति अने लय जे जाणे छे ते तेथी जुदो ज होय, केमके

ते उत्पत्तिलयरूप न ठर्यो, पण तेनो जाणनार ठर्यो. माटे ते बेनी एकता केम थाय? (६३)

जे संयोगो देखिये, ते ते अनुभव दृश्य;
ऊपजे नहि संयोगथी, आत्मा नित्य प्रत्यक्ष. ६४

जे जे संयोगो देखीए छीए ते ते अनुभवस्वरूप एवा आत्माना दृश्य एटले तेने आत्मा जाणे छे, अने ते संयोगनुं स्वरूप विचारतां एवो कोई पण संयोग समजातो नथी के जेथी आत्मा उत्पन्न थाय छे, माटे आत्म संयोगथी नहीं उत्पन्न थयेलो एवो छे; अर्थात् असंयोगी छे, स्वाभाविक पदार्थ छे, माटे ते प्रत्यक्ष 'नित्य' समजाय छे. ६४

जे जे देहादि संयोगो देखाय छे ते ते अनुभवस्वरूप एवा आत्माना दृश्य छे, अर्थात् आत्मा तेने जुए छे अने जाणे छे, एवा पदार्थ छे. ते बधा संयोगोनो विचार करी जुओ तो कोई पण संयोगोथी अनुभवस्वरूप एवो आत्मा उत्पन्न थई शकवा योग्य तमने जणाशे नहीं. कोई पण संयोगो तमने जाणता नथी अने तमे ते सर्व संयोगोने जाणो छो ए ज तमारुं तेथी जुदापणुं अने असंयोगीपणुं एटले ते संयोगोथी उत्पन्न नहीं थवापणुं सहजे सिद्ध थाय छे, अने अनुभवमां आवे छे. तेथी एटले कोई पण संयोगोथी जेनी उत्पत्ति थई शकती नथी, कोई पण संयोगो जेनी उत्पत्ति माटे अनुभवमां आवी शकता नथी, जे जे संयोगो कल्पीए तेथी ते अनुभव न्यारो ने न्यारो ज मात्र तेने जाणनार रूपे ज रहे छे, ते अनुभवस्वरूप आत्माने तमे नित्य अस्पर्श्य एटले ते संयोगोना भावरूप स्पर्शने पाम्यो नथी, एम जाणो. (६४)

जडथी चेतन ऊपजे, चेतनथी जड थाय;

एवो अनुभव कोईने, क्यारे कदी न थाय. ६५

जडथी चेतन ऊपजे, अने चेतनथी जड उत्पन्न थाय एवो कोईने क्यारे कदीपण अनुभव थाय नहीं. (६५)

कोई संयोगोथी नहि, जेनी उत्पत्ति थाय;

नाश न तेनो कोईमां तेथी नित्य सदाय. ६६

जेनी उत्पत्ति कोईपण संयोगोथी थाय नहीं, तेनो नाश पण कोईने विषे थाय नहीं, माटे आत्मा त्रिकाळ 'नित्य' छे. ६६

कोई पण संयोगोथी जे उत्पन्न न थयुं होय अर्थात् पोताना स्वभावथी करीने जे पदार्थ सिद्ध होय, तेनो लय बीजा कोई पण पदार्थमां थाय यहीं; अने जो बीज़ा पदार्थमां तेनो लय थतो होय, तो तेमांथी तेनो प्रथम उत्पत्ति थवी जोईती हती, नहीं तो तेमां तेनी लयरूप ऐक्यता थाय नहीं माटे आत्मा अनुत्पन्न अने अविनाशी जाणीने नित्य छे एवी प्रतीति करवी योग्य लागशे. (६६)

क्रोधादि तरतम्यता, सर्पादिकनी मांय;

पूर्वजन्म संस्कार ते, जीव नित्यता त्यांय. ६७

क्रोधादि प्रकृतिओनुं विशेषपणुं सर्प वगेरे प्राणीमां जन्मथी ज जोवामां आवे छे, वर्तमान देहे तो ते अभ्यास कर्यो नथी; जन्मनी साथे ज ते छे; एटले ए पूर्वजन्मनो ज संस्कार छे, जे पूर्वजन्म जीवनी नित्यता सिद्ध करे छे. ६७

सर्पमां जन्मथी क्रोधनुं विशेषपणुं जोवामां आवे छे, पारेवाने विषे जन्मथी ज निर्हिंसकपणुं जोवामां आवे छे, मांकड आदि जंतुओने पकडतां तेने पकडवाथी दुःख थाय छे एवी

भयसंज्ञा प्रथमथी तेना अनुभवमां रही छे, तेथी ते नासी जवानो प्रयत्न करे छे; कंईक प्राणीमां जन्मथी प्रीतिनुं, कंईकमां समतानुं, कंईकमां विशेष निर्भयतानुं, कंईकमां गंभीरतानुं, कंईकमां विशेष भयसंज्ञानुं, कंईकमां कामादि प्रत्ये असंगतानुं, अने कंईकने आहारादि विषे अधिक अधिक लुब्धपणानुं विशेषपणुं जोवामां आवे छे; ए आदि भेद एटले क्रोधादि संज्ञाना न्यूनाधिकपणा आदिथी तेम ज ते ते प्रकृतिओ जन्मथी सहचारीपणे रही जोवामां आवे छे तेथी तेनुं कारण पूर्वना संस्कारो ज संभवे छे.

कदापि एम कहीए के गर्भमां वीर्य–रेतना गुणना योगथी ते ते प्रकारना गुणो उत्पन्न थाय छे पण तेमां पूर्वजन्म कंई कारणभूत नथी; ए कहेवुं पण यथार्थ नथी. जे माबापो कामने विषे विशेष प्रीतिवाळां जोवामां आवे छे, तेना पुत्रो परम वीतराग जेवा बाळपणाथी ज जोवामां आवे छे; वळी जे माबापोमां क्रोधनुं विशेषपणुं जोवामां आवे छे, तेनी संततिमां समतानुं विशेषपणुं दृष्टिगोचर थाय छे, ते शी रीते थाय? वळी ते वीर्य–रेतना तेवा गुणो संभवता नथी, केमके ते वीर्य–रेत पोते चेतन नथी, तेमां चेतन संचरे छे, एटले देह धारण करे छे; एथी करीने वीर्य-रेतने आश्रये क्रोधादि भाव गणी शकाय नहीं, चेतन विना कोई पण स्थळे तेवा भावो अनुभवमां आवता नथी. मात्र ते चेतनाश्रित छे, एटले वीर्य–रेतना गुणो नथी; जेथी तेनां न्यूनाधिके करी क्रोधादिनुं न्यूनाधिकपणुं मुख्यपणे थई शकवा योग्य नथी. चेतनना ओछा अधिका प्रयोगथी क्रोधादिनुं न्यूनाधिकपणुं थाय छे, जेथी गर्भना

वीर्य—रेतनो गुण नहीं, पण चेतननो ते गुणने आश्रय छे; अने ते न्यूनाधिकपणुं ते चेतनना पूर्वना अभ्यासथी ज संभवे छे, केमके कारण विना कार्यनी उत्पत्ति न थाय. चेतननो पूर्व प्रयोग तथा प्रकारे होय, तो ते संस्कार वर्ते; जेथी आ देहादि प्रथमना संस्कारोनो अनुभव थाय छे, अने ते संस्कारो पूर्वजन्म सिद्ध करे छे, अने पूर्वजन्मनी सिद्धिथी आत्मानी नित्यता सहेजे सिद्ध थाय छे. (६७)

आत्मा द्रव्ये नित्य छे, पर्याये पलटाय;
बाळादि वय त्रण्यनुं, ज्ञान एकने थाय. ६८

आत्मा वस्तुपणे नित्य छे. समये समये ज्ञानादि परिणामना पलटवाथी तेना पर्यायनुं पलटवापणुं छे. (कंई समुद्र पलटातो नथी, मात्र मोजां पलटाय छे, तेनी पेठे.) जेम बाळ, युवान अने वृद्ध ए त्रण अवस्था छे, ते आत्माने विभावथी पर्याय छे अने बाळ अवस्था वर्ततां आत्मा बाळक जणातो, ते बाळ अवस्था छोडी ज्यारे युवावस्था ग्रहण करी त्यारे युवान जणायो, अने युवावस्था तजी वृद्धावस्था ग्रहण करी त्यारे वृद्ध जणायो. ए त्रणे अवस्थानो भेद थयो ते पर्यायभेद छे, पण ते त्रणे अवस्थामां आत्मद्रव्यनो भेद थयो नहीं, अर्थात् अवस्थाओ बदलाई पण आत्मा बदलायो नथी. आत्मा ए त्रणे अवस्थाने जाणे छे, अने ते त्रणे अवस्थानी तेने ज स्मृति छे. त्रणे अवस्थामां आत्मा एक होय तो एम बने, पण जो आत्मा क्षणे क्षणे बदलातो होय तो तेवो अनुभव बने ज नहीं. (६८)

अथवा ज्ञान क्षणिकनुं, जे जाणी वदनार;
वदनारो ते क्षणिक नहि, कर अनुभव निर्धार. ६९

वळी अमुक पदार्थ क्षणिक छे एम जे जाणे छे, अने क्षणिकपणुं कहे छे ते कहेनार अर्थात् जाणनार क्षणिक होय नहीं; केमके प्रथम क्षणे अनुभव थयो तेने बीजे क्षणे ते अनुभव कही शकाय, ते बीजे क्षणे पोते न होय तो कयांथी कहे? माटे ए अनुभवथी पण आत्माना अक्षणिकपणानो निश्चय कर. (६९)

क्यारे कोई वस्तुनो, केवळ होय न नाश;
चेतन पामे नाश तो, केमां भळे तपास. ७०

वळी कोई पण वस्तुनो कोई पण काळे केवळ तो नाश थाय ज नहीं; मात्र अवस्थांतर थाय, माटे चेतननो पण केवळ नाश नहीं. अने अवस्थांतररूप नाश थतो होय तो ते केमां भळे, अथवा केवा प्रकारनुं अवस्थांतर पामे ते तपास. अर्थात् घटादि पदार्थ फूटी जाय छे, एटले लोको एम कहे छे के घडो नाश पाम्यो छे, कंई माटीपणुं नाश पाम्युं नथी. ते छिन्नभिन्न थई जई सूक्ष्ममां सूक्ष्म भूको थाय, तोपण परमाणु-समूहरूपे रहे, पण केवळ नाश न थाय; अने तेमांनुं एक परमाणु पण घटे नहीं, केमके अनुभवथी जोतां अवस्थांतर थई शके, पण पदार्थनो समूळगो नाश थाय एम भासी ज शकवा योग्य नथी, एटले जो तुं चेतननो नाश कहे, तोपण केवळ नाश तो कही ज शकाय नहीं; अवस्थांतररूप नाश कहेवाय. जेम घट फूटी जई क्रमे करी परमाणुसमूहरूपे स्थितिमां रहे, तेम चेतननो अवस्थांतररूप नाश तारे कहेवो होय तो ते शी स्थितिमां रहे, अथवा घटना परमाणुओ जेम परमाणुसमूहमां भळ्या तेम

चेतन कई वस्तुमां भळवा योग्य छे ते तपास; अर्थात् ए प्रकारे तुं अनुभव करी जोईश तो कोईमां नहीं भळी शकवा योग्य, अथवा परस्वरूपे अवस्थांतर नहीं पामवा योग्य एवुं चेतन एटले आत्मा तने भास्यमान थशे. (७०)

---

शंका—शिष्य उवाच

[आत्मा कर्मनो कर्ता नथी, अेम शिष्य कहे छे :—]

कर्त्ता जीव न कर्मनो, कर्म ज कर्त्ता कर्म;
अथवा सहज स्वभाव कां, कर्म जीवनो धर्म. ७१

जीव कर्मनो कर्ता नथी, कर्मना कर्ता कर्म छे. अथवा अनायासे ते थयां करे छे. एम नहीं, ने जीव ज तेनो कर्ता छे एम कहो तो पछी ते जीवनो धर्म ज छे, अर्थात् धर्म होवाथी कचारेय निवृत्त न थाय. (७१)

आत्मा सदा असंग ने, करे प्रकृति बंध;
अथवा ईश्वर प्रेरणा, तेथी जीव अबंध. ७२

अथवा एम नहीं, तो आत्मा सदा असंग छे, अने सत्त्वादि गुणवाळी प्रकृति कर्मनो बंध करे छे; तेम नहीं, तो जीवने कर्म करवानी प्रेरणा ईश्वर करे छे, तेथी ईश्वरेच्छारूप होवाथी जीव ते कर्मथी 'अबंध' छे. (७२)

माटे मोक्ष उपायनो, कोई न हेतु जणाय;
कर्मतणुं कर्तापणुं, कां नहि, कां नहि जाय. ७३

माटे जीव कोई रीते कर्मनो कर्ता थई शकतो नथी, अने मोक्षनो उपाय करवानो कोई हेतु जणातो नथी; कां

जीवने कर्मनुं कर्तापणुं नथी अने जो कर्तापणुं होय तो कोई रीते ते तेनो स्वभाव मटवा योग्य नथी. (७३)

---

समाधान—सद्‌गुरु उवाच

[कर्मनुं कर्तापणुं आत्माने जे प्रकारे छे ते प्रकारे सद्‌गुरु समाधान करे छे:—]

होय न चेतन प्रेरणा, कोण ग्रहे तो कर्म?
जडस्वभाव नहि प्रेरणा, जुओ विचारी धर्म.[1] ७४

चेतन एटले आत्मानी प्रेरणारूप प्रवृत्ति न होय, तो कर्मने कोण ग्रहण करे? जडनो स्वभाव प्रेरणा नथी. जड अने चेतन बेयना धर्म विचारी जुओ. ७४

जो चेतननो प्रेरणा न होय, तो कर्म कोण ग्रहण करे? प्रेरणापणे ग्रहण कराववारूप स्वभाव जडनो छे ज नहीं; अने एम होय तो घट, पटादि पण क्रोधादि भावमां परिणमवा जोईए अने कर्मना ग्रहणकर्ता होवा जोईए, पण तेवो अनुभव तो कोईने क्यारे पण थतो नथी, जेथी चेतन एटले जीव कर्म ग्रहण करे छे, एम सिद्ध थाय छे; अने ते माटे कर्मनो कर्ता कहीए छीए. अर्थात् एम जीव कर्मनो कर्ता छे.

'कर्मना कर्ता कर्म कहेवाय के केम?' तेनुं पण समाधान आथी थशे के जड कर्ममां प्रेरणारूप धर्म नहीं होवाथी ते ते रीते ग्रहण करवाने असमर्थ छे; अने कर्मनुं करवापणुं जीवने छे, केमके तेने विषे प्रेरणाशक्ति छे. (७४)

जो चेतन करतुं नथी, नथी थतां तो कर्म;
तेथी सहज स्वभाव नहि, तेम ज नहि जीवधर्म. ७५

---

१. पाठांतरः –जुओ विचारी मर्म.

आत्मा जो कर्म करतो नथी, तो ते थतां नथी; तेथी सहज स्वभावे एटले अनायासें ते थाय एम कहेवुं घटतुं नथी; तेम ज ते जीवनो धर्म पण नहीं, केमके स्वभावनो नाश थाय नहीं, अने आत्मा न करे तो कर्म थाय नहीं, एटले ए भाव टळी शके छे, माटे ते आत्मानो स्वाभाविक धर्म नहीं. (७५)

केवळ होत असंग जो, भासत तने न केम?
असंग छे परमार्थथी, पण निजभाने तेम. ७६

आंटी पडवाथी गूंचायेलुं सूत्र अने आंटी नीकळी जवाथी वगर गूंचायेलुं सूत्र ए बन्ने सूत्र ज छे; छतां आंटीनी अपेक्षाथी गूंचायेलुं सूत्र, अने वगर गूंचायेलुं सूत्र एम कहेवाय छे, तेम मिथ्यात्वज्ञान ते 'अज्ञान' अने सम्यग्ज्ञान ते 'ज्ञान' एम परिभाषा करी छे, पण मिथ्यात्वज्ञान ते जड अने सम्यग्ज्ञान ते चेतन एम नथी. जेम आंटीवाळुं सूत्र अने आंटी वगरनुं सूत्र बन्ने सूत्र ज छे, तेम मिथ्यात्वज्ञानथी संसारपरिभ्रमण थाय अने सम्यग्ज्ञानथी मोक्ष थाय. जेम अत्रेथी पूर्व दिशा तरफ दश गाउ उपर एक गाम छे, त्यां जवाने अर्थे नीकळेलो माणस दिशाभ्रमथी पूर्वने बदले पश्चिम तरफ चाल्यो जाय, तो ते पूर्व दिशावाळुं गाम प्राप्त न थाय, पण तेथी तेणे चालवारूप क्रिया करी नथी एम कही न शकाय; तेम ज देह अने आत्मा जुदा छतां देह अने आत्मा एक जाण्या छे ते जीव देहबुद्धिए करी संसारपरिभ्रमण करे छे, पण तेथी तेणे जाणवारूप कार्य कर्युं नथी एम कही न शकाय. पूर्वथी पश्चिममां चाल्यो छे, ए पूर्वने पश्चिम मानवारूप जेम भ्रम छे, तेम देह अने आत्मा जुदा छतां बेयने एक

मानवारूप भ्रम छे; पण पश्चिममां जतां, चालतां जेम चालवारूप स्वभाव छे, तेम देह अने आत्माने एक मानवामां पण जाणवारूप स्वभाव छे. जेम पूर्वने बदले पश्चिमने पूर्व मानेल छे. ते भ्रम तथारूप हेतुसामग्री मळ्ये समजावाथी पूर्व पूर्व ज समजाय छे, अने पश्चिम पश्चिम ज समजाय छे, त्यारे ते भ्रम टळी जाय छे, अने पूर्व तरफ चालवा लागे छे, तेम देह अने आत्माने एक मानेल छे, ते सद्‌गुरु उपदेशादि सामग्री मळ्ये बन्ने जुदा छे, एम यथार्थ समजाय छे, त्यारे भ्रम टळी जई आत्मा प्रत्ये ज्ञानोपयोग परिणमे छे. भ्रममां पूर्वने पश्चिम अने पश्चिमने पूर्व मान्या छतां पूर्व ते पूर्व अने पश्चिम ते पश्चिम दिशा ज हती, मात्र भ्रमथी विपरीत भासतुं हतुं, तेम अज्ञानमां पण देह ते देह अने आत्मा ते आत्मा ज छतां तेम भासता नथी ए विपरीत भासवुं छे. ते यथार्थ समजाये, भ्रम निवृत्त थवाथी देह देह ज भासे छे; अने आत्मा आत्मा ज भासे छे; अने जाणवारूप स्वभाव विपरीतपणाने भजतो हतो ते सम्यक्‌पणाने भजे छे. दिशाभ्रम वस्तुताए कंई नथी अने चालवारूप क्रियाथी इच्छित गाम प्राप्त थतुं नथी, तेम मिथ्यात्व पण वस्तुताए कंई नथी, अने ते साथे जाणवारूप स्वभाव पण छे, पण साथे मिथ्यात्वरूप भ्रम होवाथी स्वस्वरूपतामां परमस्थिति थती नथी. दिशाभ्रम टळ्येथी इच्छित गाम तरफ वळतां पछी मिथ्यात्व पण नाश पामे छे, अने स्वस्वरूप शुद्ध ज्ञानात्मपदमां स्थिति थई शके एमां कंई संदेहनुं ठेकाणुं नथी.

---

## ४३
## लोकदृष्टि अने ज्ञानीनी दृष्टि

[६१३/८१०]

ॐ

पारमार्थिक हेतुविशेषथी पत्रादि लखवानुं बनी शकतुं नथी.

जे अनित्य छे, जे असार छे अने जे अशरणरूप छे ते आ जीवने प्रीतिनुं कारण केम थाय छे ते वात रात्रिदिवस विचारवा योग्य छे.

लोकदृष्टि अने ज्ञानीनी दृष्टिने पश्चिम पूर्व जेटलो तफावत छे. ज्ञानीनी दृष्टि प्रथम निरालंबन छे, रुचि उत्पन्न करती नथी, जीवनी प्रकृतिने मळती आवती नथी; तेथी जीव ते दृष्टिमां रुचिवान थतो नथी, पण जे जीवोए परिषह वेठीने थोडा काळ सुधी ते दृष्टिनुं आराधन कर्युं छे, ते सर्व दुःखना क्षयरूप निर्वाणने पाम्या छे; तेना उपायने पाम्या छे.

जीवने प्रमादमां अनादिथी रति छे, पण तेमां रति करवा योग्य कांई देखातुं नथी. ॐ

---

## ४४
## सत्श्रुत अने सत्समागम

[६१८/८२५]

आत्मस्वभावनी निर्मळता थवाने माटे मुमुक्षु जीवे बे साधन अवश्य करीने सेववा योग्य छे; सत्श्रुत अने सत्समागम. प्रत्यक्ष सत्पुरुषोनो समागम क्वचित् क्वचित् जीवने प्राप्त थाय छे, पण जो जीव सद्दृष्टिवान होय तो सत्श्रुतना घणा काळना

सेवनथी थतो लाभ प्रत्यक्ष सत्पुरुषना समागमथी बहु अल्पकाळमां प्राप्त करी शके छे; केमके प्रत्यक्ष गुणातिशयवान निर्मळ चेतनना प्रभाववाळां वचन अने वृत्ति क्रियाचेष्टितपणुं छे. जीवने तेवो समागमयोग प्राप्त थाय एवुं विशेष प्रयत्न कर्तव्य छे. तेवा योगना अभावे सत्श्रुतनो परिचय अवश्य करीने करवा योग्य छे. शांतरसनुं जेमां मुख्यपणुं छे, शांतरसना हेतुए जेनो समस्त उपदेश छे, सर्वे रस शांतरसगर्भित जेमां वर्णव्या छे, एवां शास्त्रनो परिचय ते सत्श्रुतनो परिचय छे.

---

४५

## चित्तस्थैर्यनुं औषध

[६२४/५५६]

ॐ नमः

जिज्ञासाबळ, विचारबळ, वैराग्यबळ, ध्यानबळ अने ज्ञानबळ वर्धमान थवाने अर्थे आत्मार्थी जीवने तथारूप ज्ञानीपुरुषनो समागम विशेष करी उपासवा योग्य छे. तेमां पण वर्तमानकाळना जीवोने ते बळनी दृढ छाप पडी जवाने अर्थे घणा अंतरायो जोवामां आवे छे, जेथी तथारूप शुद्ध जिज्ञासुवृत्तिए दीर्घकाळ पर्यंत सत्समागम उपासवानी आवश्यकता रहे छे. सत्समागमना अभावे वीतरागश्रुत, परमशांतरसप्रतिपादक वीतरागवचनोनी अनुप्रेक्षा वारंवार कर्त्तव्य छे. चित्तस्थैर्य माटे ते परम औषध छे.

---

## द्रव्यानुयोग-रहस्य

[ ६३२/८६६ ]

ॐ

द्रव्यानुयोग परम गंभीर अने सूक्ष्म छे, निर्ग्रंथप्रवचननुं रहस्य छे, शुक्ल ध्याननुं अनन्य कारण छे. शुक्ल ध्यानथी केवळज्ञान समुत्पन्न थाय छे. महाभाग्य वडे ते द्रव्यानुयोगनी प्राप्ति थाय छे.

दर्शनमोहनो अनुभाग घटवाथी अथवा नाश पामवाथी, विषय प्रत्ये उदासीनताथी अने महत्पुरुषना चरणकमळनी उपासनाना बळथी द्रव्यानुयोग परिणमे छे.

जेम जेम संयम वर्धमान थाय छे, तेम तेम द्रव्यानुयोग यथार्थ परिणमे छे. संयमनी वृद्धिनुं कारण सम्यक्‌दर्शननुं निर्मलत्व छे, तेनुं कारण पण 'द्रव्यानुयोग' थाय छे.

सामान्यपणे द्रव्यानुयोगनी योग्यता पामवी दुर्लभ छे. आत्मारामपरिणामी, परमवीतरागदृष्टिवंत, परमअसंग एवा महात्मापुरुषो तेनां मुख्य पात्र छे.

कोई महत् पुरुषना मननने अर्थे पंचास्तिकायनुं संक्षिप्त स्वरूप लख्युं हतुं; ते मनन अर्थे आ साथे मोकल्युं छे.

हे आर्य ! द्रव्यानुयोगनुं फळ सर्व भावथी विरांम पामवारूप संयम छे. ते आ पुरुषनां वचन तारा अंतःकरणमां तुं कोई दिवस शिथिल करीश नहीं. वधारे शुं ? समाधिनुं रहस्य ए ज छे. सर्व दुःखथी मुक्त थवानो अनन्य उपाय ए ज छे.

## ४७
# दानादि लब्धि-रहस्य

[ ६४५/९१५ ]

ॐ नमः

तमे लखेलो कागळ मुंबई मळ्यो हतो. अत्र वीश दिवस थयां स्थिति छे. कागळमां तमे बे प्रश्नोनुं समाधान जाणवानी जिज्ञासा दर्शावी हती ते बे प्रश्नोनुं समाधान अत्रे संक्षेपमां लख्युं छे.

१ उपशमश्रेणिमां मुख्यपणे 'उपशमसम्यक्त्व' संभवे छे.

२ चार घनघाति कर्मनो क्षय थतां अंतराय कर्मनी प्रकृतिनो पण क्षय थाय छे, अने तेथी दानांतराय, लाभांतराय, वीर्यांतराय, भोगांतराय अने उपभोगांतराय ए पांच प्रकारनो अंतराय क्षय थई अनंतदानलब्धि, अनंतलाभलब्धि, अनंतवीर्यलब्धि अने अनंत भोगउपभोगलब्धि संप्राप्त थाय छे. जेथी ते अंतरायकर्म क्षय थयुं छे एवा परमपुरुष अनंत दानादि आपवाने संपूर्ण समर्थ छे, तथापि पुद्गल द्रव्यरूपे ए दानादि लब्धिनी परमपुरुष प्रवृत्ति करता नथी. मुख्यपणे तो ते लब्धिनी संप्राप्ति पण आत्मानी स्वरूपभूत छे, केमके क्षायिकभावे ते संप्राप्ति छे, उदयिकभावे नथी, तेथी आत्मस्वभाव स्वरूपभूत छे, अने जे अनंत सामर्थ्य आत्मामां अनादिथी शक्ति रूपे हतुं ते व्यक्त थई आत्मा निजस्वरूपमां आवी शके छे, तद्‌रूप शुद्ध स्वच्छ भावे एक स्वभावे परिणमावी शके छे; ते अनंतदानलब्धि कहेवा योग्य छे. तेम ज अनंत आत्मसामर्थ्यनी संप्राप्तिमां किंचित्‌मात्र वियोगनुं कारण रह्युं नथी तेथी अनंतलाभलब्धि

कहेवा योग्य छे. वळो, अनंतआत्मसामर्थ्यनी संप्राप्ति संपूर्णपणे परमानंदस्वरूपे अनुभवाय छे, तेमां पण किंचित्मात्र पण वियोगनुं कारण रह्युं नथी, तेथी अनंत भोगउपलब्धि कहेवा-योग्य छे, तेम ज अनंत आत्मसामर्थ्यनो संप्राप्ति संपूर्णपणे थया छतां ते सामर्थ्यना अनुभवथी आत्मशक्ति थाके के तेनुं सामर्थ्य झोली न शके, वहन न करी शके अथवा ते सामर्थ्यने कोई पण प्रकारना देशकाळनी असर थई किंचित्मात्र पण न्यूनाधिकपणुं करावे एवुं कशुं रह्युं ज नहीं, ते स्वभावमां रहेवानुं संपूर्ण सामर्थ्य त्रिकाळ संपूर्ण बळसहित रहेवानुं छे, ते अनंतवोर्यलब्धि कहेवा योग्य छे.

क्षायिकभावनी दृष्टिथी जोतां उपर कह्या प्रमाणे ते लब्धिनो परम पुरुषने उपयोग छे. वळो ए पांच लब्धि हेतुविशेषथी समजावा अर्थे जुदी पाडी छे, नहीं तो अनंतवीर्य-लब्धिमां पण ते पांचेनो समावेश थई शके छे. आत्मा संपूर्ण वोर्यने संप्राप्त थवाथी ए पांचे लब्धिनो उपयोग पुद्गल द्रव्यरूपे करे तो तेवुं सामर्थ्य तेमां वर्ते छे, तथापि कृतकृत्य एवा परम पुरुषमां संपूर्ण वीतरागस्वभाव होवाथी ते उपयोगनो तेथी संभव नथी; अने उपदेशादिना दानरूपे जे ते कृतकृत्य परम पुरुषनी प्रवृत्ति छे ते योगाश्रित पूर्वबंधना उदयमानपणाथी छे, आत्माना स्वभावना किंचित् पण विकृतभावथी नथी.

ए प्रमाणे संक्षेपमां उत्तर जाणशो. निवृत्तिवाळो अवसर संप्राप्त करी अधिक अधिक मनन करवाथी विशेष समाधान अने निर्जरा संप्राप्त थशे. सउल्लास चित्तथी ज्ञाननी अनुप्रेक्षा करतां अनंत कर्मनो क्षय थाय छे.

ॐ शांतिः शांतिः शांतिः

## ४८
# मोक्ष एटले शुं ?

[७१२/९]

प्र० :— मोक्ष एटले शुं ?

उ० :—– आत्मानुं अत्यंत शुद्धपणुं ते, अज्ञानथी छूटी जवुं ते, सर्व कर्मथी मुक्त थवुं ते 'मोक्ष'. यथातथ्य ज्ञान प्रगटये मोक्ष. भ्रान्ति रहे त्यां सुधी आत्मा जगतमां छे. अनादिकाळनुं एवुं जे चेतन तेनो स्वभाव जाणपणुं, ज्ञान छे, छतां भूली जाय छे ते शुं ? जाणपणामां न्यूनता छे, यथातथ्य जाणपणुं नथी ते न्यूनता केम मटे ? ते जाणपणारूपी स्वभावने भूली न जाय; तेने वारंवार दृढ करे तो न्यूनता मटे. ज्ञानी पुरुषनां वचनोनुं अवलंबन लेवाथी जाणपणुं थाय. साधन छे ते उपकारना हेतुओ छे. जेवा जेवा अधिकारी तेवुं तेवुं तेनुं फळ. सत्पुरुषना आश्रये ले तो साधनो उपकारना हेतुओ छे. सत्पुरुषनी दृष्टिए चालवाथी ज्ञान थाय छे. सत्पुरुषोनां वचनो आत्मामां परिणाम पाम्ये मिथ्यात्व, अव्रत, प्रमाद, अशुभयोग वगेरे बधा दोषो अनुक्रमे मोळा पडे. आत्मज्ञान विचारवाथी दोषो नाश थाय छे. सत्पुरुषो पोकारी पोकारीने कही गया छे, पण जीवने लोकमार्गमां पडी रहेवुं छे; अने लोकोत्तर कहेवराववुं छे; ने दोष केम जता नथी एम मात्र कह्या करवुं छे. लोकनो भय मूकी सत्पुरुषोनां वचनो आत्मामां परिणमावे तो सर्व दोष जाय. जोवे मारापणुं लाववुं नहीं. मोटाई ने महत्ता मूक्या वगर सम्यक्त्वनो मार्ग आत्मामां परिणाम पामवो कठण छे.

---

८

# विचार–रत्नावलि

[पुष्पमाळामांथी :–– ३/२]

१ रात्रि व्यतिक्रमी गई प्रभात थयुं, निद्राथी मुक्त थया. भावनिद्रा टाळवानो प्रयत्न करजो.

२ व्यतीत रात्रि अने गई जिंदगी पर दृष्टि फेरवी जाओ.

३ सफळ थयेला वखतने माटे आनंद मानो, अने आजनो दिवस पण सफळ करो. निष्फळ थयेला दिवसने माटे पश्चात्ताप करी निष्फळता विस्मृत करो.

जो तुं त्यागी होय तो त्वचा वगरनी वनितानुं स्वरूप विचारीने संसार भणी दृष्टि करजे.

१४ मूळतत्त्वमां क्यांय भेद नथी, मात्र दृष्टिमां भेद छे एम गणी आशय समजी पवित्र धर्ममां प्रवर्त्तन करजे.

१५ तुं गमे ते धर्म मानतो होय तेनो मने पक्षपात नथी, मात्र कहेवानुं तात्पर्य के जे राहथी संसारमळ नाश थाय ते भक्ति, ते धर्म अने ते सदाचारने तुं सेवजे.

१७ आजे जो तुं दुष्कृतमां दोरातो हो तो मरणने स्मर.

१९ राजा हो के रंक हो — गमे ते हो, परंतु आ विचार विचारी सदाचार भणी आवजो के आ कायानां पुद्‌गल थोडा वखतने माटे मात्र साडात्रण हाथ भूमि मांगनार छे.

३५ पग मूकतां पाप छे, जोतां झेर छे, अने माथे मरण रह्युं छे; ए विचारो आजना दिवसमां प्रवेश कर. आजना दिवसमां प्रवेश करजे.

३८ धर्माचार्य हो तो तारा अनाचार भणी कटाक्ष दृष्टि करो आजना दिवसमां प्रवेश करजे.

४० दुराचारी हो तो तारी आरोग्यता, भय, परतंत्रता, स्थिति अने सुख एने विचारी आजना दिवसमां प्रवेश करजे.

४४ आहार, विहार, निहार ए संबंधोनी तारी प्रक्रिया तपासो आजना दिवसमां प्रवेश करजे.

४६ तुं गमे ते धंधार्थी हो, परंतु आजीविकार्थे अन्याय-संपन्न द्रव्य उपार्जन करीश नहीं.

४७ ए स्मृति ग्रहण कर्या पछी शौचक्रियायुक्त थई भगवद्भक्तिमां लीन थई क्षमापना याच.

४९ जुलमीने, कामीने, अनाडीने उत्तेजन आपतो हो तो अटकजे.

५० ओछामां ओछो पण अर्ध प्रहर धर्मकर्तव्य अने विद्यासंपत्तिमां ग्राह्य करजे.

५१ जिंदगी टूंकी छे, अने जंजाळ लांबी छे, माटे जंजाळ टूंकी कर तो सुखरूपे जिंदगी लांबी लागशे.

५२ स्त्री, पुत्र, कुटुंब, लक्ष्मी इत्यादि बधां सुख तारे घेर होय तोपण ए सुखमां गौणताए दुःख रह्युं छे एम गणी आजना दिवसमां प्रवेश कर.

५३ पवित्रतानुं मूळ सदाचार छे.

५५ वचन शांत, मधुर, कोमळ, सत्य अने शौच बोलवानी सामान्य प्रतिज्ञा लई आजना दिवसमां प्रवेश करजे.

५६ काया मळमूत्रनुं अस्तित्व छे, ते माटे 'हुं आ शुं अयोग्य प्रयोजन करी आनंद मानुं छुं' एम आजे विचारजे.

५९ जो आजे दिवसे तने सूवानुं मन थाय, तो ते वखते ईश्वरभक्तिपरायण थजे, के सत् शास्त्रनो लाभ लई लेजे.

६० हुं समजुं छुं के एम थवुं दुर्घट छे, तोपण अभ्यास सर्वनो उपाय छे.

६१ चाल्युं आवतुं वैर आजे निर्मूळ कराय तो उत्तम, नहीं तो तेनो सावचेती राखजे.

६२ तेम नवुं वैर वधारीश नहीं, कारण वैर करी केटला काळनुं सुख भोगववुं छे ए विचार तत्त्वज्ञानीओ करे छे.

६५ वखत अमूल्य छे, ए वात विचारी आजना दिवसनी २,१६,००० विपळनो उपयोग करजे.

६६ वास्तविक सुख मात्र विरागमां छे माटे जंजाळ मोहिनीथी आजे अभ्यंतर मोहिनी वधारीश नहीं.

६९ सुयोजक कृत्य करवामां दोरावुं होय तो विलंब करवानो आजनो दिवस नथी, कारण आज जेवो मंगळदायक दिवस बीजो नथी.

७३ आजना दिवसमां आटली वस्तुने बाध न अणाय तो ज वास्तविक विचक्षणता गणाय :

(१) आरोग्यता (२) महत्ता (३) पवित्रता अने (४) फरज.

७४ जो आजे ताराथी कोई महान काम थतुं होय तो तारा सर्व सुखनो पण भोग आपी देजे.

८३ सत्पुरुष विदुरना कह्या प्रमाणे आजे एवुं कृत्य करजे के रात्रे सुखे सुवाय.

८५ जेम बने तेम आजना संबंधी, स्वपत्नी संबंधी पण विषयासक्त ओछो रहेजे.

८६ आत्मिक अने शारीरिक शक्तिनो दिव्यतानुं ते मूळ छे, ए ज्ञानीओनुं अनुभवसिद्ध वचन छे.

८७ तमाकु सूंघवा जेवुं नानुं व्यसन पण होय तो आजे पूर्ण कर.—नवोन व्यसन करतां अटक.

९० आजे तुं गमे तेवा भयंकर पण उत्तम कृत्यमां तत्पर हो तो नाहिम्मत थईश नहीं.

९१ शुद्ध सच्चिदानंद, करुणामय परमेश्वरनी भक्ति ए आजना तारा सत्कृत्यनुं जीवन छे.

९२ तारुं, तारा कुटुंबनुं, मित्रनुं, पुत्रनुं, पत्नीनुं, माता-पितानुं, गुरुनुं, विद्वाननुं, सत्पुरुषनुं यथाशक्ति हित, सन्मान, विनय, लाभनुं कर्तव्य थयुं होय तो आजना दिवसनी ते सुगंधी छे.

९३ जेने घेर आ दिवस क्लेश वगरनो, स्वच्छताथी, शौचताथी, संपथी, संतोषथी, सौम्यताथी, स्नेहथी, सभ्यताथी, सुखथी जशे तेने घेर पवित्रतानो वास छे.

१०२ सरळता ए धर्मनुं बीजस्वरूप छे. प्रज्ञाए करी सरळता सेवाई होय तो आजनो दिवस सर्वोत्तम छे.

१०५ बहुमान, नम्रभाव, विशुद्ध अंतःकरणथी परमात्माना गुणसंबंधी चिंतवन, श्रवण, मनन, कीर्तन, पूजा, अर्चा ए ज्ञानी पुरुषोए वखाण्यां छे, माटे आजनो दिवस शोभावजो.

१०६ सत्शीलवान सुखी छे. दुराचारी दुःखी छे. ए वात जो मान्य न होय तो अत्यारथी तमे लक्ष राखी ते वात विचारी जुओ.

१०७ आ सघळांनो सहेलो उपाय आजे कही दउं छुं के दोषने ओळखी दोषने टाळवा.

[ बोध-वचनमांथीः— १०/५ ]

२ आहार करवो तो पुद्‌गलना समूहने एकरूप मानी करवो, पण लुब्ध थवुं नहीं.

३ आत्मश्लाघा चिंतववो नहीं.

६ स्त्रीनुं रूप जोवाई जवाय तो रागयुक्त थवुं नहीं, पण अनित्यभाव विचारवो.

१४ वेदनीयउदय उदय थाय तो 'अवेद' पद निश्चयनुं चिंतववुं.

१५ पुरुष वेद उदय थाय तो स्त्रीनुं शरीर भिन्न भिन्न करी निहाळवुं, ज्ञानदशाथी.

२२ आत्मउपयोग ए कर्म मूकवानो उपाय.

३५ ध्यान एकचित्तथी रागद्वेष मूकीने करवुं.

३६ ध्यान कर्या पछी गमे ते प्रकारनो भय उत्पन्न थाय तोपण बीवुं नहीं. अभय आत्मस्वरूप विचारवुं. 'अमर दशा जाणी चळविचळ न थवुं.'

३८ एकाकी विचार हंमेश अंतरंग लाववो.

४६ अहंकार करशो नहीं.

४७ कोई द्वेष करे पण तमे तेम करशो नहीं.

४८ क्षणे क्षणे मोहनो संग मूको.

४९ आत्माथी कर्मादिक अन्य छे, तो ममत्वरूप परिग्रहनो त्याग करो.

५० सिद्धनां सुख स्मृतिमां लावो.

५१ एकचित्ते आत्मा ध्यावो. प्रत्यक्ष अनुभव थशे.

६२ जेम बने तेम त्वराथी प्रमाद तजो.

६६ स्व अने परना नाथ थाओ.

६९ चेतनरहित काष्ठ छेदतां काष्ठ दुःख मानतुं नथी. तेम तमे पण समदृष्टि राखजो.

७२ सत्पुरुषनो समागम चिंतवजो. मळेथी दर्शन लाभ चूकशो नहीं.

७६ व्यावहारिक कामथी जे वखत मुक्त थाओ ते वखते एकांतमां जई आतमदशा विचारजो.

८१ शरीर उपर ममत्व राखशो नहीं.

८२ आतमदशा नित्य अचळ छे. तेनो संशय लावशो नहीं.

८३ कोईनी गुप्त वात कोईने करशो नहीं.

८५ कोईने कांई द्वेषथी कहेवाई जवाय तो पश्चात्ताप घणो करजो, अने क्षमापना मागजो. पछीथी तेम करशो नहीं.

८९ अन्यने उपदेश आपवानो लक्ष छे, ते करतां निजधर्ममां वधारे लक्ष करवो.

९० कथन करतां मथन उपर वधारे लक्ष आपवुं.

९३ बाह्य करणी करतां अभ्यंतर करणी उपर वधारे लक्ष आपवुं.

९४ 'हुं क्यांथी आव्यो?' 'हुं क्यां जईश?' 'शुं मने बंधन छे?' 'शुं करवाथी बंधन जाय?' 'केम छूटवुं थाय?' आ वाक्यो स्मृतिमां राखवां.

९५ स्त्रीओना रूप उपर लक्ष राखो छो ते करतां आतमस्वरूप उपर लक्ष दो तो हित थाय.

९६ ध्यानदशा उपर लक्ष राखो छो ते करतां आत्मस्वरूप उपर लक्ष आपशो तो उपशमभाव सहजथी थशे अने समस्त आत्माओने एक दृष्टिए जोशे. एकचित्तथी अनुभव थशे तो तमने ए इच्छा अंदरथी अमर थशे. ए अनुभवसिद्ध वचन छे.

१०७ रहेणी उपर ध्यान देवुं.

११८ ध्याननी स्मृति थाय त्यारे स्थिरता करी ते पछी टाढ, ताप, छेदन, भेदन इत्यादिक इत्यादिक देहना ममत्वना विचार लावशो नहीं.

११९ ध्याननी स्मृति थाय त्यारे स्थिरता करी ते पछी देव, मनुष्य, तिर्यंचना परिसह पडे तो आत्मा अविनाशी छे एवो एक उपयोगथी विचार लावशो, तो तमोने भय थशे नहीं अने त्वराथो कर्मबंधथो छूटशो. आत्मदशा अवश्य निहाळशो. अनंत ज्ञान, अनंत दर्शन, इत्यादिक इत्यादिक ऋद्धि पामशो.

१२४ द्रव्यदेवुं आपवानो फिकर राखो छो ते करतां भावदेवुं आपवा वधारे त्वरा राखो.

[वचनामृतमांथी :— १५५/२१]

४ जे कृत्यमां परिणामे दुःख छे तेने सन्मान आपतां प्रथम विचार करो.

६ एक भोग भोगवे छे छतां कर्मनी वृद्धि नथी करतो, अने एक भोग नथी भोगवतो छतां कर्मनी वृद्धि करे छे; ए आश्चर्यकारक पण समजवा योग्य कथन छे.

८ आपणे जेनाथी पटंतर पाम्या तेने सर्वस्व अर्पण करतां अटकशो नहीं.

९ तो ज लोकापवाद सहन करवा के जेथी ते ज लोको पोते करेला अपवादनो पुनः पश्चात्ताप करे.

१५ महापुरुषनां आचरण जोवा करतां तेनुं अंतःकरण जोवुं ए वधारे परीक्षा छे.

१९ वर्तनमां बालक थाओ, सत्यमां युवान थाओ, ज्ञानमां वृद्ध थाओ.

२१ अनंत ज्ञान, अनंत दर्शन, अनंत चारित्र अने अनंत वीर्यथी अभेद एवा आत्मानो एक पळ पण विचार करो.

२२ मनने वश कर्युं तेणे जगतने वश कर्युं.

३६ सत्ज्ञान अने सत्शीलने साथे दोरजे.

३७ एकथी मैत्री करीश नहीं, कर तो आखा जगतथी करजे.

३८ महा सौंदर्यथी भरेली देवांगनाना क्रीडा विलास निरीक्षण करतां छतां जेना अंतःकरणमां कामथी विशेष विशेष विराग छूटे छे तेने धन्य छे, तेने त्रिकाळ नमस्कार छे.

३९ भोगना वखतमां योग सांभरे ए हळुकर्मीनुं लक्षण छे.

५४ देवदेवीनी तुषमानताने शुं करीशुं? जगतनी तुषमानताने शुं करीशुं? तुषमानता सत्पुरुषनी इच्छो.

६० नियम पाळवानुं दृढ करतां छतां नथी पळतो ए पूर्वकर्मनो ज दोष छे एम ज्ञानीओनुं कहेवुं छे.

६८ सत्पुरुषना अंतःकरणे आचर्यो किंवा कह्यो ते धर्म.

६९ अंतरंग मोहग्रन्थी जेनी गई ते परमात्मा छे.

७१ एकनिष्ठाए ज्ञानीनी आज्ञा आराधतां तत्त्वज्ञान प्राप्त थाय छे.

७२ क्रिया ए कर्म, उपयोग ए धर्म, परिणाम ए बंध, भ्रम ए मिथ्यात्व, ब्रह्म ते आतमा अने शंका ए ज शल्य छे. शोकने संभारवो नहीं; आ उत्तम वस्तु ज्ञानीओए मने आपी.

७७ सम्यक्नेत्र पामीने तमे गमे ते धर्मशास्त्र विचारो तोपण आत्महित प्राप्त थशे.

८१ जीवतां मराय तो फरी न मरवुं पडे एवुं मरण इच्छवा योग्य छे.

८३ जगतमां मान न होत तो अहीं ज मोक्ष होत!

९१ अभिनिवेशना उदयमां उत्सूत्रप्ररूपणा न थाय तेने हुं महाभाग्य, ज्ञानीओना कहेवाथी कहुं छुं.

९३ स्वादनो त्याग ए आहारनो खरो त्याग ज्ञानीओ कहे छे.

९४ अभिनिवेश जेवुं एक्के पाखंड नथी.

९५ आ काळमां आटलुं वध्युं:— झाझा मत, झाझा तत्त्वज्ञानीओ, झाझी माया अने झाझो परिग्रह विशेष.

९६ तत्त्वाभिलाषाथी मने पूछो तो हुं तमने निरागी धर्म बोधी शकुं खरो.

९७ आखा जगतना शिष्य थवारूप दृष्टि जेणे वेदी नथी ते सद्गुरु थवाने योग्य नथी.

१०५ पार्श्वनाथ स्वामीनुं ध्यान योगीओए अवश्य स्मरवुं जोईए छे. निः० —— ए नागनी छत्र छाया वेळानो पार्श्वनाथ ओर हतो!

१०६ गजसुकुमारनो क्षमा अने राजेमती रहनेमीनें बोधे छे ते बोध मने प्राप्त थाओ.

१०७ भोग भोगवतां सुधी (ज्यां सुधी ते कर्म छे त्यां सुधी) मने योग ज प्राप्त रहो!

११० पवित्र पुरुषोनी कृपादृष्टि ए ज सम्यक् दर्शन छे.

१२२ सत्पुरुषो कहेता नथी, करता नथी; छतां तेनो सत्पुरुषता निर्विकार मुखमुद्रामां रही छे.

१२४ आत्मा जेवो कोई देव नथी.

अवशेष पत्रावलिमांथीः—

१ सावचेती शूरानुं भूषण छे. [१६५/२६]

२ क्षणभंगुर दुनियामां सत्पुरुषनो समागम ए ज अमूल्य अने अनुपम लाभ छे. [१६८/३१]

३ निर्ग्रंथ भगवाने प्रणीतेला पवित्र धर्म माटे जे जे उपमा आपीए ते ते न्यून ज छे. आत्मा अनंत काळ रखड्यो, ते मात्र एना निरुपम धर्मना अभावे जेना एक रोममां किंचित् पण अज्ञान, मोह के असमाधि रही नथी ते सत्पुरुषनां वचन अने बोध माटे कंई पण नहीं कही शकतां, तेना ज वचनमां प्रशस्त भावे पुनः पुनः प्रसक्त थवुं ए पण आपणुं सर्वोत्तम श्रेय छे.

शी एनी शैली! ज्यां आत्माने विकारमय थवानो अनंतांश पण रह्यो नथी. शुद्ध, स्फटिक, फोण अने चंद्रथी उज्जवळ शुक्ल ध्याननी श्रेणिथी प्रवाहरूपे नीकळेलां ते निर्ग्रंथनां पवित्र वचनोनी मने — तमने त्रिकाळ श्रद्धा रहो! [१८१/५२]

४ शास्त्रमां मार्ग कह्यो छे, मर्म कह्यो नथी. मर्म तो सत्पुरुषनां अंतरात्मामां रह्यो छे. [१८४/५८]

५ (१) सर्व करता आत्मज्ञान श्रेष्ठ छे. (२) धर्म विषय, गति, आगति निश्चय छे. (३) जेम उपयोगनी शुद्धता तेम आत्मज्ञान पमाय छे. (४) ए माटे निर्विकार दृष्टिनी अगत्य छे (५) 'पुनर्जन्म छे' ते योगथी, शास्त्रथी अने सहजरूपे अनेक सत्पुरुषोने सिद्ध थयेल छे. [१९१/६४]

६ सत्पुरुषनां चरित्र ए दर्पणरूप छे. [ ,, ]

७ बाह्याभावे गृहस्थश्रेणि छतां अंतरंग निर्ग्रंथश्रेणि जोईए, अने ज्यां तेम थयुं छे त्यां सर्व सिद्धि छे. [१९३/७१]

८ गमे ते वाटे अने गमे ते दर्शनथी कल्याण थतुं होय, तो त्यां पछी मतांतरनी कंई अपेक्षा शोधवी योग्य नथी. आत्मत्व जे अनुप्रेक्षाथी, जे दर्शनथी के जे ज्ञानथी प्राप्त थाय ते अनुप्रेक्षा, ते दर्शन के ते ज्ञान सर्वोपरी छे; अने जेटला आत्मा तर्या, वर्तमाने तरे छे, भविष्ये तरशे ते सर्व ए एक ज भावने पामीने. आपणे ए सर्व भावे पामीए ए मळेला अनुत्तर जन्मनुं साफल्य छे. [१९३/७१]

९ बाह्यभावे जगतमां वर्तो अने अंतरंगमां एकांत शीतलीभूत—निर्लेप रहो ए ज मान्यता अने बोधना छे. [१९४/७२]

१० लोभी गुरु, ए गुरु-शिष्य बन्नेने अधोगतिनुं कारण छे. [१९४/७५]

११ सर्व सत्पुरुषो मात्र एक ज वाटेथी तर्या छे अने ते वाट वास्तविक आत्मज्ञान अने तेनी अनुचारिणी देहस्थिति-

पर्यंत सत्क्रिया के रागद्वेष अने मोह वगरनी दशा थवाथी ते तत्त्व तेमने प्राप्त थयुं होय एम मारुं आधीन मत छे.
[२०२/८७]

१२ धर्मध्यान लक्ष्यार्थथी थाय ए ज आत्महितनो रस्तो छे. चित्तना संकल्प विकल्पथी रहित थवुं ए महावीरनो मार्ग छे. अलिप्तभावमां रहेवुं ए विवेकीनुं कर्त्तव्य छे [२१९/१२३]

१३ पौद्गलिक रचनाए आत्माने स्तंभित करवो उचित नथी. [२१९/१२४]

१४ ज्यां सुधी आत्मा आत्मभावथी अन्यथा एटले देहभावे वर्तशे, हुं करुं छुं एवी बुद्धि करशे, हुं रिद्धि इत्यादिके अधिक छुं एम मानशे, शास्त्रने जाळरूपे समजशे, मर्मने माटे मिथ्या मोह करशे, त्यां सुधी तेनी शांति थवी दुर्लभ छे.
[२२६/१३६]

१५ लक्ष वगरनुं फेंकेलुं तीर लक्ष्यार्थनुं कारण नथी.
[२२७/१३९]

१६ शास्त्रो (लखेलांनां पानां) उपाडवां अने भणवां एमां कंई अंतर नथी जो तत्त्व न मळ्युं तो, कारण बेये बोजो ज उपाड्यो. पानां उपाड्यां तेणे कायाए बोजो उपाड्यो, भणी गया तेणे मने बोजो उपाड्यो. जेने घेर आखो लवण समुद्र छे ते तृषातुरनी तृषा मटाडवा समर्थ नथी; पण जेने घेर एक मीठा पाणीनी वीरडी छे, ते पोतानी अने बीजा केटलाकनी तृषा मटाडवा समर्थ छे; अने ज्ञानदृष्टिए जोतां महत्त्व तेनुं ज छे. [२२७/१३९]

१७ आज्ञामां ज एकतान थया विना परमार्थना मार्गनी प्राप्ति बहु ज असुलभ छे. एकतान थवुं पण बहु ज असुलभ छे. [२३०/१४७]

१८ हे कर्म! तने निश्चय आज्ञा करुं छुं के नीति अने नेकी उपर मने पग मुकावीश नहीं. [२३०/१५०]

१९ उदासीनता ए अध्यात्मनी जननी छे. [२३१/१५३]

२० इच्छा वगरनुं कोई प्राणी नथी. विविध आशाथी तेमां पण मनुष्य प्राणी रोकायेलुं छे. इच्छा, आशा ज्यां सुधी अतृप्त छे, त्यां सुधी ते प्राणी अधोवृत्तिवत् छे. इच्छाजयवाळुं प्राणी उर्ध्वगामीवत् छे. [२३४/१५७/६]

२१ जेनुं हृदय शुद्ध, संतनी बतावेली वाटे चाले छे तेने धन्य छे. [२३४/१५७/१२]

२२ सत्संगना अभावथी चढेली आत्मश्रेणि घणुं करोने पतित थाय छे. [२३४/१५७/१२]

२३ विश्वासथो वर्ती अन्यथा वर्तनारा आजे पस्तावो करे छे. [२३६/१५७/१४]

२४ दृष्टि एवी स्वच्छ करो के जेमां सूक्ष्ममां सूक्ष्म दोष पण देखाई शके; अने देखायाथी क्षय थई शके. [२३६/१५७/१६]

२५ जेनाथी, जे, केवळ मुक्त थई शके ते ते नहोतो एम जाणोए छीए. [२४१/१६०/३१]

२६ सत्य एक छे, बे प्रकारनुं नथी अने ते ज्ञानीना अनुग्रह विना प्राप्त थतुं नथी. माटे मतमतांतरनो त्याग करी ज्ञानीनी आज्ञामां अथवा सत्संगमां प्रवर्तवुं. [२४७/१६७]

२७ सत् श्रद्धा पामीने जे कोई तमने धर्म निमित्ते इच्छे तेनो संग राखो. [२५०/१७१]

२८ पोते शंकामां गळकां खातो होय, एवो जीव निःशंक मार्ग बोधवानो दंभ राखी आखुं जीवन गाळे ए तेने माटे परम शोचनीय छे. [२५२/१७६]

२९ जे छूटवा माटे ज जीवे छे ते बंधनमां आवतो नथी आ वाक्य निःशंक अनुभवनुं छे. [२५२/१७६]

३० महावीर देवे आ काळने पंचमकाळ कही दुषम कह्यो, व्यासे कळियुग कह्यो; एम घणा महापुरुषोए आ काळने कठिन कह्यो छे; ए वात निःशंक सत्य छे. कारण, भक्ति अने सत्संग ए विदेश गयां छे, अर्थात् संप्रदायोमां रह्यां नथी अने ए मळ्या विना जीवनो छूटको नथी. [२५३/१७६]

३१ कोई पण जिज्ञासु हो ते धर्म पामेलाथी धर्म पामो. [२५४/१७८]

३२ व्यवहार चितानुं वेदन अंतरथी ओछुं करवुं ए एक मार्ग पामवानुं साधन छे. [२५८/१९२]

३३ कोई पण प्रकारे जीव पोतानी कल्पनाए करी सत प्राप्त करी शकतो नथी. सजीवनमूर्ति प्राप्त थये ज सत् प्राप्त थाय छे, सत् समजाय छे, सत्नो मार्ग मळे छे, सत् पर लक्ष आवे छे. सजीवनमूर्तिना लक्ष वगर जे कंई पण करवामां आवे छे, ते जीवने बंधन छे. आ अमारुं हृदय छे. [२६१/१९८]

३४ वास्तविक सुख जो जगतनी दृष्टिमां आव्युं होत तो ज्ञानी पुरुषोए नियत करेलुं एवुं मोक्षस्थान ऊर्ध्व लोकमां होत नहीं; पण आ जगत ज मोक्ष होत. ज्ञानीने सर्वत्र मोक्ष छे. [२६५/२०५]

३५ अनादि काळथी जेटलुं जाण्युं छे, तेटलुं बधुंय अज्ञान ज छे; तेनुं विस्मरण करवुं. [२६६/२०७]

३६ अभेद दशा आव्या विना जे प्राणी आ जगतनी रचना जोवा ईच्छे छे ते बंधाय छे. [२७०/२१४]

३७ अहंपणुं आडुं आवतुं होय तो तेनो जेटलो बने तेटलो रोध करवो; अने तेम छतां पण ते न टळतुं होय तो तेने ईश्वरार्पण करी देवुं; तथापि दोनपणुं न आववा देवुं. उपाधि माटे भविष्यनी एक पळनी पण चिंता करवी नहीं; कर्यानो जे अभ्यास थई गयो छे, ते विस्मरण कर्या रहेवुं; तो ज ईश्वर प्रसन्न थशे. [२७२/२१७]

३८ स्वर्ग नरकादिनी प्रतीतिनो उपाय योगमार्ग छे. तेमां पण जेमने दूरंदेशी सिद्धि प्राप्त थाय छे, ते तेनी प्रतीति माटे योग्य छे. सर्वकाळ ए प्रतीति प्राणीने दुर्लभ थई पडी छे. ज्ञान मार्गमां ए विशेष वात वर्णवी नथी, पण ते बधां छे, ए जरूर. [२७४/२१८]

३९ जेम मलिन दर्पणने विषे यथायोग्य प्रतिबिंब दर्शन थई शकतुं नथी, तेम असत् वासनावाळा चित्तने विषे पण सत् संबंधी संस्कार यथायोग्य प्रतिबिंबित थता नथी. [२७८/२२९]

४० अतिशय विरहाग्नि हरिप्रत्येनी जलवाथी साक्षात् तेनी प्राप्ति होय छे. तेम ज संतना विरहानुभवनुं फळ पण ते ज छे. [२८४/२४६]

४१ तृषातुरने पायानी महेनत करजो. अतृषातुरने तृषातुर थवानी जिज्ञासा पेदा करजो. जेने ते पेदा न थाय तेवुं होय, तेने माटे उदासीन रहेजो. [२९२/२५८]

४२ चमत्कार बतावी योगने सिद्ध करवो, ए योगीनुं लक्षण नथी. सर्वोत्तम योगी तो ए छे के सर्व प्रकारनी स्पृहाथी रहितपणे सत्यमां केवळ अनन्य निष्ठाए जे सर्व प्रकारे 'सत्' ज आचरे छे, जगत जेने विस्मृत थयुं छे. [२९३/२६०]

४३ भक्ति, प्रेमरूप विना ज्ञान शून्य ज छे; ज्ञानी पासे ज्ञान इच्छवुं ते करतां बोध स्वरूप समजी भक्ति इच्छवी ए परम फळ छे. [२९५/२६३]

४४ अपूर्व पोताथी पोताने प्राप्त थवुं दुर्लभ छे; जेनाथी प्राप्त थाय छे, तेनुं स्वरूप ओळखावुं दुर्लभ छे, अने जीवने भुलवणी पण ए ज छे. [३०२/२८५]

४५ जे वास्तव्य ज्ञानीने ओळखे छे, ते ध्यानादिने इच्छे नहीं, एवो अमारो अंतरंग अभिप्राय वर्ते छे. मात्र ज्ञानीने इच्छे छे, ओळखे छे अने भजे छे, ते ज तेवो थाय छे, अने ते उत्तम मुमुक्षु जाणवो योग्य छे. [३२०/३३५]

४६ जगतना अभिप्राय प्रत्ये जोईने जीव पदार्थनो बोध पाम्यो छे. ज्ञानीना अभिप्राय प्रत्ये जोईने पाम्यो नथी. जे जीव ज्ञानीना अभिप्रायथी बोध पाम्यो छे ते जीवने सम्यक् दर्शन थाय छे. [३२५/३५८]

४७ ज्यां पूर्ण कामपणुं छे, त्यां सर्वज्ञता छे.

जेने बोधबीजनी उत्पत्ति होय छे, तेने स्वरूप सुखथी करीने परितृप्तपणुं वर्ते छे, अने विषय प्रत्ये अप्रयत्न दशा वर्ते छे.

जे जीवितव्यमां क्षणिकपणुं छे, ते जीवितव्यमां ज्ञानीओए नित्यपणुं प्राप्त कर्युं छे, ए अचरजनी वात छे.

जो जीवने परितृप्तपणुं वर्त्या करतुं न होय तो अखंड एवो आत्मबोध तेने समजवो नहीं. [ ३२६/३६० ]

४८ लोकभावनाना आवरणने लीधे परमार्थभावना प्रत्ये जीवने उल्लासपरिणति थाय नहीं. [ ३२९/३७१ ]

४९ अनंतकाळे जे प्राप्त थयुं नथी, ते प्राप्तपणाने विषे अमुक काळ व्यतीत थाय तो हानि नथी. मात्र अनंतकाळे जे प्राप्त थयुं नथी, तेने विषे भ्रांति थाय, भूल थाय ते हानि छे. [ ३३०/३७१ ]

५० महात्मानो देह बे कारणने लईने विद्यमान पणे वर्ते छे, प्रारब्ध कर्म भोगववाने अर्थे, जीवोना कल्याणने अर्थे; तथापि ए बन्नेमां ते उदासपणे उदय आवेली वर्तनाए वर्ते छे, एम जाणीए छीए. [ ३३०/३७३ ]

५१ गमे तेटली विपत्तिओ पडे, तथापि ज्ञानीद्वारा सांसारिक फळनी इच्छा करवी योग्य नथी. [ ३३१/३७४ ]

५२ जीवे सर्व प्रकारनां मतमतांतरनो, कुळधर्मनो, लोकसंज्ञारूप धर्मनो, ओघसंज्ञारूप धर्मनो उदासभाव भजी एक आत्मविचार कर्तव्यरूप धर्म भजवो योग्य छे. [ ३३२/३७५ ]

५३ जेने विषे सत्स्वरूप वर्ते छे, एवा जे ज्ञानी तेने विषे लोक-स्पृहादिनो त्याग करी, भावे पण जे आश्रितपणे वर्ते छे, ते निकटपणे कल्याणने पामे छे, एम जाणीए छीए. [ ३३३/३७६ ]

५४ जे काळे ज्ञानथी अज्ञान निवृत्त थयुं ते ज काळे ज्ञानी मुक्त छे. देहादिने विषे अप्रतिबद्ध छे. सुखदुःख हर्ष शोकादिने विषे अप्रतिबद्ध छे. [ ३३३/३७७ ]

५५ ज्ञानी इच्छा रहित के इच्छा रहित एम कहेवुं पण बनतुं नथी; ते सहजस्वरूप छे. [३३४/३७७]

५६ जेनी प्राप्ति पछी अनंत काळनुं याचक पणुं मटी, सर्वकाळने माटे अयाचकपणुं प्राप्त होय छे एवो जो कोई होय तो ते तरणतारण जाणीए छीए, तेने भजो.

मोक्ष तो आ काळने विषे पण प्राप्त होय, अथवा प्राप्त थाय छे. पण मुक्तपणानुं दान आपनार एवा पुरुषनी प्राप्ति परम दुर्लभ छे; अर्थात् मोक्ष दुर्लभ नथी, दाता दुर्लभ छे. [३३४/३७९]

५७ प्रभुभक्तिमां जेम बने तेम तत्पर रहेवुं. मोक्षनो ए धुरंधर मार्ग मने लाग्यो छे. [३३५/३८०]

५८ उपाधिने विषे विक्षेप रहितपणे वर्तवुं ए वात अत्यंत विकट छे; जे वर्ते छे ते थोडा काळने विषे परिपक्व समाधिरूप होय छे. [३३७/३८६]

५९ जीवने स्वस्वरूप जाण्या सिवाय छूटको नथी; त्यां सुधी यथा योग्य समाधि नथी ते जाणवा माटे उत्पन्न थवा योग्य मुमुक्षुता अने ज्ञानीनुं ओळखाण ए छे. ज्ञानीने जे यथा योग्यपणे ओळखे छे ते ज्ञनी थाय छे— क्रमे करी ज्ञानी थाय छे. [३३७/३८७]

६० एक अक्षर बोलतां अतिशय–अतिशय एवी प्रेरणाए पण वाणी मौनपणाने प्राप्त थशे; अने ते मौनपणुं प्राप्त थया पहेलां जीवने एक अक्षर सत्य बोलाय एम बनवुं अशक्य छे. [३४५/३९७]

६१ जे जे काळे जे जे प्रारब्ध उदय आवे ते ते वेदन करवुं ए ज्ञानी पुरुषनुं सनातन आचरण छे. जे संसारने विषे साक्षी कर्त्ता तरीके मनाय छे, ते संसारमां ते साक्षीए साक्षीरूपे रहेवुं, अने कर्त्ता तरीके भास्यमान थवुं ते बेधारी तरवार उपर चालवा बराबर छे. [३५२/४०८]

६२ एक वार एक तणखलाना बे भाग करवानी क्रिया करी शकवानी शक्ति पण उपशम थाय त्यारे जे ईश्वरेच्छा हशे ते थशे. [३५३/४०८]

६३ लोकव्यापक एवा अंधकारने विषे स्वए करी प्रकाशित एवा ज्ञानी पुरुष ज यथातथ्य देखे छे. लोकनी शब्दादि कामना प्रत्ये देखतां छतां उदासीन रही जे मात्र स्पष्ट पणे पोताने देखे छे, एवा ज्ञानीने नमस्कार करीए छीए. [३५५/४१३]

६४ ज्ञानी पुरुषने मळीने जे आत्मभावे, स्वच्छंदपणे, कामनाए करी, रसे करी, ज्ञानीना वचननी उपेक्षा करी, 'अनुपयोगपरिणामी' थई संसारने भजे छे, ते पुरुष तीर्थंकरना मार्गथी बहार छे. [३५५/४१४]

६५ 'पुनर्जन्म छे–जरूर छे. ए माटे 'हुं' अनुभवथी हा कहेवामां अचळ छुं ए वाक्य पूर्वभवना कोई जोगनुं स्मरण थतो वखते सिद्ध थयेलुं लख्युं छे, जेने, पुनर्जन्मादि भाव कर्या छे, ते 'पदार्थने' कोई प्रकारे जाणीने ते वाक्य लखायुं छे. [३६१/४२४]

६६ आत्माने विभावथी अवकाशित करवाने अर्थे अने स्वभावमां अनवकाशपणे रहेवाने अर्थे कोई पण मुख्य उपाय होय तो आत्माराम एवा ज्ञानी पुरुषनी निष्काम बुद्धिथी भक्ति-

योगरूप संग छे. . . . आत्मापणे केवळ आत्मा वर्ते एम जे चिंतवन राखवुं ते लक्ष छे, शास्त्रना परमार्थरूप छे. [३६५/४३२]

६७ प्रदेशे प्रदेशथी जीवना उपयोगने आकर्षक एवा आ संसारने विषे एक समयमात्र पण अवकाश लेवानी ज्ञानी पुरुषोए हा कही नथी; केवळ ते विषे नकार कह्यो छे.

ते आकर्षणथी उपयोग जो अवकाश पामे तो ते ज समये ते आत्मापणे थाय छे. ते ज समये आत्माने विषे ते उपयोग अनन्य थाय छे. [३७०-७१/४४६]

६८ जे सम्यक्ज्ञानी पुरुषोथी सिद्धिजोगना चमत्कारो लोकोए जाण्या छे, ते ते ज्ञानी पुरुषना करेला संभवता नथी; स्वभावे करी ते सिद्धयोग परिणाम पाम्या होय छे. [३७४/४५०]

६९ राख्युं कंई रहेतुं नथी, अने मूक्युं कंई जतुं नथी एवो परमार्थ विचारी कोई प्रत्ये दीनता भजवी के विशेषता दाखववी ए योग्य नथी. [३७७/४५७]

७० संसारनी झाळ जोई चिंता भजशो नहीं. चिंतामां समता रहे तो ते आत्मचिंतन जेवी छे. [३८०/४६१]

७१ साची ज्ञानदशा होय तो तेने देहने दुःखप्राप्तिनां कारणो विषे विषमता थती नथी, अने ते दुःखने टाळवा एटली बधी चीवट पण होती नथी. [३८३/४६८]

७२ जे विद्याथी उपशमगुण प्रगटयो नहीं, विवेक आव्यो नहीं, के समाधि थई नहीं ते विद्याने विषे रूडा जीवे आग्रह करवा योग्य नथी. [३९०/४८३]

७३ आत्माने वारंवार संसारनुं स्वरूप कारागृह जेवुं क्षणे क्षणे भास्या करे ए मुमुक्षुतानुं मुख्य लक्षण छे. [३९८/४९८]

७४ जो उपदेशबोध जीवने अंतःकरणमां स्थितिमान थयो न होय तो सिद्धांतबोधनुं मात्र तेने श्रवण थाय ते भले, पण परिणाम थई शके नहीं. विपर्यासबुद्धिनुं बळ घटवा, यथावत् वस्तुस्वरूप जाणवाने विषे प्रवेश थवा, जीवने वैराग्य अने उपशम साधन कह्यां छे; अने एवां जे जे साधनो जीवने संसारभय दृढ करावे छे ते ते साधनो संबंधी जे उपदेश कह्यो छे ते 'उपदेशबोध' छे. गृहकुटुंब परिग्रहादि भावने विषे जे अहंता ममता छे अने तेनी प्राप्ति अप्राप्ति प्रसंगमां जे रागद्वेष कषाय छे, ते ज 'विपर्यासबुद्धि' छे; अने अहंता ममता तथा कषाय ज्यां वैराग्य उपशम उद्भवे छे त्यां मंद पडे छे, अनुक्रमे नाश पामवा योग्य थाय छे. गृहकुटुंबादि-भावने विषे अनासक्त बुद्धि थवी ते 'वैराग्य' छे; अने तेनी प्राप्ति अप्राप्ति निमित्ते उत्पन्न थतो एवो जे कषाय क्लेश तेनुं मंद थवुं ते 'उपशम' छे. ज्यां वैराग्य अने उपशम बळवान छे, त्यां विवेक बळवानपणे होय छे. आरंभ, परिग्रह ते अवैराग्य अने अनुपशमनां मूळ छे, वैराग्य अने उपशमनां काळ छे. [४०७/५०६]

७५ वेदना वेदतां जीवने कंई पण विषयभाव थवो ते अज्ञाननुं लक्षण छे; पण वेदना छे ते अज्ञाननुं लक्षण नथी, पूर्वोपार्जित अज्ञाननुं फळ छे. [४१०/५०९]

७६ सिद्धस्वरूप जेवुं आत्मस्वरूप छे एवुं विचारीने अने आ आत्माने विषे तेनुं वर्तमानमां अप्रगटपणुं छे तेनो

अभाव करवा ते सिद्धस्वरूपनो विचार, ध्यान तथा स्तुति घटे छे. [४१०/५०९]

७७ आत्मदर्शनादि प्रसंग तीव्र मुमुक्षुपणुं उत्पन्न थया पहेलां घणुं करीने कल्पितपणे समजाय छे. [४१६/५१८]

७८ ज्ञानी पुरुषोने समये समये अनंता संयमपरिणाम वर्धमान थाय छे, एम सर्वज्ञे कह्युं छे, ते सत्य छे. ते संयम, विचारनी तीक्ष्ण परिणतिथी, ब्रह्मरस प्रत्ये स्थिरपणाथी उत्पन्न थाय छे. [४३८/५४१]

७९ मुंझावाथी कंई कर्मनो निवृत्ति, इच्छीए छीए ते, थती नथी; अने आर्त्तध्यान थई ज्ञानीना मार्ग पर पग मुकाय छे. [४३९/५४४]

८० ज्ञानी पुरुषनो सत्संग थये, निश्चय थये, अने तेना मार्गने आराध्ये जीवने दर्शनमोहनीय कर्म उपशमे छे के क्षय थाय छे, अने अनुक्रमे सर्वज्ञाननी प्राप्ति थई जीव कृतकृत्य थाय छे, ए वात प्रगट सत्य छे. ज्ञानीना सत्संगे अज्ञानीना प्रसंगनी रुचि आळसे, सत्यासत्य विवेक थाय, अनंतानुबंधी क्रोधादि खपे, अनुक्रमे सर्व रागद्वेष क्षय थाय, ए बनवा योग्य छे, अने ज्ञानीना निश्चये ते अल्पकाळमां अथवा सुगमपणे बने ए सिद्धांत छे; तथापि जे दुःख अवश्य भोगव्ये नाश पामे एवुं उपार्जित छे ते तो भोगववुं ज पडे एमां कांई संशय थतो नथी. [४४१/५४८]

८१ जे प्रकारे असंगताए, आत्मभाव साध्य थाय ते प्रकारे प्रवर्तवुं ए ज जिननी आज्ञा छे. [४४५/५५३]

८२ ज्यां सुधी सर्व प्रकारना विषम स्थानकोमां सम-वृत्ति न थाय त्यां सुधी यथार्थ आत्मज्ञान कह्युं जतुं नथी,

अने ज्यां सुधी तेम होय त्यां सुधी तो निज अभ्यासनी रक्षा करवी घटे छे. [४४७/५५८]

८३ आत्मवीर्य प्रवर्तावावामां अने संकोचवामां बहु विचार करी प्रवर्तवुं घटे छे. [४५७/५८२]

८४ अपारवत् संसार समुद्रथी तारनार एवा सद्‌धर्मनो निष्कारण करुणाथी जेणे उपदेश कर्यो छे, ते ज्ञानीपुरुषना उपकारने नमस्कार हो! नमस्कार हो! [४६५/६००]

८५ ज्ञानीपुरुषने नव वाड विशुद्ध ब्रह्मचर्यदशा वर्ते त्यारथी जे संयमसुख प्रगटे छे ते अवर्णनीय छे. उपदेशमार्ग पण ते सुख प्रगटये प्ररूपवा योग्य छे. [४६६/६००]

८६ अष्ट महासिद्धि आदि जे जे सिद्धिओ कही छे, 'ॐ' आदि मंत्रयोग कह्या छे, ते सर्व साचां छे. आत्मैश्वर्य पासे ए सर्व अल्प छे. ज्यां आत्मस्थिरता छे, त्यां सर्व प्रकारना सिद्धियोग वसे छे. जेने आत्मप्रतीति उत्पन्न थाय तेने सहेजे ए वातनुं निःशंकपणुं थाय, केमके आत्मामां जे समर्थपणुं छे, ते समर्थपणा पासे ए सिद्धिलब्धिनुं कांई पण विशेषपणुं नथी. [४६७/६०१]

८७ ज्ञानी पुरुषने जे सुख वर्ते छे, ते निजस्वभावमां स्थितिनुं वर्ते छे. बाह्य पदार्थमां तेने सुखबुद्धि नथी, माटे ते ते पदार्थथी ज्ञानीने सुखदुःखादिनुं विशेषपणुं के ओछापणुं कही शकातुं नथी. वायुफेर होवाथी वहाणनुं बीजी तरफ खेंचावुं थाय छे, तथापि वहाण चलावनार जेम पहोंचवा योग्य मार्ग भणी ते वहाणने राखवाना प्रयत्नमां ज वर्ते छे, तेम ज्ञानी-पुरुष मन, वचनादि योगने निजभावमां स्थिति थवा भणी ज

प्रवर्तावे छे; तथापि उदय वायुयोगे यत्किंचित् दशाफेर थाय छे, तोपण परिणाम, प्रयत्न स्वधर्मने विषे छे. [४६७/६०३]

८८ जेम आत्माने स्थूळ देहनो वियोग थाय छे, तेने मरण कहेवामां आवे छे, तेम स्थूळ देहना आयुष्यादि सूक्ष्मपर्यायनो पण समये समये हानिपरिणाम थवाथी वियोग थई रह्यो छे, तेथी ते समये समये मरण कहेवा योग्य छे. आ मरण ते व्यवहार नयथी कहेवाय छे, निश्चयथी तो आत्माने स्वाभाविक एवा ज्ञानदर्शनादि गुणपर्यायनी विभाव परिणामना योगने लीधे हानि थया करे छे, अने ते हानि आत्माना नित्यपणादि स्वरूपने पण ग्रही रहे छे, ते समये समये मरण छे. [४८०/६२९]

८९ जगतना ज्ञाननो लक्ष मूकी शुद्ध आत्मज्ञान ते 'केवळज्ञान' छे, एम विचारतां आत्मदशा विशेषपणुं भजे 'आत्माने विषेथी सर्व प्रकारनो अन्य अध्यास टळी स्फटिकनी पेठे आत्मा अत्यंत शुद्धता भजे ते 'केवळज्ञान' छे, अने जगतज्ञानपणे तेने वारंवार जिनागममां कह्युं छे, ते महात्म्यथी करी बाह्यदृष्टि जीवो पुरुषार्थमां प्रवर्ते ते हेतु छे. [४९८/६७९]

९० सूक्ष्म संगरूप अने बाह्यसंगरूप दुस्तर स्वयंभूरमण समुद्र भुजाए करी जे वर्धमानादि पुरुषो तरी गया छे, तेमने परंमभक्तिथी नमस्कार हो! पडवाना भयंकर स्थानके सावचेत रही, तथारूप सामर्थ्य विस्तारी सिद्धि सिद्ध करी छे, ते पुरुषार्थने संभारी रोमांचित, अनंत अने मौन एवुं आश्चर्य ऊपजे छे. [५०७/६९६]

९१ अहो! ज्ञानी पुरुषनी आशय गंभीरता, धीरज अने उपशम! अहो! अहो! वारंवार अहो! [५०७/६९७]

९२ शरीर कोनुं छे? मोहनुं छे. माटे असंगभावना राखवी योग्य छे. [५०९/७००]

९३ ज्ञानीओए मनुष्यपणुं चिंतामणिरत्न तुल्य कह्युं छे, ते विचारो तो प्रत्यक्ष जणाय तेवुं छे. विशेष विचारतां तो ते मनुष्यपणानो एक समय पण चिंतामणिरत्नथी परम महात्म्यवान अने मूल्यवान देखाय छे अने जो देहार्थमां ज ते मनुष्यपणुं व्यतीत थयुं तो तो एक फूटी बदामनी किंमतनुं नथी, एम निःसंदेह देखाय छे. [५६१/७२५]

९४ लोकदृष्टिमां जे जे वातो के वस्तुओ मोटाईवाळी मनाय छे, ते ते वातो अने वस्तुओ, शोभायमान गृहादि आरंभ, अलंकारादि परिग्रह, लोकदृष्टिनुं विचक्षणपणुं, लोकमान्यधर्म-श्रद्धावानपणुं प्रत्यक्ष झेरनुं ग्रहण छे, एम यथार्थ जणाया विना धारो छो ते वृत्तिनो लक्ष न थाय. प्रथम ते वातो अने वस्तुओ प्रत्ये झेरदृष्टि आववी कठण देखी कायर न थतां पुरुषार्थ करवो योग्य छे. [५६२/७२९]

९५ रागद्वेषनां प्रत्यक्ष बळवान निमित्तो प्राप्त थये पण जेनो आत्मभाव किंचित्‌मात्र पण क्षोभ पामतो नथी, ते ज्ञानीना ज्ञाननो विचार करतां पण महा निर्जरा थाय, एमां संशय नथी. [५६३/७३६]

९६ 'मोहनीय'नुं स्वरूप आ जीवे वारंवार अत्यंत विचारवा जेवुं छे. मोहिनीए महा मुनीश्वरोने पण पळमां तेना पाशमां फसावी अत्यंत रिद्धिसिद्धिथी विमुक्त करी दीधा छे; शाश्वत सुख छीनवी क्षणभंगुरतामां ललचावी रखडाव्या छे.

निर्विकल्प स्थिति लाववी, आत्मस्वभावमां रमणता करवी, मात्र द्रष्टा भावे रहेवुं एवो ज्ञानीनो ठाम ठाम बोध छे; ते बोध यथार्थ प्राप्त थये आ जीवनुं कल्याण थाय. [५६८/७४६]

९७ 'ज्ञाननुं फळ विरति छे.' वीतरागनुं आ वचन सर्व मुमुक्षुओए नित्य स्मरणमां राखवा योग्य छे. जे वांचवाथी, समजवाथी तथा विचारवाथी आत्मा विभावथी, विभावनां कार्योथी अने विभावनां परिणामथी उदास न थयो, विभावनो त्यागी न थयो, विभावनां कार्योनो अने विभावनां फळनो त्यागी न थयो, ते वांचवुं, ते विचारवुं अने ते समजवुं अज्ञान छे. विचारवृत्ति साथे त्यागवृत्ति उत्पन्न करवी ते ज विचार सफळ छे, एम कहेवानो ज्ञानीनो परमार्थ छे. [५६८-६९/७४९]

९८ सर्वज्ञे कहेलुं गुरुउपदेशथी आत्मानुं स्वरूप जाणीने, सुप्रतीत करीने तेनुं ध्यान करो.

जेम जेम ध्यानविशुद्धि तेम तेम ज्ञानावरणीयनो क्षय थशे.

पोतानी कल्पनाथी ते ध्यान सिद्ध थतुं नथी.

ज्ञानमय आत्मा जेमने परमोत्कृष्ट भावे प्राप्त थयो, अने जेमणे परद्रव्यमात्र त्याग कर्युं छे, ते देवने नमन हो! नमन हो!

जेम जेम उपशमनी वृद्धि थाय तेम तेम तप करवाथी कर्मनी घणी निर्जरा थाय. [५८५/७६३]

९९ सर्वज्ञे अनुभवेलो एवो शुद्धआत्म प्राप्तिनो उपाय श्री गुरु वडे जाणीने, तेनुं रहस्य ध्यानमां लईने आत्मप्राप्ति करो. [५८६/७६४]

१०० यथार्थ उपकारी पुरुष प्रत्यक्षमां एकत्वभावना आत्मशुद्धिनी उत्कृष्टता करे छे. [६०९/७९०]

१०१ दिगम्बर अने श्वेतांबरपणुं देश, काळ, अधिकारीयोगे उपकारनो हेतु छे. एटले ज्यां ज्ञानीए जेम उपदेश्युं तेम प्रवर्तता आत्मार्थ ज छे. [६१२/८०७]

१०२ दुषमकाळनुं प्रबळ राज्य वर्ते छे, तोपण अडग निश्चयथी, सत्पुरुषनी आज्ञामां वृत्तिनुं अनुसंधान करी जे पुरुषो अगुप्तवीर्यथी सम्यक्ज्ञान, दर्शन, चारित्रने उपासवा इच्छे छे, तेने परमशान्तिनो मार्ग हजी पण प्राप्त थवा योग्य छे.

[६२०/८३१]

१०३ अपार महामोहजळने अनंत अंतराय छतां धीर रही जे पुरुष तर्या ते श्री पुरुष भगवानने नमस्कार.

अनंत काळथी जे ज्ञान भवहेतु थतुं हतुं ते ज्ञानने एक समयमात्रमां जात्यांतर करी जेणे भवनिवृत्तिरूप कर्युं ते कल्याणमूर्ति सम्यग्दर्शनने नमस्कार. [६२५/८३९]

१०४ प्रमाद अने लोकपद्धतिमां काळ सर्वथा वृथा करवो ते मुमुक्षु जीवनुं लक्षण नथी. [६२५/८४२]

१०५ रूपावलोकन दृष्टिथी स्थिरता प्राप्त थये स्वरूपावलोकन दृष्टिमां पण सुगमता प्राप्त थाय छे. दर्शनमोहनो अनुभाग घटवाथी स्वरूपावलोकन दृष्टि परिणमे छे.

महत्पुरुषनो निरंतर अथवा विशेष समागम, वीतरागश्रुत चिंतवना, अने गुणजिज्ञासा दर्शनमोहनो अनुभाग घटवाना मुख्य हेतु छे तेथी स्वरूपदृष्टि सहजमां परिणमे छे.

[६३१/८६०]

१०६ बाह्याभ्यंतर असंगपणुं पाम्या छे एवा महात्माओने संसारनो अंत समीप छे, एवो निःसंदेह ज्ञानीनो निश्चय छे.

[६३४/८७३]

१०७ परम पुरुषनी मुख्य भक्ति, उत्तरोत्तर गुणनी वृद्धि थाय एवा सद्वर्तनथी प्राप्त थाय छे. चरम प्रतिपत्ति (शुद्ध आचरणनी उपासना) रूप सद्वर्तन ज्ञानीनी मुख्य आज्ञा छे, जे आज्ञा परमपुरुषनी मुख्य भक्ति छे. घणां शास्त्रो अने वाक्योना अभ्यास करतां पण जो ज्ञानी पुरुषनी एकेक आज्ञा जीव उपासे तो घणां शास्त्रथी थतुं फळ सहजमां प्राप्त थाय छे. [६३७/८८५]

१०८ जे ज्ञानीपुरुषोने देहाभिमान टळ्युं छे तेने कंई करवुं रह्युं नथी एम छे, तोपण तेमने सर्वसंगपरित्यागादि सत्पुरुषार्थता परमपुरुषे उपकारभूत कही छे. [६३९/८९५]

१०९ आ संसाररणभूमिकामां दुषमकाळरूप ग्रीष्मना उदयनो योग न वेदे एवी स्थितिनो विरल जीवो अभ्यास करे छे. [६४१/८९८]

११० प्राणीमात्रनो रक्षक, बंधव अने हितकारी एवो कोई उपाय होय तो ते वीतरागनो धर्म ज छे. [६४२/९०३]

१११ संतजनो! जिनवरेन्द्रोए लोकादि जे स्वरूप निरूपण कर्यां छे, ते आलंकारिक भाषामां निरूपण छे, जे पूर्ण योगाभ्यास विना ज्ञानगोचर थवा योग्य नथी माटे तमे तमारा अपूर्ण ज्ञानने आधारे वीतरागनां वाक्योनो विरोध करता नहीं पण योगनो अभ्यास करी पूर्णताए ते स्वरूपना ज्ञाता थवानुं राखजो. [६४२/९०४]

११२ निजकल्पनाए ज्ञान, दर्शन चारित्रादिनुं स्वरूप गमे तेम समजी लईने अथवा निश्चयनयात्मक बोलो शीखी लईने सद्व्यवहार लोपवामां जे प्रवर्ते तेथी आत्मानुं कल्याण थवुं

संभवतुं नथी; अथवा कल्पित व्यवहारना दुराग्रहमां रोकाई रहीने प्रवर्ततां पण जीवने कल्याण थवुं संभवतुं नथी.

[ ६४८/९१८ ]

११३ अनादिथी चपळ एवुं मन स्थिर करवुं. प्रथम अत्यंतपणे सामुं थाय एमां कांई आश्चर्य नथी. क्रमे करीने ते मनने महात्माओए स्थिर कर्युं छे, शमाव्युं–क्षय कर्युं ए खरेखर आश्चर्यकारक छे. [ ६४९/९२५ ]

११४ चक्रवर्तीनी समस्त संपत्ति करतां पण जेनो एक समयमात्र पण विशेष मूल्यवान छे एवो आ मनुष्यदेह अने परमार्थने अनुकूळ एवा संप्राप्त छतां जो जन्ममरणथी रहित एवा परमपदनुं ध्यान रह्युं नहीं तो आ मनुष्यत्वने अधिष्ठित एवा आत्माने अनंतवार धिक्कार हो! [ ६५२/९३५ ]

११५ चिंतन जेनाथी प्राप्त थाय ते मणिने चिंतामणि कह्यो छे; ए ज आ मनुष्यदेह छे, के जे देहना योगमां आत्यंतिक एवा सर्व दुःखना क्षयनी चिंतिता धारी तो पार पडे छे.

अचिंत्य जेनुं माहात्म्य छे एवुं सत्संगरूपी कल्पवृक्ष प्राप्त थये जीव दरिद्र रहे — एम बने तो आ जगतने विषे ते अगियारमुं आश्चर्य ज छे. [ ६५२/९३६ ]

११६ लोकसंज्ञा जेनो जिंदगीनो ध्रुवकांटो छे, ते जिंदगी गमे तेवी श्रीमंतता, सत्ता के कुटुंब परिवारादि योगवाळी होय तोपण ते दुःखनो ज हेतु छे. आत्मशांति जे जिंदगीनो ध्रुवकांटो छे, ते जिंदगी गमे तो एकाकी, निर्धन अने निर्वस्त्र होय तो पण परमसमाधिनुं स्थान छे. [ ६५८/९४९ ]

ज्ञानीओनो सनातन सन्मार्ग जयवंत वर्तो!

---

# ९
# आत्मचर्या
## (१) पत्रोमांथी
### १
### सरस्वतीनो अवतार

[१३३/१८]

ववाणिया, मि. २. ६–१–८–१९४२

**मुगटमणि रवजीभाई देवराजनी पवित्र जनाबे,**

ववाणिया बंदरथी वि. रायचंद वि. रवजीभाई महेताना प्रेमपूर्वक प्रणाम मान्य करशोजी. अत्रे हुं धर्म-प्रभाव वृत्तिथी कुशळ छुं. आपनी कुशळता चाहुं छुं. आपनो दिव्य प्रेमभावभूषित पत्र मने मळ्यो, वांचीने अत्यानंदार्णवतरंग रेलाया छे; दिव्य प्रेम अवलोकन करीने परम स्मरण आपनुं ऊपज्युं छे. आवा प्रेमी पत्रो निरंतर मळवा विज्ञापना छे अने ते स्वीकृत करवी आपने हस्तगत छे. एटले चिंता जेवुं नथी. आपे मागेला प्रश्नोनो उत्तर अहीं आगळ आपो जवानो रजा लउं छुं.

प्रवेशक :— आपनुं लखवुं उचित छे. स्वस्वरूप चीतरतां मनुष्य खचकाई जाय खरो. परंतु स्वस्वरूपमां ज्यारे आत्मस्तुतिनो किंचित् भाग भळे त्यारे, नहीं तो नहीं ज, आम मारुं मत छे. आत्मस्तुतिनो सामान्य अर्थ पण आम थाय छे के पोतानी जूठी आपवडाई चीतरवी. अन्यथा आत्मस्तुतिनुं

उपनाम पामे छे, परंतु खरुं लखाण तेम पामतुं नथी; अने ज्यारे खरुं स्वरूप आत्मस्तुति गणाय तो पछी महात्माओ प्रख्यातिमां आवे ज केम? माटे स्वस्वरूपनो सत्यता किंचित् आपनी मागणी उपरथी जणावतां अहीं आगळ में आंचको खाधो नथी, अने ते प्रमाणे करतां न्यायपूर्वक हुं दोषित पण थयेलो नथी.

(अ) पंडित लालाजी मुंबई निवासीनां अवधानो संबंधी आपे बहुये वांच्युं हशे. एओ पंडितराज अष्टावधान करे छे, ते हिंदप्रसिद्ध छे.

आ लखनार बावन अवधान जाहेरमां एक वखते करी चूक्यो छे; अने तेमां ते विजयवंत ऊतरी शक्यो छे. ते बावन अवधान :

१. त्रण जण साथे चोपाटे रम्या जवुं १

२. त्रण जण साथे गंजीफे रम्या जवुं १

३. एक जण साथे शेतरंजे रम्या जवुं १

४. झालरना पडता टकोरा गणता जवुं १

५. सरवाळा, बादबाकी, गुणाकार अने भागाकार मनमां गण्या जवुं ४

६. माळाना पारामां लक्ष आपी गणतरो करवी १

७. आठेक नवी समस्याओ पूर्ण करवी ८

८. सोळ नवा विषयो विवादकोए मागेला वृत्तमां अने विषयो पण मागेला — रचता जवुं १६

९. ग्रीक, अंग्रेजी, संस्कृत, आरबी, लॅटिन, उर्दू, गुर्जर, मरेठी, बंगाळी, मरु, जाडेजी आदि सोळ भाषाना चारसें

शब्दो अनुक्रम विहीनना कर्ता कर्म सहित पाछा अनुक्रम सहित कही आपवा. वच्चे बीजां काम पण कर्ये जवां १६

१०. विद्यार्थीने समजाववो १

११. केटलाक अलंकारना विचार २

५२

आम करेलां बावन अवधानने लखाण संबंधे अहीं आगळ पूर्णाहुति थाय छे.

आ बावन कामो एक वखते मनःशक्तिमां साथे धारण करवां पडे छे. वगर भणेली भाषाना विकृत अक्षरो सुकृत करवा पडे छे. टूंकामां आपने कही दउं छुं के आ सघळुं याद ज रही जाय छे. (हजु सुधी कोई वार गयुं नथी.) आमां केटलुंक मार्मिक समजवुं रही जाय छे. परंतु दिलगीर छुं के ते समजाववुं प्रत्यक्षने माटे छे. एटले अहीं आगळ चीतरवुं वृथा छे. आप निश्चय करो के आ एक कलाकनुं केटलुं कौशल्य छे? टूंको हिसाब गणीए तोपण बावन श्लोक तो एक कलाकमां याद रह्या के नहीं? सोळ नवा, आठ समस्या, सोळ जुदी जुदी भाषाना अनुक्रम विहीनना अने बार बीजां काम मळी एक विद्वाने गणती करतां मान्युं हतुं के ५०० श्लोकनुं स्मरण एक कलाकमां रही शके छे. आ वात हवे अहीं आगळ एटलेथी ज पतावी दईए छीए.

(आ) तेर महिना थयां देहोपाधि अने मानसिक व्याधिना परिचयथी केटलीक शक्ति दाटी मूक्या जेवी ज थई गई छे.

( बावन जेवां सो अवधान तो हजु पण थई शके छे ) नहीं तो आप गमे ते भाषाना सो श्लोको एक वखत बोली जाओ तो ते पाछा तेवी ज रीते यादीमां राखी बोली देखाडवानी समर्थता आ लखनारमां हती. अने ते माटे तथा अवधानोने माटे 'सरस्वतीनो अवतार' एवुं उपनाम आ मनुष्यने मळेलुं छे. अवधान ए आत्मशक्तिनुं कर्तव्य मने स्वानुभवथी जणायुं छे. आपनो प्रश्न आवो छे के "एक कलाकमां सो श्लोक स्मरणभूत रही शके ?" त्यारे तेनो मार्मिक खुलासो उपरना विषयो करशे, एम जाणी अहीं आगळ जगा रोकी नथी. आश्चर्य, आनंद अने संदेहमांथी हवे जे आपने योग्य लागे ते ग्रहण करो.

( इ ) मारी शी शक्ति छे? कंई ज नथी. आपनी शक्ति अद्भुत छे. आप मारे माटे आश्चर्य पामो छो, तेम हुं आपने माटे आनंद पामुं छुं.

आप काशीक्षेत्र तरफ सरस्वती साध्य करवा पधारनार छो. आम वांचीने अत्यानंदमां हुं कुशळ थयो छुं. वारु! आप न्याय शास्त्र कयुं कहो छो? गौतम मुनिनुं के मनुस्मृति, हिंदुधर्म शास्त्र, मिताक्षरा, व्यवहार, मयूख आदि प्राचीन न्यायग्रंथो के हमणांनुं ब्रिटिश लॉ प्रकरण? आनो खुलासो हुं नथी समज्यो. मुनिनुं न्यायशास्त्र मुक्ति प्रकरणमां जाय तेम छे. बीजा ग्रंथो राज्य प्रकरणमां — "ब्रिटिशमां माठां" जाय छे; त्रीजा खास ब्रिटिशने ज माटे छे, परंतु ते अंग्रेजी. त्यारे हवे एमांथी आपे कोने पसंद कर्युं छे? ते मर्म खुल्लो थवो जोईए. मुनिशास्त्र अने प्राचीन शास्त्र सिवाय जो गण्युं होय

तो ए अभ्यास काशीनो नथी. परंतु मॅट्रिक्युलेशन पसार थया पछी मुंबई-पूनानो छे, बीजां शास्त्रो समयानुकूळ नथी. आ आपनो विचार जाण्या विना ज वेतर्यु छे. परंतु वेतरवामां पण एक कारण छे. शुं? तो आपे साथे अंग्रेजी विद्याभ्यासनुं लख्युं छे ते, हुं धारूं छुं के एमां कंई आप भूलथाप खाता हशो. मुंबई करतां काशी तरफ अंग्रेजी अभ्यास कंई उत्कृष्ट नथी, ज्यारे उत्कृष्ट न होय त्यारे आघुं पगलुं भरवानो हेतु बीजो हशे, आप चीतरो त्यारे दर्शित थाय. त्यां सुधी शंकाग्रस्त छुं.

१. मने अभ्यास संबंधी पूछ्युं छे, तेमां खुलासो जे देवानो छे, ते उपरनी कलमनी समजण फेर सुधी दई शकतो नथी; अने जे खुलासो हुं आपवानो छुं ते दलीलोथी आपीश.

ज्ञानवर्धक सभाना तंत्रीनो उपकार मानुं छुं, एओ आ अनुचरने माटे तस्दो ले छे ते माटे.

आ सघळा खुलासा टूंकामां पताव्या छे. विशेष जोईए तो मागो.

---

## २

## मारो धर्म

[१६९/३७]

मुंबई बंदर, आसो वद २, गुरु, १९४४

पार्श्वनाथ परमात्माने नमस्कार

प्रिय भाई सत्याभिलाषी उजमसी,

राजनगर

तमारुं हस्तलिखित शुभपत्र मने काले सायंकाले मल्युं. तमारी तत्त्व जिज्ञासा माटे विशेष संतोष थयो.

जगतने रुडुं देखाडवा अनंतवार प्रयत्न कर्युं; तेथी रुडुं थयुं नथी. केमके परिभ्रमण अने परिभ्रमणना हेतुओ हजु प्रत्यक्ष रह्या छे. एक भव जो आत्मानुं रुडुं थाय तेम व्यतीत करवामां जशे, तो अनंतभवनुं साटुं वळी रहेशे, एम हुं लघुत्वभावे समज्यो छुं; अने तेम करवामां ज मारी प्रवृत्ति छे. आ महाबंधनथी रहित थवामां जे जे साधन, पदार्थ श्रेष्ठ लागे, ते ग्रहवा ए ज मान्यता छे, तो पछी ते माटे जगतनी अनुकूळता–प्रतिकूळता शुं जोवी? ते गमे तेम बोले पण आत्मा जो बंधनरहित थतो होय, समाधिमय दशा पामतो होय तो तेम करी लेवुं. एटले कीर्तिअपकीर्तिथी सर्वकाळने माटे रहित थई शकाशे.

अत्यारे ए वगेरे एमना पक्षना लोकोना जे विचारो मारे माटे प्रवर्ते छे, ते मने ध्यानमां स्मृत छे; पण विस्मृत करवा ए ज श्रेयस्कर छे. तमे निर्भय रहेजो. मारे माटे कोई कंई कहे ते सांभळी मौन रहेजो; तेओने माटे कंई शोक-हर्ष करशो नहीं. जे पुरुष पर तमारो प्रशस्त राग छे, तेना ईष्टदेव परमात्मा जिन, महायोगींद्र पार्श्वनाथादिकनुं स्मरण राखजो अने जेम बने तेम निर्मोही थई मुक्त दशाने इच्छजो. जीवितव्य के जीवनपूर्णता संबंधी कंई संकल्प-विकल्प करशो नहीं. उपयोग शुद्ध करवा आ जगतना संकल्प विकल्पने भूली जजो; पार्श्वनाथादिक योगीश्वरनी दशानी स्मृति करजो; अने ते ज अभिलाषा राख्या रहेजो, ए ज तमने पुनः पुनः आशीर्वादपूर्वक मारी शिक्षा छे. आ अल्पज्ञ आत्मा पण ते पदनो अभिलाषी अने ते पुरुषनां चरणकमळमां तल्लीन थयेलो दीन शिष्य छे. तमने तेवी श्रद्धानी ज शिक्षा दे छे. वीरस्वामीनुं बोधेलुं द्रव्य, क्षेत्र, काळ अने

भावथी सर्वस्वरूप यथातथ्य छे, ए भूलशो नहीं. तेनी शिक्षानी कोई पण प्रकारे विराधना थई होय, ते माटे पश्चात्ताप करजो. आ काळनी अपेक्षाए मन, वचन, काया आत्मभावे तेना खोळामां अर्पण करो, ए ज मोक्षनो मार्ग छे. जगतना सघळा दर्शननी —मतनी श्रद्धाने भूली जजो; जैन संबंधी सर्व ख्याल भूली जजो; मात्र ते सत्पुरुषोना अद्भुत, योगस्फुरित चरित्रमां ज उपयोगने प्रेरशो.

आ तमारा मानेला 'मुरब्बी' माटे कोई पण प्रकारे हर्ष-शोक करशो नहीं; तेनी इच्छा मात्र संकल्प-विकल्पथी रहित थवानी ज छे; तेने अने आ विचित्र जगतने कंई लागतुंवळगतुं के लेवादेवा नथी. एटले तेमांथी तेने माटे गमे ते विचारो बंधाय के बोलाय, ते भणी हवे जवा इच्छा नथी. जगतमांथी जे परमाणु पूर्वकाळे भेळां कर्यां छे ते हळवे हळवे तेने आपी दई ऋणमुक्त थवुं, ए ज तेनी सदा सउपयोगी, वहाली, श्रेष्ठ अने परम जिज्ञासा छे; बाकी तेने कंई आवडतुं नथी; ते बीजुं कंई इच्छतो नथी; पूर्वकर्मना आधारे तेनुं सघळुं विचरवुं छे; एम समजी परम संतोष राखजो; आ वात गुप्त राखजो. केम आपणे मानीए छीए, अथवा केम वर्तीए छीए ते जगतने देखाडवानी जरूर नथी; पण आत्माने आटलुं ज पूछवानी जरूर छे, के जो मुक्तिने इच्छे छे तो संकल्प-विकल्प, राग-द्वेषने मूक अने ते मूकवामां तने कंई बाधा होय तो ते कहे. ते तेनी मेळे मानी जशे अने ते तेनी मेळे मूकी देशे.

ज्यां त्यांथी राग-द्वेष रहित थवुं ए ज मारो धर्म छे; अने ते तमने अत्यारे बोधी जउं छुं. परस्पर मळीशुं त्यारे

हवे तमने कंई पण आत्मत्व साधना बतावाशे तो बतावीश. बाकी धर्ममें उपर कह्यो ते ज छे अने ते ज उपयोग राखजो. उपयोग ए ज साधना छे. विशेष साधना ते मात्र सत्पुरुषनां चरणकमळ छे; ते पण कही जउं छुं.

आत्मभावमां सघळुं राखजो; धर्मध्यानमां उपयोग राखजो; जगतना कोई पण पदार्थ, सगां, कुटुंबी मित्रनो कंई हर्ष-शोक करवो योग्य ज नथी. परमशांतिपदने इच्छीए ए ज आपणो सर्वसम्मतधर्म छे अने ए ज इच्छामां ने इच्छामां ते मळी जशे, माटे निश्‍चिंत रहो. हुं कोई गच्छमां नथी; पण आत्मामां छुं; ए भूलशो नहीं.

देह जेनो धर्मोपयोग माटे छे, ते देह राखवा जे प्रयत्न करे छे, ते पण धर्मने माटे ज छे.

वि० रायचंद्र

---

## ३
## लघुवये तत्त्वज्ञानी

[ १९५/७७ ]

वि. सं. १९४५

"सुखकी सहेली हे, अकेली उदासीनता"
अध्यात्मनी जननी ते उदासीनता.
लघु वयथी अद्‍भुत थयो, तत्त्वज्ञाननो बोध;
ए ज सूचवे एम के, गति आगति कां शोध? १
जे संस्कार थवो घटे, अति अभ्यासे कांय;
विना परिश्रम ते थयो, भवशंका शी त्यांय? २

जेम जेम मति अल्पता, अने मोह उद्योत;
तेम तेम भवशंकना, अपात्र अंतर ज्योत. ३
करी कल्पना दृढ करे, नाना नास्ति विचार;
पण अस्ति ते सूचवे, ए ज खरो निर्धार. ४
आ भव वण भव छे नहीं, ए ज तर्क अनुकूळ;
विचारतां पामी गया, आत्मधर्मनुं मूळ. ५

---

## ४

## दर्शन परिषह

[ १९७/८२ ]

वि. सं. १९४५

दुखियां मनुष्योनुं प्रदर्शन करवामां आव्युं होय तो खचीत तेना शिरोभागमां हुं आवी शकुं. आ मारां वचनो वांचीने कोई विचारमां पडी जई, भिन्न भिन्न कल्पनाओ करशे अने कां तो भ्रम गणी वाळशे; पण तेनुं समाधान अहीं ज टपकावी दउं छुं. तमे मने स्त्री संबंधी कंई दुःख लेखशो नहीं, लक्ष्मी संबंधी दुःख लेखशो नहीं, पुत्र संबंधी लेखशो नहीं, कीर्त्ति संबंधी लेखशो नहीं; भय संबंधी लेखशो नहीं; काया संबंधी लेखशो नहीं; अथवा सर्वथी लेखशो नहीं; मने दुःख बीजी रीतनुं छे. ते दरद वातनुं नथी; कफनुं नथी के पित्तनुं नथी; ते शरीरनुं नथी, वचननुं नथी के मननुं नथी. गणो तो बधांयनुं छे अने न गणो तो एक्केनुं नथी; परंतु मारी विज्ञापना ते नहीं गणवा माटे छे, कारण एमां कोई ओर मर्म रह्यो छे. तमे जरूर मानजो, के हुं विना-दिवानापणे आ कलम चलावुं छुं. राजचंद्र नामथी ओळखातो ववाणिया

नामना नाना गामनो, लक्ष्मीमां साधारण एवो पण आर्य तरीके ओळखाता दशाश्रीमाळी — वैश्यनो पुत्र गणाउं छुं. आ देहमां मुख्ये बे भव कर्या छे, अमुख्यनो हिसाब नथी. नानपणनी नानी समजणमां कोण जाणे क्यांथीये मोटी कल्पनाओ आवती. सुखनो जिज्ञासा पण ओछी नहोती अने सुखमां पण महालय, बागबगीचा, लाडीवाडीनां कंईक मान्यां हतां; मोटी कल्पना ते आ बधुं शुं छे? तेनी हती. ते कल्पनानुं एक वार एवुं रूप दीठुं के, पुनर्जन्मे नथी, पापे नथी, पुण्ये नथी, सुखे रहेवुं अने संसार भोगववो ए ज कृतकृत्यता छे. एमांथी बीजी पंचातमां नहीं पडतां, धर्मनी वासनाओ काढी नाखी. कोई धर्म माटे न्यूनाधिक के श्रद्धाभावपणुं रह्युं नहीं. थोडो वखत गया पछी एमांथी ओर ज थयुं. जे थवानुं में कल्प्युं नहोतुं, तेम ते माटे मारा ख्यालमां होय एवुं कंई मारुं प्रयत्न पण नहोतुं, छतां अचानक फेरफार थयो; कोई ओर अनुभव थयो, अने जे अनुभव प्राये शास्त्रमां लेखित न होय, जडवादीओनी कल्पनामां पण नथी, तेवो हतो. ते क्रमे करीने वध्यो; वधीने अत्यारे एक 'तुंहि तुंहि' नो जाप करे छे. हवे अहीं समाधान थई जशे. आगळ जे मळ्यां नहीं होय, अथवा भयादिक हशे, तेथी दुःख हशे तेवुं कंई नथी, एम खचीत समजाशे. स्त्री सिवाय बीजो कोई पदार्थ खास करीने मने रोकी शकतो नथी. बीजा कोई पण संसारी साधने मारी प्रीति मेळवी नथी, तेम कोई भये मने बहुलताए घेर्यो नथी. स्त्रीना संबंधमां जिज्ञासा ओर छे अने वर्तना ओर छे. एक पक्षे तेनुं केटलाक काळ सुधी सेवन करवुं सम्मत कर्युं छे. तथापि त्यां सामान्य

प्रीति–अप्रीति छे. पण दु:ख ए छे के जिज्ञासा नथी छतां पूर्व कर्म कां घेरे छे ? एटलेथी पततुं नथी, पण तेने लीधे नहीं गमता पदार्थोने जोवा, सूंघवा, स्पर्शवा पडे छे अने ए ज कारणथी प्राये उपाधिमां बेसवुं पडे छे.

महारंभ, महापरिग्रह, क्रोध, मान, माया, लोभ के एवुं तेवुं जगतमां कंई ज नथी. एम विस्मरणध्यान करवाथी परमानंद रहे छे. तेने उपरनां कारणोथी परमानंद रहे छे. तेने उपरनां कारणोथी जोवां पडे छे. ए महा खेद छे. अंतरग-चर्या पण कोई स्थळे खोली शकाती नथी. एवां पात्रोनी दुर्लभता मने थई पडी ए ज महा दु:खमता कहो.

---

## ५

## तत्त्वज्ञाननी ऊंडी गुफा

[ १९८/८३ ]

वि. सं. १९४५

अत्र कुशळता छे; आपना तरफनी इच्छुं छुं. आजे आपनुं जिज्ञासु पत्र मळ्युं. ते जिज्ञासु पत्रना उत्तर बदल जे पत्र मोकलवुं जोईए ते पत्र आ छे :—

आ पत्रमां गृहाश्रमसंबंधी मारा केटलाक विचारो आपनी समीप मूकुं छुं. ए मूकवानो हेतु मात्र एटलो ज छे के, कोई पण प्रकारना उत्तम क्रममां आपनुं जीवन–वलण थाय, अने ते क्रम ज्यारथी आरंभवो जोईए ते काळ हमणां ज आपनी पासे आरंभायो छे; एटले ते क्रम जणाववानो उचित समय छे; तेम जणावेला क्रमना विचारो घणा संस्कारिक

होईने पत्र वाटे नीकळ्या छे; आपने तेम ज कोई पण आत्मोन्नति वा प्रशस्त क्रमने इच्छनारने ते खचीत वधारे उपयोगी थई पडशे एम मान्यता छे.

तत्त्वज्ञाननी ऊंडी गुफानुं दर्शन करवा जईए तो, त्यां नेपथ्यमांथी एवो ज ध्वनि नीकळशे के, तमे कोण छो? क्यांथी आव्या छो? केम आव्या छो? तमारी समीप आ सघळुं शुं छे? तमारी तमने प्रतीति छे? तमे विनाशी, अविनाशी वा कोई त्रिराशी छो? एवा अनेक प्रश्नो हृदयमां ते ध्वनि प्रवेश करशे; अने ए प्रश्नोथी ज्यां आत्मा घेरायो त्यां पछी बीजा विचारोने बहु ज थोडो अवकाश रहेशे; यदि ए विचारोथी ज छेवटे सिद्धि छे; ए ज विचारोना विवेकथी जे अव्याबाध सुखनी इच्छा छे, तेनी प्राप्ति थाय छे, ए ज विचारोना मननथी अनंत काळनुं मूंझन टळवानुं छे; तथापि ते सर्वने माटे नथी. वास्तविक दृष्टिथी जोतां तेने छेवट सुधी पामनारा पात्रोनी न्यूनता बहु छे; काळ फरी गयो छे; ए वस्तुनो अधीराई अथवा अशौचताथी अंत लेवा जतां झेर नीकळे छे; अने भाग्यहीन अपात्र बन्ने लोकथी भ्रष्ट थाय छे; एटला माटे अमुक संतोने अपवादरूप मानी बाकीनाओने ते क्रममां आववा, ते गुफानुं दर्शन करवा घणा वखत सुधी अभ्यासनी जरूर छे; कदापि ते गुफादर्शननी तेनी इच्छा न होय तोपण पोतानां आ भवनां सुखने अर्थे पण जन्म्या तथा मूआनी वच्चेनो भाग कोई रीते गाळवा माटे पण ए अभ्यासनी खचीत जरूर छे. ए कथन अनुभवगम्य छे, घणाने ते अनुभवमां आव्युं छे. घणा आर्य सत्पुरुषो ते माटे विचार करी गया छे; तेओए ते पर अधिकाधिक मनन

कर्युं छे. आत्माने शोधी, तेना अपार मार्गमांथी थयेली प्राप्तिना घणाने भाग्यशाळी थवाने माटे, अनेक क्रम बांध्या छे; ते महात्मा जयवान हो! अने तेने त्रिकाळ नमस्कार हो!

आपणे थोडी वार तत्त्वज्ञानगी गुफानी विस्मरणा करी, आर्योए बोधेला अनेक क्रम पर आववा माटे परायण छीए, ते समयमां जणावी जवुं योग्य ज छे के, पूर्णाह्लादकर जेने मान्युं छे, परम सुखकर, हितकर, अने हृदयमय जेने मानेल छे, तेम छे, अनुभवगम्य छे, ते तो ते ज गुफानो निवास छे; अने निरंतर तेनी ज जिज्ञासा छे. अत्यारे कंई ते जिज्ञासा पूर्ण थवानां चिह्न नथी, तोपण क्रमे, एमां आ लेखनो पण जय थशे एवी तेनी खचीत शुभाकांक्षा छे, अने तेम अनुभवगम्य पण छे. अत्यारथी ज जो योग्य रीते ते क्रमनी प्राप्ति होय तो, आ पत्र लखवा जेटली खोटी करवा इच्छा नथी; परंतु काळनो कठिनता छे; भाग्यनी मंदता छे; संतोनी कृपादृष्टि दृष्टिगोचर नथी; सत्संगनी खामी छे; त्यां कंई ज —

तोपण ते क्रमनुं बीज हृदयमां अवश्य रोपायुं छे, अने ए ज सुखकर थयुं छे. सृष्टिना राज्यथी जे सुख मळवा आशा नहोती, तेम ज कोई पण रीते गमे तेवा औषधथी, साधनथी, स्त्रीथी, पुत्रथी, मित्रथी के बीजा अनेक उपचारथी जे अंतर्शांति थवानी नहोती ते थई छे. निरंतरनी — भविष्यकाळनी — भीति गई छे अने एक साधारण उपजीवनमां प्रवर्तती एवो आ तमारो मित्र एने ज लईने जीवे छे, नहीं तो जीववानी खचीत शंका ज हती; विशेष शुं कहेवुं? आ भ्रमणा नथी, वहेम नथी, खचीत सत्य ज छे. ए त्रिकाळमां

एक ज परमप्रिय अने जीवनवस्तुनी प्राप्ति, तेनुं बीजारोपण केम वा केवा प्रकारथी थयुं ए व्याख्यानो प्रसंग अहीं नथी, परंतु खचोत ए ज मने त्रिकाळ सम्मत हो ! एटलुं ज कहेवानो प्रसंग छे, कारण लेखसमय बहु टूंको छे.

ए प्रियजीवन सर्व पामी जाय, सर्व एने योग्य होय, सर्वने ए प्रिय लागे, सर्वने एमां रुचि थाय, एवुं भूतकाळे बन्युं नथी, वर्तमानकाळे बनतुं नथी, अने भविष्यकाळे पण बनवुं असंभवित छे; अने ए ज कारणथी आ जगतनी विचित्रता त्रिकाळ छे.

मनुष्य सिवायनी प्राणीनी बीजी जाति जोईए छीए, तेमां तो ए वस्तुनो विवेक जणातो नथी; हवे जे मनुष्य रह्यां, ते सर्व मनुष्यमां पण तेम देखी शकशो नहीं.

[ अपूर्ण ]

६

## समुच्चयवयचर्या

[२०३/८९]

मुंबई, कारतक सुद १५, १९४६

संवत १९२४ना कार्तिक सुदि १५, रविए मारो जन्म होवाथी आजे मने सामान्य गणतरीथी बावीस वर्ष पूरां थयां. बावीस वर्षनी अल्प वयमां में अनेक रंग आत्मा संबंधमां, मन संबंधमां, वचन संबंधमां, तन संबंधमां अने धन संबंधमां दीठा छे. नाना प्रकारनी सृष्टिरचना, नाना प्रकारनां संसारी मोजां, अनंतदु:खनुं मूळ, ए बधांनो अनेक प्रकारे मने अनुभव थयो छे. समर्थ तत्त्वज्ञानीओए अने समर्थ

नास्तिकोए जे जे विचारो कर्या छे ते जातिना अनेक विचारो ते अल्प वयमां में करेला छे. महान चक्रवर्तीए करेला तृष्णाना विचार अने एक निःस्पृही महात्माए करेला निस्पृहाना विचार में कर्या छे. अमरत्वनी सिद्धि अने क्षणिकत्वनी सिद्धि खूब विचारी छे. अल्प वयमां महत विचारो करी नाख्या छे. महत विचित्रतानी प्राप्ति थई छे. ए सघळुं बहु गंभीरभावथी आजे हुं दृष्टि दई जोउं छुं तो प्रथमनी मारी ऊगती विचारश्रेणी, आत्मदशा अने आजने आकाशपाताळनुं अंतर छे; तेनो छेडो अने आनो छेडो कोई काळे जाणे मळ्यो मळे तेम नथी. पण शोच करशो के एटली बधी विचित्रतानुं कोई स्थळे लेखन-चित्रन कर्युं छे के कंई नहीं? तो त्यां एटलुं ज कही शकीश के लेखन-चित्रन सघळुं स्मृतिना चित्रपटमां छे. बाकी पत्र-लेखिनीनो समागम करी जगतमां दर्शाववानुं प्रयत्न कर्युं नथी. यदि हुं एम समजी शकुं छुं के ते वयचर्या जनसमूहने बहु उपयोगी, पुनः पुनः मनन करवा योग्य, अने परिणामे तेओ भणीथी मने श्रेयनी प्राप्ति थाय तेवी छे; पण मारी स्मृतिए ते परिश्रम लेवानो मने चोख्खी ना कही हती, एटले निरूपायताथी क्षमा इच्छो लउं छुं. पारिणामिक विचारथी ते स्मृतिनो इच्छाने दबावी ते ज स्मृतिने समजावी, ते वयचर्या धीरे धीरे बनशे तो, अवश्य धवळ-पत्र पर मूकीश; तोपण समुच्चयवयचर्या संभारी जउं छुं :—

सात वर्ष सुधी एकांत बाळवयनी रमतगमत सेवी हती. एटलुं मने ते वेळा माटे स्मृतिमां छे के विचित्र कल्पना — कल्पनानुं स्वरूप के हेतु समज्या वगर — मारा आत्मामां

थया करती हती. रमतगमतमां पण विजय मेळववानी अने राजेश्वर जेवी ऊंची पदवी मेळववानी परम जिज्ञासा हती. वस्त्र पहेरवानी, स्वच्छ राखवानी, खावापीवानी, सूवाबेसवानी, बधी विदेही दशा हती; छतां हाड गरीब हतुं. ए दशा हजु बहु सांभरे छे. अत्यारनुं विवेकी ज्ञान ते वयमां होत तो मने मोक्ष माटे झाझी जिज्ञासा रहेत नहीं. एवी निरपराधी दशा होवाथी पुनः पुनः ते सांभरे छे.

सात वर्षथी अगियार वर्ष सुधीनो काळ केळवणी लेवामां हतो. आजे मारी स्मृति जेटली ख्याति भोगवे छे, तेटली ख्याति भोगववाथी ते कंईक अपराधी थई छे; पण ते काळे निरपराधी स्मृति होवाथी एक ज वार पाठनुं अवलोकन करवुं पडतुं हतुं; छतां ख्यातिनो हेतु नहोतो, एटले उपाधि बहु ओछी हती. स्मृति एवी बळवत्तर हती के जेवी स्मृति बहु थोडा ज मनुष्योमां आ काळे, आ क्षेत्रे हशे. अभ्यासमां प्रमादी बहु हतो. वातडाह्यो, रमतियाळ अने आनंदी हतो. पाठ मात्र शिक्षक वंचावे ते ज वेळा वांची तेनो भावार्थ कही जतो. ए भणीनी निश्चितता हती. ते वेळा प्रीति — सरळ वात्सल्यता — मारामां बहु हती; सर्वथी एकत्व इच्छतो; सर्वमां भ्रातृभाव होय तो ज सुख, ए मने स्वाभाविक आवड्युं हतुं. लोकोमां कोई पण प्रकारथी जुदाईना अंकुरो जोतो के मारुं अंतःकरण रडी पडतुं. ते वेळा कल्पित वातो करवानी मने बहु टेव हती. आठमा वर्षमां में कविता करी हती; जे पाछळथी तपासतां समाप हती.

अभ्यास एटली त्वराथी करी शक्यो हतो के जे माणसे मने प्रथम पुस्तकनो बोध देवो शरू कर्यो हतो, तेने ज गुजराती केळवणी ठीक पामीने ते ज चोपडीनो पाछो में बोध कर्यो हतो. त्यारे केटलाक काव्यग्रंथो में वांच्या हता. तेम ज अनेक प्रकारना बोधग्रंथो — नाना — आडाअवळा में जोया हता; जे प्राये हजु स्मृतिमां रह्या छे. त्यां सुधी माराथी स्वाभाविक रीते भद्रिकपणुं ज सेवायुं हतुं; हुं माणस जातनो बहु विश्वासु हतो; स्वाभाविक सृष्टिरचना पर मने बहु प्रीति हती.

मारा पितामह कृष्णनी भक्ति करता हता. तेमनी पासे ते वयमां कृष्णकीर्तनना पदो में सांभळ्यां हतां; तेम ज जुदा जुदा अवतारो संबंधी चमत्कारो सांभळ्या हता, जेथी मने भक्तिनी साथे ते अवतारोमां प्रीति थई हती, अने रामदासजी नामना साधुनी समीपे में बाळलीलामां कंठी बंधावी हती; नित्य कृष्णनां दर्शन करवा जतो; वखतोवखत कथाओ सांभळतो; वारंवार अवतारो संबंधी चमत्कारमां हुं मोह पामतो अने तेने परमात्मा मानतो, जेथी तेनुं रहेवानुं स्थळ जोवानी परम जिज्ञासा हती. तेना संप्रदायना महंत होईए, स्थळे स्थळे चमत्कारथी हरिकथा करता होईए अने त्यागी होईए तो केटली मजा पडे? ए ज विकल्पना थया करती; तेम ज कोई वैभवी भूमिका जोतो के समर्थ वैभवी थवानी इच्छा थती; 'प्रवीणसागर' नामनो ग्रंथ तेवामां में वांच्यो हतो; ते वधारे समज्यो नहोतो; छतां स्त्री संबंधी नाना प्रकारनां सुखमां लीन होईए अने निरुपाधिपणे कथाकथन श्रवण करता

होईए तो केवी आनंददायक दशा, ए मारी तृष्णा हती; गुजराती भाषानी वाचनमाळामां जगतकर्ता संबंधी केटलेक स्थळे बोध कर्यो छे ते मने दृढ थई गयो हतो, जेथी जैन लोको भणी मारी बहु जुगुप्सा हती; बनाव्या वगर कोई पदार्थ बने नहीं माटे जैन लोको मूर्ख छे, तेने खबर नथी. तेम ज ते वेळा प्रतिमाना अश्रद्धाळु लोकोनी क्रिया मारा जोवामां आवतो हती, जेथी ते क्रियाओ मलिन लागवाथी हुं तेथी बीतो हतो, एटले के ते मने प्रिय नहोती.

जन्मभूमिकामां जेटला वाणियाओ रहे छे, ते बधानी कुळश्रद्धा भिन्न भिन्न छतां कंईक प्रतिमाना अश्रद्धाळुने ज लगती हती, एथी मने ते लोकोनो ज पानारो हतो. पहेलेथी समर्थ शक्तिवाळो अने गामनो नामांकित विद्यार्थी लोको मने गणता, तेथी मारी प्रशंसाने लीधे चाहीने तेवा मंडळमां बेसी मारी चपळशक्ति दर्शाववा हुं प्रयत्न करतो. कंठीने माटे वारंवार तेओ मारी हास्यपूर्वक टीका करता; छतां हुं तेओथी वाद करतो अने समजण पाडवा प्रयत्न करतो. पण हळवे हळवे मने तेमनां प्रतिक्रमणसूत्र इत्यादिक पुस्तको वांचवा मळ्यां; तेमां बहु विनयपूर्वक सर्व जगतज़ीवथी मित्रता इच्छी छे तेथी मारी प्रीति तेमां पण थई अने पेलामां पण रही. हळवे हळवे आ प्रसंग वध्यो. छतां स्वच्छ रहेवाना तेम ज बीजा आचारविचार मने वैष्णवना प्रिय हता अने जगतकर्तानी श्रद्धा हती. तेवामां कंठी तूटी गई, एटले फरीथी में बांधो नहीं. ते वेळा बांधवा न बांधवानुं कंई कारण में शोध्युं नहोतुं. आ मारी तेर वर्षनी वयनी चर्या

छे. पछी हुं मारा पितानी दुकाने बेसतो अने मारा अक्षरनी छटाथी कच्छ दरबारने उतारे मने लखवा माटे बोलावता त्यारे हुं त्यां जतो. दुकाने में नाना प्रकारनी लीलालहेर करी छे. अनेक पुस्तको वांच्यां छे; राम इत्यादिकनां चरित्रो पर कविताओ रची छे; संसारी तृष्णाओ करी छे; छतां कोईने में ओछोअधिको भाव कह्यो नथी, के कोईने में ओछुंअधिकुं तोळी दीधुं नथी, ए मने चोक्कस सांभरे छे.

---

७

## पवित्र दर्शन

[ २०६/९१ ]

मुंबई, कारतक, १९४६

ते पवित्र दर्शन थया पछी गमे ते वर्तन हो, परंतु तेने तीव्र बंधन नथी, अनंत संसार नथी, सोळ भव नथी, अभ्यंतर दुःख नथी, शंकानुं निमित्त नथी, अंतरंग मोहिनी नथी, सत् सत् निरुपम, सर्वोत्तम, शुक्ल, शीतळ, अमृतमय दर्शनज्ञान; सम्यक् ज्योतिर्मय, चिरकाळ आनंदनी प्राप्ति, अद्‌भुत सत्‌स्वरूप-दर्शितानी बलिहारी छे !

ज्यां मतभेद नथी; ज्यां शंका, कंखा, वितिगिच्छा, मूढदृष्टि एमांनुं कांई नथी. छे ते कलम लखी शकती नथी, कथन कही शकतुं नथी, मन जेने मनन करी शकतुं नथी.

छे ते.

---

## ८

## सम्यक्त्व

[ २०७/९५ ]

मुंबई, पोष, १९४६

आवा प्रकारे तारो समागम मने शा माटे थयो? क्यां तारुं गुप्त रहेवुं थयुं हतुं?

सर्व गुणांश ते सम्यक्त्व.

---

## ९

## विवेक

[ २१५/११२ ]

मुंबई, चैत्र, १९४६

मोहाच्छादित दशाथी विवेक न थाय ए खरुं. नहीं तो वस्तुगते ए विवेक खरो छे.

घणुं ज सूक्ष्म अवलोकन राखो.

१. सत्यने तो सत्य ज रहेवा देवुं.

२. करी शको तेटलुं कहो. अशक्यता न छुपावो.

३. एकनिष्ठित रहो.

गमे ते कोई प्रशस्त क्रममां एकनिर्ष्ठित रहो.

वीतरागे खरुं कह्युं छे.

अरे आतमा! स्थितिस्थापक 'दशा ले.

आ दुःख क्यां कहेवुं? अने शाथी टाळवुं?

पोते पोतानो वैरी, ते आ केवी खरी वात छे!

---

१०

## समाधिचर्यानी भीष्म प्रतिज्ञा

[ २१५/११३ ]

मुंबई, वैशाख वद १२, १९४६

*　　*　　*　　*

तत्त्वज्ञाननी गुप्त गुफाना दर्शन लेतां गृहाश्रमथी विरक्त थवानुं अधिकतर सूझे छे, अने खचीत ते तत्त्वज्ञाननो विवेक पण आने ऊग्यो हतो; काळना बळवत्तर अनिष्टपणाने लीधे तेने यथायोग्य समाधिसंगनी अप्राप्तिने लीधे ते विवेकने महाखेदनी साथे गौण करवो पड्यो; अने खरे! जो तेम न थई शक्युं होत तो तेना (आ पत्रलेखकना) जीवननो अंत आवत.

जे विवेकने महाखेदनी साथे गौण करवो पडयो छे, ते विवेकमां ज चित्तवृत्ति प्रसन्न रही जाय छे, बाह्य तेनी प्राधान्यता नथी राखी शकाती ए माटे अकथ्य खेद थाय छे. तथापि ज्यां निरुपायता छे, त्यां सहनता सुखदायक छे, एम मान्यता होवाथी मौनता छे.

कोई कोई वार संगीओ अने प्रसंगीओ तुच्छ निमित्त थई पडे छे; ते वेळा ते विवेक पर कोई जातिनुं आवरण आवे छे, त्यारे आत्मा बहु ज मूंझाय छे. जीवनरहित थवानी, देहत्याग करवानी दुःखस्थिति करतां ते वेळा भयंकर स्थिति थई पडे छे; पण एवुं झाझो वखत रहेतुं नथी; अने एम ज्यारे रहेशे त्यारे खचीत देहत्याग करीश. पण असमाधिथी नहीं प्रवर्तुं एवी अत्यार सुधीनी प्रतिज्ञा कायम चाली आवी छे.

---

## ११

# आनंदना आवरणमां

[२२०/१२६]

ववाणिया, प्र० भाद्र सुद ३, सोम, १९४६

*   *   *   *

ज्ञानीओए कल्पेलो खरेखरो आ कळिकाळ ज छे. जनसमुदायनी वृत्तिओ विषयकषायादिकथी विषमताने पामी छे. एनुं बळवत्तरपणुं प्रत्यक्ष छे. राजसीवृत्तिनुं अनुकरण तेमने प्रिय थयुं छे. तात्पर्य विवेकीओनी अने यथायोग्य उपशमपात्रनी छाया पण मळती नथी. एवा विषमकाळमां जन्मेलो आ देहधारी आत्मा अनादिकाळना परिभ्रमणना थाकथी विश्रांति लेवा आवतां अविश्रांति पामी सपडायो छे. मानसिक चिंता क्यांय कही शकाती नथी. कहेवानां पात्रोनी पण खामी छे; त्यां हवे शुं करवुं? जो के यथायोग्य उपशमभावने पामेलो आत्मा संसार अने मोक्ष पर समवृत्तिवाळो होय छे. एटले अप्रतिबद्धपणे विचरी शके छे; पण आ आत्माने तो हजु ते दशा प्राप्त थई नथी. तेनो अभ्यास छे. त्यां तेने पडखे आ प्रवृत्ति शा माटे ऊभी हशे?

जेनो निरुपायता छे तेनी सहनशीलता सुखदायक छे अने एम ज प्रवर्तन छे; परंतु जीवन पूर्ण थतां पहेलां यथायोग्यपणे नीचेनी दशा आववी जोईए:

१. मन, वचन अने कायाथी आत्मानो मुक्तभाव.

२. मननुं उदासीनपणे प्रवर्तन.

३. वचननुं स्याद्वादपणुं (निराग्रहपणुं).

४. कायानी वृक्षदशा. (आहार–विहारनी नियमितता).

अथवा सर्व संदेहनो निवृत्ति; सर्व भयनुं छूटवुं, अने सर्व अज्ञानो नाश.

अनेक प्रकारे संतोए शास्त्र वाटे तेनो मार्ग कह्यो छे, साधनो बताव्यां छे, योगादिकथी थयेलो पोतानो अनुभव कह्यो छे; तथापि तेथी यथायोग्य उपशमभाव आववो दुर्लभ छे. ते मार्ग छे; परंतु उपादाननी बळवान स्थिति जोईए. उपादाननी बळवान स्थिति थवा निरंतर सत्संग जोईए, ते नथी.

शिशुवयमांथी ज ए वृत्ति ऊगवाथी कोई प्रकारनो परभाषाभ्यास न थई शक्यो. अमुक संप्रदायथी शास्त्राभ्यास न थई शक्यो. संसारना बंधनथी ईहापोहाभ्यास पण न थई शक्यो; अने ते न थई शक्यो तेने माटे कंई बीजी विचारणा नथी. एथी आत्मा अधिक विकल्पी थात (सर्वेने माटे विकल्पीपणुं नहीं, पण एक हुं पोतानी अपेक्षाए कहुं छुं). अने विकल्पादिक क्लेशनो तो नाश ज करवो इच्छयो हतो, एटले जे थयुं ते कल्याणकारक ज; पण हवे श्रीरामने जेम महानुभाव वसिष्ठ भगवाने आ ज दोषनुं विस्मरण कराव्युं हतुं तेम कोण करावे? अर्थात् शास्त्रनो भाषाभ्यास विना पण घणो परिचय थयो छे, धर्मना व्यावहारिक ज्ञाताओनो पण परिचय थयो छे, तथापि आ आत्मानुं आनंदावरण एथी टळे एम नथी, मात्र सत्संग सिवाय, योगसमाधि सिवाय त्यां केम करवुं? आटलुं पण दर्शाववानुं कोई सत्पात्र स्थळ नहोतुं. भाग्योदये आप मळ्या के जेने ए ज रोमे रोमे रुचिकर छे.

---

# १२
# अंतरंग चेष्टा

[२२४/१३३]

ववाणिया, बीजा भादरवा सुद २, भोम, १९४६

आत्मविवेक संपन्न भाईश्री सोभागभाई,

मोरबी.

आजे आपनुं एक पत्र मल्युं. वांची परम संतोष थयो. निरंतर तेवो ज संतोष आपता रहेवा विज्ञप्ति छे.

अत्र जे उपाधि छे, ते एक अमुक कामथी उत्पन्न थई छे; अने ते उपाधि माटे शुं थशे एवी कंई कल्पना पण थती नथी; अर्थात् ते उपाधि संबंधी कंई चिंता करवानी वृत्ति रहेती नथी. ए उपाधि कलिकाळना प्रसंगे एक आगळनी संगतिथी उत्पन्न थई छे. अने जेम ते माटे थवुं हशे तेम थोडा काळमां थई रहेशे. एवी उपाधिओ आ संसारमां आववी, ए कंई नवाईनी वात नथी.

ईश्व पर विश्वास राखवो ए एक सुखदायक मार्ग छे. जेनो दृढ विश्वास होय छे, ते दुःखी होतो नथी, अथवा दुःखी होय तो दुःख वेदतो नथी. उलटुं सुखरूप थई पडे छे.

आत्मेच्छा एवी ज वर्ते छे के संसारमां प्रारब्धानुसार गमे तेवा शुभाशुभ उदय आवो, परंतु तेमां प्रीति अप्रीति करवानो आपणे संकल्प पण न करवो.

रात्रि अने दिवस एक परमार्थ विषयनुं ज मनन रहे छे. आहार पण ए ज छे, निद्रा पण ए ज छे, शयन पण ए

ज छे, स्वप्न पण ए ज छे, भय पण ए ज छे, भोग पण ए ज छे. परिग्रह पण ए ज छे, चलन पण ए ज छे, आसन पण ए ज छे. अधिक शुं कहेवुं? हाड, मांस, अने तेनी मज्जाने एक ज ए ज रंगनुं रंगन छे. एक रोम पण एनो ज जाणे विचार करे छे, अने तेने लीधे नथी कंई जोवुं गमतुं, नथी कंई सूंघवुं गमतुं, नथी कंई सांभळवुं गमतुं; नथी कंई चाखवुं गमतुं के नथी कंई स्पर्शवुं गमतुं, नथी बोलवुं गमतुं के नथी मौन रहेवुं गमतुं, नथी बेसवुं गमतुं के नथी ऊठवुं गमतुं, नथी सूवुं गमतुं नथी जागवुं गमतुं के नथी खावुं गमतुं के नथी भूख्युं रहेवुं गमतुं, नथी असंग गमतो के नथी संग गमतो, नथी लक्ष्मी गमती के नथी अलक्ष्मी गमती एम छे; तथापि ते प्रत्ये आशा निराशा कंई ज ऊगतुं जणातुं नथी. ते हो तोपण भले अने न हो तोपण भले ए कंई दुःखनां कारण नथी. दुःखनुं कारण मात्र विषमात्मा छे, अने ते जो सम छे तो सर्व सुख ज छे. ए वृत्तिने लीधे समाधि रहे छे. तथापि बहारथी गृहस्थपणानी प्रवृत्ति नथी थई शकती, देहभाव देखाडवो पालवतो नथी, आत्मभावथी प्रवृत्ति बाह्यथी करवाने केटलोक अंतराय छे. त्यारे हवे केम करवुं? कया पर्वतनी गुफामां जवुं अने अलोप थई जवुं, ए ज रटाय छे. तथापि बहारनी अमुक संसारी प्रवृत्ति करवी पडे छे. ते माटे शोक तो नथी, तथापि सहन करवा जीव इच्छतो नथी, परमानंद त्यागी एने इच्छे पण केम? अने ए ज कारणथी ज्योतिषादिक तरफ हाल चित्त नथी. गमे तेवां भविष्यज्ञान अथवा सिद्धिओनी इच्छा नथी. तेम तेओनो उपयोग करवामां उदासीनता रहे

छे. तेमां हाल तो अधिक ज रहे छे. माटे ए ज्ञान संबंधे चित्तनी स्वस्थताए विचारी मागेला प्रश्नो संबंधी लखीश अथवा समागमे जणावीश.

जे प्राणीओ एवा प्रश्नना उत्तर पामवाथी आनंद माने छे तेओ मोहाधीन छे, अने तेओ परमार्थनां पात्र थवां दुर्लभ छे एम मान्यता छे, तो तेवा प्रसंगमां आववुं पण गमतुं नथी पण परमार्थ हेतुए प्रवृत्ति करवी पडशे तो कंई प्रसंगे करीश. इच्छा तो नथी थती.

आपनो समागम अधिक करीने इच्छुं छुं. उपाधिमां ए एक सारी विश्रांति छे. कुशळता छे, इच्छुं छुं.

वि. रायचंदना प्रणाम

---

## १३
## अंतरंग चेष्टा

[२२५/१३४]

ववाणिया, द्वि० भाद्र सुद ८, रवि, १९४६

बन्ने भाईओ,

देहधारीने विटंबना ए तो एक धर्म छे. त्यां खेद करीने आत्मविस्मरण शुं करवुं? धर्मभक्तियुक्त एवा जे तमे तेनी पासे एवो प्रयाचना करवानो योग मात्र पूर्वकर्मे आप्यो छे. आत्मेच्छा एथी कंपित छे. निरुपायता आगळ सहनशीलता ज सुखदायक छे.

आ क्षेत्रमां आ काळे आ देहधारीनो जन्म थवो योग्य नहोतो. जोके सर्व क्षेत्रे जन्मवानी तेणे इच्छा रूंधी ज छे, तथापि थयेला जन्म माटे शोक दर्शाववा आम रुदनवाक्य लख्युं छे. कोई पण प्रकारे विदेही दशा वगरनुं, यथायोग्य जीवन्मुक्त दशा वगरनुं, यथायोग्य निर्ग्रंथदशा वगरनुं क्षण एकनुं जीवन पण भाळवुं जीवने सुलभ लागतुं नथी तो पछी बाकी रहेलुं अधिक आयुष्य केम जशे, ए विटंबना आत्मेच्छानी छे.

यथायोग्य दशानो हजु मुमुक्षु छुं. केटलीक प्राप्ति छे. तथापि सर्व पूर्णता प्राप्त थया विना आ जीव शांतिने पामे एवी दशा जणाती नथी. एक पर राग अने एक पर द्वेष एवी स्थिति एक रोममां पण तेने प्रिय नथी. अधिक शुं कहेवुं? परना परमार्थ सिवायनो देह ज गमतो नथी तो? आत्मकल्याणमां प्रवृत्ति करशो.

वि० रायचंदना यथायोग्य

---

## १४

## चैतन्यनो निरंतर अनुभव

[२२९/१४४]

ववाणिया, बी. भा. वद ०)), सोम, १९४६

आपनुं पत्तुं मळ्युं; परमानंद थयो.

चैतन्यनो निरंतर अविच्छिन्न अनुभव प्रिय छे. एज जोईए छे. बीजी कंई स्पृहा रहेती नथी. रहेती होय तोपण राखवा इच्छा

नथी. एक 'तुंहि तुंहि' ए ज यथार्थ वहेती प्रवाहना जोईए छे. अधिक शुं कहेवुं? लख्युं लखाय तेम नथी; कथ्युं कथाय तेम नथी. ज्ञाने मात्र गम्य छे. कां तो श्रेणीए श्रेणीए समजाय तेवुं छे. बाकी तो अव्यक्तता ज छे, माटे जे निःस्पृह दशानुं ज रटण छे, ते मळ्ये आ कल्पित भूली गये छूटको छे.

क्यारे आगमन थशे?

वि० आ० रा०

---

## १५

## अपूर्व आनंद

[२३१/१५२]

ववाणिया, आसो सुद ११, शुक्र, १९४६

आजें आपनुं कृपापत्र मळ्युं.

सर्वार्थसिद्धनी ज वात छे. जैनमां एम कहे छे के सर्वार्थसिद्ध महाविमाननी ध्वजाथी बार योजन दूर मुक्तिशिला छे. कबीर पण ध्वजाथी आनंद आनंद पामी गया छे. ते पद वांची परमानंद थयो. प्रभातमां वहेलो ऊठ्यो त्यारथी कोई अपूर्व आनंद वर्त्या ज करतो हतो. तेवामां पद मळ्युं अने मूळपदनुं अतिशय स्मरण थयुं; एकतान थई गयुं. एकाकार वृत्तिनुं वर्णन शब्दे केम करी शकाय? दिवसना बार बज्या सुधी रह्युं. अपूर्व आनंद तो तेवो ने तेवो ज छे. परंतु बीजी वार्ता (ज्ञाननी) करवामां त्यार पछीनो काळक्षेप कर्यो.

"केवळज्ञान हवे पामशुं, पामशुं पामशुं, पामशुं रे के०" एवुं एक पद कर्युं. हृदय बहु आनंदमां छे.

---

## १६

## हृदयस्थ भगवद्लीला

[२४५/१६५]

मुंबई, कार्तिक सुद ५, सोम, १९४७

परम पूज्य — केवलबीज संपन्न,

सर्वोत्तम उपकारी श्री सौभाग्यभाई,

मोरबी.

आपना प्रतापे अत्र आनंदवृत्ति छे.

प्रभु प्रतापे उपाधिजन्य वृत्ति छे.

भगवान परिपूर्ण सर्वगुणसंपन्न कहेवाय छे. तथापि एमांय अपलक्षण कंई ओछां नथी! विचित्र करवुं ए ज एनी लीला! त्यां अधिक शुं कहेवुं!

सर्व समर्थ पुरुषो आपने प्राप्त थयेलां ज्ञानने ज गाई गया छे. ए ज्ञाननी दिन प्रतिदिन आ आत्माने पण विशेषता थती जाय छे. हुं धारुं छुं के केवळज्ञान सुधीनी महेनत करी अलेखे तो नहीं जाय. मोक्षनी आपणने कांई जरूर नथी. निःशंकपणानी, निर्भयपणानी, निर्मुंझनपणानी अने निःस्पृहपणानी जरूर हती, ते घणें अंशे प्राप्त थई जणाय छे; अने पूर्ण अंशे प्राप्त कराववानी करुणासागर गुप्त रहेलानी कृपा थशे एम आशा रहे छे. छतां वळी एथीये अलौकिक दशानी इच्छा रहे छे, त्यां विशेष शुं कहेवुं?

अनहद ध्वनिमां मणा नथी. पण गाडीघोडानी उपाधि श्रवणनुं सुख थोडुं आपे छे. निवृत्ति विना अहीं बीजुं बधुंय लागें छे.

जगतने, जगतनी लीलाने बेठा बेठा मफतमां जोईए छीए.

आपनी कृपा इच्छुं छुं.

वि० आज्ञांकित रायचंदना प्रणाम

---

## १७
## ग्रन्थीभेद

[२४९/१७०]

मुंबई, कारतक सुद १४, १९४७

परम पूज्य श्री,[१]

आजे आपनुं पत्र १ भूधर आपी गया. ए पत्रनो उत्तर लखतां पहेलां कंईक प्रेमभक्ति समेत लखवा इच्छुं छुं.

आत्मा ज्ञान पाम्यो ए तो निःसंशय छे; ग्रंथिभेद थयो ए त्रणे काळमां सत्य वात छे. सर्व ज्ञानीओए पण ए वात स्वीकारी छे. हवे छेवटनी निर्विकल्प समाधि आपणने पामवी बाकी छे, जें सुलभ छे. अने ते पामवानो हेतु पण ए ज छे के कोई पण प्रकारे अमृतसागरनुं अवलोकन करतां अल्प पण मायानुं आवरण बाध करे नहीं; अवलोकनसुखनुं अल्प पण विस्मरण थाय नहीं; 'तुंहि तुंहि' विना बीजी रटना रहे

१. श्री सोभागभाई उपर आ पत्र छे.

नहीं; मायिक एक पण भयनो, मोहनो, संकल्पनो के विकल्पनो अंश रहे नहीं. ए एक वार जो यथायोग्य आवी जाय तो पछी गमे तेम प्रवर्ताय, गमे तेम बोलाय, गमे तेम आहार-विहार कराय, तथापि तेने कोई पण जातनी बाधा नथी. परमात्मा पण तेने पूछी शकनार नथी. तेनुं करेलुं सर्व सवळुं छे. आवी दशा पामवाथी परमार्थ माटे करेलो प्रयत्न सफळ थाय छे. अने एवी दशा थया विना प्रगट मार्ग प्रकाशवानी परमात्मानी आज्ञा नथी एम मने लागे छे. माटे दृढ निश्चय कर्यो छे के ए दशाने पामी पछी प्रगट मार्ग कहेवो — परमार्थ प्रकाशवो — त्यां सुधी नहीं. अने ए दशाने हवे कंई झाझो वखत पण नथी. पंदर अंशे तो पहोंची जवायुं छे. निर्विकल्पता तो छे ज; परंतु निवृत्ति नथी, निवृत्ति होय तो बीजाना परमार्थ माटे शुं करवुं ते विचारी शकाय. त्यार पछी त्याग जोईए, अने त्यार पछी त्याग कराववो जोईए.

महान पुरुषोए केवी दशा पामी मार्ग प्रकाश्यो छे, शुं शुं करीने मार्ग प्रकाश्यो छे, ए वातनुं आत्माने सारी रीते स्मरण रहे छे; अने ए ज प्रगट मार्ग कहेवा देवानी ईश्वरी इच्छानुं लक्षण जणाय छे.

आटला माटे हमणां तो केवळ गुप्त थई जवुं ज योग्य छे. एक अक्षरे ए विषये वात करवा इच्छा थती नथी. आपनी इच्छा जाळववा क्यारेक क्यारेक प्रवर्तन छे; अथवा घणा परिचयमां आवेला योगपुरुषनी इच्छा माटे कंईक अक्षर उच्चार अथवा लेख कराय छे. बाकी सर्व प्रकारे गुप्तता करी

छे. अज्ञानी थईने वास करवानी इच्छा बांधी राखी छे. ते एवी के अपूर्व काळे ज्ञान प्रकाशतां बाध न आवे.

आटलां कारणथी दीपचंदजी महाराज के बीजा माटे कंई लखतो नथी. गुणठाणां इत्यादिकनो उत्तर लखतो नथी. सूत्रने अडतोय नथी. व्यवहार साचववा थोडांएक पुस्तकोनां पानां फेरवुं छुं. बाकी बधुंय पथ्थर पर पाणीना चित्र जेवुं करी मूक्युं छे. तन्मय आत्मयोगमां प्रवेश छे. त्यां ज उल्लास छे, त्यां ज याचना छे, अने योग (मन, वचन अने काया) बहार पूर्वकर्म भोगवे छे. वेदोदयनो नाश थतां सुधी गृहवासमां रहेवुं योग्य लागे छे. परमेश्वर चाहीने वेदोदय राखे छे. कारण, पंचम काळमां परमार्थनी वर्षाऋतु थवा देवानी तेनी थोडी ज इच्छा लागे छे.

तीर्थंकर जे समज्या अने पाम्या ते . . . आ काळमां न समजी शके अथवा न पामी शके तेवुं कंई ज नथी. आ निर्णय घणाय वखत थयां करी राख्यो छे. जोके तीर्थंकर थवा इच्छा नथी; परंतु तीर्थंकरे कर्या प्रमाणे करवा इच्छा छे, एटलो बधी उन्मत्तता आवी गई छे. तेने शमाववानी शक्ति पण आवी गई छे, पण चाहीने शमाववानी इच्छा राखी नथी.

आपने विज्ञापन छे के वृद्धमांथी युवान थवुं. अने आ अलख वार्त्तांना अग्रेसर आगळ अग्रेसर थवुं. थोडुं लख्युं घणुं करी जाणशो.

गुणठाणां ए समजवा माटे कहेलां छे. उपशम अने क्षपक ए बे जातनी श्रेणी छे उपशममां प्रत्यक्ष दर्शननो

संभव नथी; क्षपकमां छे. प्रत्यक्ष दर्शनना संभवने अभावे अगियारमेथी जीव पाछो वळे छे. उपशम श्रेणी बे प्रकारे छे. एक आज्ञारूप; एक मार्ग जाण्या विना स्वाभाविक उपशम थवारूप. आज्ञारूप पण आज्ञा आराधन सुधी पतित थतो नथी. पाछळनो ठेठ गया पछी मार्गना अजाणपणाने लीधे पडे छे. आ नजरे जोयेली, आत्माए अनुभवेली वात छे. कोई शास्त्रमांथी नीकळी आवशे. न नीकळे तो कंई बाध नथी. तीर्थंकरना हृदयमां आ वात हती, एम अमे जाण्युं छे.

दशपूर्वधारी इत्यादिकनी आज्ञानुं आराधन करवानी महावीरदेवनी शिक्षा विषे आपे जणाव्युं ते खरुं छे. एणे तो घणुंय कह्युं हतुं; पण रह्युं छे थोडुं अने प्रकाशक पुरुष गृहस्थावासमां छे. बाकीना गुफामां छे. कोई कोई जाणे छे पण तेटलुं योगबळ नथी.

कहेवाता आधुनिक मुनिओनो सूत्रार्थ श्रवणने पण अनुकूळ नथी. सूत्र लई उपदेश करवानी आगळ जरूर पडशे नहीं. सूत्र अने तेनां पडखां बधांय जणायां छे.

ए ज विनंति.

वि० आ० रायचंद

## १८

# परिपूर्ण स्वरूप ज्ञान

[२५७/१८७]

मुंबई मागशर वद ०)) १९४७

प्राप्त थयेला सत्स्वरूपने अभेदभावे अपूर्व समाधिमां स्मरुं छुं.

महाभाग्य, शांतमूर्ति, जीवनमुक्त श्री सोभागभाई,

अत्र आपनी कृपाथी आनंद छे, आपने निरंतर वर्तो ए आशिष छे.

छेवटनुं स्वरूप समजायामां, अनुभवायामां अल्प पण न्यूनता रही नथी. जेम छे तेम सर्व प्रकारे समजायुं छे. सर्व प्रकारनो एक देश बाद करतां बाकी सर्व अनुभवायुं छे. एक देश समजाया विना रह्यो नथी; परंतु योग (मन, वचन, काया)थी असंग थवा वनवासनी आवश्यकता छे; अने एम थये ए देश अनुभवाशे, अर्थात् तेमां ज रहेवाशे; परिपूर्ण लोकालोकज्ञान उत्पन्न थशे; अने ए उत्पन्न करवानी (तेम) आकांक्षा रही नथी, छतां उत्पन्न केम थशे? ए वळी आश्चर्यकारक छे! परिपूर्ण स्वरूपज्ञान तो उत्पन्न थयुं ज छे; अने ए समाधिमांथी नीकळी लोकालोकदर्शन प्रत्ये जवुं केम बनशे? ए पण एक मने नहीं पण पत्र लखनारने विकल्प थाय छे!

कणबी अने कोळी जेवी ज्ञातिमां पण मार्गने पामेला थोडा वर्षमां घणा पुरुषो थई गया छे; ते महात्माओनी

जनमंडळने अपिश्चान होवाने लीधे कोईक ज तेनाथी सार्थक साधी शकयुं छे; जीवने महात्मा प्रत्ये मोह ज न आव्यो, ए केवी ईश्वरी अद्‌भुत नियति छे?

एओ सर्व कंई छेवटना ज्ञानने प्राप्त थया नहोता; परंतु ते मळवुं तेमने बहु समीपमां हतुं. एवा घणा पुरुषोनां पद वगेरे अहीं जोयां. एवा पुरुषो प्रत्ये रोमांच बहु उल्लसे छे; अने जाणे निरंतर तेवानी चरणसेवा ज करीए, ए एक आकांक्षा रहे छे. ज्ञानो करतां एवा मुमुक्षु पर अतिशय उल्लास आवे छे, तेनुं कारण ए ज के तेओ ज्ञानीना चरणने निरंतर सेवे छे; अने ए ज एमनुं दासत्व अमारुं तेमना प्रत्ये दासत्व थाय छे, तेनुं कारण छे. भोजो भगत, निरांत कोळी इत्यादिक पुरुषो योगो (परम योग्यतावाळा) हता. निरंजनपदने बूझनारा निरंजन केवी स्थितिमां राखे छे, ए विचारतां अकळ गति पर गंभीर, समाधियुक्त हास्य आवे छे! हवे अमे अमारी दशा कोई पण प्रकारे कही शकवाना नथी; तो लखी क्यांथी शकीशुं? आपनां दर्शन थये जे कंई वाणी कही शकशे ते कहेशे, बाकी निरुपायता छे. (कंई) मुक्तिये नथी जोईती, अने जैननुं केवळज्ञानये जे पुरुषने नथी जोईतुं, ते पुरुषने परमेश्वर हवे कयुं पद आपशे? ए कंई आपना विचारमां आवे छे? आवे तो आश्चर्य पामजो; नहीं तो अहींथी तो कोई रीते कंईये बहार काढी शकाय तेम बने तेवुं लागतुं नथी.

आप जे कंई व्यवहार धर्मप्रश्नो बीडो छो ते उपर लक्ष अपातुं नथी. तेना अक्षर पण पूरा वांचवा लक्ष जतुं नथी, तो पछी तेनो उत्तर न लखी शकायो होय तो आप शा माटे

राह जुओ छो? अर्थात् ते हवे क्यारे बनशे, ते कंई कल्पी शकातुं नथी.

वारंवार जणावो छो, आतुरता दर्शन माटे बहु छे; परंतु पंचमकाळ महावीरदेवे कह्यो छे, कळियुग व्यासभगवाने कह्यो छे; ते क्यांथी साथे रहेवा दे? अने दे तो आपने उपाधियुक्त शा माटे न राखे?

आ भूमिका उपाधिनो शोभानुं संग्रहस्थान छे.

खीमजी वगेरेने एक वार आपनो सत्संग थाय तो ज्यां एकलक्ष करवो जोईए छे त्यां थाय, नहीं तो थवो दुर्लभ छे. कारण के अमारी हाल बाह्य वृत्ति ओछी छे.

---

## १९

## आत्माना प्रत्यक्ष दर्शननी वाट

[२६१/१९७]

मुंबई, माह सुद ९, मंगळ, १९४७

आपनुं आनंदरूप पत्र मळ्युं. तेवा पत्रनां दर्शननी तृषा वधारे छे.

ज्ञानना 'परोक्ष-अपरोक्ष' विषे पत्रथी लखी शकाय तेम नथी; पण सुधानी धारा पछीनां केटलांक दर्शन थयां छे, अने जो असंगतानी साथे आपनो सत्संग होय तो छेवटनुं परिपूर्ण प्रकाशे तेम छे; कारण के ते घणुं करीने सर्व प्रकारे जाण्युं छे. अने ते ज वाट तेनां दर्शननी छे; आ उपाधियोगमां ए

दर्शन भगवत थवा देशे नहीं, एम ते मने प्रेरे छे; माटे एकांतवासीपणे ज्यारे थवाशे त्यारे चाहीने भगवते राखेलो पडदो एक थोडा प्रयत्नमां टळी जशे. आटला खुलासा सिवाय बीजो पत्र वाटे न करी शकाय.

हालमां आपना समागम विना आनंदनो रोध छे.

वि० आज्ञांकित

---

## २०
## पराभक्तिनी महत्ता

[२६३/२०१]

मुंबई, महावद ३, गुरु १९४७

केवळ निर्विकार छतां परब्रह्म प्रेममय पराभक्तिने वश छे, ए हृदयमां जेणे अनुभव कर्यो छे एवा ज्ञानीओनी गुप्त शिक्षा छे

अत्र परमानंद छे. असंगवृत्ति होवाथी समुदायमां रहेवुं बहु विकट छे. जेनो कोई पण प्रकारे यथार्थ आनंद कही शकातो नथी, एवुं जे सत्स्वरूप ते जेना हृदयमां प्रकाश्युं छे एवा महाभाग्य ज्ञानीओनी अने आपनी अमारा उपर कृपा वर्तो. अमे तो तमारी चरणरज छीए; अने त्रणे काळ ए ज प्रेमनी निरंजनदेव प्रत्ये याचना छे.

आजना प्रभातथी निरंजनदेवनी कोई अद्‌भुत अनुग्रहता प्रकाशी छे; आजे घणा दिवस थयां इच्छेली पराभक्ति कोई

अनुपमरूपमां उदय पामो छे. गोपीओ भगवान वासुदेव (कृष्णचंद्र)ने महीनी मटुकीमां नांखो वेचवा नीकळी हती; एवी एक श्रीमद्‌भागवतमां कथा छे; ते प्रसंग आजे बहु स्मरणमां रह्यो छे; अमृत प्रवहे छे त्यां सहस्त्रदळ कमळ छे, ए महीनो मटुकी छे; अने आदिपुरुष तेमां बिराजमान छे ते भगवंत वासुदेव छे; तेनी प्राप्ति सत्पुरुषनी चित्तवृत्तिरूप गोपीने थतां ते उल्लासमां आवी जई बीजा कोई मुमुक्षु आत्मा प्रत्ये "कोई माधव ल्यो, हांरे कोई माधव ल्यो" एम कहे छे, अथात् ते वृत्ति कहे छे के आदिपुरुषनी अमने प्राप्ति थई, अने ए एक ज प्राप्त करवा योग्य छे; बीजुं कशुंय प्राप्त करवा योग्य नथी; माटे तमे प्राप्त करो. उल्लासमां फरी फरी कहे छे के तमे ते पुराणपुरुषने प्राप्त करो; अने जो ते प्राप्तिने अचळ प्रेमथी इच्छो तो अमे तमने ते आदि-पुरुष आपी दईए; मटुकीमां नाखोनें वेचवा नीकळ्या छीए, ग्राहक देखो आपी दईए छीए, कोई ग्राहक थाओ, अचळ प्रेमे कोई ग्राहक थाओ, वासुदेवनी प्राप्ति करावीए.

मटुकीमां नाखीने वेचवा नीकळ्यानो अर्थ सहस्त्रदळ कमळमां अमने वासुदेव भगवान मळ्या छे, महीनुं नाम मात्र छे; आखी सृष्टिने मथीने जो मही काढीए तो मात्र एक अमृतरूप वासुदेव भगवान ज मही नीकळे छे. एवुं सूक्ष्म स्वरूप ते स्थूळ करीने व्यासजीए अद्‌भुत भक्तिने गाई छे. आ वात अने आखुं भागवत ए एकजने प्राप्त कराववा माटे अक्षरे अक्षरे भरपूर छे; अने ते (अ)मने घणा काळ थया पहेलां समजायुं छे; आजे अति अति स्मरणमां छे; कारण

के साक्षात् अनुभवप्राप्ति छे; अने एने लीधे आजनी परम अद्‌भुत दशा छे. एवी दशाथी जीव उन्मत्त पण थई गया विना रहेशे नहीं, अने वासुदेव हरि चाहीने केटलोक वखत वळी अंतर्धान पण थई जाय एवा लक्षणना धारक छे; माटे अमे असंगताने इच्छीए छीए; अने तमारो सहवास ते पण असंगता ज छे, एथी पण विशेष अमने प्रिय छे.

सत्संगनी अत्र खामी छे; अने विकट वासमां निवास छे. हरिइच्छाए हर्याफर्यानी वृत्ति छे. एटले कंई खेद तो नथी; पण भेदनो प्रकाश करी शकातो नथी; ए चिंतना निरंतर रह्या करे छे.

भूधर एक आजे कागळ आपो गया. तेम ज आपनुं परभारुं एक पत्तुं मळ्युं.

मणिने मोकलेली वचनावलीमां आपनी प्रसन्नताथी अमारी प्रसन्नताने उत्तेजननी प्राप्ति थई. संतनो अद्‌भुत मार्ग एमां प्रकाश्यो छे. जो मणि एक ज वृत्तिए ए वाक्योने आराधशे अने ते ज पुरुषनी आज्ञामां लीन रहेशे, तो अनंतकाळथी प्राप्त थयेलुं परिभ्रमण मटी जशे. मायानो मोह मणि विशेष राखे छे; के जे मार्ग मळवामां मोटो प्रतिबंध गणाय छे. माटे एवी वृत्तिओ हळवे हळसे ओछी करवा मणिने मारी विनंति छे.

आपने जे पूर्णपदोपदेशक कक्को के पद मोकलवा इच्छा छे, ते केवा ढाळमां अथवा रागमां, ते माटे आपने योग्य लागे ते जणावशो.

घणा घणा प्रकारथी मनन करतां अमारो दृढ निश्चय छे के भक्ति ए सर्वोपरी मार्ग छे, अने ते सत्पुरुषना चरण समीप रहोने थाय तो क्षणवारमां मोक्ष करी दे तेवो प्रदार्थ छे.

विशेष कंई लख्युं जतुं नथी. परमानंद छे, पण असत्संग छे अर्थात् सत्संग नथी.

विशेष आपनी कृपादृष्टि ए ज.

वि० आज्ञांकितना दंडवत्

---

## २१
## परम उदासीनता

[२७०/२१४]

मुंबई, फागण सुद ५, रवि, १९४७

उदयकाळ प्रमाणे वर्तीए छीए. क्वचित् मनोयोगने लीधे इच्छा उत्पन्न हो तो भिन्न वात, पण अमने तो एम लागे छे के आ जगत प्रत्ये अमारो परम उदासीन भाव वर्ते छे; ते साव सोनानुं थाय तोपण अमने तृणवत् छे; अने परमात्मानी विभूतिरूपे अमारुं भक्तिधाम छे.

आज्ञांकित

---

# २२

## अनन्य प्रेमभक्ति

[२७१/२१७]

मुंबई, माह सुद, १९४७

परम पूज्य,

आपने सहज वांचनना उपयोगार्थे आपना प्रश्ननो उत्तरवाळो कागळ आ साथे बीडुं छुं.

परमात्मामां परम स्नेह गमे तेवी विकट वाटेथी थतो होय तोपण करवो योग्य ज छे. सरळ वाट मळ्या छतां उपाधिना कारणथी तन्मयभक्ति रहेती नथी, अने एकतार स्नेह ऊभरातो नथी. आथी खेद रह्या करे छे अने वारंवार वनवासनी इच्छा थया करे छे. जोके वैराग्य तो एवो रहे छे के घर अने वनमां घणुं करीने आत्माने भेद रह्यो नथी, परंतु उपाधिना प्रसंगने लीधे तेमां उपयोग राखवानी वारंवार जरूर रह्या करे छे, के जेथी परम स्नेह पर ते वेळा आवरण आणवुं पडे; अने एवी परम स्नेहता अने अनन्य प्रेमभक्ति आव्या विना देहत्याग करवानी इच्छा थती नथी. कदापि सर्वात्मानी एवी ज इच्छा हशे तो गमे तेवी दीनताथी पण ते इच्छा फेरवशुं. पण प्रेमभक्तिनी पूर्ण लय आव्या विना देहत्याग नहीं करी शकाय एम रहे छे; अने वारंवार ए ज रटना रहेवाथी 'वनमां जईए' 'वनमां जईए' एम थई आवे छे. आपनो निरंतर सत्संग होय तो अमने घर पण वनवास ज छे.

गोपांगनानी जेवी श्रीमद् भागवतमां प्रेमभक्ति वर्णवी छे, एवी प्रेमभक्ति आ कळिकाळमां प्राप्त थवी दुर्लभ छे, एम जोके सामान्य लक्ष छे, तथापि कळिकाळमां निश्चळ मतिथी ए ज लय लागे तो परमात्मा अनुग्रह करी शीघ्र ए भक्ति आपे छे.

जडभरतजीनी श्रीमद् भागवतमां सुंदर आख्यायिका आपो छे; ए दशा वारंवार सांभरी आवे छे. अने एवुं उन्मत्तपणुं परमात्माने पामवानुं परम द्वार छे. ए दशा विदेही हती. भरतजीने हरणना संगथी जन्मनी वृद्धि थई हती अने तेथी जडभरतना भवमां असंग रह्या हता. एवां कारणथी मने पण असंगता बहु ज सांभरी आवे छे; अने केटलीक वखत तो एवुं थई जाय छे के ते असंगता विना परमदुःख थाय छे. यम अंतकाळे प्राणीने दुःखदायक नहीं लागतो होय, पण अमने संग दुःखदायक लागे छे एम अंतर्वृत्तिओ घणी छे के जे एक ज प्रवाहनी छे. लखी जती नथी; रह्युं जतुं नथी; अने आपनो वियोग रह्या करे छे. सुगम उपाय कोई जडतो नथी. उदयकर्म भोगवतां दीनपणुं अनुकूळ नथी. भविष्यनो एक क्षणनो घणुं करीने विचार पण रहेतो नथी.

'सत्-सत्' एनुं रटण छे. अने सत्नुं साधन 'तमे' ते त्यां छो. अधिक शुं कहीए? ईश्वरनी इच्छा एवी छे, अने तेने राजी राख्या रह्या विना छूटको नथी. नहीं तो आवी उपाधियुक्त दशामां न रहीए; अने धार्युं करीए, परम पीयूष अने प्रेमभक्तिमय ज रहीए! पण प्रारब्धकर्म बळवत्तर छे!

लि० आज्ञांकित रायचंद

# २३

# चैतन्यमय चित्तदशा

[२८५/२४७]

मुंबई वैशाख वदि ८, रवि, १९४७

हरिने प्रतापे हरिनुं स्वरूप मळशुं त्यारे समजावशुं (!)

उपाधिना जोगे अने चित्तना कारणथी केटलोक समय सविगत पत्र वगर व्यतीत कर्यो छे; तेमां पण चित्तनी दशा मुख्य कारणरूप छे, हालमां आप केवा प्रकारथी काळ व्यतीत करो छे, ते जणावशो, अने शुं इच्छा रहे छे, ते पण जणावशो. व्यवहारनां कार्य विषे शुं प्रवृत्ति छे, अने ते विषे शुं इच्छा रहे छे; ते पण जणावशो. एटले के ते प्रवृत्ति सुखरूप लागे छे के केम? ते जणावशो.

चित्तनी दशा चैतन्यमय रह्या करे छे; जेथी व्यवहारनां बधां कार्य घणुं करीने अव्यवस्थाथी करीए छीए. हरिइच्छा सुखदायक मानीए छीए. एटले जे उपाधिजोग वर्ते छे, तेने पण समाधिजोग मानीए छीए. चित्तनी अव्यवस्थाने लीधे मुहूर्त मात्रमां करी शकाय एवुं कार्य विचारतां पण पखवाडियुं व्यतीत करी नखाय छे, अने वखते ते कर्या विना ज जवा देवानुं थाय छे. बधा प्रसंगोमां तेम थाय तोपण हानि मानी नथी, तथापि आपने कंई कंई ज्ञानवार्त्ता दर्शावाय तो विशेष आनंद रहे छे; अने ते प्रसंगमां चित्तने कंईक व्यवस्थित करवानी इच्छा राख्या कराय छे, छतां ते स्थितिमां पण हमणां प्रवेश

नथी करी शकातो. एवो चित्तनी दशा निरंकुश थई रही छे; अने ते निरंकुशता प्राप्त थवामां हरिनो परम अनुग्रह कारण छे एम मानीए छीए. ए ज निरंकुशताने पूर्णता आप्या सिवाय चित्त यथोचित समाधियुक्त नहीं थाय एम लागे छे; अत्यारे तो बधुंय गमे छे, अने बधुंय गमतुं नथी, एवी स्थिति छे. ज्यारे बधुंय गमशे त्यारे निरंकुशतानी पूर्णता थशे. ए पूर्णकामता पण कहेवाय छे, ज्यां हरि ज सर्वत्र स्पष्ट भासे छे. अत्यारे कंईक अस्पष्ट भासे छे, पण स्पष्ट छे एवो अनुभव छे.

जे रस जगतनुं जीवन छे, ते रसनो अनुभव थवा पछी हरिप्रत्ये अतिशय लय थई छे. अने तेनुं परिणाम एम आवशे के ज्यां जेवे रूपे इच्छीए तेवे रूपे हरि........आवशे, एवो भविष्यकाळ ईश्वरेच्छाने लीधे लख्यो छे.

अमे अमारो अंतरंग विचार लखी शकवाने अतिशय अशक्त थई गया छीए; जेथी समागमने इच्छीए छीए, पण ईश्वरेच्छा हजु तेम करवामां असम्मत लागे छे; जेथी वियोगे ज वर्तीए छीए.

ते पूर्णस्वरूप हरिमां परम जेनी भक्ति छे, एवो कोई पण पुरुष हाल नथी देखातो तेनुं शुं कारण हशे? तेम तेवी अति तीव्र अथवा तीव्र मुमुक्षुता कोईनी जोवामां आवी नथी तेनुं शुं कारण हशे? क्वचित् तीव्र मुमुक्षुता जोवामां आवी हशे तो त्यां अनंतगुणगंभीर ज्ञानावतार पुरुषनो लक्ष केम जोवामां आव्यो नहीं होय? ए माटे आप जे लागे ते लखशो. बीजुं मोटुं आश्चर्यकारक तो ए छे के आप जेवाने सम्यक्ज्ञानना बीजनी, पराभक्तिना मूळनी प्राप्ति छतां त्यार पछीनो भेद केम प्राप्त नथी होतो? तेम हरि प्रत्ये अखंड लयरूप वैराग्य

जेटलो जोईए तेटलो केम वर्धमान नथी थतो? एनुं जो कंई कारण समजातुं होय तो लखशो.

अमारी चित्तनी अव्यवस्था एवी थई जवाने लीधे कोई काममां जेवो जोईए तेवो उपयोग रहेतो नथी, स्मृति रहेती नथी, अथवा खबर पण रहेती नथी, ते माटे शुं करवुं? शुं करवुं एटले के व्यवहारमां बेठां छतां एवी सर्वोत्तम दशा बीजा कोईने दुःखरूप न थवी जोईए, अने अमारा आचार एवा छे के वखते तेम थई जाय. बीजा कोईने पण आनंदरूप लागवा विषे हरिने चिंता रहे छे; माटे ते राखशे. अमारुं काम तो ते दशानी पूर्णता करवानुं छे, एम मानीए छीए; तेम बीजा कोईने संतापरूप थवानो तो स्वप्ने पण विचार नथी. बधाना दास छीए, त्यां पछी दुःखरूप कोण मानशे? तथापि व्यवहार-प्रसंगमां हरिनी माया अमने नहीं तो सामाने पण एकने बदले बीजुं आरोपावी दे तो निरुपायता छे, अने एटलो पण शोक रहेशे. अमे सर्व सत्ता हरिने अर्पण करीए छीए, करी छे. वधारे शुं लखवुं? परमानंदरूप हरिने क्षण पण न वीसरवा ए अमारी सर्व कृति, वृत्ति अने लेखनो हेतु छे.

---

## २४

## देहधारी छीए के केम?

[२९०/२५५]

मुंबई, असाड सुद १३, १९४७

ॐ

सुखना सिंधु श्री सहजानंदजी, जगजीवन के जगवंदजी;
शरणागतना सदा सुखकंदजी; परमस्नेही छो (!) परमानंदजी.

अपूर्व स्नेहमूर्ति एवा आपने अमारा प्रणाम पहोंचे. हरिकृपाथी अमे परम प्रसन्न पदमां छीए. तमारो सत्संग निरंतर इच्छीए छीए.

अमारी दशा हालमां केवी वर्ते छे ते जाणवानी आपनी इच्छा रहे छे; पण जेवी विगतथी जोईए, तेवी विगतथी लखी शकाय नहीं एटले वारंवार लखी नथी. अत्रे टूंकामां लखीए छीए.

एक पुराणपुरुष अने पुराणपुरुषनी प्रेमसंपत्ति विना अमने कंई गमतुं नथी; अमने कोई पदार्थमां रुचि मात्र रही नथी; कंई प्राप्त करवानी इच्छा थती नथी; व्यवहार केम चाले छे एनुं भान नथी; जगत शुं स्थितिमां छे तेनी स्मृति रहेती नथी; कोई शत्रु–मित्रमां भेदभाव रह्यो नथी; कोण शत्रु छे अने कोण मित्र छे, एनी खबर रखाती नथी; अमे देहधारी छीए के केम ते संभारीए त्यारे मांड जाणीए छीए; अमारे शुं करवानुं छे ते कोईथी कळाय तेवुं नथी; अमे बधाय पदार्थथी उदास थई जवाथी गमे तेम वर्तीए छीए; व्रत, नियमनो कंई नियम राख्यो नथी; जातभातनो कंई प्रसंग नथी; अमाराथी विमुख जगतमां कोई मान्युं नथी; अमाराथी सन्मुख एवा सत्संगी नहीं मळतां खेद रहे छे; संपत्ति पूर्ण छे एटले संपत्तिनी इच्छा नथी; शब्दादिक विषयो अनुभव्या स्मृतिमां आववाथी,– अथवा ईश्वरेच्छाथी तेनी इच्छा रही नथी; पोतानी इच्छाए थोडी ज प्रवृत्ति करवामां आवे छे; जेम हरिए इच्छेलो क्रम दोरे तेम दोराईए छीए; हृदय प्राये शून्य जेवुं थई गयुं छे; पांचे इंद्रियो शून्यपणे प्रवर्तवारूप ज रहे छे; नय, प्रमाण वगेरे शास्त्रभेद सांभरतां नथी; कंई वांचतां चित्त स्थिर रहेतुं नथी;

खावानी, पीवानी, बेसवानी, सूवानी, चालवानो अने बोलवानी वृत्तिओ पोतानी इच्छा प्रमाणे वर्ते छे; मन पोताने स्वाधीन छे के केम एनुं यथायोग्य भान रह्युं नथी. आम सर्व प्रकारे विचित्र एवी उदासीनता आववाथी गमे तेम वर्ताय छे. एक प्रकारे पूर्ण घेलछा छे; एक प्रकारे ते घेलछा कंईक छूपी राखीए छीए; अने जेटली छूपी रखाय छे, तेटली हानि छे. योग्य वर्तीए छीए के अयोग्य एनो कंई हिसाब राख्यो नथी. आदिपुरुषने विषे अखंड प्रेम सिवाय बीजा मोक्षादिक पदार्थोमांनी आकांक्षानो भंग थई गयो छे; आटलुं बधुं छतां मनमानती उदासीनता नथी, एम मानीए छीए; अखंड प्रेमखुमारी जेवी प्रवहवी जोईए तेवी प्रवहती नथी, एम जाणीए छीए; आम करवाथी ते अखंड खुमारी प्रवहे एम निश्चळपणे जाणीए छीए; पण ते करवामां काळ कारणभूत थई पड्यो छे; अने ए सर्वनो दोष अमने छे के हरिने छे, एवो चोक्कस निश्चय करी शकातो नथी. एटली बधी उदासीनता छतां वेपार करीए छीए; लईए छीए, दईए छीए, लखीए छीए, वांचीए छीए; जाळवीए छीए, अने खेद पामीए छीए. वळी हसीए छीए.—जेनुं ठेकाणुं नथी एवी अमारी दशा छे; अने तेनुं कारण मात्र हरिनी सुखद इच्छा ज्यां सुधी मानी नथी त्यां सुधी खेद मटवो नथी.

(अ) समजाय छे, समजीए छीए, समजशुं पण हरि ज सर्वत्र कारणरूप छे.

जे मुनिने आप समजाववा इच्छो छो, ते हाल जोग्य छे, एम अमे जाणता नथी.

अमारी दशा मंद जोग्यने हाल लाभ करे तेवी नथी, अमे एवो जंजाळ हाल इच्छता नथी; राखी नथी; अने तेओ बधानो केम वहीवट चाले छे, एनुं स्मरणे नथी. तेम छतां अमने ए बधानी अनुकंपा आव्या करे छे; तेमनाथी अथवा प्राणीमात्रथी मनथी भिन्न भाव राख्यो नथी. अने राख्यो रहे तेम नथी. भक्तिवाळां पुस्तको क्वचित् क्वचित् वांचीए छीए; पण जे सघळुं करीए छीए ते ठेकाणा वगरनी दशाथी करीए छीए.

अमे हालमां घणुं करीने आपना कागळोनो वखतसर उत्तर लखी शकता नथी; तेम ज पूरा खुलासाथी पण लखता नथी, ते जोके योग्य तो नथी; पण हरिनी एम इच्छा छे, जेथी तेम करीए छीए. हवे ज्यारे समागम थशे, त्यारे अमारो ए दोष आपने क्षमा करवो पडशे एवी अमारी खातरी छे.

अने ते त्यारे मनाशे के ज्यारे तमारो संग हवे फरी थशे. ते संग इच्छीए छीए, पण जेवा जोगे थवो जोईए, तेवा जोगे थवो दुर्लभ छे. भादरवामां जे आपे इच्छा राखी छे. तेथी कंई अमारी प्रतिकूळता छे; पण ते समागममां जे जोग इच्छीए छीए ते जो थवा देवा हरिनी इच्छा होय अने समागम थाय तो ज अमारो खेद मटे एम मानीए छीए.

दशानुं टूंकुं वर्णन वांचीने, आपने उत्तर लखाया न होय ते माटे क्षमा आपवानी विज्ञापना करुं छुं.

प्रभुनी परम कृपा छे. अमने कोईथी भिन्न भाव रह्यो नथी; कोई विषे दोषबुद्धि आवती नथी; मुनि विषे अमने कोई हलको विचार नथी; पण हरिनी प्राप्ति न थाय एवी प्रवृत्तिमां तेओ पड्या छे. एकलुं बीजज्ञान ज तेमनुं कल्याण करे एवी

एमनी अने बीजा घणा मुमुक्षुओनी दशा नथी. ‘ सिद्धांतज्ञान ’ साथे जोईए, ए ‘ सिद्धांतज्ञान ’ अमारा हृदयने विषे आवरितरूपे पड्युं छे. हरिइच्छा जो प्रगट थवा देवानी हशे तो थशे. अमारो देश हरि छे, जात हरि छे, काळ हरि छे, देह हरि छे, रूप हरि छे, नाम हरि छे, दिशा हरि छे, सर्व हरि छे, अने तेम छतां आम वह्रोवटमां छोए, ए एनी इच्छानुं कारण छे.

ॐ शांतिः शांतिः शांतिः.

---

## २५
## मृत्यु अधिक वेदना

[ ३००/२७७ ]

ववाणिया, भाद्रपद वद ७, १९४७

चित्त उदास रहे छे; कंई गमतुं नथी; अने जे कंई गमतुं नथी ते ज बधुं नजरे पडे छे; ते ज संभळाय छे. त्यां हवे शुं करवुं? मन कोई कार्यमां प्रवृत्ति करी शकतुं नथी. जेथी प्रत्येक कार्य मुलतवां पडे छे; कांई वांचन, लेखन के जनपरिचयमां रुचि आवती नथी. चालता मतना प्रकारनी वात काने पडे छे के हृदयने विषे मृत्युथी अधिक वेदना थाय छे. स्थिति कां तमे जाणो छो कां स्थिति वीती गई छे ते जाणे छे, अने हरि जाणे छे.

---

## २६
# मननी अखंड स्थिरता

[ ३००/२८० ]

ववाणिया, भाद्रपद वद १२, भोम, १९४७

जणाव्या जेवुं तो मन छे, के जे सत्स्वरूप भणी अखंड स्थिर थयुं छे (नाग जेम मोरली उपर); तथापि ते दशा वर्णववानी सत्ता सर्वाधार हरिए वाणीमां पूर्ण मूकी नथी; अने लेखमां तो ते वाणोनो अनंतमो भाग मांड आवी शके; एवी ते दशा ते सर्वनुं कारण एवुं जे पुरुषोत्तमस्वरूप तेने विषे अमने तमने अनन्य प्रेमभक्ति अखंड रहो; ते प्रेमभक्ति परिपूर्ण प्राप्त थाओ ए ज प्रयाचना इच्छी अत्यारे अधिक लखतो नथी.

---

## २७
# हरिरस प्रत्ये परम प्रेम

[ ३००/२८२ ]

ववाणिया, भाद्रपद वद १४, गुरु, १९४७

परम विश्राम सुभाग्य,

पत्तुं मळ्युं. अत्रे भक्ति संबंधी विह्वलता रह्या करे छे, अने तेम करवामां हरिइच्छा सुखदायक ज मानुं छुं.

महात्मा व्यासजीने जेम थयुं हतुं, तेम अमने हमणां वर्ते छे. आत्मदर्शन पाम्या छतां पण व्यासजी आनंदसंपन्न थया नहोता; कारण के हरिरस अखंडपणे गायो नहोतो. अमने पण एम ज छे. अखंड एवो हरिरस परम प्रेमे अखंडपणे अनुभवतां हजु क्यांथी आवडे? अने ज्यां सुधी तेम

नहीं थाय त्यां सुधी अमने जगतमांनी वस्तुनुं एक अणु पण गमवुं नथी.

भगवान व्यासजी जे युगमां हता, ते युग बीजो हतो; आ कळियुग छे; एमां हरिस्वरूप, हरिनाम अने हरिजन दृष्टिए नथी आवतां, श्रवणमां पण नथी आवतां; ए त्रणेमांना कोईनी स्मृति थाय एवी कोई पण चीज पण दृष्टिए नथी आवती. बधां साधन कळियुगथी घेराई गयां छे. घणुं करीने बधाय जीव उन्मार्गे प्रवर्ते छे, अथवा सन्मार्गनी सन्मुख वर्तता नजरे नथी पडता. क्वचित् मुमुक्षु छे, पण तेने हजी मार्गनो निकट संबंध नथी.

निष्कपटीपणुं पण मनुष्योमांथी चाल्या गया जेवुं थयुं छे, सन्मार्गनो एक अंश अने तेनो पण शतांश ते कोई आगळ पण दृष्टिए पडतो नथी; केवळज्ञाननो मार्ग ते तो केवळ विसर्जन थई गयो छे. कोण जाणे हरिनी इच्छा शुं य छे? आवो विकट काळ तो हमणां ज जोयो. केवळ मंद पुण्यवाळां प्राणी जोई परम अनुकंपा आवे छे. अमने सत्संगनी न्यूनताने लीधे कंई गमतुं नथी. घणी वार थोडे थोडे कहेवाई गयुं छे, तथापि चोख्खा शब्दोमां कहेवायाथी स्मृतिमां वधारे रहे एटला माटे कहीए छीए के कोईथी अर्थ संबंध अने कामसंबंध तो घणा काळ थयां गमतां ज नथी. हमणां धर्मसंबंध अने मोक्ष-संबंध पण गमतो नथी. धर्म संबंध अने मोक्षसंबंध तो घणुं करीने योगीओने पण गमे छे; अने अमे तो तेथी पण विरक्त रहेवा मागीए छीए. हाल तो अमने कंई गमतुं नथी, अने जे कंई गमे छे, तेनो अतिशय वियोग छे. वधारे शुं लखवुं? सहन ज करवुं ए सुगम छे.

---

## २८
## पूर्णकाम चित्त

[३०४/२९१]

ववाणिया, आसो वद १२, गुरु, १९४७

ॐ

पूर्णकाम चित्तने नमोनमः

आत्मा ब्रह्म समाधिमां छे. मन वनमां छे. एकबीजाना आभासे अनुक्रमे देह कंई क्रिया करे छे, त्यां सविगत अने संतोषरूप एवां तमारां बंनेनां पत्रनो उत्तर शाथी लखवो ते तमे कहो.

× × × ×

एक समय पण विरह नहीं, एवी रीते सत्संगमां ज रहेवानुं इच्छीए छीए. पण ते तो हरिइच्छावश छे.

कळियुगमां सत्संगनी परम हानि थई गई छे. अंधकार व्याप्त छे. अने सत्संगनुं जे अपूर्वपणुं तेनुं जीवने यथार्थ भान थतुं नथी.

---

## २९
## अपूर्व वीतरागता

[३१०/३१३]

मुंबई, पोष सुद ७, गुरु, १९४८

ज्ञानीना आत्माने अवलोकीए छीए
अने तेम थईए छीए.

× × × ×

कोई एवा प्रकारनो उदय छे के, अपूर्व वीतरागता छतां वेपार संबंधो कंईक प्रवर्तन करी शकीए छीए, तेम ज

बीजां पण खावापीवा वगेरेनां प्रवर्तन मांड मांड करी शकीए छीए. मन क्यांय विराम पामतुं नथी, घणुं करीने अत्र कोईनो समागम इच्छतुं नथी. कंई लखी शकातुं नथी. वधारे परमार्थ-वाक्य वदवा इच्छा थती नथी, कोईए पूछेला प्रश्ननो उत्तर जाणतां छतां लखी शकता नथी, चित्तनो पण झाझो संग नथी, आत्मभावे वर्ते छे.

समये समये अनंतगुणविशिष्ट आत्मभाव वधतो होय एवी दशा रहे छे, जे घणुं करीने कळवा देवामां आवती नथी. अथवा कळी शके तेवानो प्रसंग नथी.

आत्माने विषे सहज स्मरणे प्राप्त थयेलुं ज्ञान श्री वर्धमानने विषे हतुं एम जणाय छे. पूर्ण वीतराग जेवो बोध ते अमने सहजे सांभरी आवे छे, एटले ज तमने अने गोसलियाने लख्युं हतुं के तमे पदार्थने समजो. बीजो कोई तेम लखवामां हेतु नहोतो.

---

## ३०

## वारंवार वनवास सांभरे छे

[ ३१६/३२९ ]

मुंबई, माह वद, १९४८

न गमतुं एवुं क्षणवार करवाने कोई इच्छतुं नथी. तथापि ते करवुं पडे छे ए एम सूचवे छे के पूर्वकर्मनुं निबंधन अवश्य छे.

अविकल्प समाधिनुं ध्यान क्षणवार पण मटतुं नथी. तथापि अनेक वर्षो थयां विकल्परूप उपाधिने आराध्या जईए छीए.

ज्यां सुधी संसार छे त्यां सुधी कोई जातनी उपाधि होवी तो संभवे छे; तथापि अविकल्प–समाधिमां स्थित एवा ज्ञानीने तो ते उपाधि पण अबाध छ, अर्थात् समाधि ज छे.

आ देह धारण करीने जोके कोई महान श्रीमंतपणुं भोगव्युं नथी, शब्दादि विषयोनो पूरो वैभव प्राप्त थयो नथी, कोई विशेष एवा राज्याधिकारे सहित दिवस गाळ्या नथी, पोतानां गणाय छे एवां कोई धाम, आराम सेव्यां नथी. अने हजु युवावस्थानो पहेलो भाग वर्ते छे, तथापि ए कोईनी आत्मभावे अमने कंई इच्छा उत्पन्न थती नथी, ए एक मोटुं आश्चर्य जाणी वर्तीए छीए; अने ए पदार्थोनी प्राप्ति-अप्राप्ति बन्ने समान थयां जाणी घणा प्रकारे अविकल्प समाधिने ज अनुभवीए छीए. एम छतां वारंवार वनवास सांभरे छे, कोई प्रकारनो लोकपरिचय रुचिकर थतो नथी, सत्संगमां सुरती प्रवह्या करे छे, अने अव्यवस्थित दशाए उपाधियोगमां रहीए छीए. एक अविकल्प समाधि सिवाय बीजुं खरी रीते स्मरण रहेतुं नथी, चिंतन रहेतुं नथी, रुचि रहेती नथी, अथवा कंई काम करातुं नथी.

ज्योतिषादि विद्या के अणिमादि सिद्धि ए मायिक पदार्थो जाणी आत्माने तेनुं स्मरण पण क्वचित् ज थाय छे. ते वाटे कोई वात जाणवानुं अथवा सिद्ध करवानुं क्यारेय योग्य लागतुं नथी, अने ए वातमां कोई प्रकारे हाल तो चित्तप्रवेश पण रह्यो नथी.

पूर्व निबंधन जे जे प्रकारे उदय आवे, ते ते प्रकारे ...अनुक्रमे वेदन कर्यां जवां एम करवुं योग्य लाग्युं छे.

तमे पण तेवा अनुक्रममां गमे तेटला थोडा अंशे प्रवर्ताय तोपण तेम प्रवर्तवानो अभ्यास राखजो अने कोई पण कामना प्रसंगमां वधारे शोचमां पडवानो अभ्यास ओछो करजो; एम करवुं अथवा थवुं ए ज्ञानीनी अवस्थामां प्रवेश करवानुं द्वार छे.

कोई पण प्रकारनो उपाधिप्रसंग लखो छो ते, जोके वांच्यामां आवे छे, तथापि ते विषे चित्तमां कंई आभास पडतो नहीं होवाथी घणुं करीने उत्तर लखवानुं पण बनतुं नथी, ए दोष कहो के गुण कहो पण क्षमा करवा योग्य छे.

सांसारिक उपाधि अमने पण ओछी नथी. तथापि तेमां स्वपणुं रह्युं नहीं होवाथी तेथी गभराट उत्पन्न थतो नथी. ते उपाधिना उदयकाळने लीधे हाल तो समाधि गौणभावे वर्ते छे; अने ते माटेनो शोच रह्या करे छे.

लि. वीतरागभावना यथायोग्य

---

## ३१
## वदेही चित्तस्थिति

[ ३१९/३३४ ]

मुंबई, फागण सुद १०, बुध, १९४८

ॐ

हृदयरूप श्री सुभाग्य प्रत्ये,

भक्तिपूर्वक नमस्कार पहोंचे.

'हवे पछी लखीशुं, हवे पछी लखीशुं' एम लखीने घणी वार लखवानुं बन्युं नथी, ते क्षमा करवा योग्य छे; कारण के चित्तस्थिति घणुं करी विदेही जेवी वर्ते छे; एटले

कार्यने विषे अव्यवस्था थई जाय छे. जेवो हाल चितस्थिति छे, तेवी अमुक समय सुधी वर्ताव्या विना छूटको नथी.

घणा घणा ज्ञानी पुरुषो थई गया छे, तेमां अमारी जेवो उपाधिप्रसंग अने चित्त-स्थिति उदासीन, अति उदासीन, तेवा घणुं करीने प्रमाणमां थोडा थया छे. उपाधिप्रसंगने लीधे आत्मा-संबंधी जे विचार ते अखंडपणे थई शकतो नथी, अथवा गौणपणे थया करे छे, तेम थवाथी घणो काळ प्रपंच विषे रहेवुं पडे छे; अने तेमां तो अत्यंत उदास परिणाम थई गयेल होवाथी क्षणवार पण चित्त टकी शकतुं नथी, जेथी ज्ञानीओ सर्वसंगपरि-त्याग करी अप्रतिबद्धपणे विचरे छे. 'सर्वसंग' शब्दनो लक्ष्यार्थ एवो छे के अखंडपणे आत्मध्यान के बोध मुख्यपणे न रखावी शके एवो संग. आ अमे टूंकामां लख्युं छे; अने ते प्रकारने बाह्यथी, अंतरथी भज्या करीए छीए.

देह छतां मनुष्य पूर्ण वीतराग थई शके एवो अमारो निश्चल अनुभव छे. कारण के अमे पण निश्चय ते ज स्थिति पामवाना छीए, एम अमारो आत्मा अखंडपणे कहे छे; अने एम ज छे, जरूर एम ज छे. पूर्ण वीतरागनी चरणरज निरंतर मस्तके हो, एम रह्या करे छे. अत्यंत विकट एवुं वीतरागत्व अत्यंत आश्चर्यकारक छे; तथापि ते स्थिति प्राप्त थाय छे, सदेहे प्राप्त थाय छे, ए निश्चय छे, प्राप्त करवाने पूर्ण योग्य छे, एम निश्चय छे. सदेहे तेम थया विना अमने उदासीनता मटे एम जणातुं नथी अने तेम थवुं संभवित छे, जरूर एम ज छे. प्रश्नोना उत्तर घणुं करीने लखवानुं बनी शकशे नहीं; कारण के चित्तस्थिति जणावी तेवी वर्त्या करे छे.

हाल त्यां कंई वांचवा, विचारवानुं चाले छे के शी रीते, ते कंई प्रसंगोपात्त लखशो.

त्यागने इच्छीए छीए; पण थतो नथी. ते त्याग कदापि तमारी इच्छाने अनुसरतो करीए, तथापि तेटलुं पण हाल तो बनवुं संभवित नथी.

अभिन्न बोधमयना प्रणाम पहोंचे

---

## ३२
## अप्रतिबद्ध किंवा मुक्त मन

[ ३२३/३४७ ]

मुंबई, फागण वद ०)), सोम, १९४८

ॐ

आत्मस्वरूपे हृदयरूप विश्राममूर्ति श्री सुभाग्य प्रत्ये,

विनययुक्त एवा अमारा प्रणाम पहोंचे.

अत्र घणुं करीने आत्मदशाए सहजसमाधि वर्ते छे. बाह्य उपाधिनो जोग विशेषपणे उदय प्राप्त थवाथी ते प्रकारे वर्तवामां पण स्वस्थ रहेवुं पडे छे.

जाणीए छीए के घणा काळे जे परिणाम प्राप्त थवानुं छे ते तेथी थोडा काळे प्राप्त थवा माटे ते उपाधि जोग *विशेषपणे वर्ते छे.*

तमारां घणां पत्र-पत्तां अमने पहोंच्यां छे. तेमां लखेल ज्ञानसंबंधी वार्ता घणुं करीने अमे वांची छे. ते सर्व प्रश्नोनो

घणुं करी उत्तर लखवामां आव्यो नथी, तेने माटे क्षमा आपवी योग्य छे.

ते पत्रोमां कोई कोई व्यावहारिक वार्ता पण प्रसंगे लखेली छे, जे अमे चित्तपूर्वक वांची शकीए तेम बनवुं विकट छे. तेम ते वार्ता संबंधी प्रत्युत्तर लखवा जेवुं सूझतुं नथी. एटले ते माटे पण क्षमा आपवा योग्य छे.

हाल अत्र अमे व्यावहारिक काम तो प्रमाणमां घणुं करीए छीए, तेमां मन पण पूरी रीते दईए छीए; तथापि ते मन व्यवहारमां चोंटतुं नथी, पोताने विषे ज रहे छे, एटले व्यवहार बहु बोजारूपे रहे छे.

आखो लोक त्रणे काळने विषे दुःखे करीने पीडातो मानवामां आव्यो छे; अने तेमां पण आ वर्ते छे, ते तो महा दुषमकाळ छे; अने सर्व प्रकारे विश्रांतिनुं कारण एवो जे 'कर्तव्यरूप श्री सत्संग' ते तो सर्वकाळने विषे प्राप्त थवो दुर्लभ छे. ते आ काळमां प्राप्त थवो घणो घणो दुर्लभ होय एमां कंई आश्चर्यकारक नथी.

अमे के जेनुं मन प्राये क्रोधथी, मानथी, मायाथी, लोभथी, हास्यथी, रतिथी, अरतिथी, भयथी, शोकथी, जुगुप्साथी के शब्दादिक विषयोथी अप्रतिबंध जेवुं छे; कुटुबथी, धनथी, पुत्रथी, 'वैभवथी,' स्त्रीथी के देहथी मुक्त जेवुं छे; ते मनने पण सत्संगने विषे बंधन राखवुं बहु बहु रह्या करे छे; तेम छतां अमे अने तमे हाल प्रत्यक्षपणे तो वियोगमां रह्या करीए छीए. ए पण पूर्व निबंधननो कोई मोटो प्रबंध उदयमां होवानुं संभाव्य कारण छे.

ज्ञान संबंधी प्रश्नोनो उत्तर लखाववा आपनी जिज्ञासा प्रमाणे करवामां प्रतिबंध करनारी एक चित्तस्थिति थई छे; जेथी हाल तो ते विषे क्षमा आपवा योग्य छे.

आपनी लखेली व्यावहारिक केटलीक वातो अमने जाणवामां छे, तेना जेवी हती. तेमां कोई उत्तर लखवा जेवी पण हती. तथापि मन तेम नहीं प्रवृत्ति करी शक्याथी क्षमा आपवा योग्य छे

---

## ३३

## आत्माकार मन

[ ३२४/३५३ ]

मुंबई चैत्र सुद १२, शुक्र १९४८

ॐ

मुमुक्षुतापूर्वक लखेलुं तम वगेरेनुं पत्र पहोंच्युं छे.

समय मात्र पण अप्रमत्तधाराने नहीं विस्मरण करतुं एवुं जे आत्माकार मन ते वर्तमान समये उदय प्रमाणे प्रवृत्ति करे छे; अने जे कोई पण प्रकारे वर्ताय छे, तेनुं कारण पूर्वे निबंधन करवामां आवेलो ए उदय छे. ते उदयने विषे प्रीति पण नथी, अने अप्रीति पण नथी. समता छे; करवा योग्य पण एम ज छे. पत्र लक्षमां छे.

यथायोग्य

---

## ३४
## अखंड आत्मध्यान

[३२०/३६६]

मुंबई, वैशाख सुद १२, रवि, १९४८

हृदयरूप श्री सुभाग्य,

मनमां वारंवर विचारथी निश्चय थई रह्यो छे के कोई पण प्रकारे उपयोग करी अन्यभावमां पोतापणुं थतुं नथी, अने अखंड आत्मध्यान रह्या करे छे, एवी जे दशा तेने विषे विकट उपाधिजोगनो उदय ए आश्चर्यकारक छे; हालमां तो थोडी क्षणनी निवृत्ति मांड रहे छे; अने प्रवृत्ति करी शके एवी योग्यतावाळुं तो चित्त नथी, अने हाल तेवी प्रवृत्ति करवी ए कर्त्तव्य छे, तो उदासपणे तेम करोए छीए; मन क्यांय बाझतुं नथी, अने कंई गमतुं नथी; तथापि हाल हरिइच्छा आधीन छे.

निरुपम एवुं जे आत्मध्यान, तीर्थंकरादिके कर्युं छे, ते परम आश्चर्यकारण छे. ते काळ पण आश्चर्यकारक हतो. वधारे शुं कहेवुं? 'वननी मारी कोयल'नी कहेवत प्रमाणे आ काळमां अने आ प्रवृत्तिमां अमे छीए.

---

## ३५
## अविच्छिन्न आत्मध्यान

[३२१/३७०]

मुंबई, वैशाख वद ११, रवि, १९४८

हृदयरूप श्री सुभाग्य प्रत्ये,

अविच्छिन्नपणे जेने विषे आत्मध्यान वर्ते छे एवा जे श्री....ना प्रणाम पहोंचे.

जेने विषे घणा प्रकारनी प्रवृत्ति वर्ते छे, एवा जोगने विषे हाल तो रहोए छोए. आत्मस्थिति तेने विषे उत्कृष्टपणे वर्तती जोई श्री....ना चित्तने पोते पोताथी नमस्कार करीए छोए.

घणा प्रकारे करी समागमनी अने बाह्य प्रवृत्तिना जोगत्यागनी जेनो चित्तवृत्ति कोई प्रकारे पण वर्ते छे एवा जे अमे ते अत्यारे तो आटलुं लखी अटकीए छीए.

---

## ३६

## बीजो श्री राम

[ ३३६/३८४ ]

मुंबई, असाड सुद ९, १९४८

शब्दादि पांच विषयनी प्राप्तिनी इच्छाए करी जेनां चित्त अत्यंत व्याकुळपणे वर्ते छे एवा जीवोनुं ज्यां विशेषपणे देखावुं छे, एवो जे काळ ते आ 'दुसम कळियुग' नामनो काळ छे. तेने विषे विह्वळपणुं जेने परमार्थने विषे नथी थयुं, चित्त विक्षेप पाम्युं नथी, संगे करी प्रवर्तनभेद पाम्युं नथी, बीजी प्रीतिना प्रसंगे जेनुं चित्त आवृत्त थयुं नथी, बीजां जे कारणो तेने विषे जेनो विश्वास वर्ततो नथी, एवो जो कोई होय तो ते आ काळने विषे 'बीजो श्री राम' छे. तथापि जोईने सखेद आश्चर्य वर्ते छे के ए गुणोना कोई अंशे संपन्न पण अल्प जीवो दृष्टिगोचर थता नथी.

निद्रा सिवायनो बाकीनो जे वखत तेमांथी एकाद कलाक सिवाय बाकीनो वखत मन, वचन, कायाथी उपाधिने जोगे

वर्ते छे. उपाय नथी, एटले सम्यक्‌परिणतिए संवेदन करवुं योग्य छे.

मोटा आश्चर्यने पमाडनारां एवां जळ, वायु, चंद्र, सूर्य, अग्नि आदि पदार्थोना जे गुणो ते सामान्य प्रकारे पण जेम जीवोनी दृष्टिमां आवता नथी, अने पोतानुं जे नानुं घर अथवा जे कंई चीजो तेने विषे कोई जातनुं जाणे आश्चर्यकारक स्वरूप देखी अहंत्व वर्ते छे, ए जोई एम थाय छे के लोकोने दृष्टिभ्रम—अनादिकाळनो—मटयो नथी; जेथी मटे एवो जे उपाय, तेने विषे जीवनुं अल्प पण ज्ञान प्रवर्ततुं नथी; अने तेनुं ओळखाण थये पण स्वेच्छाए वर्तवानी जे बुद्धि ते वारंवार उदय पामे छे; एम घणा जीवोनी स्थिति जोई आ लोक अनंतकाळ रहेवानो छे, एम जाणो.

नमस्कार पहोंचे.

---

## ३७
## नेत्र जेवुं चित्त

[ ३३६/३८५ ]

मुंबई, असाड, १९४८

सूर्य उदय-अस्त रहित छे, मात्र लोकोने चक्षुमर्यादाथी बहार वर्ते त्यारे अस्त अने चक्षुमर्यादाने विषे वर्ते त्यारे उदय एम भासे छे. पण सूर्यने विषे तो उदयअस्त नथी. तेम ज ज्ञानी छे ते, बधा प्रसंगने विषे जेम छे तेम छे, मात्र प्रसंगनी मर्यादा उपरांत लोकोनुं ज्ञान नथी, एटले पोतानी जेवी ते प्रसंगने विषे दशा थई शके तेवी दशा, ज्ञानीने विषे कल्पे छे;

અને એ કલ્પના જ્ઞાનીનું પરમ એવું જે આત્મપણું, પરિતોષપણું, મુક્તપણે તે જીવને જણાવા દેતી નથી, એમ જાણવા યોગ્ય છે.

જે પ્રકારે પ્રારબ્ધનો ક્રમ ઉદય હોય તે પ્રકારે હાલ તો વર્તીએ છીએ, અને એમ વર્તવું કોઈ પ્રકારે તો સુગમ ભાસે છે. ઠાકોર સાહેબને મળવા સંબંધી વિગત આજના પત્રને વિષે લખી, પણ પ્રારબ્ધ ક્રમ તેવો વર્તતો નથી. ઉદીરણા કરી શકીએ એવી અસુગમ વૃત્તિ ઉત્પન્ન થતી નથી.

જોકે અમારું ચિત્ત નેત્ર જેવું છે; નેત્રને વિષે બીજા અવયવની પેઠે એક રજકણ પણ સહન થઈ શકે નહીં. બીજા અવયવોરૂપ અન્ય ચિત્ત છે. અમને વર્તે છે એવું જે ચિત્ત તે નેત્રરૂપ છે, તેને વિષે વાણીનું ઊઠવું સમજાવવું, આ કરવું, અથવા આ ન કરવું, એવી વિચારણા કરવી તે માંડ માંડ બને છે. ઘણી ક્રિયા તો શૂન્યપણાની પેઠે વર્તે છે; આવી સ્થિતિ છતાં ઉપાધિજોગ તો બળવાનપણે આરાધીએ છીએ. એ વેદવું વિકટ ઓછું લાગતું નથી, કારણ કે આંખની પાસે જમીનની રેતી ઉપડાવવાનું કાર્ય થવારૂપ થાય છે. તે જેમ દુઃખે—અત્યંત દુઃખે—થવું વિકટ છે, તેમ ચિત્તને ઉપાધિ તે પરિણામરૂપ થવા બરાબર છે. સુગમપણાએ સ્થિત ચિત્ત હોવાથી વેદનાને સમ્યક્-પ્રકારે વેદે છે, અખંડસમાધિપણે વેદે છે. આ વાત લખવાનો આશય તો એમ છે જે આવા ઉત્કૃષ્ટ વૈરાગ્યને વિષે આવો ઉપાધિજોગ વેદવાનો જે પ્રસંગ છે, તેને કેવો ગણવો? અને આ બધું શા અર્થે કરવાનાં આવે છે? જાણતાં છતાં તે મૂકી કેમ દેવામાં આવતો નથી? એ બધું વિચારવા યોગ્ય છે.

મણિ વિષે લખ્યું તે સત્ય છે.

'ईश्वरेच्छा' जेम हशे तेम थशे. विकल्प करवाथी खेद थाय; अने ते तो ज्यां सुधी तेनी इच्छा होय त्यां सुधी ते प्रकारे ज प्रवर्ते. सम रहेवुं योग्य छे.

बोजी तो कंई स्पृहा नथो, कोई प्रारब्धरूप स्पृहा पण नथी, सत्तारूप कोई पूर्वे उपार्जित करेली उपाधिरूप स्पृहा ते तो अनुक्रमे संवेदन करवी छे. एक सत्संग—तमरूप सत्संगनी स्पृहा वर्ते छे. रुचिमात्र समाधान पामी छे. ए आश्चर्यरूप वात क्यां कहेवी ? आश्चर्य थाय छे. आ जे देह मळ्यो ते पूर्वे कोई वार मळ्यो न हो तो, भविष्यकाळे प्राप्त थवो नथी. धन्यरूप—कृतार्थरूप एवा जे अमे तेने विषे आ उपाधिजोग जोई लोकमात्र भूले एमां आश्चर्य नथी, अने पूर्वे जो सत्पुरुषनुं ओळखाण पड्युं नथी, तो ते आवा योगनां कारणथी छे. वधारे लखवुं सूझतुं नथी.

नमस्कार पहोंचे. गोशळियाने सम परिणामरूप थयायोग्य अने नमस्कार पहोंचे.

समस्वरूप श्री राजचंद्रना यथायोग्य.

---

## ३८

## उदयाधीन जीवितव्य

[ ३४२/३९६ ]

मुंबई, श्रावण वद, १९४८

ॐ

अन-अवकाश एवुं आत्मस्वरूप वर्ते छे; जेमां प्रारब्धोदय सिवाय बीजो कोई अवकाश जोग नथी.

ते उदयमां क्वचित् परमार्थ भाषा कहेवारूप जोग उदय आवे छे, क्वचित् परमार्थ भाषा लखवारूप जोग उदय आवे छे, क्वचित् परमार्थ भाषा समजाववारूप जोग आवे छे. विशेषपणे वैश्यदशारूप जोग हाल तो उदयमां वर्ते छे; अने जे कंई उदयमां नथी आवतुं ते करी शकवानुं हाल तो असमर्थपणुं छे.

उदयाधीन मात्र जीवितव्य करवाथी, थवाथी विषमपणुं मटयुं छे. तम प्रत्ये, पोता प्रत्ये, अन्य प्रत्ये, कोई जातनो विभाविक भाव प्राये उदय प्राप्त थतो नथी; अने ए ज कारणथी पत्रादि कार्य करवारूप परमार्थ भाषा जोगे अवकाश प्राप्त नथी एम लख्युं छे, ते तेम ज छे.

पूर्वोपार्जित एवो जे स्वाभाविक उदय ते प्रमाणे देहस्थिति छे; आत्मापणे तेनो अवकाश अत्यंताभावरूप छे.

× × × ×

## ३९

## आत्मधून

[ ३८१/४६५ ]

मुंबई, श्रावण वद, ५, १९४९

ॐ

परमस्नेही श्री सोभाग,

अत्रे कुशळक्षेम समाधि छे. थोडा दिवस माटे मुक्त थवानो जे विचार सूझ्यो हतो, ते हजु तेना ते स्वरूपमां छे. तेथी विशेष परिणाम पाम्यो नथी. एटले क्यारे अहींथी छूटा थवुं, अने क्या क्षेत्रे जई स्थिति करवी, ते विचार हजु सुधी सूझी शक्यो नथी. विचारना परिणामनी स्वाभाविक परिणति

घणुं करी रह्या करे छे. तेने विशेष करी प्रेरकपणुं थई शकतुं नथी.

गई सालना मागशर सुद छठे अत्रे आववानुं थयुं हतुं त्यारथी आज दिवसपर्यंतमां घणा प्रकारनो उपाधियोग वेदवानुं बन्युं छे अने जो भगवतकृपा न होय तो आ काळने विषे तेवा उपाधिजोगमां माथुं धड उपर रहेवुं कठण थाय, एम थतां थतां घणी वार जोयुं छे; अने आत्मस्वरूप जेणे जाण्युं छे एवा पुरुषने अने आ संसारने मळती पाण आवे नहीं, एवो अधिक निश्चय थयो छे. ज्ञानी पुरुष पण अत्यंत निश्चय उपयोगे वर्ततां वर्ततां क्वचित् पण मंद परिणाम पामी जाय एवी आ संसारनी रचना छे. आत्मस्वरूप संबंधी बोधनो तो जोके नाश न थाय, तथापि आत्मस्वरूपना बोधना विशेष परिणाम प्रत्ये एक प्रकारनुं आवरण थवारूप उपाधिजोग थाय छे. अमे तो ते उपाधिजोगथी हजु त्रास पाम्या करीए छीए; अने ते ते जोगे हृदयमां अने मुखमां मध्यमा वाचाए प्रभुनुं नाम राखी मांड कंई प्रवर्तन करी स्थिर रही शकीए छीए. सम्यक्त्वने विषे अर्थात् बोधने विषे भ्रांति प्राये थती नथी, पण बोधना विशेष परिणामनो अनवकाश थाय छे, एम तो स्पष्ट देखाय छे, अने तेथी घणो वार आत्मा आकुळव्याकुळपणाने पामी त्यागने भजतो हतो; तथापि उपार्जित कर्मनी स्थितिने सम-परिणामे, अदीनपणे, अव्याकुळपणे वेदवी ए ज ज्ञानी पुरुषोनो मार्ग छे, अने ते ज भजवो छे, एम स्मृति थई स्थिरता रहेती आवी छे. एटले आकुळादि भावनी थती विशेष मुझवण समाप्त थती हती.

आखो दिवस निवृत्तिना योगे काळ नहीं जाय त्यां सुधी सुख रहे नहीं, एवी अमारी स्थिति छे. "आत्मा आत्मा," तेनो विचार, ज्ञानी पुरुषनी स्मृति, तेना माहात्म्यनी कथावार्त्ता, ते प्रत्ये अत्यंत भक्ति, तेमना अनवकाश आत्मचारित्र प्रत्ये मोह, ए अमने हजु आकर्ष्या करे छे, अने ते काळ भजीए छीए.

पूर्व काळमां जे जे ज्ञानी पुरुषना प्रसंगो व्यतीत थया छे ते काळ धन्य छे; ते क्षेत्र अत्यंत धन्य छे; ते श्रवणने, श्रवणना कर्त्ताने, अने तेमां भक्तिभाववाळा जीवोने त्रिकाळ दंडवत् छे. ते आत्मस्वरूपमां भक्ति, चिंतन, आत्मव्याख्यानी ज्ञानी पुरुषनी वाणी अथवा ज्ञानीनां शास्त्रो के मार्गानुसारी ज्ञानी पुरुषना सिद्धांत, तेनो अपूर्वताने प्रणाम अति भक्तिए करीए छीए. अखंड आत्मधूनना एकतार प्रवाहपूर्वक ते वात अमने हजी भजवानी अत्यंत आतुरता रह्या करे छे; अने बीजी बाजुथी आवां क्षेत्र, आवा लोकप्रवाह, आवा उपाधिजोग अने बीजा बीजा तेवा तेवा प्रकार जोई विचार मूर्च्छावत् थाय छे. ईश्वरेच्छा !

प्रणाम पहोंचे

---

## ४०

## सहजानंद स्थिति

[ ३८४/४६९ ]

मुंबई, भादरवा वद ०)) १९४९

जेवी दृष्टि आ आत्मा प्रत्ये छे, तेवी दृष्टि जगतना सर्व आत्माने विषे छे. जेवो स्नेह आ आत्मा प्रत्ये छे तेवो स्नेह सर्व आत्मा प्रत्ये वर्ते छे. जेवी आ आत्मानी सहजानंद स्थिति

इच्छीए छीए, तेवी ज सर्व आत्मा प्रत्ये इच्छीए छीए. जे जे आ आत्मा माटे इच्छीए छीए, ते ते सर्व आत्मा माटे इच्छीए छीए. जेवो सर्व देह प्रत्ये वर्तवानो प्रकार राखीए छीए, तेवो ज आ देह प्रत्ये प्रकार वर्ते छे. आ देहमां विशेष बुद्धि अने बीजा देह प्रत्ये विषम बुद्धि घणुं करीने क्यारेय थई शकती नथी. जे स्त्रीआदिनो स्वपणे संबंध गणायं छे, ते स्त्रीआदि प्रत्ये जे कंई स्नेहादिक छे, अथवा समता छे, तेवां ज प्राये सर्व प्रत्ये वर्ते छे. आत्मारूपपणानां कार्ये मात्र प्रवर्तन होवाथी जगतना सर्व पदार्थ प्रत्ये जेम उदासीनता वर्ते छे. तेम स्वपणे गणाता स्त्रीआदि पदार्थो प्रत्ये वर्ते छे.

प्रारब्ध प्रबंधे स्त्रीआदि प्रत्ये जे कंई उदय होय तेथी विशेष वर्तना घणुं करीने आत्माथी थती नथी. कदापि करुणाथी कंई तेवी विशेष वर्तना थती होय तो तेवी ते ज क्षणे तेवा उदयप्रतिबद्ध आत्माओ प्रत्ये वर्ते छे, अथवा सर्व जगत प्रत्ये वर्ते छे. कोई प्रत्ये कंई विशेष करवुं नहीं, के न्यून करवुं नहीं; अने करवुं तो तेवुं एकधारानुं वर्तन सर्व जगत प्रत्ये करवुं एवुं ज्ञान आत्माने घणा काळ थयां दृढ छे; निश्चय-स्वरूप छे. कोई स्थळे न्यूनपणुं, विशेषपणुं, के कंई तेवी सम विषम चेष्टाए वर्तवुं देखातुं होय तो जरूर ते आत्मस्थितिए, आत्मबुद्धिए थतुं नथी, एम लागे छे. पूर्वप्रबंधी प्रारब्धना योगे कंई तेवुं उदयभावपणे थतुं होय तो तेने विषे पण समता छे. कोई प्रत्ये ओछापणुं, अधिकपणुं कंई पण आत्माने रुचतुं नथी, त्यां पछी बीजी अवस्थानो विकल्प होवा योग्य नथी, एम तमने शुं कहीए ? संक्षेपमां लख्युं छे.

सौथी अभिन्नभावना छे; जेटली योग्यता जेनी वर्ते छे, ते प्रत्ये तेटली अभिन्नभावनो स्फूर्ति थाय छे; क्वचित् करुणा-बुद्धिथी विशेष स्फूर्ति थाय छे; पण विषमपणाथी के विषय, परिग्रहादि कारणप्रत्ययथी ते प्रत्ये वर्तवानो कंई आत्मामां संकल्प जणातो नथी. अविकल्परूप स्थिति छे. विशेष शुं कहीए? अमारे कंई अमारुं नथी, के बीजानुं नथी के बीजुं नथी; जेम छे तेम छे. जेम स्थिति आत्मानी छे, तेवी स्थिति छे. सर्व प्रकारनो वर्तना निष्कपटपणाथी उदयनी छे; समविषमता नथी. सहजानंद स्थिति छे. ज्यां तेम होय त्यां अन्य पदार्थमां आसक्त बुद्धि घटे नहीं, होय नहीं.

(००००)

---

४१

## केवळ अप्रमत्तता

[३९०/४८२]

मुंबई, पोष वद १४, रवि, १९५०

हाल विशेषपणे करी लखवानुं थतुं नथी तेमां, उपाधि करतां चित्तनुं संक्षेपपणुं विशेष कारणरूपे छे. (चित्तनुं इच्छा-रूपमां कंई प्रवर्तन थवुं संक्षेप पामे, न्यून थाय ते संक्षेपपणुं अत्रे लख्युं छे.) अमे एम वेद्युं छे के, ज्यां कंई पण प्रमत्तदशा होय छे त्यां जगतप्रत्ययी कामनो आत्माने विषे अवकाश घटे छे. ज्यां केवळ अप्रमत्तता वर्ते छे, त्यां आत्मा सिवाय बीजा कोई पण भावनो अवकाश वर्ते नहीं; जोके तीर्थंकरादिक,

संपूर्ण एवुं ज्ञान पाम्या पछी, कोई जातनी देहक्रियाए सहित देखावानुं बन्युं छे, तथापि आत्मा, ए क्रियानो अवकाश पामे तो ज करी शके एवी क्रिया कोई ते ज्ञान पछी होई शके नहीं; अने तो ज त्यां संपूर्णज्ञान टके; एवो असंदेह ज्ञानी पुरुषोनो निर्धार छे, एम अमने लागे छे. ज्वरादि रोगमां कंई स्नेह जेम चित्तने नथी थतो तेम आ भावोनें विषे पण वर्ते छे, लगभग स्पष्ट वर्ते छे, अने ते प्रतिबंधना रहितपणानो विचार थया करे छे.

---

४२

## आत्मपरिणति

[४५८/५८३]

मुंबई, चैत्र वद ११, शुक्र, १९५१

एक आत्मपरिणति सिवायना बीजा जे विषयो तेने विषे चित्त अव्यवस्थितपणे वर्ते छे; अने तेवुं अव्यवस्थितपणुं लोकव्यवहारथी प्रतिकूळ होवाथी लोकव्यवहार भजवो गमतो नथी, अने तजवो बनतो नथी; ए वेदना घणुं करीने दिवसना आखा भागमां वेदवामां आव्या करे छे.

खावाने विषे, पीवाने विषे, बोलवाने विषे, शयनने विषे, लखवाने विषे के बीजां व्यावहारिक कार्योने विषे जेवा जोईए तेवा भानथी प्रवर्तातुं नथी, अने ते प्रसंगो रह्या होवाथी आत्मपरिणतिने स्वतंत्र प्रगटपणे अनुसरवामां विपत्ति आव्या करे छे; अने ते विषेनुं क्षणे क्षणे दुःख रह्या करे छे.

अचलित आत्मरूपे रहेवानी स्थितिमां ज चित्तेच्छा रहे छे, अने उपर जणाव्या प्रसंगोनी आपत्तिने लीधे केटलोक ते स्थितिनो वियोग रह्या करे छे; अने ते वियोग मात्र परेच्छाथी रह्यो छे, स्वेच्छाना कारणथी रह्यो नथी; ए एक गंभीर वेदना क्षणे क्षणे थया करे छे.

आ ज भवने विषे अने थोडा ज वखत पहेलां व्यवहारने विषे पण स्मृति तीव्र हती. ते स्मृति हवे व्यवहारने विषे क्वचित ज, मंदपणे प्रवर्ते छे. थोडा ज वखत पहेलां, एटले थोडां वर्षो पहेलां वाणी घणुं बोली शकती, वक्तापणे कुशळताथी प्रवर्ती शकती, ते हवे मंदपणे अव्यवस्थाथी प्रवर्ते छे. थोडां वर्ष पहेलां थोडा वखत पहेलां लेखनशक्ति अति उग्र हती; आजे शुं लखवुं ते सूझतां सूझतां दिवसना दिवस व्यतीत थई जाय छे; अने पछी पण जे कंई लखाय छे, ते इच्छेलुं अथवा योग्य व्यवस्थावाळुं लखातुं नथी; अर्थात् एक आत्मपरिणाम सिवाय सर्व बीजां परिणामने विषे उदासीनपणुं वर्ते छे; अने जे कंई कराय छे ते जेवा जोईए तेवा भानना सोमा अंशथी पण नथी थतुं. जेम तेम अने जे ते कराय छे. लखवानी प्रवृत्ति करतां वाणीनी प्रवृत्ति कंईक ठीक छे; जेथी कंई आपने पूछवानी इच्छा होय, जाणवानी इच्छा होय तेना विषे समागमे कही शकाशे.

कुंदकुंदाचार्य अने आनंदघनजीने सिद्धांत संबंधी ज्ञान तीव्र हतुं. कुंदकुंदाचार्यजी तो आत्मस्थितिमां बहु स्थित हता.

नामनुं जेने दर्शन होय ते बधा साम्यक्ज्ञानी कही शकाता नथी. विशेष हवे पछी.

---

## ४३
## सहज प्रवृत्ति अने उदीरण प्रवृत्ति

[४७६/६२०]

मुंबई, अषाड वद ०)), सोम, १९५१

जन्मथी जेने मति, श्रुत अने अवधि ए त्रण ज्ञान हतां, अने आत्मोपयोगी एवी वैराग्यदशा हती, अल्पकाळमां भोगकर्म क्षीण करी संयमने ग्रहण करतां मनःपर्यव नामनुं ज्ञान पाम्या हता, एवा श्रीमद् महावीरस्वामी, ते छतां पण बार वर्ष अने साडा छ मास सुधी मौनपणे विचर्या. आ प्रकारनुं तेमनुं प्रवर्तन ते उपदेशमार्ग प्रवर्तावतां कोई पण जीवे अत्यंतपणे विचारी प्रवर्तवा योग्य छे, एवी अखंड शिक्षा प्रतिबोधे छे. तेम ज जिन जेवाए जे प्रतिबंधनी निवृत्ति माटे प्रयत्न कर्युं, ते प्रतिबंधमां अजागृत रहेवा योग्य कोई जीव न होय एम जणाव्युं छे, तथा अनंत आत्मार्थनो ते प्रवर्तनथी प्रकाश कर्यो छे; जेवा प्रकार प्रत्ये विचारवानुं विशेष स्थिरपणुं वर्ते छे, वर्तावुं घटे छे.

जे प्रकारनुं पूर्वप्रारब्ध भोगव्ये निवृत्त थवा योग्य छे, ते प्रकारनुं प्रारब्ध उदासीनपणे वेदवुं घटे; जेथी ते प्रकार प्रत्ये प्रवर्ततां जे कंई प्रसंग प्राप्त थाय छे, ते ते प्रसंगमां जागृत उपयोग न होय, तो जीवने समाधिविराधना थतां वार न लागे. ते माटे सर्व संगभावने मूळपणे परिणामी करी, भोगव्या विना न छूटी शके तेवा प्रसंग प्रत्ये प्रवृत्ति थवा देवी घटे, तोपण ते प्रकार करतां सर्वांश असंगता जन्मे ते प्रकार भजवो घटे.

केटलाक वखत थयां सहज प्रवृत्ति अने उदीरण प्रवृत्ति एम विभागे प्रवृत्ति वर्ते छे. मुख्यपणे सहज प्रवृत्ति वर्ते छे. सहजप्रवृत्ति एटले प्रारब्धोदये उद्‌भव थाय ते, पण जेमां कर्तव्य परिणाम नहीं. बोजो उदीरण प्रवृत्ति जे परार्थादि योगे करवी पडे ते. हाल बीजी प्रवृत्ति थवामां आत्मा संक्षेप थाय छे, केमके अपूर्व एवा समाधियोगने ते कारणथी पण प्रतिबंध थाय छे, एम सांभळ्युं हतुं तथा जाण्युं हतुं; अने हाल तेवुं स्पष्टार्थे वेद्यु छे. ते ते कारणोथी वधारे समागममां आववानुं, पत्रादिथी कंई पण प्रश्नोत्तरादि जणाववानुं, तथा बीजा प्रकारे परमार्थादि लखवा करवानुं पण संक्षेप थवाना पर्यायने आत्मा भजे छे. एवा पर्यायने भज्या विना अपूर्व समाधिने हानि संभवती हती. एम छतां पण थवा योग्य एवो संक्षेप प्रवृत्ति थई नथी.

अत्रेथी श्रावण सुद ५–६ना नीकळवानुं थवा संभव छे, पण अहींथी जती वखते समागमनो योग थई शकवा योग्य नथी. अने अमारा जवाना प्रसंग विषे हाल तमारे बीजा कोई प्रत्ये पण जणाववानुं विशेष कारण नथी, केमके जती वखते समागम नहीं करवा संबंधमां कंई तेमने संशय प्राप्त थवानो संभव थाय, जेम न थाय तो सारुं. ए ज विनंति.

---

४४

## धर्मोन्नति

[ ५७९/७०९ ]

राळज, भादरवा, १९५२

१. हे नाथ! कां धर्मोन्नति करवारूप इच्छा सहजपणे समावेश पामे तेम थाओ; कां तो ते इच्छा अवश्य कार्यरूप

थाओ. अवश्य कार्यरूप थवो बहु दुष्कर देखाय छे. केमके अल्प अल्प वातमां मतभेद बहु छे, अने तेनां मूळ घणां ऊंडां गयेलां छे. मूळमार्गथी लोको लाखो गाउ दूर छे एटलुं ज नहों पण मूळमार्गनी जिज्ञासा तेमने उत्पन्न कराववी होय, तोपण घणा काळनो परिचय थये पण थवी कठण पडे एवी तेमनी दुराग्रहादिथी जडप्रधान दशा वर्ते छे.

२. उन्नतिनां साधनोनी स्मृति करुं छुं:—

बोधबीजनुं स्वरूपनिरूपण मूळमार्ग प्रमाणे ठाम ठाम थाय.

ठाम ठाम मतभेदथी कंई ज कल्याण नथी ए वात फेलाय.

प्रत्यक्ष सद्‌गुरुनी आज्ञाए धर्म छे एम वात लक्षमां आवे.

द्रव्यानुयोग,—आत्मविद्याप्रकाश थाय.

त्याग वैराग्यना विशेषपणाथी साधुओ विचरे.

नवतत्त्वप्रकाश.

साधुधर्मप्रकाश.

श्रावकधर्मप्रकाश.

विचार.

घणा जीवोने प्राप्ति.

---

## ४५
## शासनोद्धार वेदना

[५७५/७५४]

संवत १९५३

हे ज्ञातपुत्र भगवन्! काळनी बलिहारी छे. आ भारतना हीनपुण्यो मनुष्योने तारुं सत्य, अखंड अने पूर्वापर अविरोध

शासन क्यांथी प्राप्त थाय? थवामां आवां विघ्नो उत्पन्न थयां; तारां बाधेलां शास्त्रो कल्पित अर्थथी विराध्यां, केटलांक समूळगां खंड्यां. ध्याननुं कार्य, स्वरूपनुं कारण ए जे तारी प्रतिमा तेथी कटाक्षदृष्टिए लाखोगमे लोको वाळ्यां; तारा पछी परंपराए जे आचार्यपुरुषो थया तेना वचनमां अने तारां वचनमां पण शंका नांखो दीधी. एकांत दई कूटी तारुं शासन निंदाव्युं

शासन देवि! एवी सहायता कंई आप के जे वडे कल्याणनो मार्ग हुं बीजाने बोधी शकुं, दर्शावी शकुं,–खरा पुरुषो दर्शावी शके. सर्वोत्तम निर्ग्रंथप्रवचनना बोध भणी वाळी आ आत्मविराधक पंथोथी पाछा खेंचवामां सहायता आप!! तारो धर्म छे के समाधि अने बोधिमां सहायता आपवी.

[ अंगत ]

---

# (२) हाथनोंधमांथी

## १

## सहज

[ ७११/४ ]

[ हाथनोंध १, पृ. ३ ]

जे पुरुष आ ग्रंथमां सहज नोंध करे छे, ते पुरुष माटे प्रथम सहज ते ज पुरुष लखे छे.

तेनो हमणां एवी दशा अंतरंगमां रहो छे के कंईक विना सर्व संसारी इच्छानी पण तेणे विस्मृति करी नाखी छे.

ते कंईक पाम्यो पण छे, अने पूर्णनो परम मुमुक्षु छे, छेल्ला मार्गनो निःशंक जिज्ञासु छे.

हमणां जे आवरणो तेने उदय आव्यां छे, ते आवरणोथी एने खेद नथी. परंतु वस्तुभावमां थती मंदतानो खेद छे.

ते धर्मनी विधि, अर्थनी विधि, कामनी विधि, अने तेने आधारे मोक्षनो विधिने प्रकाशी शके तेवो छे. घणा ज थोडा पुरुषोने प्राप्त थयो हशे एवो ए काळनो क्षयोपशमी पुरुष छे.

तेने पोतानी स्मृति माटे गर्व नथी, तर्क माटे गर्व नथी, तेम ते माटे तेनो पक्षपात पण नथी; तेम छतां कंईक बहार राखवुं पडे छे, तेने माटे खेद छे.

तेनुं अत्यारे एक विषय विना बीजा विषयप्रति ठेकाणुं नथी. ते पुरुष जोके तीक्ष्ण उपयोगवाळो छे; तथापि ते तीक्ष्ण उपयोग बीजा कोई पण विषयमां वापरवा ते प्रीति धरावतो नथी.

---

२

[७९५/१०]

[हाथनोंध १, पृ. २५]

ए ज स्थिति–ए ज भाव अने ए स्वरूप.

गमे तो कल्पना करी बीजी वाट ल्यो. यथार्थ जोईतो होय तो आ . . लो

विभंग ज्ञान–दर्शन अन्य दर्शनमां मानवामां आव्युं छे. एमां मुख्य प्रवर्तकोए जे धर्ममार्ग बोध्यो छे, ते सम्यक् थवा स्यात् मुद्रा जोईए.

स्यात् मुद्रा ते स्वरूपस्थित आत्मा छे. श्रुतज्ञाननी अपेक्षाए स्वरूपस्थित आत्माए कहेली शिक्षा छे.

नाना प्रकारना नय, नाना प्रकारना प्रमाण, नाना प्रकारनी भंगजाल, नाना प्रकारना अनुयोग ए सघळां लक्षणारूप छे. लक्ष एक सच्चिदानंद छे.

दृष्टिविष गया पछी गमे ते शास्त्र, गमे ते अक्षर, गमे ते कथन, गमे ते वचन, गमे ते स्थळ प्राये अहितनुं कारण थतुं नथी

पुनर्जन्म छे–जरूर छे–ए माटे हुं अनुभवथी हा कहेवामां अचळ छुं.

आ काळमां मारुं जन्मवुं मानुं तो दुःखदायक छे, अने मानुं तो सुखदायक पण छे.

[हाथनोंध १, पृ. २६]

एवुं हवे कोई वांचन रह्युं नथी के जे वांची जोईए. छीए ते पामीए ए जेना संगमां रह्युं छे ते संगनी आ काळमां न्यूनता थई पडी छे.

विकराळ काळ! . . . विकराळ कर्म! . . . विकराळ आत्मा! . . . जेम . . . . पण एम . . . .

हवे ध्यान राखो. ए ज कल्याण.

---

## ३

[७/९६/११]

[हाथनोंध १, पृ. २७]

एटलुं ज शोधाय तो बधुं पामशो; खचीत एमां ज छे. मने चोक्कस अनुभव छे. सत्य कहुं छुं. यथार्थ कहुं छुं. निःशंक मानो.

ए स्वरूप माटे सहज सहज कोई स्थळे लखी वाळ्युं छे.

---

## ४

[७९७/१६]

[हाथनोंध १, पृ. ३९]

ए त्यागी नथी, अत्यागी पण नथी. ए रागी पण नथी, वीतरागी पण नथी.

पोतानो क्रम निश्चळ करो. तेनी चोबाजु निवृत्त भूमिका राखो.

आ दर्शन थाय छे ते कां वृथा जाय छे? एनो विचार पुनः पुनः विचारतां मूर्छा आवे छे.

संतजनोए पोतानो क्रम मूक्यो नथी. मूक्यो छे ते परम असमाधिने पाम्या छे.

संतपणुं अति अति दुर्लभ छे. आव्या पछी संत मळवा दुर्लभ छे. संतपणानी जिज्ञासावाळा अनेक छे. परंतु संतपणुं दुर्लभ ते दुर्लभ ज छे!

---

## ५

## प्रकाशभुवन

[ ७९९/१७ ]

[ हाथनोंध १, पृ. ४३ ]

खचीत ते सत्य छे. एम ज स्थिति छे. तमे आ भणी वळो —

तेओए रूपकथी कह्युं छे. भिन्न भिन्न प्रकारे तेथी बोध थयो छे, अने थाय छे; परंतु ते विभंगरूप छे.

आ बोध सम्यक् छे. तथापि घणो ज सूक्ष्म अने मोह टळ्ये ग्राह्य थाय तेवो छे.

सम्यक् बोध पण पूर्ण स्थितिमां रह्यो नथी. तोपण जे छे ते योग्य छे.

ए समजीने हवे घटतो मार्ग ल्यो.

कारण शोधो मा, ना कहो मा, कल्पना करो मा. एम ज छे.

ए पुरुष यथार्थवक्ता हतो. अयथार्थ कहेवानुं तेमने कोई निमित्त नहोतुं.

---

## ६

[ ७९८/१९ ]

[ हाथनोंध १, पृ. ४७ ]

ते दशा शाथी अवराई? अने ते दशा वर्धमान केम न थई?

लोकना प्रसंगथी, मानेच्छाथी, अजागृतपणाथी, स्त्रीआदि परिषहनो जय न करवाथी.

जे क्रियाने विषे जीवने रंग लागे छे, तेने त्यां ज स्थिति होय छे, ऐवो जे जिननो अभिप्राय ते सत्य छे.

त्रीस महा मोहनीयनां स्थानक श्री तीर्थंकरे कह्यां छे ते साचां छे.

अनंता ज्ञानी पुरुषोए जेनुं प्रायश्चित्त कह्युं नथी, जेना त्यागनो एकांत अभिप्राय आप्यो छे एवो जे काम तेथी जे मूंझाया नथी, ते ज परमात्मा छे.

---

## ७

[८०१/३२]

[हाथनोंध १, पृ. ६३]

धन्य रे दिवस आ अहो,
जागी रे शांति अपूर्व रे;
दश वर्षे रे धारा उलसी,
मटचो उदयकर्मनो गर्व रे. धन्य०

ओगणससें ने एकत्रीसे,
आव्यो अपूर्व अनुसार रे;
ओगणीससें ने बेतालीसे,
अद्‌भुत वैराग्य धार रे. धन्य०

ओगणीससें ने सुडतालीसे,
समकित शुद्ध प्रकाश्युं रे;
श्रुत अनुभव वधती दशा,
निज स्वरूप अवभास्युं रे. धन्य०

त्यां आव्यो रे उदय कारमो,
परिग्रह कार्य प्रपंच रे;
जेम जेम ते हडसेलीए,
तेम वधे न घटे रंच रे. धन्य०

[हाथनोंध १, पृ. ६४]

वधतुं एम ज चालियुं,
हवे दीसे क्षीण कांई रे;
क्रमे करीने रे ते जशे,
एम भासे मनमांहीं रे. धन्य०

यथा हेतु जे चित्तनो,
सत्य धर्मनो उद्धार रे;
थशे अवश्य आ देहथी,
एम थयो निरधार रे. धन्य०

आवी अपूर्व वृत्ति अहो,
थशे अप्रमत्त योग रे;
केवळ लगभग भूमिका,
*स्पर्शीने देह वियोग* रे. धन्य०

अवश्य कर्मनो भोग छे,
भोगववो अवशेष रे;
तेथी देह एक ज धारीने,
जाशुं स्वरूप स्वदेश रे. धन्य०

---

## ८

[८०३/३७]

[हाथनोंध १, पृ. ८७]

श्रीमान् महावीरस्वामी जेवाए अप्रसिद्ध पद राखी गृहवास वेद्यो–गृहवासथी निवृत्त थये पण साडाबार वर्ष जेवा दीर्घ काळ सुधी मौन आचर्युं. निद्रा तजी विषम परिषह सह्या एनो हेतु शो?

अने आ जीव आम वर्ते छे, तथा आम कहे छे एनो हेतु शो?

*जे पुरुष सद्‌गुरुनी* उपासना विना निज कल्पनाए आत्मस्वरूपनो निर्धार करे ते मात्र पोताना स्वच्छंदना उदयने वेदे छे, एम विचारवुं घटे छे.

जे जीव सत्पुरुषना गुणनो विचार न करे, अने पोतानी कल्पनाना आश्रये वर्ते ते जीव सहजमात्रमां भववृद्धि उत्पन्न करे छे केमके अमर थवाने माटे झेर पीए छे.

---

## ९

[८०३/३८]

[हाथनोंध १, पृ. ८९]

सर्वसंग महाश्रवरूप श्री तीर्थंकरे कह्यो छे, ते सत्य छे.

आवो मिश्रगुणस्थानक जेवी स्थिति क्यां सुधी राखवी? जे वात चित्तमां नहीं, ते करवी, अने जे चित्तमां छे तेमां उदास रहेवुं एवो व्यवहार शी रीते थई शके?

वैश्यवेषे अने निर्ग्रंथभावे वसतां कोटो कोटी विचार थया करे छे.

वेष अने ते वेष संबंधी व्यवहार जोई लोकदृष्टि तेवुं माने ए खरुं छे, अने निर्ग्रंथभावे वर्ततुं चित्त ते व्यवहारमां यथार्थ न प्रवर्ती शके ए पण सत्य छे; जे माटे एवा बे प्रकारनी एक स्थिति करी वर्ती शकातुं नथी, केमके प्रथम प्रकारे वर्ततां निर्ग्रंथभावथी उदास रहेवुं पडे तो ज यथार्थ व्यवहार साचवी शकाय एम छे, अने निर्ग्रंथभावे वसीए तो पछी ते व्यवहार गमे तेवो थाय तेनी उपेक्षा करवी घटे, जो उपेक्षा न करवामां आवे तो निर्ग्रंथभाव हानि पाम्या विना रहे नहीं.

[हाथनोंध १, पृ. ९०]

ते व्यवहार त्याग्या विना अथवा अत्यंत अल्प कर्या विना निर्ग्रंथता यथार्थ रहे नहीं, अने उदयरूप होवाथी व्यवहार त्याग्यो जतो नथी.

आ सर्व विभावयोग मटया विना अमारुं चित्त बीजा कोई उपाये संतोष पामे एम लागतुं नथी.

ते विभावयोग बे प्रकारे छे: एक पूर्वे निष्पन्न करेलो एवो उदयस्वरूप, अने बीजो आत्मबुद्धिए करी रंजनपणे करवामां आवतो भावस्वरूप.

आत्मभावे विभाव संबंधी योग तेनी उपेक्षा ज श्रेयभूत लागे छे. नित्य ते विचारवामां आवे छे, ते विभावपणे वर्ततो आत्मभाव घणो परिक्षीण कर्यो छे, अने हजी पण ते ज परिणति वर्ते छे.

ते संपूर्ण विभावयोग निवृत्त कर्या विना चित्त विश्रांति पामे एम जणातुं नथी अने हाल तो ते कारणे करी विशेष क्लेश वेदन करवो पडे छे, केम के उदय विभावक्रियानो छे अने इच्छा आत्मभावमां स्थिति करवानी छे.

[हाथनोंध १, पृ ९१]

तथापि एम रहे छे के, उदयनुं विशेष काळसुधी वर्तवुं रहे तो आत्मभाव विशेष चंचळ परिणामने पामशे; केमके आत्मभाव विशेष संधान करवानो अवकाश उदयनी प्रवृत्तिने लीधे प्राप्त न थई शके, अने तेथी ते आत्मभाव कंई पण अजागृतपणाने पामे.

जे आत्मभाव उत्पन्न थयो छे, ते आत्मभाव पर जो विशेष लक्ष करवामां आवे तो अल्पकाळमां तेनुं विशेष वर्धमानपणुं थाय, अने विशेष जागृतावस्था उत्पन्न थाय अने थोडा काळमां हितकारी एवी उग्र आत्मदशा प्रगटे, अने जो उदयनी स्थिति प्रमाणे उदयनो काळ रहेवा देवानो विचार करवामां आवे तो हवे आत्मशिथिलता थवानो प्रसंग आवशे, एम लागे छे, केमके दीर्घकाळनो आत्मभाव होवाथी अत्यार सुधी उदयबळ गमे तेवुं छतां ते आत्मभाव हणायो नथी, तथापि कंईक कंईक तेनी अजागृतावस्था थवा देवानो वखत आव्यो छे; एम छतां पण हवे केवळ उदय पर ध्यान आपवामां आवशे तो शिथिलभाव उत्पन्न थशे.

[हाथनोंध १, पृ. ९२]

ज्ञानी पुरुषो उदयवश देहादि धर्म निवर्ते छे. ए रीते प्रवृत्ति करी होय तो आत्मभाव हणावो न जोईए; ए माटे

ते वात लक्ष राखी उदय वेदवो घटे छे, एम विचार पण हमणां घटतो नथी, केमके ज्ञाननां तारतम्य करतां उदयबळ वधतुं जोवामां आवे तो जरूर त्यां ज्ञानीए पण जागृत दशा करवी घटे, एम श्री सर्वज्ञे कह्युं छे.

अत्यंत दुषमकाळ छे तेने लीधे अने हतपुण्य लोकोए भरतक्षेत्र घेर्युं छे तेने लीधे परमसत्संग, सत्संग के सरळपरिणामी जीवोनो समागम पण दुर्लभ छे, एम जाणी जेम अल्पकाळमां सावधान थवाय तेम करवुं घटे छे.

---

५०

[८०४/३९]

[हाथनोंध १, पृ. ९३]

मौनदशा धारण करवी ?

व्यवहारनो उदय एवो छे के ते धारण करेली दशा लोकोने कषायनुं निमित्त थाय, तेम व्यवहारनी प्रवृत्ति बने नहीं.

त्यारे ते व्यवहार निवृत्त करवो ?

ते पण विचारतां बनवुं कठण लागे छे, केमके तेवी कंईक स्थिति वेदवानुं चित्त रह्या करे छे. पछी ते शिथिलताथी, उदयथी के परेच्छाथी के सर्वज्ञ द्रष्टथी, एम छतां पण अल्पकाळमां आ व्यवहारने संक्षेप करवा चित्त छे.

ते व्यवहार केवा प्रकारे संक्षेप थई शकशे ?

केमके तेनो विस्तार विशेषपणे जोवामां आवे छे. व्यापारस्वरूपे, कुटुंबप्रतिबंधे, युवावस्थाप्रतिबंधे, दयास्वरूपे, विकार-

स्वरूपे, उदयस्वरूपे –ए आदि कारणे ते व्यवहार विस्ताररूप जणाय छे.

[हाथनोंध १, पृ. ९४]

हुं एम जाणुं छुं के अनंतकाळथी अप्राप्तवत् एवुं आत्मस्वरूप केवळज्ञान–केवळदर्शनस्वरूपे अंतर्मुहूर्तमां उत्पन्न कर्युं छे, तो पछी वर्ष छ मास काळमां आटलो आ व्यवहार केम निवृत्त नहीं थई शके? मात्र जागृतिना उपयोगांतरथी तेनी स्थिति छे, अने ते उपयोगना बळने नित्य विचार्येथी अल्पकाळमां ते व्यवहार निवृत्त थई शकवा योग्य छे. तोपण तेनी केवा प्रकारे निवृत्ति करवी, ए हजी विशेषपणे मारे विचारवुं घटे छे एम मानुं छुं, केमके वीर्यने विशे कंई पण मंद दशा वर्ते छे. ते मंद दशानो हेतु शो?

उदयबळे प्राप्त थयो एवो परिचय मात्र परिचय, एम कहेवामां कंई बाध छे? ते परिचयने विषे विशेष अरुचि रहे छे, ते छतां ते परिचय करवो रह्यो छे. ते परिचयनो दोष कही शकाय नहीं, पण निजदोष कही शकाय. अरुचि होवाथी इच्छारूप दोष नहीं कहेतां उदयरूप दोष कह्यो छे.

---

## ११

[८०५/४०]

[हाथनोंध १, पृ. ९६]

घणो विचार करी नीचेनुं समाधान थाय छे.

एकांत द्रव्य, एकांत क्षेत्र, एकांत काळ अने एकांत भावरूप संयम आराध्या विना चित्तनी शांति नहीं थाय एम लागे छे. एवो निश्चय रहे छे.

ते योग हजी कंई दूर संभवे छे, केमके उदयनुं बळ जोतां ते निवृत्त थतां कंईक विशेष काळ जशे.

---

## १२

[ ८०५/४१ ]

[ हाथनोंध १, पृ. १०१ ]

हे जीव! असारभूत लागता एवा आ व्यवसायथी हवे निवृत्त था, निवृत्त!

ते व्यवसाय करवाने विषे गमे तेटलो बळवान प्रारब्धोदय देखातो होय तोपण तेथी निवृत्त था, निवृत्त!

जोके श्री सर्वज्ञे एम कह्युं छे के चौदमे गुणठाणे वर्ततो एवो जीव पण प्रारब्ध वेद्या विना मुक्त थई शके नहीं, तोपण तुं ते उदयनो आश्रयरूप होवाथी निज दोष जाणी तेने अत्यंत तीव्रपणे विचारी तेथी निवृत्त था, निवृत्त!

केवळ मात्र प्रारब्ध होय, अने अन्य कर्मदशा वर्तती न होय तो ते प्रारब्ध सहेजे निवृत्त थवा देवानुं बने छे, एम परम पुरुषे स्वीकार्युं छे, पण ते केवळ प्रारब्ध त्यारे कही शकाय के ज्यारे प्राणांतपर्यंत निष्ठाभेददृष्टि न थाय, अने तने सर्व प्रसंगमां एम बने छे, एवुं ज्यां सुधी केवळ निश्चय न थाय त्यां सुधी श्रेय ए छे के, तेने विषे त्यागबुद्धि भजवी, आ वात विचारी हे जीव! हवे तुं अल्पकाळमां निवृत्त था, निवृत्त!

---

## १३

[८०५/४५]

[हाथनोंध १, पृ. १०२]

हे जीव! हवे तुं संगनिवृत्तिरूप काळनी प्रतिज्ञा कर, प्रतिज्ञा कर!

*केवळ संगनिवृत्तिरूप प्रतिज्ञानो विशेष अवकाश जोवामां* न आवे तो अंशसंगनिवृत्तिरूप एवो आ व्यवसाय तेने त्याग!

जे ज्ञानदशामां त्यागात्याग कंई संभवे नहीं ते ज्ञानदशानी सिद्धि छे जेने विषे एवो तुं सर्वसंगत्यागदशा अल्पकाळ वेदीश तो संपूर्ण जगत प्रसंगमां वर्ते तोपण तने बाधरूप न थाय. ए प्रकार वर्ते छते पण निवृत्ति ज प्रशस्त सर्वज्ञे कही छे, केमके ऋषभादि सर्व परम पुरुषे छेवट एम ज कर्युं छे.

---

## १४

[८१७/१]

[हाथनोंध २. पृ. ३]

राग, द्वेष अने अज्ञाननो आत्यंतिक अभाव करी जे सहज शुद्ध आत्मस्वरूपमां स्थित थया ते स्वरूप अमारुं स्मरण, ध्यान अने पामवा योग्य स्थान छे.

---

## १५

[८१८/३]

[हाथनोंध २, पृ. ७]

शुद्ध चैतन्य

अनंत आत्मद्रव्य

केवलज्ञानस्वरूप

शक्तिरूपे

ते

जेने संपूर्ण व्यक्त थयुं छे, तथा व्यक्त थवानो
जे पुरुषो मार्ग पाम्या छे ते पुरुषोने
अत्यंत भक्तिथी नमस्कार.

---

## १६

[८१८/४]

[हाथनोंध २, पृ. ९]

नमो जिणाणं जिदभवाणं

जिनतत्त्वसंक्षेप

अनंत अवकाश छे.
तेमां जड चेतनात्मक विश्व रह्युं छे.
विश्वमर्यादा बे अमूर्त्त द्रव्यथी छे,
जेने धर्मास्तिकाय, अधर्मास्तिकाय एवी संज्ञा छे.
जीव अने परमाणुपुद्गल ए बे द्रव्य सक्रिय छे.
सर्व द्रव्य द्रव्यत्वे शाश्वत छे.

अनंत जीव छे.

अनंत अनंत परमाणुपुद्‌गल छे.

धर्मास्तिकाय एक छे.

अधर्मास्तिकाय एक छे.

आकाशास्तिकाय एक छे.

काळ द्रव्य छे.

विश्वप्रमाण क्षेत्रावगाह करी शके एवो एकेक जीव छे.

---

## १७

[८१८/५]

[हाथनोंध २, पृ. १३]

नमो जिणाणं जिदभवाणं

जेनी प्रत्यक्ष दशा ज बोधरूप छे, ते महत्पुरुषने धन्य छे.

जे मतभेदे आ जीव ग्रहायो छे, ते ज मतभेद ज तेना स्वरूपने मुख्य आवरण छे.

वीतरागपुरुषना समागम विना, उपासना विना, आ जीवने मुमुक्षुता केम उत्पन्न थाय? सम्यक्‌ज्ञान क्यांथी थाय? सम्यक्‌दर्शन क्यांथी थाय? सम्यक्‌चारित्र क्यांथी थाय? केम के ए त्रणे वस्तु अन्य स्थानके होती नथी.

वीतरागपुरुषना अभाव जेवो वर्तमानकाळ वर्ते छे.

हे मुमुक्षु! वीतरागपद वारंवार विचारः करवा योग्य छे, उपासना करवा योग्य छे, ध्यान करवा योग्य छे.

---

१८

[८१९/६]

[हाथनोंध २, पृ. १५]

जीवने बंधनना मुख्य हेतु बे :

राग अने द्वेष.

रागने अभावे द्वेषनो अभाव थाय.

रागनुं मुख्यपणुं छे.

रागने लीधे ज संयोगमां आत्मा तन्मयवृत्तिमान छे.

ते ज कर्म मुख्यपणे छे.

जेम जेम रागद्वेष मंद, तेम तेम कर्मबंध मंद अने जेम जेम रागद्वेष तीव्र, तेम तेम कर्मबंध तीव्र. रागद्वेषनो अभाव त्यां कर्मबंधनो सांपरायिक अभाव.

रागद्वेष थवानुं मुख्य कारण—

मिथ्यात्व एटले

असम्यक्‌दर्शन छे.

सम्यक्‌ज्ञानथी सम्यक्‌दर्शन थाय छे.

तेथी असम्यक्‌दर्शन निवृत्ति पामे छे.

ते जीवने सम्यक् चारित्र प्रगटे छे.

जे वीतरागदशा छे.

संपूर्ण वीतरागदशा जेने वर्ते छे ते चरमशरीरी जाणीए छीए.

---

[८१९/८]

[हाथनोंध २, पृ. २१]

दु:खनो अभाव करवाने सर्व जीव इच्छे छे.

दु:खनो आत्यंतिक अभाव केम थाय? ते नहीं जणावाथी दु:ख उत्पन्न थाय ते मार्गने दु:खथी मुकावानो उपाय जीव समजे छे

जन्म, जरा, मरण मुख्यपणे दु:ख छे. तेनुं बीज कर्म छे. कर्मनुं बीज रागद्वेष छे, अथवा आ प्रमाणे पांच कारण छे:

मिथ्यात्व

अविरति

प्रमाद

कषाय

योग.

पहेला कारणनो अभाव थयें बीजानो अभाव, पछी त्रीजानो, पछी चोथानो, अने छेवटे पांचमा कारणनो एम अभाव थवानो क्रम छे.

मिथ्यात्व मुख्य मोह छे.

अविरत्ति गौण मोह छे.

प्रमाद अने कषाय अविरतिमां अंतर्भावी शके छे. योग सहचारीपणे उत्पन्न थाय छे. चारे व्यतीत थया पछी पण पूर्वहेतुथी योग होई शके.

---

[८२२/१४]

[हाथनोंध २, पृ. ३२]

स्वपर परमोपकारक परमार्थमय सत्यधर्म जयवंत वर्तो छो.

आश्चर्यकारक भेद पडी गया छे.

खंडित छे.

संपूर्ण करवानुं साधन दुर्गम्य देखाय छे.

ते प्रभावने विषे महत् अंतराय छे.

देशकाळादि घणा प्रतिकूळ छे.

वीतरागोनो मत लोकप्रतिकूळ थई पड्यो छे.

रुढिथी जे लोको तेने माने छे तेना लक्षमां पण ते सुप्रतीत जणातो नथी, अथवा अन्यमत ते वीतरागोनो मत समजी प्रवर्त्ये जाय छे.

यथार्थ वीतरागोनो मत समजवानी तेमनामां योग्यतानी घणी खामी छे.

दृष्टिरागनुं प्रबळ राज्य वर्ते छे.

वेषादि व्यवहारमां मोटो विटंबना करी मोक्षमार्गनो अंतराय करी बेठा छे.

तुच्छ पामर पुरुषो विराधक वृत्तिना धणी अग्रभागे वर्ते छे.

किंचित् सत्य बहार आवतां पण तेमने प्राणघाततुल्य दुःख लागतुं होय एम देखाय छे.

---

## २१

[८२२/१५]

[हाथनोंध २, पृ. ३४]

त्यारे तमे शा माटे ते धर्मनो उद्धार इच्छो छो?

परम कारुण्यस्वभावथी.

ते सद्धर्म प्रत्येनी परम भक्तिथी.

---

## २२

[८२३/१७]

[हाथनोंध २, पृ. ३७]

हुं असंग शुद्धचेतन छुं.

वचनातीत निर्विकल्प

एकांत शुद्ध

अनुभवस्वरूप छुं.

हुं परम शुद्ध, अखंड चिद्‌धातु छुं.

अचिद्‌धातुना संयोगरसनो आ आभास तो जुओ!

आश्चर्यवत्, आश्चर्यरूप, घटना छे.

कंई पण अन्य विकल्पनो अवकाश नथी.

स्थिति पण एम ज छे.

---

## २३

[८२३/१८]

[हाथनोंध २, पृ. ३९]

परानुग्रह परम कारुण्यवृत्ति करतां पण प्रथम चैतन्य जिनप्रतिमा था.

चैतन्य जिनप्रतिमा था.

तेवो काळ छे?

ते विषे निर्विकल्प था.

तेवो क्षेत्रयोग छे?

गवेष.

तेवुं पराक्रम छे?

अप्रमत्त शूरवीर था.

तेटलुं आयुषबळ छे?

शुं लखवुं? शुं कहेवुं?

अंतर्मुख उपयोग करीने जो.

ॐ शांतिः शांतिः शांतिः

---

## २४

[८२४/२०]

[हाथनोंध २, पृ. ४५]

हे सर्वोत्कृष्ट सुखना हेतुभूत सम्यक्‌दर्शन! तने अत्यंत भक्तिथी नमस्कार हो.

आ अनादि अनंत संसारमां अनंत अनंत जीवो तारा आश्रय विना अनंत अनंत दुःखने अनुभवे छे.

तारा परमानुग्रहथी स्वस्वरूपमां रुचि थई. परम वीतराग स्वभाव प्रत्ये परम निश्च आव्यो. कृतकृत्य थवानो मार्ग ग्रहण थयो.

हे जिन वीतराग! तमने अत्यंत भक्तिथी नमस्कार करुं छुं. तमे आ पामर प्रत्ये अनंत अनंत उपकार कर्यो छे.

हे कुंदकुंदादि आचार्यो! तमारां वचनो पण स्वरूपानुसंधानने विषे आ पामरने परम उपकारभूत थयां छे. ते माटे हुं तमने अतिशय भक्तिथी नमस्कार करुं छुं.

हे श्री सोभाग! तारा सत्समागमना अनुग्रहथी आत्मदशानुं स्मरण थयुं ते अर्थे तने नमस्कार हो.

---

## २५

[८२४/२१]

[हाथनोंध २, पृ. ४७]

जेम भगवान जिने निरूपण कर्युं छे तेम ज सर्व पदार्थनुं स्वरूप छे.

भगवान जिने उपदेशेलो आत्मानो समाधिमार्ग श्रीगुरुना अनुग्रहथी जाणी, परम प्रयत्नथी उपासना करो.

---

## २६

[८२४/२३]

[हाथनोंध २, पृ. ५१]

केवळ समवस्थित शुद्ध चेतन

मोक्ष.

ते स्वभावनुं अनुसंधान ते

मोक्षमार्ग.

प्रतीतिरूप ते मार्ग ज्यां शरू थाय छे त्यां सम्यक्दर्शन.

| | |
|---|---|
| देश आचरणरूपे तें | .... पंचम गुणस्थानक |
| सर्व आचरणरूपे ते | .... छठ्ठुं ,, |
| अप्रमत्तपणे ते आचरणमां स्थिति ते | .... सप्तम ,, |
| अपूर्व आतमजागृति ते | .... अष्टम ,, |
| सत्तागत स्थूळ कषाय बलपूर्वक स्वरूपस्थिति ते | .... नवम ,, |
| सत्तागत सूक्ष्म कषाय बळपूर्वक स्वरूपस्थिति ते | .... दशम ,, |
| उपशांत कषाय बळपूर्वक स्वरूपस्थिति ते | .... एकादशम ,, |
| क्षीण कषाय बळपूर्वक स्वरूपस्थिति ते | .... द्वादशम ,, |

[ ८२६/६ ]

[ हाथनोंध ३, पृ. १५ ]

ॐ नमः

सर्व जीव सुखने इच्छे छे.

दुःख सर्वने अप्रिय छे.

दुःखथी मुक्त थवा सर्व जीव इच्छे छे.

वास्तविक तेनुं स्वरूप न समजावाथी ते दुःख मटतुं नथी.

ते दुःखना आत्यंतिक अभावनुं नाम मोक्ष कहीए छीए.

अत्यंत वीतराग थया विना आत्यंतिक मोक्ष होय नहीं.

सम्यग्ज्ञान विना वीतराग थई शकाय नहीं.

सम्यग्दर्शन विना ज्ञान असम्यक् कहेवाय छे.

वस्तुनी जे स्वभावे स्थिति छे, ते स्वभावे ते वस्तुनी स्थिति समजावी तेने सम्यग्ज्ञान कहीए छीए.

[ हाथनोंध ३, पृ. १६ ]

सम्यग्ज्ञानदर्शनथी प्रतीत थयेला आत्मभावे वर्तवुं ते चारित्र छे.

ए त्रणेनी एकताथी मोक्ष थाय.

जीव स्वाभाविक छे.

परमाणु स्वाभाविक छे.

जीव अनंत छे.

परमाणु अनंत छे.

जीव अने पुद्गलनो संयोग अनादि छे.

ज्यां सुधी जीवने पुद्गलसंबंध छे, त्यां सुधी सकर्म जीव कहेवाय.

भावकर्मनो कर्त्ता जीव छे.

भावकर्मनुं बीजुं नाम विभाव कहेवाय छे.

भावकर्मना हेतुथी जीव पुद्गल ग्रहे छे.

तेथी तैजसादि शरीर अने औदारिकादि शरीरनो योग थाय छे.

[हाथनोंध ३, पृ. १७]

भावकर्मथी विमुख थाय तो निजभावपरिणामी थाय.

सम्यग्दर्शन विना वास्तविकपणे जीव भावकर्मथी विमुख न थई शके.

सम्यग्दर्शन थवानो मुख्य हेतु जिनवचनथी तत्त्वार्थप्रतीति थवी ते छे.

---

## २८

[८२७/७]

[हाथनोंध ३, पृ. १९]

हुं केवळ शुद्ध चैतन्यस्वरूप सहज निज अनुभवस्वरूप छुं.

व्यवहारदृष्टिथी मात्र आ वचननो वक्ता छुं.

परमार्थथी तो मात्र ते वचनथी व्यंजित मूळ अर्थरूप छुं.

तमाराथी जगत भिन्न छे, अभिन्न छे, भिन्नाभिन्न छे?

भिन्न, अभिन्न, भिन्नाभिन्न एवो अवकाश स्वरूपमां नथी.

व्यवहारदृष्टिथी तेनुं निरूपण करीए छीए.

—જગત મારા વિષે ભાસ્યમાન હોવાથી અભિન્ન છે, પણ જગત જગતસ્વરૂપે છે, હું સ્વસ્વરૂપે છું, તે જગતથી મારાથી કેવળ ભિન્ન છે. તે બન્ને દૃષ્ટિથી જગત મારાથી ભિન્નાભિન્ન છે.

ૐ શુદ્ધ નિર્વિકલ્પ ચૈતન્ય.

---

## ૨૯

[ ૮૨૭/૮ ]

[ હાથનોંધ ૩, પૃ. ૨૩ ]

ૐ નમઃ

કેવળજ્ઞાન.

એક જ્ઞાન.

સર્વ અન્ય ભાવના સંસર્ગરહિત એકાંત શુદ્ધ જ્ઞાન.

સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવનું સર્વ પ્રકારથી એક સમયે જ્ઞાન.

તે કેવળજ્ઞાનનું અમે ધ્યાન કરીએ છીએ.

નિજસ્વભાવરૂપ છે.

સ્વતત્ત્વભૂત છે.

નિરાવરણ છે.

અભેદ છે.

નિર્વિકલ્પ છે.

સર્વ ભાવનું ઉત્કૃષ્ટ પ્રકાશક છે.

---

## ३०

[८२८/९]

[हाथनोंध ३, पृ. २४]

हुं केवळ ज्ञानस्वरूप छुं,
एम सम्यक् प्रतीत थाय छे.
तेम थवाना हेतुओ सप्रतीत छे.

सर्व इन्द्रियोनो संयम करी, सर्व परद्रव्यथी निजस्वरूप व्यावृत्त करी, योगने अचल करी, उपयोगथी उपयोगनी एकता करवाथी केवळज्ञान थाय

---

## ३१

[८२८/१०]

[हाथनोंध ३, पृ. २७]

आकाशवाणी

तप करो; तप करो; शुद्ध चैतन्यनुं ध्यान करो; शुद्ध चैतन्यनुं ध्यान करो

---

## ३२

[८२८/११]

[हाथनोंध ३, पृ. २९]

हुं एक छुं, असंग छुं, सर्व परभावथी मुक्त छुं.
असंख्यात प्रदेशात्मक निज अवगाहनाप्रमाण छुं.

अजन्म, अजर, अमर, शाश्वत छुं. स्वपर्यायपरिणामी समयात्मक छुं.

शुद्ध चैतन्यस्वरूप मात्र निर्विकल्प द्रष्टा छुं.




---

३३

[८२९/१४]

[हाथनोंध ३, पृ. ३७]

आभ्यंतर भान अवधूत,

विदेहीवत्,

जिनकल्पीवत्,

सर्व परभाव अने विभावथी व्यावृत्त, निज स्वभावना भानसहित, अवधूतवत् विदेहीवत् जिनकल्पीवत् विचरता पुरुष भगवानना स्वरूपनुं ध्यान करीए छीए.

---

## ३४

[८३०/१८]

[हाथनोंध ३, पृ. ४५]

प्रत्यक्ष निज अनुभवस्वरूप छुं, तेमां संशय शो?

ते अनुभवमां जे विशेष विषे न्यूनाधिकपणुं थाय छे, ते जो मटे तो केवळ अखंडाकार स्वानुभवस्थिति वर्ते.

अप्रमत्त उपयोगे तेम थई शके.

अप्रमत्त उपयोग थवाना हेतुओ सुप्रतीत छे. तेम वर्त्यें जवाय छे ते प्रत्यक्ष सुप्रतीत छे.

अविच्छिन्न तेवी धारा वर्ते तो अद्‌भुत अनंत ज्ञानस्वरूप अनुभव सुस्पष्ट समवस्थित वर्ते–

---

## ३५

[८३०/१९]

[हाथनोंध ३, पृ. ४७]

सर्व चारित्र वशीभूत करवाने माटे, सर्व प्रमाद टाळवाने माटे, आत्मामां अखंड वृत्ति रहेवाने माटे, मोक्षसंबंधी सर्व प्रकारना साधनना जयने अर्थे 'ब्रह्मचर्य' अद्‌भुत अनुपम सहायकारी छे, अथवा मूळभूत छे.

---

## ३६

[८३०/२२]

[हाथनोंध ३, पृ. ५०]

सर्वज्ञोपदिष्ट आत्मा सद्‌गुरुकृपाए जाणीने निरंतर तेना ध्यानना अर्थे विचरवुं, संयम अने तप पूर्वक—

---

## ३७

[८३०/२३]

[हाथनोंध ३, पृ. ५२]

अहो! सर्वोत्कृष्ट शांत रसमय सन्मार्ग —

अहो! ते सर्वोत्कृष्ट शांत रसप्रधान मार्गना मूळ सर्वज्ञदेव —

अहो! ते सर्वोत्कृष्ट शांत रस सुप्रतीत कराव्यो एवा परमकृपाळु सद्गुरुदेव —

आ विश्वमां सर्वकाळ तमे जयवंत वर्तो, जयवंत वर्तो.

---

## ३८

[८३१/२६]

[हाथनोंध ३, पृ. ५८]

स्वपर उपकारनुं महत्कार्य हवे करी ले! त्वराथी करी ले!

अप्रमत्त था — अप्रमत था.

शुं काळनो क्षणवारनो पण भरुंसो आर्य पुरुषोए कर्यो छे?

हे प्रमाद! हवे तुं जा, जा.

हे ब्रह्मचर्य! हवे तुं प्रसन्न था, प्रसन्न था.

हे व्यवहारोदय हवे प्रबळथी उदय आवोने पण तुं शांत था, शांत.

हे दीर्घसूत्रता! सुविचारनुं, धीरजनुं, गंभीरपणानुं परिणाम तुं शा माटे थवा इच्छे छे?

हे बोधबीज! तुं अत्यंत हस्तामलकवत् वर्त, वर्त.

हे ज्ञान! तुं दुर्गम्यने पण हवे सुगम स्वभावमां लावो मूक.

[हाथनोंध ३, पृ. ५९]

हे चारित्र! परम अनुग्रह कर, परम अनुग्रह कर.

हे योग! तमे स्थिर थाओ; स्थिर थाओ!

हे ध्यान! तुं निजस्वभावाकार था, निजस्वभावाकार था.

हे व्यग्रता! तुं जती रहे, जती रहे.

हे अल्प के मध्य अल्प कषाय! हवे तमे उपशम थाओ, क्षीण थाओ. अमारे कांई तमारा प्रत्ये रुचि रही नथी.

हे सर्वज्ञपद! यथार्थ सुप्रतीतपणे तुं हृदयावेश कर, हृदयावेश कर.

हे असंग निर्ग्रंथपद! तुं स्वाभाविक व्यवहाररूप था!

हे परम करुणामय सर्व परमहितना मूळ वीतराग धर्म! प्रसन्न था, प्रसन्न.

हे आत्मा! तुं निजस्वभावाकार वृत्तिमां ज अभिमुख था! अभिमुख था. ॐ

[हाथनोंध ३, पृ. ६१]

हे वचनसमिति! हे काय अचपळता! हे एकांतवास अने असंगता! तमे पण प्रसन्न थाओ, प्रसन्न थाओ!

खळभळी रहेली एवी जे आभ्यंतर वर्गणा ते कां तो अभ्यंतर ज वेदी लेवी, कां तो तेने स्वच्छपुट दई उपशम करी देवी.

जेम निस्पृहता बळवान तेम ध्यान बळवान थई शके, कार्य बळवान थई शके.

## श्रीमद् राजचन्द्रनां पुस्तकोनुं

# सुचीपत्र

| | रू. न. पै. |
|---|---|
| मोक्षमाळा ... ... ... | १–०० |
| तत्वज्ञान .... ... ... | १–०० |
| भावना संग्रह ... ... ... | १–०० |
| राजपद्य ... ... ... | ०–३७ |
| श्रीमद् राजचन्द्र वचनामृत (छपाय छे) | |
| श्रीमद् राजचन्द्र अने गांधीजी वच्चेनो पत्रव्यवहार (गुजरातीमां) | ०–२५ |
| ,, ,, ,, ,, (अंग्रेजीमां) | ०–२५ |
| आत्मसिद्धि शास्त्र हस्तलेखित .. | ०–७५ |
| आत्मसिद्धि शास्त्र (गुजरातीमां) ... | ०–२५ |
| आत्मसिद्धि शास्त्र (अंग्रेजीमां) ... ... | १–०० |
| पुष्पमाळा | — |
| श्रीमद् राजचन्द्र जीवन झरमर ... | ०–१९ |
| श्रीमद् राजचन्द्र जीवनकळा ... | १–०० |
| राजप्रश्न ... ... ... | ५–२५ |
| श्रीमद् राजचन्द्र फोटो आल्बम (८ फोटानुं) | ०–५० |
| श्रीमद् राजचन्द्र भिन्न भिन्न अवस्था फोटो | ०–३७ |
| तत्त्वविज्ञान (श्रीमद् राजचन्द्रमांथी) .... | ३–०० |
| शांत सुधारस ... .... ... | १–५० |

**श्रीमद् राजचन्द्र ज्ञान प्रचारक ट्रस्ट**

दिल्ही दरवाजा बहार, हठीभाईनी वाडी पासे,

अमदावाद.